# ઇદમ્ સર્વમ્

સુરેશ જોષી



# ઇદમ્ સર્વમ્

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – નિબન્ધ

સુરેશ જોષી

ઇદમ્ સર્વમ્ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


આવરણ vii

ઇદમ્ સર્વમ્ ix

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ xi

સર્જક-પરિચય xiv

અર્પણ 1

મધરાતે સૂર્ય 2

દીવાલ : સંસ્કૃતિનું પ્રતીક 5

ક્યાં છે સૂર્ય? 7

સમયના પદચિહ્ન 11

શબ્દમોક્ષ 15

વણતરસી જીવનતૃષા 19

હેમન્તની સાંજ 23

આતપસેવનની ઋતુ 27

| | |
|---|---|
| પ્રકૃતિની રસસંક્રાન્તિ | 31 |
| તન્દ્રાવસ્થામાં | 35 |
| સુગન્ધિત તર્જનીસંકેત | 39 |
| વૈશાખની આત્મીયતા | 43 |
| ક્ષણની સભરતા | 47 |
| જળમહિમા | 51 |
| વર્ષા અને એકાન્ત | 55 |
| આનન્દ જ મારું ભક્તિસ્તોત્ર | 57 |
| હેમન્તી પ્રસન્નતા | 61 |
| પરતન્ત્ર માણસ | 65 |
| વિદગ્ધતાનો મહિમા | 69 |
| લોકારણ્યમાં શબ્દ | 73 |
| માનવજીવનની દયાજનકતા | 77 |
| કૃતક જીવનશૈલી | 81 |
| નેગેટિવ સેન્ચ્યુરી | 85 |
| અનેકલોકવાસી કવિ | 89 |
| ભૂતકાળનો વ્રણ | 93 |
| હૃદયની ભૂગોળ | 96 |
| અસ્ત્રીબદ્ધ ભદ્રતા | 100 |

ઔપચારિક ભાષા 103

બુદ્ધિની અવિશ્વસનીયતા 107

બુદ્ધિજીવીનું શોષણ 111

બે રાખ 115

પશુજીવનની સહજતા 119

આપણા યુગની સમગ્રતા 123

અમરતાની ઝંખના 127

જીવનની દુર્લભતા 131

નિ:સંગતા 135

મરણોત્તર જીવન 139

સત્ય ખાતર શહીદી 142


અપ્રત્યક્ષનો ખણ્ડ 146

સર્જકનું ગૌરવ 150

વિચારની શોધના મૂળમાં 153

# આવરણ

આવરણ



# ઇદમ્ સર્વમ્




ઇદમ્ સર્વમ્

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – નિબન્ધ

# સુરેશ હ. જોષી

## સંકલન: શિરીષ પંચાલ

# ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through

digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. ૩૦-૫-૧૯૨૦, અવ. ૬-૯-૧૯૮૬) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# અર્પણ

કળાકાર બિનજવાબદાર હોઈ શકે? એ પોતાના કસબને જો જવાબદાર નહીં હોય તો સર્જન સંભવે ખરું? પણ એ પ્રકારની જવાબદારીની એ લોકો વાત નથી કરતા. એ જવાબદારી સમાજ પ્રત્યેની, સાચી રીતે તો જીવન પ્રત્યેની જવાબદારી, સર્જક જેટલે અંશે સમજે છે તેટલે અંશે કોઈ સમજતું નથી. આ જવાબદારીને કારણે તો એ ભોગ આપે છે. એ ભોગનું લેખું માંડવાનું એ સમાજને કહેતો નથી.

'તન્દ્રાવસ્થા' નિબન્ધનો એક ખણ્ડ

સ્નેહી અને આપ્તજન

અશોકભાઈ તથા

સૌ. મંજરીભાભીને...

# મધરાતે સૂર્ય

આજે રાતે જો સૂર્ય ઊગે તો? તારાઓ પંખી થઈને ઊડે ને ટહુકી ઊઠે, આરમ્ભાયેલા સ્વપ્નની અધી ભુંસાયેલી રેખા આંખમાં રહી જાય, નદી સરોવર અધી ઊંઘમાંથી જાગે, ચન્દ્ર આથમવા માટે દોડ મૂકે. એની હડફેટે ચઢીને સમયની કેટલીય કલાકશીશીઓ તૂટી જાય ને પછી કેટલાય સહરા ઠલવાતા જાય. સવાર થઈ જાણીને કાગડા અને ભિખારી એક સાથે બોલી ઊઠે, રાત્રિનો બાકી રહેલો અન્ધકાર લપાઈ જવાને ફાંફાં મારે, ઘુવડ સીધું સૂરજને ચાંચ મારવા દોડે. શહેરના ટાવર થંભી જઈને આકાશ ભણી સૂરજમુખી બનીને ઝૂકી રહે. રાત્રિના બાર ટકોરા તળાવમાંના દેડકા ગળી જાય, કીડીઓનું કટક સૂરજને ઢાંકવા દોડે, મન્દિરમાંના ભગવાન વહેલા જાગે અને મંગળાના દર્શન આપવા સાજ સજે, નિશાળનો ઊંઘતો ઘંટ સફાળો જાગીને માથું ધૂણાવે, પોતાના જ અવાજથી ચોંકીને વળી સ્તબ્ધ થાય. બંધ દેશી હિસાબમાંના એકડાબગડા જાગીને હારબંધ સૌ સૌની જગ્યાએ ગોઠવાઈ જાય, ભૈયાજીના તબેલામાંથી ભેંસ સહેજ જાગીને ફરી આંખ બીડી દે. એના આંચળમાંથી એની ઊંઘ જ જાણે નીતરી રહે, હોસ્પિટલના અંધારા ખૂણાઓમાં સહેજ થાક ખાવા બેઠેલું મરણ વળી ફરજ પર ચઢે. ઓચિંતો આવી ચઢેલો સૂર્ય રાત્રિના ખુલ્લા પડી ગયેલા મુખને જોઈ લે. મોડી રાતે સહેજ આંખ બીડીને સૂતેલા વૃદ્ધો ફરી જાગીને માળા લઈને બોખે મોઢે 'રામ' રટતા થઈ જાય. પણ હું બારીમાંથી જોઉં છું તો ચન્દ્રનું અડધિયું આકાશમાં અટવાતું ફરે છે. દરરોજની જેમ રાબેતા મુજબ હાઇવે પરથી ટ્રક દોડ્યે જાય છે. આ નવો સૂર્ય આથમવા જાય ત્યારે જ આપણો હંમેશનો રાબેતા મુજબનો સૂર્ય ઊગે તો? તો તો સૂર્યવાળી રાતથી આપણે ટેવાઈ જઈએ. જાપાનીઓ સૂર્યને 'આમાસૂરા' કાળો દેવ કહીને પૂજે છે. રાત તડકાવાળી બને તો

આપણા પાપનો રંગ પણ બદલાઈ જાય. પણ બારીમાંથી જોઉં છું તો કોઈ જૂના રાજાના વખતના કાટ ખાઈ ગયેલા સિક્કા જેવો ચન્દ્ર દેખાય છે. મેદાનને એક ખૂણે નાનું સરખું તાપણું કરીને બે ચાર ઠૂંઠવાતા આકાર બેઠા છે. વિજ્ઞાનમાં ભણેલા કે ઠંડી પદાર્થને સંકોચે છે. આપણે માનીએ છીએ તેટલું સંકોચાવું આપણે માટે સહેલું નથી. ઘણા ઇન્દ્રિયભ્રમ (બે ભ્રમની વાત આપણે જાણીએ છીએ : દૃષ્ટિભ્રમ અને ચિત્તભ્રમ)ને આધારે આપણે ટકી રહીએ છીએ. આ ભ્રમ ભાંગે તો આપણી શી દશા થાય? આપણે તો આપણી સામે એક અખણ્ડ માનવીને જોઈએ છીએ. પણ કોઈ વાર કોઈની આંખો દૂર દૂર દૂર નાસી ગઈ હોય છે, તો કોઈક વાર પગ (ને તેમાંય બંને જુદી જુદી દિશામાં,) જાણે કોઈ પાછળ પડ્યું હોય તેમ ભાગતા હોય છે. હાથ લંબાઈને કોઈ બીજા યુગ સુધી પહોંચી જતા હોય છે. અને હૃદય? એ તો ભાગ્યે જ એને ઠેકાણે હોય છે. છતાં આપણે કહીએ છીએ કે ‘હું આ રહ્યો.’

તેથી તો કહું છું કે વિસ્તરવું, ફેલાઈ જવું, વિખેરાઈ જવું એ આપણો સ્વભાવ છે. આથી જ પ્રેમમાં દૃઢ આલંગિનનું મહત્ત્વ છે. એમ આપણને કોઈ સમેટી લે, આપણે આપણી સમગ્રતા સહિત સચવાઈ રહીએ એ કેવું મોટું સદ્ભાગ્ય! હાથ એ બહુ જોવા જેવું અંગ છે. આપણે કોઈની આંખમાં આંખ માંડીને તો કશીક આત્મીયતા વિના ન જોઈ શકીએ, પણ હાથ તો હંમેશાં (આપણા દેશમાં) ઉઘાડો જ હોય છે. આંખ તો ઘણાં આવરણમાં ઢંકાઈને રહે છે. કોઈ વાર અન્યમનસ્કતાના અભેદ્ય આવરણ ઓથે ઢંકાઈને રહે છે, તો કોઈ વાર આંસુની ઝાંયનું પાતળું તરલ આવરણ. ઘણી આંખો આપણને એક હડસેલે દૂર ફેંકી દે છે. કેટલીક વાર આપણી સાવ નિકટની આંખ પણ આવું કરી બેસે છે ત્યારે શૂન્યના વિરાટ પ્રસારમાં આપણે પડ્યે જ જઈએ છીએ. પછી આપણને ઝીલી લેનારો હાથ ક્યાં? ‘પિકપોકેટ’ નામની ફ્રેન્ચ ફિલ્મ જોયેલી. એમાં કેમેરાએ હાથને જ જીવતો કર્યો હતો; દરમાં લપાઈ જતો હોય તેવો, દોટ મૂકીને ભાગતો હોય તેવો, સાપની જેમ સરતો, ફણા માંડતો, શરમાળ, ધૃષ્ટ, છંછેડાયેલો, નિશ્ચેષ્ટ પડી રહેવાનો ઢોંગ કરતો : ત્યારે હાથનું જીવન જોયું. આપણે કોઈના હાથ જોતા હોઈએ ત્યારે પકડાઈ જવાનો ઝાઝો ભય રહેતો નથી. કોમળ નાજુક ચંચળ આંગળીઓ પર આદિ માનવીની બર્બરતાના પ્રતીક જેવા વધારેલા નખ – આ બે ભેગાં થતાં આકર્ષણ વધે છે, ભય વધતો નથી. પણ ઘણા બધા હાથ જુગુપ્સાજનક પણ હોય છે. એની આંગળીઓ જાણે ટૂંપો દેવા અધીરી હોય તેમ સળવળ્યા કરે છે. કેટલાક હાથ રબર જેવા નિર્જીવ લાગે

છે. એ ફૂલેલા લાગે છે, જો સહેજ દબાવો તો અંદર ભરેલી હવા નીકળી જતાં ચપટા થઈ જાય એવી ભીતિ લાગે છે. કેટલાક હાથ આમ એક જગ્યાએ સ્થિર છતાં દોડતાં, અથવા દોડવાને અધીરા લાગે છે. માણસની વાચા ખૂલી નહોતી ત્યારે માણસ હાથથી જ બોલતો હતો. આજેય હાથની ભાષા સાવ ભુલાઈ નથી થઈ. બાળપણમાં આપણા ગાલ અને હાથ વચ્ચેની ઉગ્ર વાતચીતના પરિણામે આંખમાં ઝળઝળિયાં આવી જતાં. હાથને જોતાં હું કદી થાકતો નથી (જોષી હોવાને કારણે નહીં!) જે સદા સર્યા જ કરે છે, સંસાર જેનું નામ, તેમાં બે હાથ ભેગા થાય, એકબીજાને વળગી પડે. પાણિગ્રહણ થાય, પછી એની છાયામાં જીવન વિકસે, હાથ આશિષ આપે, એ હાથની જ વરમુદ્રા અને અભયમુદ્રા રચાય તો એ હાથ જ દંડ દે, તાડન કરે, બંદૂકનો ઘોડો દબાવે. સરસ્વતીનું વાહન પણ હાથ, એને આધારે કલમ ચાલે, આથી પ્રખ્યાત શિલ્પી રોદાંને હાથનું આકર્ષણ હતું. આંખ તો છેતરામણી. હાથ જ હાથવગો. માટે તો જે હાથે લાગ્યું તે જ આપણી પ્રાપ્તિ. એ હાથ પોતે પોતાનામાં સંકોચાય તો મુઠ્ઠી બની જાય. એ બાંધી મુઠ્ઠીની કિંમત તો લાખની થઈ જાય. આ હાથનો મહિમા બ્રહ્માંડવ્યાપી છે. સૂર્યનાં કિરણો તે કર એટલે કે એના હાથ, વૃક્ષોની શાખા તે હાથ, સમુદ્રનાં મોજાં તે હાથ, એના વડે જ યોગ થાય, સંયોગ થાય. એ છૂટા પડે તો વિયોગ, સૌથી વધારે લાચારી પણ આંખમાં નહિ પણ હાથમાં દેખાય. આપણી પુરાણકથાઓમાં રાક્ષસોનાં માથાં વધારે, તો દેવદેવીના હાથ વધારે, દશભુજા દેવી ને ચતુર્ભુજ વિષ્ણુનો મહિમા આપણે જાણીએ છીએ. આથી સત્તાધીશ એમ કહેવાનો : મારા હાથ નીચે આટલા કામ કરે છે. હાથની નીચે અને હાથની ઉપર – આ ઉપરનીચેની ભૂગોળ વળી અજબ જ છે.

આ હસ્તપુરાણનો તો અન્ત નહિ આવે, પણ હાલ પૂરતું એને અહીં બંધ કરું. વળી કોઈ વાર હાથ સળવળશે ત્યારે.

# દીવાલ : સંસ્કૃતિનું પ્રતીક

મધરાતે કોઈ વાર પાસેના કમાટીબાગમાંથી પાંજરામાંના સંહિની ગર્જના સંભળાય છે ને એની આજુબાજુ એક અરણ્ય ઊગી નીકળે છે. સંસ્કૃતિનો આ સાજસરંજામ આ અરણ્યમાં અલોપ થઈ જાય છે. આખરે તો કોઈ દિવસ માનવી ઉપર ઉદ્ભિજનો જ વિજય થવાનો છે. આજે નગરો છે ત્યાં દીવાલોને ફાડીને પીપળા ઊગી નીકળશે. કાચ વગરની ઝૂલી પડેલી બોખી બારીઓને જાળાં ઢાંકી દેશે, માનવીઓ કરતાં કરોળિયાઓ વધુ ટકી રહેશે. નાની કીડીઓ પણ હારબંધ ચાલી જતી હશે, અનેક પ્રલયોનું સાક્ષી જળ પણ એની મીંઢી દૃષ્ટિથી બધું જોયા કરશે. એ નિ:શબ્દતામાં માનવીનો શબ્દ ઉચ્ચારાતો નહીં સંભળાય. દેવદેવીનાં શિલ્પ પણ વનસ્પતિના નેપથ્યમાં ચાલ્યાં જશે. આથી વિરાટકાય વૃક્ષોને જોઉં છું ત્યારે સંસ્કૃતિના અંતકાળના સાક્ષીઓ રૂપે એ ઊભેલાં લાગે છે. ઊંચા ઊંચા શાલવૃક્ષોની હાર વચ્ચેથી પસાર થતાં એમની આકાશાભિમુખ નિલિર્પ્તતા અનુભવીને ભયથી કંપી ઊઠું છું.

સંસ્કૃતિનું પ્રતીક કોને કહીશું? દીવાલ જ સંસ્કૃતિનું પ્રતીક છે. માનવીએ કેટલા બધા પ્રકારની દીવાલો ઊભી કરી છે. દીવાલ એટલે અલગ પાડવાની વ્યવસ્થા. દીવાલ એટલે એકાન્ત, આમ ગણતાં પાર નહિ આવે. દીવાલ તરફ ઊંધે મોઢે ઊભા રહીને કેટલા માનવીઓ મર્યા, કેટલા માનવીઓ દીવાલની પેલે પાર જઈ ન શક્યા! આથી કાફ્કાને મન ચીનની મોટી દીવાલ એક સમર્થ પ્રતીક બની રહ્યું. દીવાલમાં બાકોરું પાડ્યું, બારણાં બનાવ્યાં, બંધ કર્યાથી સંતોષ ન થયો એટલે તાળું બનાવ્યું. તાળું બંધ કરવા તથા ઉઘાડવા ચાવી બનાવી. ચાવી એટલે જ જાદુ. એનાથી બધું ખૂલે ને બંધ થાય. પણ આ

બધાંને ન ગાંઠે એવો છે માનવીનો શબ્દ. એને અગ્નિથી ભસ્મીભૂત કરી શકાયો નથી, કબરમાં દફનાવી શકાયો નથી. દીવાલ વચ્ચે પૂરી શકાયો નથી. શબ્દ તે આકાશ છે.

# ક્યાં છે સૂર્ય?

કોઈ વાર વહેલા જાગી જવાય છે. મોટાં શહેરો પણ થોડો સમય જંપી જાય છે. એ ક્ષણે માનવીના અને માનવીએ ઉપજાવેલા અવાજો સંભળાતા નથી. બધું જ નીરવ હોય છે. સદાના વાચાળ હૃદયને પણ ત્યારે સહેજ ચૂપ રહેવા કહેવાનું મન થઈ જાય છે. દિવસ આખો તો એ જ કાગારોળ રહેવાની છે. ક્ષણ બે ક્ષણની નીરવતા એ તો કેવી વિરલ બની ગઈ છે! એથી તો હૃદયને કહું છું : ચૂપ. બારીમાંથી થોડે દૂર દેખાતી વનરાજિમાંથી જે રવ સંભળાય છે તે તમે કે હું બોલીએ એવો અવાજ નથી. ઝાકળનાં બિન્દુ સૂર્ય ઊગતાં પહેલાં સરી પડીને પાંદડાંને જે કહેતાં જાય છે એના જવાબમાં પાંદડાં જે કહે છે તે સંવાદનો એ ધ્વનિ છે. ધરતી પર પડીને શોષાઈ જતાં બિન્દુઓનો એ નિઃશ્વાસ છે, એમાં આકાશની પણ આહ છે, ધરતીની વેદના પણ છે. આ આહ અને વેદનાની સાક્ષીએ પણે મોગરાની કળી ખીલે છે. એ ખીલવાની મુગ્ધતાનો સૂર પણ એમાં ભળે છે. ક્યાંક કોઈકે સળગાવેલાં સૂકાં પાંદડાંના બળવાનો અવાજ એમાં ભળે છે. પવનને એની આંચ લાગે છે ને એ એક આછી ચીસ પાડી દે છે તે પણ સંભળાય છે. ઘરનો મોભ અને વળીઓ વાત કરે છે તે પણ સાંભળવાનું આ મુહૂર્ત છે. થોડે દૂરની નદીના પારદર્શક જળને તળિયે ગોળમટોળ કાંકરો જે લિસ્સો શબ્દ ઉચ્ચારે છે તે પણ સાંભળી શકાય છે. ગુલાબના કાંટાઓનો અણિયાળો કર્કશ સૂર પણ કાને અથડાય છે, ગઈ કાલ ચાલી જતાં જતાં પાછું વળીને જુએ છે. એની એ કરુણ અશ્રુસ્નિગ્ધ દૃષ્ટિનો કોમળ ગાંધાર પણ આ ક્ષણે સંભળાય છે. આછી ક્ષીણ થવા આવેલી શિરીષની સુગન્ધમાં પણ પ્રિયતમને ખોઈ બેઠેલી કન્યાના હૃદયમાં એ પ્રિયતમની આછી થવા આવેલી સ્મૃતિની અશ્રધૂસર

વિહ્વળતા છે. આથી વહેલી સવારની એકલતામાં એક કસક રહી હોય છે. એ યાતનાનાં તીક્ષ્ણ નહોર નથી, છતાં આ કસકનાં ચિહ્ન હૃદય સાચવી રાખે છે.

વરસાદના દિવસો તો હજી દૂર છે, પણ વર્ષાની સવાર વળી જુદી જ હોય છે. શહેર તો વર્ષાને પણ મલિન બનાવી દે છે. નિર્જન નીરવ હરિયાળીમાં વરસાદનાં બિન્દુ પાલવ સંકોરીને ચાલતી અભિસારિકાની જેમ ચાલે છે, છતાં એનો સળવળાટ છાનો રહેતો નથી. વૃક્ષોનાં પાંદડાં વચ્ચેના અન્તરમાંથી પસાર થતી હવા એની વાત આછા સ્વરે પ્રસારી દે છે ત્યારે એનાં બે હીબકાં વચ્ચેનું અંતર પણ જાણીતું થઈ જાય છે. અજાણ્યા પંખીનો આર્ત ચિત્કાર એની અતિશયોક્તિ કરે છે. આકાશનું પાત્ર ઝમ્યા કરે છે. આપણી આંખને પણ ખબર નથી પડતી કે એક આકાશ જ સંઘરી શકે તેટલાં આંસુ એણે શી રીતે સંઘર્યાં હશે! આંસુથી રૂંધાયેલા કણ્ઠે બધાં વૃક્ષો બોલવા જાય છે. આપણો કણ્ઠ પણ આ સાંભળતાં રૂંધાઈ જાય છે ને વર્ષાની વહેલી સવારની એકલતામાં આપણું પ્રથમ ઉચ્ચારણ આકાશ અને પૃથ્વીના જુગજુગ જૂના અબોલા પછીની પહેલી વાણીની વિહ્વળતાથી છલકાઈ ઊઠે છે, એ ક્ષણે આપણી આંખ જેને શોધે છે તે આપણી પાસે હોય છે? ના, અહીં આંખ વગરનું એનું એકાદ આંસુ, શબ્દ વગરનું ઉચ્ચારણ, અને એના હોઠ વગરનું મ્લાન સ્મિત માત્ર દેખાય છે, ત્યારે ટીપે ટીપે ટપકે જતી આ અસહ્ય જિંદગીને એક પ્રચણ્ડ પ્રપાત રૂપે ફંગોળી દેવાનું મન થાય છે. ભીના ઘાસની વાસ, પાંપણને છેડે સહેજ ટકી રહેલાં આંસુની ભંગુરતા, ત્યારે આપણને હચમચાવી જાય છે.

પણ વર્ષા દૂર છે. અત્યારે તો આંસુમાં આનન્દ આનન્દ ચમકે છે. વૃક્ષોની હરિત શોભાનો સાગર હિલોળા લે છે. બધે તાજગી છે, પ્રસન્નતા છે. આ આંસુ તો ધારા બનીને વહે એટલાંય નથી, એથી એને તો આંગળીને ટેરવે જ ઝીલી લેવાય એમ છે. આંખોમાં હજી આકાશનું ઊંડાણ નથી, તેથી બહુ ડહોળાયા વિનાની આનન્દની છબિ એમાં દેખી શકાય છે, ને હવે દેખી શકાય ત્યાં સુધી એને જોયા કરવાનો લોભ છે. આથી જ તો આ ગ્રીષ્મની સવારે હૃદયને સુધ્ધાં ચૂપ કરીને આ બધું સાંભળ્યા કરવાનું ગમે છે. પછી તો ડેરીની ટ્રકમાંથી બાટલીઓ ખાલી કરવાનો અવાજ, દૂધ લેવા જતી ગૃહિણીઓના ઊંઘરાટાયેલા અવાજ, કોઈનો ખોંખારીને કોગળા કરવાનો અવાજ, સદાનો ઘોંઘાટિયો સ્ટવ, ચહાના ખખડતાં પ્યાલારકાબી, રેડિયો, છાપાં ને પછી તો અવાજોનું આખું જંગલ આપણને ભરખી જાય છે. ઘણી વાર દિવસના દિવસ સુધી કશું બોલું જ નહિ એમ થાય છે, પણ બીજા કશા અવાજ ન સંભળાય એટલા માટે આપણા

પોતાના જ અવાજનો આશ્રય લેવો પડે છે, આપણા પોતાના અવાજ સાથેની આપણી નરી એકલતા પણ કેવી તો અસહ્ય હોય છે! કોઈ પાતળી નાજુક કન્યાના ભીરુ ચિત્તના એકાન્તમાં જે ઉચ્ચારાવા મથતા શબ્દની ધ્રૂજતી રેખા હોય છે તેમાં કેવો વેદના અને આનન્દનો ભેગો કમ્પ હોય છે! પાતાળ જેટલું ઊંડાણ સંઘરીને બેસનારા પણ ક્યાં નથી? કોણ જાણે શું થઈ ગયું હોય છે એમને? એકેય શબ્દ ઉલેચી શકાતો જ નથી. આપણે એ ઊંડાણમાંથી શબ્દ શોધી લાવવા જઈએ તો આપણા હાંફતા હૃદયનો અવાજ સાંભળીને જ પાછા વળીએ છીએ. એમની આંખો આપણને દયાથી જોઈ રહે છે. જાણે મૂંગો ઠપકો આપે છે, આવા ઉધામા શા માટે?

હવે તો સવાર થઈ ચૂકી છે, ગ્રીષ્મના તડકાને તો તરત જ તીક્ષ્ણ ધાર નીકળી આવે છે. એની અણીએ આપણી ક્ષણો વીંધાઈને પરોવાતી આવે છે. સાંજને છેડે એ પરોવાયેલી ક્ષણોની નિર્માલ્ય કોણ ઉતારીને લઈ લેશે? આવી પળે બધું જ આપણા પરથી ઝાકળબિન્દુની જેમ સરી જાય ને આપણે શૂન્ય બનીને નિઃશેષ લોપ પામી જઈએ એવી ઇચ્છા થાય છે. બાળપણની થોડી કડવી સ્મૃતિને પણ ચીસ પાડીને, રડી દઈને, મારામાંથી આજ સુધી ફેંકી દઈ શક્યો નથી તો ત્યાર પછી જે બધું સંચિત થયું છે તેનું શું? સ્મૃતિને આંખ નથી. એ ખોડંગાતી ચાલે છે. સ્મૃતિને અમરતા નથી. સ્મૃતિની તીક્ષ્ણ ધાર આપણા વર્તમાન અને ભૂતકાળને છેદીને જુદા પાડે છે, વિયોગની જે ક્ષણે સમયમાંથી જ હડસેલાઈ ગયા તે ક્ષણે સ્મૃતિના જાળામાં ફસાઈને છૂટી શકાયું નહીં. આનન્દ સાથે સ્મૃતિ વેદનાને પણ ઉછેરે છે. સૌથી મોટો ભાર સ્મૃતિનો છે. આથી જે એક ઝાટકે ભૂતકાળની સ્મૃતિને તોડી નાખી ફગાવી દઈને નવી સૃષ્ટિમાં પહેલું ડગલું ભરવા તત્પર થઈ શકે છે તેની શક્તિ મને ભયભીત કરી મૂકે છે. એ ભયના કમ્પનો આંચકો સમસ્ત ક્ષણોને લાગ્યો છે. બધું જ ધ્રૂજ્યા કરે છે. ધ્રૂજતી દૃષ્ટિ કશું સ્થિર કરીને જોતી નથી. જેની પાસે સ્મૃતિને ધૂંધળી કરવા જેટલાં પણ આંસુ નથી તેની શી દશા?

પગ તળે કચડી નાખેલો અગ્નિનો તિખારો બુઝાતો નથી પણ આપણને વધારે બાળે છે. એને બુઝાવવાને તો આખો સમુદ્ર જોઈએ. પણ આખા ઘૂઘવાતા સમુદ્રનેય રૂંધી નાખે એવી શિલા હોય છે. એને કોણ ખસેડે? શિશુનું મુખ જોઈને આનન્દથી ચમકતી માતાની આંખોમાં જે નિર્દોષ નિષ્કલુષ ઉલ્લાસ છે ત્યાં સુધી તો હવે પાછા જઈ શકાવાનું નથી. ત્યાર પછી એ શિશુના મુખ પર કેવી કેવી રેખાઓ અંકાઈ ગઈ છે! ગર્ભમાં અંગેઅંગની ઘડનારી માતા પણ આંગળી ફેરવીને એ રેખાઓને વાંચી શકતી નથી.

આથી જ જીવનમાં સદાકાળ એક પ્રતીક્ષા નિષ્પલક નેત્રે જાગતી બેઠી હોય છે. આપણે ઝંખીએ છીએ એવી કશી પ્રચણ્ડતા જેનો નિનાદ આપણને બીજું કશું સાંભળવા ન દે, જેની ઊછળતી છોળ આપણને બીજું કશું જોવા ન દે, જેની કાંઠા સુધીની નરી છલોછલ પૂર્ણતા જ આપણને બીજી દિશામાં ચરણ મૂકવાની સ્વતન્ત્રતા જ ન આપે. આપણા હૃદયના આછા ધબકારામાં જ એ આગમનની પ્રથમ એંધાણી વરતાઈ હતી એનું આપણને ભાન થાય એ કેવી સુખની ક્ષણ!

પ્રાપ્તિ અને ક્ષતિ : આથી પ્રાપ્તિ પણ કદી ન રૂઝાતો ઘા બની રહે છે. આ માનવીની નિયતિમાં ચિરંજીવ તો આઘાત જ છે. જેટલો આઘાત ઊંડો તેટલો આનન્દ ઊંડો. આથી આઘાતની શી ફરિયાદ કરવી? પણ આપણાથી જ અણજાણપણે આપણી આંખો દયામણી દૃષ્ટિએ પ્રતીક્ષા કરતી હોય તો? આપણાથી જ અણજાણપણે આપણી વાણીમાં આજીજીનો સ્વર ભળી જતો હોય તો? આપણાથી અણજાણપણે આપણા હાથ બીજા સાથે ગુંથાઈ જવાને બદલે ભિક્ષાપાત્ર બનીને યાચના કરતા હોય તો?

આ ‘તો?’ના તોતિંગ પડઘા ભંગુર હૃદયની પાળને તોડે છે. આ ગ્રીષ્મની સવારે, પ્રખર સૂર્યના નિષ્ઠુર તેજમાં પણ આંખે અંધારાં વળે છે. આંખો બાવરી બનીને શોધે છે, પૂછે છે ક્યાં છે સૂર્ય? ક્યાં છે સૂર્ય?

# સમયના પદચિહ્ન

કાંડા પરની ઘડિયાળનો ટિક ટિક અવાજ અને એની નીચે જ નાડીનો ધબકાર અવિરત ચાલ્યા જ કરે છે; ઘડિયાળ ખતરનાક વસ્તુ છે. સમયનાં પગલાંને એ સંભળાવે છે એટલું જ નહીં, દૃષ્ટિગોચર પણ બનાવી આપે છે. બારીમાંથી જોઉં છું તો શીમળો ખીલેલો દેખાય છે. કાલે જોયો હતો ત્યારેય એવો જ લાલચટ્ટક હતો, આજેય એવો જ લાલચટ્ટક છે. એના પરથી સમયનું દાંતાવાળું ચક્ર ફરેલું લાગતું નથી. દૈયડનો મીઠો ટહુકો રોજ સાંભળું છું. એની મીઠાશ પર સમયનો પાસ બેઠેલો નથી. શહેરનાં પૂતળાંઓ પાષાણી અમરતામાં કેદ થયેલાં છે, પણ આપણે માટે એવું નથી. રાતે સમય ચોરપગલે ભાગે છે. એ આપણને કચડીને ચાલે છે. એનાં પદચિહ્ન સાચવવા ન ઇચ્છીએ તોય મોઢા પરની રેખાઓમાં સચવાઈ રહે છે. રોજ સવારે ઊઠીએ છીએ ત્યારે સમયનું એક વધુ પડ આપણને બાઝેલું હોય છે.

ના, હું વૈરાગ્યની વાત કરવા નથી ઇચ્છતો. મરણ પણ આખરે તો કાળ છે. મરણોત્તર જીવન અહીં સદેહે પણ જીવવાનું હોય છે. સમયનો પ્રવાહ છે એમ કહેવાય છે તે મને ખોટું લાગે છે. ‘પહેલાં’ અને ‘પછી’ આ બે ધ્રુવબિન્દુઓને સાંધનારું કશું છે ખરું? જે ‘પહેલાં’માં હતું તે ‘પછી’માં રહેતું નથી. એનું રૂપ બદલાઈ જાય છે. આપણે રૂપની સૃષ્ટિમાં રહીએ છીએ માટે રૂપ જોડે જ આપણો સમ્બન્ધ. એની પાછળ રહેલા અરૂપને તો કોઈ વેદાન્તી ઓળખે. જે રૂપ બદલાયું તે પછી બીજું નામ પામે છે. આંબાની મંજરી તે મંજરી છે, આમ્રફળ નથી. આમ્રફળ તે મંજરીનું પરિણામ હશે, પણ એમાં તમે મંજરીને ફરી પામી શકો નહીં.

સમય પ્રવાહી તો નથી જ, પણ કોઈ આઘાતને કારણે તૂટેલા તન્તુને સાંધી શકાતો

નથી. ઇલેક્ટ્રિક બલ્બમાંના તૂટેલા ફિલામેન્ટની જેમ એ સદા ધ્રૂજ્યા કરે છે. એની ધ્રૂજારી નાડીના ધબકારામાં સંભળાય છે. જ્યારે કશો આઘાત સમયને એક ઝાટકે છેદી નાખે છે ત્યારે જે શૂન્ય અવકાશ ઊભો થાય છે તે કશાથી પૂરી શકાતો નથી, એ એક તસુભર હોય તોય એને ઠેકીને જતાં પાતાળનાં દર્શન થાય છે. માનવી એક જિન્દગીમાં આવાં કેટલાં પાતાળ જીરવી શકે? સમયનો તન્તુ તૂટે છે તેની રગ બહાર પકડી શકાતી નથી. મગજની શિરા તૂટે તો પક્ષાઘાત થાય, એનાં બાહ્યા ચિહ્નો વરતાઈ આવે. પણ સમયનો તન્તુ તૂટવાથી થતો પક્ષાઘાત બહાર પરખાતો નથી. બહારનું સમયનું આવરણ એવું ને એવું જ રહે છે. તે દિવસે પણ ઘડિયાળમાં દશના ટકોરા પડે છે ને નિત્યનૈમિત્તિક વ્યવહાર ચાલે છે, થાળી, પાટલા, ભોજન, જતાં પહેલાં એક ઘૂંટડો પાણી, અરે ટીકડી તો ગળવાની રહી જ ગઈ, પછી રોજનો રસ્તો, રોજ સામે મળતાં એનાં એ માણસ, હોઠ પરનું ટેવને વશ થઈને થતું એ સ્મિત, પછી નોકરી : આ બધાં પાછળ પેલી સમયની તૂટેલી રગ ધ્રૂજ્યા કરે છે, એના કંપથી દર્દનો સણકો ઊઠે છે, પણ બહાર એનો અણસાર વરતાતો નથી.

તો જિન્દગી આવા તૂટેલા સમયના ખણ્ડોનો ખડકલો? એક જ શબ્દ એવો બોલાયો, અરે શબ્દ પણ નહીં એક જ દૃષ્ટિપાત થયો ને તડ દઈને બધું તૂટી ગયું. પછી જે કાંઈ કહીએ એમાં એનો સાંધો દેખાય. કોઈ શબ્દ આખો આપણી પાસે આવે નહીં, આંખ જુએ ખરી પણ તે જાણે તૂટેલા કાચની તરડમાંથી જે જુએ તે બધું સેળભેળ થઈ જાય. આથી કેટલીક વાર વિચાર આવે છે કે જેમ શરીર પર કહે છે કે ચામડીનાં સાત પડ હોય છે તેમ આપણા પર સમયનાં પણ પડ હોય તો! માણસની સાચી વય એના પર બાઝેલા સમયનાં પડને આધારે નક્કી કરી શકાય.

આ પડ એકસરખાં નથી હોતાં. કોઈ પડ કાંદાના પાતળા પડ જેવું હોય છે તો કોઈ પોલિથિનની કોથળીની જેમ આપણા શ્વાસને ચોંટી જઈને રહે છે. કોઈ પડ કરોળિયાના જાળા જેવું હોય છે, એને ખંખેરી નાખતા જઈએ તેમ તેમ એમાં વધારે ને વધારે ગૂંચવાતા જઈએ. સમય કોઈ વાર જળોની જેમ બાઝે છે ને સદા આપણને ચૂસ્યા કરે છે. સમયનું કોઈ પડ અપારદર્શક ને પોલાદી પણ હોય છે, એના કારાગાર વચ્ચે જ પછીથી જિન્દગી ગાળવાની રહે છે.

પણ કેટલાક બડભાગીઓ સમયને આસાનીથી સેરવી દઈ શકે છે. એમને માટે સમય તો ક્ષણ ક્ષણનાં નાનાં રંગબેરંગી પતંગિયાં જેવો છે. એનો કશો ભાર લાગતો નથી,

એનો કશો ઘોંઘાટ નથી. એ એક જ સ્થાને સ્થિર રહેતો નથી. કેટલાક વળી સમયને લોલીપોપની જેમ ચૂસતા હોય છે. કેટલાકની ચેતના પર સમય ધાતુ કોતરતા તેજાબની જેમ દ્રવ્યા કરતો હોય છે, એને નિદ્રામાં ઓગાળી દઈ શકાતો નથી. કેટલીક વાર સમય ઊંડે ખૂંપી ગયેલી બંદૂકની ગોળીની જેમ આપણામાં રહે છે. સમય કોઈ વાર ઘાની રાતી કિનાર જેવો હોય છે, એને સહેજ જ સ્પર્શતાં વેદના રણઝણી ઊઠે છે.

કોઈ વાર એકાએક ભારે બની ગયેલા સમયના પિણ્ડને લઈને આપણે ઘરમાં પ્રવેશીએ છીએ ત્યારે એનો ભાર શી રીતે ટાળવો તે સૂઝતું નથી. શ્વાસ મણકાના જેવો બની જાય છે. એ સમયને સહેલાઈથી રુદ્રાક્ષના મણકામાં સરકાવી દઈ શકાતો નથી. એ જાણે બહારની બધી વસ્તુનું વજન પોતાનામાં શોષી લે છે. એવો વજનચૂસ સમય સહેલાઈથી ઊતરડીને ફેંકી દઈ શકાતો નથી. એ આપણા શબ્દો પર શિલાની જેમ ચંપાઈ જાય છે. આપણામાં જ ઊંડે ઊતરીને ભરાઈ જવાના ભોંયરાના રસ્તાને પણ એ ઢાંકી દે છે.

ઓગળતા હિમખણ્ડમાંથી ટપક્યે જતાં જળબિન્દુની જેમ સ્રવ્યે જતો સમય, શ્રાવણની આછી ઝરમરના જેવો સમય, આ ઓગળતા, વિખેરાઈ જતાં સમયનાં રૂપો છે. પણ સમયનાં હંસિક રૂપો પણ અનુભવાય છે. અજગરની જેમ ભરડો લેતો સમય, મગરનાં જડબાં જેવો સમય, આંખના ઊંડાણમાં સંતાઈને બેઠેલો મીંઢો સમય, આવા સમયની પકડમાંથી છટકી જઈ શકાતું નથી.

વરસો ચિતાનાં લાકડાંની જેમ ખડકાતાં જાય છે, અગ્નિ જ એ કાષ્ઠના ભારને હળવો કરી શકે. પણ સમયને ઉલેચીને ઠાલો કરી નાખવાની કળા પણ કેટલાક લોકોને આવડે છે, એમને માટે સમય રમકડું છે. એ લોકો 'સમયની લીલા' જેવો શબ્દપ્રયોગ કરી શકે. સમયનાં આસ્વાદ્ય રૂપો પણ છે. કવિ કાવ્યની પંક્તિને છેડે પ્રાસમાં સમયને ગૂંથી લે છે, નર્તકીના પાયલમાં સમય રણકી ઊઠે છે, હીંચકાના ઝૂલામાં સમયને ઝૂલતો જોઈ શકાય છે. પ્રેમવિહ્વળ લજ્જાશીલ કન્યાના ચટુલ કટાક્ષોમાં સમયનાં મનોહર આવર્તનો દેખાય છે. જીર્ણ ખંડેરમાં હાંફતો બેઠેલો વૃદ્ધ સમય, ડોશીમાના દન્તહીન મુખની બખોલમાં બેઠેલો સમય, મહાદેવના મંદિરના ગર્ભગૃહમાં સાપની જેમ કોકડું વળીને બેઠેલો શીતળ સમય. સમયનાં આ બીજાં રૂપો છે. હેમન્તના તડકાના સોનેરી પાત્રમાં ભરેલા આસવ જેવો સમય ગટકાવવાનું ગમે છે. પણ બે સ્ટેશન વચ્ચે દોડતી ગાડી સાથે ખેંચાતો સમય હંમેશાં સહ્યા નથી બનતો. ઘરના માળિયામાં રહેલો ભૂતકાળ કરોળિયાના જાળામાં

બેસી રહે છે. અન્ધ સમયના ધમપછાડા પણ સહેવાય એવા નથી હોતા. કૂણાં પાંદડાંની તામ્રવર્ણ શોભાની આડશે રહેલો સમય ખડક જેવો અચળ હોય છે. પણ એ જોઈએ ન જોઈએ તે પહેલાં ઊડી જાય છે. મન્દિરની ધજામાં ફરકતો સમય દરેક ગામને પાદરે ઊભો હોય છે.

આપણામાં જ બેઠેલું મીંઢું હૃદય સમય જોડે સંતલસ કર્યા કરે છે અને પછી એકાએક બંને કાવતરું કરીને ભાગી જાય છે. પછી રંગમંચ પર પડદા ઢળી જાય છે. એ અંતિમ ઉપસંહારના આપણે તો દ્રષ્ટા બની જ શકતા નથી. સમયનો શાશ્વતથી છેદ ઉડાડી દેવાના બાલિશ પ્રયત્નો કેટલાક ભયભીત લોકો કર્યા કરે છે. પણ સાંજ ટાણે વાડામાંના તુલસીનાં કૂંડા આગળ ઘીનો દીવો પ્રકટાવીને એમાં સમયને સારવી લેનારી કુલવધૂને એવો ભય હોતો નથી. બારણાનાં મોતીનાં ચક્ર તોરણમાં સમયને ગૂંથી લેતી આંગળીઓ પણ એવા ભયને ઓળખતી નથી. પણ કેટલાક સમયને કોતરવા માટેની શિલા બનીને જ જીવી જાણે છે, તો કેટલાક સમયના પર કોઈ સમ્રાટની જેમ પોતાની મુદ્રા આંકે છે.

# શબ્દમોક્ષ

હવે તો એવું બોલવાની કળા શીખવી જોઈએ જેથી બોલ્યા છતાં કશું જ ન બોલ્યા હોઈએ એવું લાગે. કોઈ આપણા શબ્દનો સહેજ સરખો ભાર ઉપાડવા માગતું નથી. સમુદ્રનાં મોજાં કેટલાય ટનની સ્ટીમરને ઉછાળે, પણ કાંઠે રેલાતાં એની ભરતીનાં ફીણ તો ભંગુર, હવામાં ઊડી જાય એવાં. હવે તો શબ્દને બુદ્‌બુદ જેવા બનાવવાની કળા શીખવી જોઈએ. રહે તેટલી વાર સાત રંગોની લીલા દેખાય, પછી શૂન્ય. હૃદયના ઊંડાણમાંથી (હૃદયનું આ ઊંડાણ જ ખતરનાક વસ્તુ છે) આવતા શબ્દો ભારે હોય છે, કાચી ધાતુના ગઠ્ઠા જેવા, એને આંસુના તેજાબથી ધોઈ નાખો, જેટલો તાપ હોય તેનાથી તપાવો, જેટલું ગાળવા જેવું હોય તેટલું ગાળી નાખો, પછી એ ગઠ્ઠામાંથી જે રતીભર બચે તે જ બહાર પ્રકટ કરો, તો કોઈ એને અલંકારની જેમ ધારણ કરશે એવી આશા પણ રાખશો નહીં. તો ઠગાઈ જવાનો વારો આવશે. માટે એ રતીભર અવશેષને પણ તમારા હૃદયમાંના શૂન્યમાં જ ઓગાળી નાખજો.

બાળપણમાં શબ્દો પતંગિયા જેવા હળવા હતા, ઊડાઊડ કરતા હતા. પાંચીકાની જેમ ઉછાળી શકાતા હતા. બાળપોથીમાંના શબ્દો પણ ઊડતા થઈ જતા હતા. હૃદયમાં સંઘરી રાખવા જેવા કે સંતાડી રાખવા જેવા શબ્દોની તો ત્યારે ભાળ લાધી જ નહોતી. એકાદ બહારથી સાંભળેલો કડવો કે ભારે શબ્દ તરત જ આંસુમાં ઓગળીને બહાર વહી જતો હતો. પણ પછી આંખ સૂકાતી ગઈ, એનું ઊંડાણ વધતું ગયું. હૃદય મીંઢું અને લોભી થતું ગયું. થોડાક શબ્દો સંઘરવા લાગ્યું. હૃદયના ઉધામાનો પાર ન રહ્યો. એ પણ એ બધાં જોડે આલાપ-સંલાપમાં પરોવાઈ ગયું. જે નહોતું સંભળાતું તેય સંભળાવા લાગ્યું. શિરીષની ઊંચી ડાળેથી ફૂલોનો નિઃશ્વાસ સાંભળ્યો, જળના અવિશુદ્ધ

ઊંડાણમાંથી બોલાતો શબ્દ પણ સાંભળ્યો. રાતે આંખો જાગી જાગીને અન્ધકારને પણ સાંભળવા લાગી. આંખ કરતાં પણ કાન વધારે જાગતો થઈ ગયો. આ દરમિયાન હૃદયના ધબકારાનો લય ક્યારે બદલાયો તેની ખબર નહીં પડી. સૂર્ય ચન્દ્ર તો એના એ જ હતા, એનો એ જ પવન હતો. છતાં કશાંના પણ નિમિત્તે હૃદય લાખ વાતો કહેવા બેસી જતું. એને એવી ભોળી શ્રદ્ધા હતી કે ક્યાંક કોઈક એક ચિત્તે ઉત્સુકતાથી વિસ્ફારિત નેત્રે આ બધું સાંભળી રહ્યું છે. પછી તો વરસાદના એક ટીપાનો અવાજ, આછો શો પર્ણમર્મર પણ ચોંકાવી જવા લાગ્યો. બધું અસહ્ય રીતે તીક્ષ્ણ બની ગયું. શબ્દોનાં અડાબીડ વન ખડાં થઈ ગયાં, સાગરો ગર્જના કરવા લાગ્યા. ઘનઘોર ઘટાને ચીરીને શબ્દની વિદ્યુત્ ચમકવા લાગી. હૃદયને મૂર્চ્છા વળી, બે આંખોએ બીજી બે આંખોમાં એક શબ્દ ઓળખી લીધો. એ શબ્દ અનેક રૂપે વિસ્તરવા લાગ્યો. બધી બાજુથી એ શબ્દ પોષણ મેળવવા લાગ્યો. બિચારા લઘુક હૃદયનું તે શું ગજું કે એ શબ્દની પુષ્ટતાને સહી શકે?

આ દરમિયાન એક એકાક્ષરી શબ્દ આવીને ટકરાયો – અણુબોમ્બની જેમ. શબ્દોનો કાટમાળ બધે છવાઈ ગયો, એમાં સૂરજ ડૂબ્યો. ફેરનહાઇટમાં માપી નહીં શકાય એવી ઉષ્ણતાએ બધું ઓગાળી નાખ્યું. નરી બાષ્પ બધે વ્યાપી ગઈ, બધે કેવળ આકારહીન ગઠ્ઠા બાઝી ગયા. આમાંથી ફરી શબ્દને કંડારવાની હામ ભીડી શકાય?

હજી ખૂણેખાંચરેથી શબ્દનાં હાડપંજિરો નીકળે છે, કેટલીક વાર બળી ગયેલા કાગળ જેવાં, તો કેટલીક વાર અર્ધા સળગેલાં લાકડાં જેવાં. એની ગૂંગળાવી નાખનારી ઝેરી વરાળથી બચી શકાતું નથી. અહીં કોઈ કૂણી કૂંપળ શી રીતે ખીલે? અહીં કોઈ મીઠો ટહુકો શી રીતે સંભળાય? માટે તો ચારે બાજુ છે ભીષણ મૌન. આ મૌન તો પોલું નથી, નક્કર છે. કારણ કે એ મૌન મરેલા શબ્દોના ઢગલાનું બનેલું છે. હવે જો કશું ઉચ્ચારવા જઈએ તો આ ભાર એ ઉચ્ચારણને કચડી નાખે છે.

એથી જ તો પ્રશ્ન થાય છે કે આ ભાર શી રીતે ઉલેચવો? બાળકોના જેવું બોલવાનું તો હવે શક્ય નથી. કેવળ સંતોની જેમ અલખની ધૂન લગાવવાનું પણ શક્ય નથી. જેમ મૌન ઘેરું થતું જાય છે તેમ આંખો ઊંડે ને ઊંડે ઊતરતી જાય છે. એ આંખોમાં પણ હવે કોઈ દૃષ્ટિ કરી શકે એમ નથી કારણ કે એનું ઊંડાણ ભયાવહ છે.

હવે તો એવા શબ્દની જરૂર છે જે અડતાં જ ભાંગીને ચૂરેચૂરો થઈ જાય, જે ઉચ્ચારાતાંની સાથે જ હવામાં નિ:શબ્દ બનીને લુપ્ત થઈ જાય. તર્કને પગથિયે ભાર

મૂકીને ચાલનારો શબ્દ પણ ખપનો નથી. કારણ કે એક પછી એક દલીલના આંકડા સાંધીનેય આખરે તો ભાર જ વધારવાનો ને! કવિનો શબ્દ પણ કામનો નથી, કારણ કે એમાં તો વ્યંજનાનાં સાત પાતાળ હોય. અરે, એક ઉદ્ગાર પણ સરી જાય તેની બીક લાગે છે કારણ કે એ ઉદ્ગાર પણ ઘણી વાર સ્ફોટક નીવડે છે ને સુરંગ ચાંપી દે છે.

બીડેલી પાંપણ વચ્ચે સ્વપ્નોનો ઘોંઘાટ ચાલુ રહે છે. હૃદય તો હથોડા ઠોકવાના અવાજો કરતું જ રહે છે. ઉનાળાનો તડકો તો ભારે ઘોંઘાટિયો છે. શહેરની રાત્રિ સદા કણસવાના અવાજોથી ઉભરાય છે, ઘરમાં સદા ટપક્યા કરતા નળની એકોક્તિ ચાલુ જ રહે છે. શેરીના વીજળીના દીવા પણ આખી રાત બોલબોલ કર્યા કરે છે. સૌથી વધુ અવાજ કરે છે મારો શ્વાસ જે અનેક મુશ્કેલીઓને ઠેકીને મારામાં પ્રવેશે છે. એનો આ ખંત મને હાસ્યાસ્પદ લાગે છે. રાજહઠ જેવી જ છે આ શ્વાસહઠ! હવે ખડખડ હસવાની પણ બીક લાગે છે. સહેજ જ હોઠ ખૂલે એટલું જ હસવાની કાળજી રાખવી પડે છે. બે શબ્દો વચ્ચેના પોલાણમાં જેને આપણે શાન્તિ કહીએ છીએ તે પણ ઘૂઘવે છે. ઘરના ખૂણામાં મૂંગું બેઠેલું દર્પણ પણ ખંધું છે. એની દૃષ્ટિ મળતાં જ એ બોલવા લાગે છે, નાટકના ખલપાત્રની જેમ. ગોખલામાં બેઠેલા દેવના યુગયુગનાં સ્તોત્રોનો ઘોંઘાટ છે. ઘીના દીવાની જીભ પણ લપલપ કર્યા જ કરતી હોય છે.

શબ્દોનાં આ અડાબીડ વનને હવે શી રીતે ઉજ્જડ કરવાં? જૂનાં ખંડેરને લીલ બાઝે તેમ હૃદયમાં જે ભંગાર છે તેના પર પણ શબ્દોની લીલ બાઝી છે. હવે તો મારા શબ્દોથી હું જ ગભરાઈ જાઉં છું. હવે સૌથી મોટી લાચારી શબ્દ બોલવાની છે. પહેલાં જે ઉત્સાહથી શબ્દને ઘડતો, એને અ-ક્ષર બનાવવા મથતો તે જ હવે સૌથી મોટું વિઘ્ન બની રહ્યું છે, છાપેલા શબ્દો તો મારા પછી પણ રહેશે, અને એ રીતે મારા મરણનો પણ ઘોંઘાટ ચાલુ રહેશે. આથી જ તો કોઈકને બહુ આસાનીથી મૌન ધારણ કરતાં જોઉં છું ત્યારે અદેખાઈ થાય છે.

સાંભળવાની કળા વધારે ખીલવવી જોઈતી હતી. હવે તો શ્રોતાનો પાઠ ભજવવાનું અઘરું છે. પુસ્તક લઈને બેસું ત્યારે લેખકની અસ્ખલિત વાણી સાંભળ્યા કરું છું. એકાન્તમાં શબ્દનો પડઘો ભયાનક લાગે છે. આ બધો ઘોંઘાટ બંધ કર્યા પછી જ અનહદ નાદ સંભળાય એમ જે સન્તો કહી ગયા તે સાચું લાગે છે. આ અર્થમાં શબ્દો સર્જવાની પ્રવૃત્તિનું વૈતથ્ય પણ સમજાયું. જાહેરસભાને સમ્બોધન કરવાની પ્રવૃત્તિ એવી

તો હાસ્યાસ્પદ લાગે છે કે બોલવાનું પૂરું કરતાં પહેલાં હું પોતે જ મારા પર હસવા લાગું એવું બનવાનો પૂરેપૂરો સંભવ રહે છે.

સાપ તો દરમાં ભરાઈ જાય, પણ શબ્દ પાછો દરમાં ભરાઈ જતો નથી. એટલે તો કહ્યું છે કે બોલાયેલો શબ્દ અને છૂટેલું બાણ પાછાં આવતાં નથી. દરેક બહાર ફેંકાયેલા શબ્દ સાથે આપણી રઝળપાટ શરૂ થાય છે. શબ્દની અમરતા એ એના ઉચ્ચારનારને માટે તો શાપ છે. ઘણી વાર આપણા જ રઝળતા શબ્દો આપણને ભટકાય છે. એ મિલન બહુ સુખદ હોતું નથી, કારણ કે એ શબ્દોને ફરી આવકારીને આપણે આપણામાં સમાવી લઈ શકતા નથી. શબ્દનો મોક્ષ થતો નથી એટલું શબ્દ ઉચ્ચારનાર જાણતો હોય તો?

# વણતરસી જીવનતૃષા

કોઈ વાર એવું લાગે છે કે હવાને જાણે તીણા દાંત છે. તડકો કાટ ખાઈ ગયેલી છરીની ધાર જેવો લાગે છે. પાણી કાચના ઝીણા ભૂકા જેવું લાગે છે. આપણી પોતાની આંખ શારડીની અણીની જેમ મગજને કોતરતી લાગે છે. એને બંધ કરી શકાતી નથી. કદાચ આપણે માટે સૌથી ભયંકર શાપ આ જ હોઈ શકે. એથી જ તો સાર્ત્રની નરકની કલ્પનામાં 'ઇન કેમેરા' નાટકનાં પાત્રો આંખ બીડી શકતાં નથી. બ્રહ્માણ્ડના સર્જન વેળાએ પૃથ્વીમાંથી ચન્દ્ર દૂર ફેંકાયો એ તો એક વાર બની ચૂક્યું. અનેક જ્વાળામુખીવાળો ચન્દ્ર આપણે માટે તો આખરે શીતળ બની રહ્યો, પણ આપણા ચિત્તના બ્રહ્માણ્ડમાં તો આ ભાંગવાતૂટવાની, દૂર ફેંકાવાની ક્રિયા ચાલ્યા જ કરે છે. આ ઉત્પાત સહન કરવાની ક્ષમતા આપણામાં છે ખરી?

આથી જ તો સહેલાઈથી સ્વસ્થતા પ્રાપ્ત કરી શકનારાઓની મને અદેખાઈ નથી આવતી. ઠંડા પડી ગયેલા નિર્જીવ ગ્રહના જેવી એમની જિન્દગીમાં માત્ર ઠરી ગયેલા જ્વાળામુખીઓનાં ઘારાં સિવાય બીજું કશું નથી. આપણી બે આંખો એ ખુલ્લા અને કદી ન રૂઝાનારા એવા ઘા જેવી છે. આપણું મોઢું પણ એવું જ છે. આસ્તિક લોકો એમ કહેશે કે એ ઘા ઈશ્વરથી આપણા થયેલા વિચ્છેદનો છે. આપણો જન્મ પણ ઘાના મુખમાંથી જ થાય છે. આપણા મરણમાં જ કેવળ નિશ્ચેષ્ટતા છે, પણ કેટલાક લોકો મરણ પહેલાં આવી નિશ્ચેષ્ટતા પ્રાપ્ત કરી લે છે.

દિવસ દરમિયાન કેટલાં બધાં માણસો જોડે મળવાનું થાય છે. સૌ પોતપોતાના ભ્રમણપથમાં પોતાની ધરી પર ફરતાં હોય છે. આપણી ભ્રમણગતિનો જો કોઈની ભ્રમણગતિ જોડે મેળ ખાય છે તો અજવાળું અજવાળું થઈ જાય છે. લયના મેળનું સંગીત

સંભળાવા લાગે છે. પણ અરાજકતાના અકસ્માતો વચ્ચે આવો મેળ પણ એક અકસ્માત જ બની રહે છે. વાતો કરતી વેળાએ કોઈ વાર મને મારો જ અવાજ પારકો લાગે છે. એનો અમુક લહેકો મને ખંધાઈભર્યો લાગે છે. કોઈ વાર રોષની આંચને દબાવી દેવી પડે છે. કોઈ વાર શબ્દો ઝરણાની જેમ ખળખળ વહી જતા હોય ત્યારે જાતે જ શિલા થઈને એને રોકી લેવા પડે છે. ધીમે ધીમે ચેતના દાહક તેજાબ જેવી બની જાય છે. સ્વપ્નોની કોર દાઝે છે. વિચારો ઘુમાય છે, ને કશું કારણ નથી હોતું છતાં આંખે ઝાંય વળે છે. મારી આજુબાજુ માણસોને બોલતાં સાંભળું છું. કોઈનો અવાજ પવનમાં ખખડતાં પતરાં જેવો હોય છે. કોઈનો અબરખના પડ જેવો, કોઈનો અવાજ સિન્થેટીક રબરના જેવો તો કોઈનો સેક્રિન જેવો – પહેલાં મીઠો ને પાછળ કડવાશ મૂકી જનારો. સૂકા ઘાસમાં થઈને દોડી જતી અગ્નિની ઝાળ જેવો અવાજ પણ સાંભળ્યો છે. કોઈક વાર નિર્જન સૂના સૂના મહાદેવના મન્દિરના ગભારામાં વાગતા જૂના ઘંટના જેવો અવાજ પણ સંભળાય છે. મને આંખ બંધ કરીને માનવીના અવાજો સાંભળવાનું ગમે છે. અહંકારીના અવાજમાં જે બરડતા હોય છે તે છતી થઈ જાય છે. દંભીના અવાજમાં શેવાળના જેવી ચીકણી લિસ્સી ભીનાશ હોય છે. દિવસને છેડે આ બધા સાંભળેલા અવાજોના ભંગારમાં દટાઈ ગયેલો એક અર્ધોચ્ચારિત શબ્દ – શરદની રાતની અખીલી પોયણીના જેવો ઝાકળભીનો, ચન્દ્રસ્પર્શ્યો ને રાત્રિના એકાન્તના મખમલમાં વીંટેલો – શોધવો શી રીતે!

આમ જ બધું મૂલ્યવાન આ સંસારમાં ભંગાર નીચે દટાઈ જાય છે. એ મહામૂલું ધન જો શોધીને ફરી પામીએ તો ઠીક, નહીં તો જિન્દગી પોતે જ ભંગાર બની જાય. કેટલી વાર એક આંસુ માત્રથી બચી જવાય પણ આપણા નસીબમાં એ આંસુ હોતું નથી. કેટલીક વાર આપણાં ચરણ આપણને જુદી જ દિશામાં દોરી લઈ જાય છે. પછી આપણે જ ઊંડા ભોંયરામાં ઊતરી પડીએ છીએ, પછી એનો બીજો છેડો શોધવામાં જિન્દગી પૂરી થાય છે. પણ થરમોસના કાચના બે પડ વચ્ચેની રેતી જેવું કેટલીક વાર આપણું જીવન બની જાય છે. માત્ર કોઈકની ગરમી કે ઠંડીને સાચવી રાખવાનું આપણું કામ હોય છે. પ્રેમ આપણે સાચવી રાખવો, પણ તે અસ્પૃશ્ય રહીને, એનો અંશ સરખો આપણે ન પામીએ, બે કાચના પડની કેદ એ જ આપણી સુરક્ષિતતા! આ સુરક્ષિત રહેવાની વૃત્તિ જ આપણને વામણાં બનાવી દે છે.

ઘણા લોકો આપણી પાસેથી સાકરના ગાંગડા જેવી જ અપેક્ષા રાખે છે. એઓ ધારે ત્યારે આપણને મોઢામાં મમળાવી શકે, આપણને ચૂસી શકે. આપણું ચૂર્ણ કરી

શકે. આપણને ઓગાળી દઈ શકે, પણ આ બધી સ્થિતિમાં આપણે આપણી મધુરતા છોડવાની નહીં. આમ છતાં આપણી મધુરતાની માત્રાથી એમને કદી સન્તોષ થતો નથી.

ઘણાં ઘર જોઉં છું તો પ્રાણ વગરનાં ખોખા જેવાં લાગે છે, વાર્નિશ કરેલું ફર્નિચર હોય છે. આદમકદ અરીસા હોય છે, બારણે તોરણ ઝૂલતાં હોય છે છતાં ક્યાંય ધરપત થતી નથી. આથી અજાણ્યા ઘરમાં પ્રવેશતાં જરા ભય લાગે છે. કોઈ ઘરમાં માનવી જ સંગ્રહસ્થાન જેવાં હોય છે. હવાની પેટીમાં પુરાઈને એઓ જીવે છે. બનાવટી દાંતનું ચોકઠું તો આપણને પરિચિત છે, પણ આખું મોઢું બનાવટી પહેરનારાં માણસો ક્યાં નથી?

જીવનની તૃષા ઘણી વાર સંતોષાતી નથી. આંખ તરસી રહી જાય છે. દરરોજની એકસરખી જીવનરીતિનું ઘટનાચક્ર ફરતું રહે છે – શૂન્યને શૂન્યમાંથી ઉલેચે છે. તેથી કરીને આ તૃષાથી બચવાની પ્રાર્થના હું કરતો નથી. એ તૃષા ન હોય તો જીવનની ઝંખના જ ન રહે. આઠે પહોરનો નિત્યક્રમ તે કાંઈ જીવન નથી. આ તૃષાની અવેજીમાં બીજું કશું ચાલી શકે નહીં. સમાધાનવૃત્તિ ધરાવનારા સન્ત જ હોય છે, એવું મને લાગતું નથી. એઓ મોટે ભાગે તો કાયર જ હોય છે. અજંપો હોવો તેને ભલે અવાસ્તવિકતાનું લક્ષણ ગણવામાં આવે. માણસ હોવું અને પૂરા સાત્ત્વિક હોવાનો દાવો કરવો એ અસમ્ભવિત ઘટના છે. એ સાધ્ય ભલે હોય, પણ જે ઘડીએ એ સિદ્ધ થઈ ચૂકે પછી તમે માનવસન્દર્ભની બહાર ચાલ્યા જાઓ છો. આ અજંપો રોમેન્ટિક સ્વભાવનું લક્ષણ છે, નાદાની છે, ઠરેલપણાનો અભાવ છે – આ બધું જિન્દગીભર સાંભળતો આવ્યો છું પણ સળ જરાય ન ભાંગી હોય એવાં કોરાં કકડતાં કપડાંવાળો ભદ્ર સમાજ મને ગૂંગળાવી મૂકે છે. ભદ્રતા એટલે નિર્વીર્યતા એમ શા માટે હોવું જોઈએ? પ્રાણનો ઉદ્રેક પ્રબળપણે વર્તાવો જોઈએ. એના ઉચ્છ્રલ સ્રોતનો કલધ્વનિ સાંભળવાને હું તલસી રહું છું.

સવારે જોઉં છું તો દિશાઓનાં મુખ મ્લાન હોય છે. હજી ઠંડીનો ચમકારો અનુભવાતો નથી. તારા અને તૃણ વચ્ચે હજુ આકાશી વાર્તાલાપ શરૂ થયો નથી. હજી સુરખીનો અનુભવ થતો નથી, બધું જાણે મન્દપ્રાણ છે. પણ મને કરાર વળતો નથી. દિવસને છેડે સૂવા માટે આંખો બીડું છું ત્યારેય નિદ્રાના પાતળા આસ્તરણને ભેદીને આ અજંપો ઉછાળા મારે છે. કોઈ વાર એ આસ્તરણ ફાટી જાય છે. ઉન્નિદ્ર આંખે રાત્રિના પ્રહરોની છાયાને જોઈ રહું છું ત્યારે ડહોળાયેલી સ્મૃતિનાં જળ નીતર્યાં બને છે. વર્તમાનના પટ પરથી હડસેલાઈ ગયેલો ને ભૂતકાળ બની ગયેલો સમય પાછો આવે છે ને બધું એકાકાર થઈ જાય છે, શરીર અને ચેતના જાણે એકરૂપ બની જાય છે. આવી સ્થિતિમાં જ સરી

પડીને રાતને ચાલી જવા દઉં છું. સૂરજનું પહેલું કિરણ આ એકરૂપતાને છેદી નાંખે છે. શરીર થાકની ફરિયાદ કરવા લાગે છે. ચિત્તના ઉધામા શરૂ થાય છે. આ કલહથી દિવસનો પ્રારંભ થાય છે. કલહથી પ્રસન્નતા સુધીની એ દિવસભરની યાત્રાનો ઇતિહાસ હંમેશાં આલેખી શકાતો નથી. કેટલીક વાર એક દૃષ્ટિપાતમાં જ એ આખો ઇતિહાસ સમાઈ જાય છે. તો કેટલીક વાર મૌનના તોડી નહીં શકાયેલા પડની અંદર એનો મર્મ ઢંકાયેલો જ રહી જાય છે. કેટલીક વાર શબ્દોનાં ઠાલાં ફોફાં તર્યાં કરે છે. પણ જાગૃત રહેલી ચેતના બધી રેખાઓને સાચવી રાખે છે.

દિવાળી આવી છે. ફરજપૂર્વક બધા ઉત્સાહ લાવવા જાય છે. અત્યાર સુધી અગ્નિ માનવજાતિને વફાદાર રહ્યો છે. માનવીએ એને જ્યારે પ્રગટાવ્યો છે ત્યારે એ પ્રગટ્યો છે પણ ધારો કે ચકમક ઘસીએ ને તણખો ન ઝર્યો તો? બટન દાબીએ ને વીજળી ન થાય તો? આંખ ખોલીએ ને જ્યોતિ ન પ્રકટે તો? તો અમાવાસ્યાનો વિજય થાય. આપણી આ સંસ્કૃતિના ભાર નીચે દબાયેલી દુનિયા હવે થાકેલી લાગે છે. યુદ્ધોની આંચકીરૂપે એ પોતાની રહીસહી શક્તિની જાહેરાત કરે છે. આવી રહેલા હિમયુગ સામે ટકી રહેવા માનવજાતિ જાણે યુદ્ધનું તાપણું સળગાવે છે. માનવી કદાચ શબ્દોથીય હવે કંટાળ્યો છે : કદાચ હવે જોઈ સાંભળીને સંતોષ માનશે. એ શબ્દ નહિ હોય પણ ઇલેક્ટ્રોનિક ધ્વનિસંકેત માત્ર હશે. લખવાની લિપિનીય જરૂર નહીં રહે. આદિ માનવના જેવી જ થોડી કિકિયારીથી એ કામ કદાચ ચાલી જશે. આ દિવસોમાં આશાને શોધીએ ને સાચવીએ. આ દિવસોમાં થોડો દમ્ભ તો આપણે સૌ કરીશું જ. પણ થોડું સત્ય ભાગે આવે તો ડરીએ નહીં એવું ઇચ્છીએ.

# હેમન્તની સાંજ

હેમન્તની સાંજે લટાર મારવી ગમે. શહેરની વસતિ દૂર મૂકીને ધૂળિયા રસ્તે દૂર દૂર ચાલ્યા કરવાનું ગમે. પણ આ હેમન્ત તો ગ્રીષ્મના પરિશિષ્ટ જેવી બની ગઈ છે. હવે ભ્રમણની ત્રિજ્યાઓ દૂર સુધી વિસ્તરી શકતી નથી. ઘરમાં બારી પાસે બેસીને જોઉં છું. ઘામ થાય છે, પવન નથી. શિયાળાના દિવસોમાં તો આકાશની નીલિમા પણ જાણે કાચ જેવી કકરી બની જાય છે. પણ આ હેમન્તમાં તો આકાશને મુખે ગ્લાનિ છે. ઘરનો સાંકડો ઓરડો વધુ સાંકડો બની જાય છે. સમય એમાં ભીંસાઈને હાંફે છે. આવે દિવસે મન ભાગેડુ બનીને નાસી જવા ઇચ્છે છે. આ નાસી જવાની વૃત્તિ થાય છે ત્યારે વિચાર આવે છે. આપણાં મૂળ ક્યાંય ઊંડે જાય છે ખરાં? જ્યાં એવું લાગે છે કે હવે મૂળ ઊંડાં ગયાં છે, આધારપોષણ બધું હવે મળ્યે જશે, હવે ફૂલીશું, ફાલીશું, છાયા વિસ્તારીશું, મર્મરથી મુખરિત થઈ ઊઠીશું, પર્ણોની અંજલિમાં થોડું આકાશ ઝીલશું, શાખાઓના દૂરપ્રસારી હાથ લંબાવીને આલંગિનના પરિઘને વિસ્તારીશું અને કલકણ્ઠે ટહુકી ઊઠીશું ત્યાં –

આથી આ હેમન્તે બૅકેટની નવલકથા 'હાઉ ઇટ ઇઝ'ના પાત્રની જેમ કશીક મળકર્દમની ભોંયમાં ખૂંપીને, પણ પગને સ્થિર રાખ્યા વિના, દિશાહીન બનીને, ચાલ્યે જાઉં છું. ના, એને ચાલવાનું તો ન કહેવાય, એને સ્થિતિ પણ ન કહેવાય, ગતિ પણ ન કહેવાય. ભેજ શરીરમાં સરીને બધાં ગાત્રો લૂલાં કરી નાખે છે. એ ભેજમાં સૂર્ય પણ પાણીમાં પડેલા કાગળ જેવો બની જાય છે. અહીં મૂળની વાત શી!

એ એક હકીકત છે કે આવી સ્થિતિમાંય હું બોલ્યે રાખું છું. દરેક ભાવદશાને એની આબોહવા હોય છે. એ આબોહવામાં ઉછરેલા શબ્દોનો મને ખપ છે. આથી ફરી ફરી મનની આબોહવા બદલ્યા કરવી જોઈએ. ઘણા લોકો શબ્દોને જાળની જેમ પાથરે છે.

એમાં પકડાઈને તરફડતા વિચારો મને ગમતા નથી. સૃષ્ટિના આદિકાળના હિમખણ્ડ જેવો શબ્દ ભાગ્યે જ હાથ આવે છે. એમાં સમસ્ત આયુ સમાઈ ગયું હોય છે. સૂર્યનું શૈશવ પણ એમાં ઝૂલતું હોય છે. ભગવાનની આંગળીનો દાબ એના પરથી ભુંસાયો હોતો નથી. અત્યારે તો સામેના મેદાનમાં પાંચ છ મડદાલ ગાયો ચરે છે, સામેના રસ્તા પર થઈને ભૂરા ગણવેશમાં શાળાના વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રીતે નિશાળે પ્રવેશે છે. નિશાળનો ઘણ્ટ વાગે છે. એનો રણકાર હવામાં લથડતો લથડતો અડબડિયાં ખાય છે. તડકાના પોતમાં હજુ કુમાશ નથી, હજી એ બરછટ લાગે છે. આકાશમાંનાં થોડાં વાદળો શત્રુ પક્ષના ગુપ્તચર જેવાં ડોકિયાં કરે છે. બધું અકૃત્રિમ લાગતું નથી. કશુંક કઠ્યા કરે છે. આ દિવસો બે પગની વચ્ચે બાંધેલા લાકડાવાળી ગાયની જેમ ચાલી રહ્યા છે. એ નિશ્ચિન્તપણે દોડી શકે તેમ નથી.

આ દિવસોમાંય શબઘરમાં બરફની લાદી પર સૂતેલા શબની શાન્તિથી જીવનારા લોકો છે. એમનાં મોઢાં પર એક જ ભાવ રહે છે. એમને ચારે બાજુથી ઘેરી વળી બરફમાં દાટી દે એટલો બરફ હજુ લાધ્યો નથી. છતાં, આ સૂર્ય એમને પીગળાવતો નથી એ પણ સાચું. એમની ઉપસ્થિતિમાં હાડ સુધી કશીક ધ્રૂજારી ઊતરી જાય છે. એમનાં મોઢાંમાંથી શબ્દો પરપોટાના જેવા નીકળે છે.

બાળકો રમે છે, ક્રીડાના આનન્દમાં એઓ નાચે છે, એમનો આનન્દ સુકાઈ ગયો નથી. નિશાળો ખૂલી છે. ખળખળ વહેતાં ઝરણાં હવે નિશાળની દીવાલ પાછળ પુરાઈ ગયાં છે. પણ રિસેસ પડે છે ને દીવાલ ઉપરથી છલકાઈને બાળકો બહાર વહી આવે છે. ઊભા રહીને જોયા કરવું ગમે એવું દૃશ્ય છે. બહાર બેઠેલા ડોશી પાસેથી કાકડીની ચીરી લઈને મીઠું ભભરાવીને ખાવી, સિન્ધીની લારીમાંથી કેન્ડી ખાવી, થોડી વાર દડો ઉછાળી લેવો, એકાદ નાની તકરાર પણ કરી લેવી ને પછી ફરી દીવાલો વચ્ચે ડાહ્યાડમરા થઈને પુરાઈ જવું.

ઘણી વાર પૃથ્વી પોતે પણ જાણે એના બાલ્ય કાળના સ્મરણને મમળાવતી અન્યમનસ્ક બની જતી લાગે છે. શિશુ સ્તનપાન છોડીને ઘડીભર અન્યમનસ્ક મુખને જોઈ રહે તેમ આપણે પણ પૃથ્વીને એવી ક્ષણે જોઈ રહીએ છીએ. એ આંખોમાં ચમકતી છબી જોઈ રહીએ છીએ. આવી કેટલીક ક્ષણો જેને આપણા વ્યક્તિગત જીવન જોડે કશો સમ્બન્ધ નથી, જે અન્તરીક્ષના કોઈ અકળ અણસારને આપણા સુધી વહાવી લાવે છે, જેમાં ગ્રહનક્ષત્રો વચ્ચેના શૂન્યનો સ્પર્શ છે તેનું શું કરવું?

પહેલાં મંડળી જમાવીને કવિતાનો આનંદ ખૂબ માણ્યો છે. હવે લાગે છે કે એ દિવસો ગયા. જેમ માણસ મોટો થાય છે તેમ એના વ્યક્તિત્વની દીવાલો કંઈક બરડ થતી જાય છે. રખે ને એ તૂટી જાય એ બીકે એ સાવધ રહીને એનું રક્ષણ કરે છે. આવી પરિસ્થિતિમાં મંડળી ક્યાંથી જામે? કવિતાનું હવે એકાન્તમાં સંવનન કરું છું. દેશ દેશના કવિઓ હાથ લંબાવતાં જ સુલભ બની રહે છે એ કેવું મોટું સદ્ભાગ્ય! જોકે કવિતાનું આવું સેવન એ કેટલાકને મન અપરાધ ગણાય. 'તમે એકદંડિયા મહેલમાં રહીને વાણીવિલાસમાં રાચો છો.' એમ કહીને એઓ જરૂર ભાંડવાના પણ આ દુનિયા આપણને એવા કશાય એકદંડિયા મહેલમાં રહેવા દે એવી છે ખરી? સવાર પડે છે ને તરત જ આજીવિકા માટેના સંઘર્ષમાં આપણે જોતરાઈ જઈએ છીએ. પણ ગાળ ખાઈનેય કવિતા વાંચવી તો સદા ગમશે જ. જે દેશના કવિની કવિતા વાંચીએ તે દેશની આબોહવા આપણને સ્પર્શી જાય. એટલે અંશે આપણે વિસ્તરીએ. આપણો મૂળ સ્વભાવ વિસ્તરવાનો છે તેથી જ તો જ્યારે સમ્બન્ધની વિસ્તરેલી ત્રિજ્યાઓને સંકેલીને સંકુચિત એકાન્તમાં બેસી જવાના દિવસો આવે ત્યારે કવિતા સિવાય આપણા વિસ્તરવાના શોખને કોણ પૂરો કરી શકે?

વળી પાછલી રાતે શ્વાસ રૂંધાવા લાગ્યો છે. જાણે બહારનો આખો વિસ્તાર શ્વાસનળીમાં થઈને પ્રવેશવા મથી રહે છે. શ્વાસ રૂંધાય એટલે હૃદય પણ ચાલ બદલે છે. આંખો બહાર ઊછળી આવે છે. પથારીમાં બેઠો થઈ જાઉં છું ને પાતળા થતા જતા અન્ધકારમાં અરુણાઈના આછા અણસારને જોઉં છું. કામનાથ મહાદેવમાં આરતી થાય છે. સૂર્ય ઊગે ને શ્વાસને એનો સ્પર્શ થાય એવું ઝંખું છું. એકાએક શ્વાસ નાના પંજિરા જેવા બની જાય છે. સાંકડા અંધારા ભોંયરામાં થઈને જાણે જતો હોઉં એવું લાગે છે. રસ્તા પરથી જતી મોટરો દેખાતી નથી. છતાં અવાજ સાંભળીને એની સંખ્યા ગણું છું. સૂર્ય ગરમ ચ્હાના કપમાં જાણે ઊતરીને આવે છે, પછી બધું ઠીક લાગવા માંડે છે.

કાગળનો તંબૂ ખેંચીને અંદર અગ્નિની શિખા રહેવા આવી છે. તળાવનાં પાણી લીલના વાઘા પહેરીને મળવા આવે છે. મંદિરની ધજામાં લપેટાઈને પવન પણ મળવા આવે છે. છૂપો દરબાર ભરાય છે. નિદ્રામાં એ તંબૂના કાગળ ઊડતા ઊડતા મારી પાસે આવતા જોઉં છું. એ બધા એકઠા કરું છું. થોડા દૂર ઊડી જાય છે, એ કાગળ હાથમાં લઈને જોઉં છું તો અગ્નિશિખાના એના પર હસ્તાક્ષર છે, એ લિપિ ઓળખાતી નથી. ઘણી વાર સ્વપ્નની છાલક જ મને એકાએક જગાડી મૂકે છે.

વળી પહેલાંનો સ્વભાવ પાછો આવ્યો છે. બેસીને જોયા કરવાનું મન થતું નથી. એને હવે દૂર દૂર ભટકવાનું મન થાય છે. વન કે ડુંગર કે નદી સમુદ્રનો આગ્રહ નથી. ગીચ વસ્તીવાળાં શહેર પણ ગમે છે. ખંડેરાવ માર્કેટમાં જમરૂખના ઢગલાને જોઈ રહેવાનું પણ ગમે છે. એનો લીસો સ્પર્શ, એનો લીલાશ પડતો પીળો રંગ – આ બધાંનો સ્વાદ પણ ગમે છે. મધરાતે સુરસાગરમાં સ્થિર જળને જોવા ગમે છે. મન્દિરને ઓટલે એકલા એકલા થોડી વાર બેસી રહેવું ગમે છે. મહાદેવના મન્દિરમાંની શાન્તિને બીલીપત્રમાં ભરીને પીવી ગમે છે. યુનિવર્સિટીના બંધ ઓરડાઓમાં પોતાની જ જોડે વાતો કરતી સરસ્વતી દેવીને સાંભળવાની તક મળે તો સારું. સ્ટેશને જઈને અજાણ્યા મુસાફરો વચ્ચે ઊભા રહીને એમની ચહલપહલ તટસ્થપણે જોવી ગમે છે, હોસ્પિટલની ધોળી લાદીની તખ્તી પર કણસતી સૂતેલી શાન્તિની ખબર પૂછી આવવાનું પણ મન થાય છે. પણ તો પછી દામોદર ખુશાલદાસ બોટાદકરની કવિતાની વાત કોણ કરશે? ‘કેમ રજામાં અહીં જ હતા? તબિયત તો ઠીક છે ને?’ એ પ્રશ્નોના જવાબ કોણ આપશે?

# આતપસેવનની ઋતુ

આતપસેવનની આ ઋતુ છે. આકાશરસ પણ આ દિવસોમાં જ માણી શકાય. પૃથ્વી પર તો હમણાં જ ખેતરોમાંથી ધાનની લણણી થઈ ગઈ છે. કપાસની મહાશ્વેતા હજી દેખાય છે ખરી, હથેળી પહોળી પસારીને પડેલાં તમાકુનાં પીળાં પડવાં આવેલાં પાંદડાં પણ દેખાય છે. ઘઉંની સુરેખ ગોઠવાયેલી પંક્તિઓ પણ જોઈ ને હૈયું ખોલીને રાતીરાતી રતી દેખાડતી કાજળનાં ટપકાંવાળી ચણોઠી પણ જોઈ. પંજો બતાવીને ઊભેલા હાથિયા થોરની રખેવાળી જોવા જેવી છે, પણ કોસના કિચૂડ કિચૂડ અવાજ હવે ગયા. હવે તો ભક ભક કરતું યન્ત્ર ત્યાં આવી ગયું છે. ધોરી બળદને બદલે ટ્રેક્ટર ફરે છે, ખેતરમાં પડેલા ચાસ ઘડીભર જોઈ રહેવાનું મન થાય છે. હજી કોઈ કોઈ જગ્યાએ સંતાઈને થોડા ગલગોટા ડોકિયું કરે છે. નદીઓ હવે વર્ષાના ઉન્માદનાં સંસ્મરણોને ઊંડે ઊતરીને સ્વસ્થ બનીને અન્તર્ધાન બનીને જોઈ રહી છે, કેટલીક તો અત્યારથી જ પુરાણકાળનાં દેવદેવીઓની જેમ થોડો વખત દર્શન આપીને અલોપ થઈ ગઈ છે. છતાં કાંઠા પર હજી એના હરિયાળા આશીર્વાદની છાપ જળવાઈ રહી છે.

આ બધું હમણાં ગામડું જોવા મળ્યું ત્યારે ખૂબ માણ્યું. ગાડાના ચીલામાં બસ ચાલે, સ્હેજ હાથ બારીની બહાર રહ્યો તો થોરનો સ્પર્શ રક્તાક્ષરે અંકિત થઈ ગયો જ જાણવો. સૌથી વિશેષ તો માણવા જેવી છે ધૂળ-લખલૂટ ધૂળ, ઝીણી રેશમી પોતવાળી ધૂળ. ધૂળની સુગન્ધ બાલ્યકાળને પુનર્જીવિત કરે છે. આજે આપણે ધૂળ ખંખેરી નાખતા થયા છીએ. આપણી અને બીજાની. પણ બાળપણમાં તો ગજવાં ખંખેરીએ તો ધૂળ – માથાની બાબરીમાં ધૂળ, આંખની પાંપણે ધૂળ. ઘૂંટણે ધૂળનાં ચિહ્ન – ત્યારે ધૂળનું સર્વવ્યાપીપણું માણ્યું હતું. આજે સામેના મેદાનમાંથી અળવીતરું કરતો પવન ધૂળને

છંછેડે છે ત્યારે એ સહેવાતું નથી ને બારી બંધ કરી દેવી પડે છે! આપણે ધરતીના લોક, પૃથ્વી તો મોટું નામ. એ નામે દેવલોક એને ઓળખે, આપણે તો માટી અને ધૂળને જ જાણીએ. કાળી માટીના ખેતરમાં એનાં બરફી જેવાં ચોસલાં તો જોયા કરીએ તોય ધરાઈએ નહીં. આથી જ મને થાય છે કે ધૂલિકા માતાનું સ્થાનક સ્થાપવું જોઈએ. શહેરમાં તો આસ્ફાલ્ટના વરવા રંગ પર મોટરના, પેટ્રોલના કે ઘોડાની લાદના ડાઘા. એના પર માણસનાં પગલાંની છાપ વરતાય નહીં, પણ ધૂળ તો કેટલી મમતાથી આપણાં પગલાં છાતીસરસાં સાચવી રાખે? પેલી દમયન્તી સ્વયંવરની વાત તો જાણીતી જ છે. છતાં ધૂળનો મહિમા નીકળ્યો છે તો ફરી કહું. દમયન્તીનું રૂપ તો એવું કે એની ખ્યાતિ છલકાઈને પૃથ્વીની સીમા પણ વટાવી ગઈ અને પહોંચી છેક દેવલોક સુધી. ચાર દેવ આથી પૃથ્વી પર દમયન્તીને વરવાનું બીડું ઝડપીને નીકળી પડ્યા ત્યારે સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે આવી અવરજવર ચાલ્યા કરતી, પણ દેવોએ જાણ્યું કે આ સ્વયંવર તો એક છદ્મ છે, દમયન્તી તો ‘નળને જ વરું’ એવું પણ લઈ બેઠી છે. દેવોને એક સગવડ. જેવું ધારે તેવું રૂપ ધારણ કરી શકે. એટલે એમણે નળનું રૂપ ધારણ કર્યું ને પહોંચ્યા સ્વયંવરમાં ને ‘સ્વયંવરમાં વાગી હાક કે ઓ નળ આવ્યો રે!’ દમયન્તી એટલા બધા નળને જોઈને મૂંઝાઈ તો ગઈ, પણ તે ક્ષણભર. તરત જ એણે જોઈ લીધું ને નળને પારખી કાઢ્યો. શી રીતે પારખી કાઢ્યો? દેવોના મોઢા પર થાક નહોતો, પરસેવો નહોતો, ધૂળ નહોતી. નળના મોઢા પર થાક, પરસેવો ને ધૂળ ત્રણેય હતાં. આ ધરતીની ધૂળથી દમયન્તીએ નળને ઓળખી કાઢ્યો, આમ એ ધૂળ આપણી ઓળખ છે.

પણ ધૂળ છોડીને હવે આકાશ તરફ વળીએ. આકાશ આ ઋતુમાં દિવસે ને રાતે જોવા જેવું હોય છે. હમણાં જ ચન્દ્ર જોયો હતો. ગુરુ નાનકના ફોટા પાછળ જેમ તેજવર્તુળ હોય તેમ ચન્દ્રની આજુબાજુ નાનું વર્તુળ હતું. ઠંડીથી ગભરાયા વિના જો બહાર નીકળીને રાતે આકાશ જોઈએ તો એ વૈભવ માણી શકાય. નીચે તો કોઈ વાર ધુમ્મસનું આછું આવરણ પથરાયું હોય છે. બધું માયાવી બની જાય છે. દિવસે પણ આપણા કવિ કલાપીએ કહ્યું હતું તેમ હવામાં હીરાની કણી ઝગી રહેલી દેખાય છે.

હવે તો પતંગો આકાશમાં ચગશે. અનેક રંગોથી આકાશ ભરાઈ જશે. ધરતી પર પગ ખોડીને જીવનારો માણસ આ થોડા દિવસ ચગી લે છે. છાપરાં અગાસી ભરાઈ જશે, દૃષ્ટિ ઊર્ધ્વગામી થશે, દોરા છુટ્ટા મુકાશે. અનેક આફત અને વિટમ્બણાથી પીડાતું જીવન થોડો સમય તો હળવું પતંગ જેવું થઈને નભોવિહાર કરશે. આપણા મુત્સદ્દીઓ

ગમ્ભીરપણે, ઠાવકા અને મીઠા બની દાવપેચ ખેલે છે, વેરઝેર વધારે છે ત્યારે આપણે એવા મેલા દાવપેચ નહીં પણ પતંગના દાવપેચ લડાવી શકીએ. ક્રીડાનો આનંદ માણી લઈએ.

સુરતમાં એક વિદ્વાને 'પતંગપુરાણ' લખ્યું છે. પતંગ પરથી ફિલસૂફી ડહોળનારાય ઓછા નથી. પાતળા કાગળના પતંગ પર કાંઈ એટલો બધો જુલમ તે થાય? આકાશમાં કાંઈ ચીલા ન હોય, પણ એના આંકા હાથ પર રહી જાય. પછી બીજે દિવસે દાળનો ફડકો મારવા જઈએ ત્યારે ખબર પડે. તલની ગોળી ચગળતા જઈએ ને પતંગને ઊંચે ચગાવતા જઈએ. પતંગોમાંય ન્યાતજાત છે, ઊંચનીચ વરણ છે. વળી દોરો સૂતનારા પણ જાતજાતના નિષ્ણાત હોય છે. એની પણ આગવી પરિભાષા છે. આપણે પણ યુદ્ધ લડવું છોડી દઈને યુદ્ધની રમત જ બનાવી દેવી જોઈએ.

દિવસના પતંગોની વાત જુદી. એની ગતિ જુદી. કેટલાક દૂર દૂર ઊંચે નીકળી જાય. ઉપરથી નિલિર્પ્ત બનીને બધો ઠાઠ જુએ. કેટલાક ભરદોરે કપાયેલા પતંગો કોઈના હાથમાં આવે નહીં ને દૂર દૂર ચાલ્યા જાય. પણ રાતે એમાંનું કશું નહીં. રાતે ફાનસ ચઢાવવાનાં હોય. કોઈક વાર એક સાથે સાત ફાનસ. ફાનસ ધીમાં ધીમાં ઝૂલે. પતંગ રાતે આત્મવિલોપન કરે, કેવળ ફાનસને જ દેખાવા દે. વાસી ઉતરાણ પછી પતંગ જાય. નાનાં છોકરાંઓની લંગરબાજી શરૂ થાય. પતંગો લઘુરૂપ ધારણ કરે. ફાટેલા પતંગના કાગળને ગોળાકાર કાપીને પથ્થરમાં વીંટી ઉપર ફેંકીએ એટલે એ રંગીન વર્તુળ આકાશમાં થઈ જાય. બાળપણમાં કોઈ મોટેરાંઓ ઉપકાર કરીને બહુ બહુ તો ફીરકી પકડવા દે. પતંગ તો હાથમાં નહીં આવે. ત્યારે ફાટેલા પતંગનો જ વારસો ભોગવવાનો મળે.

આકાશમાં પતંગ અનેક પ્રકારની લીલા કરે તે જોવાની ખૂબ મજા પડતી. ગોથ મારતો પતંગ, ધીમું ધીમું છટાથી ડોલતો પતંગ, એકદમ બીજા પતંગ પર છાપો મારતો પતંગ, ડૂબકી મારી જતો પતંગ, કન્ના તૂટી જતાં ચકરાવે ઘૂમતો પતંગ ને અળવીતરું કરીને નિરાંતે ઝાડની ડાળી પર બેસી જતો પતંગ. ગમે તેટલું મનાવો તોય એ નીચે ઊતરે જ નહીં ને?

વીજળીના તાર પર પણ હવે લંગરનાં તોરણ ઝૂલતાં થઈ જશે. પછી વળી પતંગો માળિયે મુકાઈ જશે, પરીક્ષાના દિવસો તો આ આવ્યા! મને તો સંક્રાન્ત યાદ છે તે બીજે જ કારણે. તે દિવસે અમારી ધની ગાયને ગોળના પાણીમાં બાફીને ખેતરમાંથી આવેલી નવી મોતીના દાણા જેવી જુવાર ખવડાવવામાં આવતી. એને ઘૂઘરી કહેતા. ગાયના

ભોજનમાં અમે ભાગ પડાવતાં. બીજી મહત્ત્વની વસ્તુ તે ગુપ્ત દાન. મગનો લાડુ (પણ એ ગોળમટોળ નહીં, શાલિગ્રામના આકારનો) આપે, ને એના બે ભાગ કરીએ એટલે અંદરથી ચાર આની કે આઠ આની એનું રૂપાવરણું હાસ્ય કરતી દેખાય.

અને છેલ્લે મરણ – એ જ દિવસે બાળપણનું પહેલું મરણ જોયું હતું, બહાર બારણાની તરડમાંથી.

# પ્રકૃતિની રસસંક્રાન્તિ

પ્રેમાનંદના જેવી રસસંક્રાન્તિ પ્રકૃતિએ કરી. કેટલાય દિવસથી વાતાવરણમાં ગ્લાનિ હતી, આકાશના મુખ પર ચમક ન્હોતી, ત્યાં એકાએક રૂંધી રાખેલાં આંસુ ખાળી ન શકાયાં, એ વહી ગયાં. હવામાંથી બધી જ ઉષ્મા ચાલી ગઈ. પગને બરફ જેવા ઠંડા પાણીમાં ઝબકોળવા પડ્યા. માથે પણ જાણે હિમવર્ષા થઈ. ભીત પશુઓની જેમ માનવીઓ નાસવા માંડ્યાં. ઘરનાં બારીબારણાં બંધ થઈ ગયાં. આકાશની પાંપણો પણ જાણે ઢળી પડી. સૂર્ય વિશે ચિંતા થવા લાગી : હવે ક્યારે દેખાશે?

આવે સમયે હૃદયના અંધારા ખૂણામાં પડેલી ઉપેક્ષિત વેદના બહાર આવે છે. એનાં નિષ્પલક ચક્ષુ સામે જોઈ રહેવા સિવાય બીજું કશું કરવાનું રહ્યું નહીં. એમને આ કૃત્રિમ વર્ષા સાથે કશી લેવાદેવા નહોતી. એ દિવસે સમયનો પણ સ્વાદ બદલાઈ ગયો. એના પર જાણે દાંત ભરાવી શકાતા નહોતા, પણ એના સ્પર્શથી દાંત કળવા લાગ્યા. એ સમયને ગળી જવાનું મુશ્કેલ લાગવા માંડ્યું. મોઢામાં રહીને જાણે એ બધી જ ઉષ્મા શોષી જવા લાગ્યો. એ સમયનું શું કરવું તે સમજાયું નહીં. આ દિવસે 'ઉઘાડું' અને 'બંધ' એ બે શબ્દોનો અર્થભેદ પણ જાણે ભુંસાઈ ગયો.

સુખી જીવ તો નિત્યનૈમિત્તિક કાર્યોમાં મશગુલ થઈ ગયા. કોઈ બસ પકડવા દોડ્યા, કોઈ છાપરાંની નીચે સુરક્ષિત બનીને ઊભા રહેવાને દોડાદોડ કરવા લાગ્યા. પોતાની કારમાં બેસીને જનારા લોકો પોતાના સુખના વિશિષ્ટાધિકારનું પ્રદર્શન કરવા લાગ્યા. મને લાગ્યું કે જો સહેજ અળગા રહીને ઊભા રહીએ તો સંસાર હંમેશાં જોવા જેવો તો લાગે જ છે. પણ આ અળગા સરી જવાની શક્તિ હોવી એ કાંઈ સહેલી વાત નથી.

અડબડિયાં ખાતો એ અન્ધ દિવસ આખરે ગયો. એ રાતે કેવાં દુઃસ્વપ્નો સતાવી

ગયાં! આંખ, નાક વિનાનો નર્યો પોકળ ચહેરો, ચારે બાજુ વરાળનો સમુદ્ર, તારાઓનાં ચૂરેચૂરા થઈને ખરતી રજ, અન્ધકારની અન્તહીન ગુફા, પ્રેત જેવા ઘૂમતા અવાજો. આ બધી ભૂતાવળમાં રાત વીતી તેથી સવારે બહુ વિશ્વસ્ત બનીને આંખો ખોલવાની હિંમત ન ચાલી. આંખો ખોલી તો બહાર તપ્ત તામ્રવર્ણ સૂર્ય હતો. નીચે ભીના ઘાસમાંથી એક ગોકળગાય ધીમે ધીમે સરી રહી હતી. ધીમે ધીમે સૂર્યપાન કરવાથી સ્ફુતિર્ આવી ગઈ. ધીમે ધીમે સમય કકરો બનતો ગયો. દિવસ શરૂ થયો. જાણે હજી ગઈ કાલનો સ્હેજ ડાઘ રહી ગયો છે. કેટલા બધા લોકો! આમેય તે કેટલાક તો હંમેશાં ગમ્ભીર જ હોય છે. દેશને વિશે એમને ખૂબ ચિન્તા છે. ઉચ્ચ કક્ષાએ ચાલ્યા કરતી ખટપટો તરફ એમના કાન મંડાયેલા છે. એમનો ઓરડો જ જાણે દેશ સમસ્તની પ્રવૃત્તિના સંચાલનનું કેન્દ્ર બની રહે છે, બધા વ્યૂહ ગોઠવાય છે, ચર્ચા થાય છે. બીજે દિવસે વળી છાપાંની દોઢ ઈંચની હેડલાઇનમાં એ બધાંનો સાર સમાઈ જાય છે. આ કાવતરાં, ખટપટ, દાવપેચ જો ન હોય તો આવા લોકો શું કરે? એમની એક એક ચાલ ગણતરીપૂર્વકની હોય. એક બીજો વર્ગ પણ સમાજમાં હોય છે; સદા હસમુખા, વાતોમાં ચબરાક, નર્મમર્મમાં કુશળ, રીતભાતમાં આકર્ષક, જે મંડળીમાં બેસે તે મંડળીમાં જાણે નવો પ્રાણ આવે. સુન્દરીઓ એમની આજુબાજુ પતંગિયાની જેમ ભમે, આજકાલ જાહેરખબરમાં પણ આપણે એવું ચિત્ર જોતાં થયાં છીએ. વાતનો વિષય ગમે તે હોય, એઓ એમાં કંઈકનું કંઈક તો કહેવાના જ, 'ચામિર્ ંગ મૅનર્સ' એ એમની મોટી મૂડી. સમાજમાં જે લોકો સફળ ગણાય છે તેમાંના ઘણાખરા આ વર્ગના હોય છે. કેળવેલી બેદરકારી, બીજાની ગમ્ભીરતાનો પણ ભાર હળવો કરવાની કાબેલિયત અને સુખવૈભવનો દેખાડો કર્યા વિના સ્વાભાવિકપણે અધિકારપૂર્વક સ્વીકારવાની તત્પરતા. તમે આ વર્ગના લોકોને મોટાં શહેરોમાં તો જરૂર ભેટી જ જવાના.

વિદ્યાર્થીઓ સાથે તો મારે ઝાઝો સમ્બન્ધ છે. આ 'સમ્બન્ધ' શબ્દ વાપર્યા પછી મને જરા સંદેહ થાય છે. એને 'સમ્બન્ધ' કહી શકાય? સમ્બન્ધમાં તો માનવીય તત્ત્વો હોય છે. એવું વિદ્યાર્થી સાથે બને છે એમ મારી પ્રામાણિકતા જાળવીને કહી ન શકું. હૃદયની ભૂમિકા પર પણ નહીં તોય બુદ્ધિની ભૂમિકા પર પણ હવે કશોક સમ્બન્ધ બાંધવાનું શક્ય રહ્યું નથી. વર્ગની દીવાલ હવે એની અંદર કશું સુરક્ષિત રાખતી નથી. બહારનાં ઘણાં તત્ત્વો વિના કશી રોકટોક અંદર પ્રવેશી જાય છે. જેમને માથે દેશની જવાબદારી છે તેઓ જે બિનજવાબદારીભર્યું વર્તન દાખવી રહ્યા છે તે જોઈને વિદ્યાર્થીઓ પણ હવે કશા

અંકુશને ગાંઠતા નથી. હવે ઝુંબેશ અને ચળવળનો જમાનો આવ્યો છે. બહાર તો એ જ ઘોંઘાટ સર્વત્ર સંભળાય છે. જેમને સંગીન પ્રવૃત્તિ કરવી હોય તેમને હવે ભૂગર્ભમાં ચાલી જવાના દિવસો આવ્યા છે. જો ભૂગર્ભમાં ચાલી જવાનું મંજૂર નહીં રાખો તો ભાગ્યે જ તમે કશું કરી શકો. ખૂબ દોડધામ અને ઘોંઘાટ મચાવી મૂકીને કશું જ ન કરવાની કળા આજકાલના મોટા ભાગના નેતાઓમાં છે.

મને સૌથી મોટું ભયસ્થાન એ લાગે છે કે કશી પણ પ્રવૃત્તિની પીઠિકા રૂપે જે સંગીન વિચારણા હોવી ઘટે તે કદાચ હવે રહેવાની નથી. માણસ બુદ્ધિ નહીં વાપરે, બુદ્ધિ વાપરવાનો ઢોંગ કરશે. એ કુશળતાને બદલે ધૂર્તતાનો ઉપયોગ કરશે. પ્રતિષ્ઠાનો પાયો રહેશે નહીં, એને બદલે જે વધારે વગ વિસ્તારી શકે, ખુશામતિયાઓ એકઠા કરી શકે તે જ ઘણાને હડસેલી કચડીને આગળ આવશે. મને તો હવે ‘આગળ’ ને ‘પાછળ’ની કશી ભ્રાન્તિ રહી નથી. જે આગળ છે તેની મને ઈર્ષ્યા નથી, જેઓ પાછળ છે તેની હું દયા પણ ખાતો નથી. કેટલાક વહેવારુ(એટલે કે જમાનાના ખાધેલા, રીઢા થઈ ગયેલા) લોકો મારી દયા ખાઈને જાણે લાગણીપૂર્વક ચેતવણી આપે છે. ‘તમે ફલાણા સજ્જનથી ચેતતા રહેજો. એની સામે પડવામાં સાર નથી.’ આ ભાષા જ મને સમજાતી નથી. આપણે કોઈ વ્યક્તિ સામે પડતા નથી, જે અનિષ્ટ હોય તેની સામે પડીએ છીએ, વળી કોઈ હાનિ કરે તો શાની હાનિ કરે? કદાચ રોટલો ઝૂંટવી લે, તો પણ હું શા માટે લાચારી અનુભવું? મને ગરીબીનો પરિચય છે. વૈભવનું પ્રલોભન નથી. ધનિક મિત્રોના સુખ-વૈભવને તટસ્થભાવે જોવા જેટલી નિલિર્પ્તતા મેં કેળવી છે. મારી શક્તિનો ક્યાસ કાઢીને એનું વળતર પામવા હું ઇચ્છતો નથી. છતાં હું જાણું છું કે જેને માથે કુટુમ્બની જવાબદારી હોય તેને તારાજ કરી શકાય. રૂંધાતા શ્વાસે વહેલી સવારે પરાણે પગ ઢસડીને કામે જતો હોઉં છું ત્યારે મન સહેજ કડવું થઈ જાય છે, કોઈ વિના કારણે નીચા પાડવા જેવું કરે તો મને રોષ નથી થતો એમ નહીં, પણ આવા કડવા ઘૂંટડા ગળી જાઉં છું. એની ફરિયાદ પણ નથી, કારણ કે એની બીજી જ ક્ષણે મારું મન એટલી સ્ફૂતિથી નવા વિચારના અંકોડા ગોઠવે છે, એ સાત્ત્વિક ઉત્સાહ મનને ભરી દે છે, પછી કશી કડવાશ રહેતી નથી. ઉદ્ધતાઈ અને દર્પનો પણ અનુભવ નથી થતો એમ નહીં, બને ત્યાં સુધી સામાનો સદ્ભાવ પારખવાનું વલણ રાખું છું. છતાં બાઘાઈ કેળવીને અપમાનને પણ ન ઓળખું એવું તો નથી ઇચ્છતો.

મેં જોયું છે કે હૃદયની ઉદારતા એ ભારે વિરલ વસ્તુ છે. મિત્રોની પણ ભારે

કસોટી થઈ જાય છે. બીજાના વર્તન વિશે ન્યાય ચૂકવવાની જેટલી અધીરાઈ છે તેટલી સહિષ્ણુતા નથી. આખરે વર્ષોના વીતવા સાથે ચારે બાજુથી એકલતા ઘેરી વળે છે. આ એકલતાને લેખે લગાડી શકાય તો પછી એનો કશો રંજ રહેતો નથી. અસહિષ્ણુતા સામે સહિષ્ણુતા કેળવવી એ ભારે કપરી વાત છે. ખામોશી રાખીએ તો એ કસોટીભરી ક્ષણ ચાલી જાય છે, પછી પાછો આપણો કાબૂ આવી જાય છે. આમ જીવન વીતે છે. આમ છતાં કેટલું બધું સુખ છે આ પૃથ્વી પર. બહાર નજર નાખતાં જ જાણે સુખની ભરતીનાં મોજાં છલકાઈ ઊઠે છે. આ માત્ર જોયે જવાનો આનન્દ માણવાની હૃદયની શક્તિ ટકી રહે છે, ત્યાં સુધી તો આ દુનિયાનો કશો સન્તાપ વિચલિત કરી શકતો નથી. વાસ્તવિકતાથી દૂર ભાગી જવાની આ વાત નથી. કલ્પનાના આકાશમાં વિહાર કરવાની આ વાત નથી. ઇન્દ્રિયોને વધુ જાગૃત રાખવાની, વધુ સંવેદનશીલ બનવાની આ વાત છે. આનન્દના જગતમાં કોઈ ઊંચું નથી. તમે જેટલો આનન્દ માણી શકો તેટલો આનન્દ તમારો છે. એટલે જ તો અમૃતની જેમ આ વહેલી સવારના તડકાનું પાન કરું છું. એક સરખી વહ્યો આવતી હવાની લહેરો પર મનને હળવું ફૂલ બનીને નાચવા દઉં છું. આવી ક્ષણે હૃદયને વિસ્તરવાને ક્યાંય કશો અન્તરાય નડતો નથી.

# તન્દ્રાવસ્થામાં

હવે ઋતુ બદલાઈ લાગે છે. એ પરિચિત પવન શરૂ થયો છે, તડકો હવે માણવા જેવો લાગવા માંડ્યો છે. પણ હજુ વાદળો ગયાં નથી. કોઈક વાર ચન્દ્ર ટીસ્યૂ પેપરમાં વીંટાળેલા મોટા લોલીપોપ જેવો લાગે છે. ઊગતા ચન્દ્રની રતુમડી સોનેરી આભા જોઈ રહેવાનું મન થાય છે. પણ હવે ઠંડી વધશે ને ઠંડીથી મંજાયેલો ચન્દ્ર લીલાશ પડતી ભૂરાશવાળો લાગશે. રાતે ન સહેવાય એવી ચાંદની છલકાય છે. પણ બહારના પવન સાથે આજકાલ મારા શ્વાસનો લય બેસતો નથી. તેથી એ બે વચ્ચે ઘર્ષણ થાય છે ને મારો જીવ રૂંધાવા લાગે છે, ઘણાં વર્ષો પહેલાં એફિડ્રિન(જેને આયુર્વેદમાં સોમકલ્પ કહે છે) લેતો ત્યારે છાતીની ધમણ એકદમ હાંફતી બંધ થઈ જતી ને એવી સુખદ તંદ્રામાં સરી જવાતું કે એમાંથી ફરી પાછા બહાર આવવાનું ગમતું નહીં. એ સ્થિતિમાં વાર્તાની અનેક સૃષ્ટિઓ રચાતી. ફરી એફિડ્રિન લેવાનો લોભ થાય છે. પણ...

તન્દ્રા શબ્દ વાપર્યો ને હમણાં એક શુભેચ્છક મુરબ્બીએ કહેલું તે યાદ આવ્યું. 'તમે તો કળાકાર, તન્દ્રામાં જ જીવો છો. હવે એમાંથી બહાર આવો.' એમની ઇચ્છા તો મારા કલ્યાણ માટેની જ હશે, ને એ બદલ એમનો આભારી પણ છું. છતાં આ વિષે એક બે વાત કહેવાનું મન થાય છે : એક તો એ કે 'હું કળાકાર છું' એવી સભાનતા પળે પળે રાખીને જ નહીં, પણ એનો દેખાડો કરીને વર્તવાનું મને ફાવતું નથી. કોઈ એવું કરે તો એ મને ઝાઝું ગમતું પણ નથી. વળી આપણે સૌ માનવી છીએ, એમાં 'હું કળાકાર' એમ કરીને કાંઈ જુદો વર્ગ પાડીને હક્ક આગળ વધારવાની જરૂર મને લાગતી નથી, મને પોતાને તો સર્જનની પ્રવૃત્તિ જીવન સાથે તદ્રૂપ થયેલી જ લાગી છે.

હવે રહી તન્દ્રાની વાત. તન્દ્રા એટલે જાગૃતાવસ્થા નહીં ને સુષુપ્તિ પણ નહીં. એ

વચ્ચેની ત્રિશંકુ અવસ્થા. વળી વાસ્તવિકતાનું ભાન પણ એમાં રહે નહીં. આથી પોતાની ધૂનમાં રચ્યાપચ્યા રહીને જેમ ફાવે તેમ કળાકાર તો વર્તે. આથી વહેવારુ અને અનુભવી વડીલ આપણને જગાડે એ તો આપણા હિતની જ વાત થઈ કહેવાય. આવું ખરેખર બનતું હોય છે ખરું? આવા કમલમધુપ્રાશી જીવ સર્જક થઈ શકે ખરા? રવીન્દ્રનાથે એક વાર આ જ મુદ્દા વિશે કાંઈક રમૂજ કરતાં કહેલું કે જો કવિઓ કમલવનવાસી છે, તો વિવેચકો વેત્રવનવાસી છે. એ નેતરના ઝુંડમાં વસે છે ને કવિઓ પર નેતર ઉગામે છે. સરસ્વતી સાથે નેતરને આપણે પહેલેથી જ સાંકળી દીધી છે. આથી વિદ્યાના ક્ષેત્રમાં પણ નેતરનો દંડો ઘુમાવનારની ખોટ નથી.

તન્દ્રા સાથે બિનજવાબદારપણું પણ એ લોકોને અભિપ્રેત હોય છે. કળાકાર બિનજવાબદાર હોઈ શકે? એ પોતાના કસબને જો જવાબદાર નહીં હોય તો સર્જન સંભવે ખરું? પણ એ પ્રકારની જવાબદારીની એ લોકો વાત નથી કરતા. એ જવાબદારી સમાજ પ્રત્યેની, સાચી રીતે તો જીવન પ્રત્યેની જવાબદારી, સર્જક જેટલે અંશે સમજે છે તેટલે અંશે કોઈ સમજતું નથી. આ જવાબદારીને કારણે તો એ ભોગ આપે છે. એ ભોગનું લેખું માંડવાનું એ સમાજને કહેતો નથી.

તન્દ્રા એટલે સત્ય સમજવાની અશક્તિ. આથી કળાકાર સત્યથી ભાગી છૂટનારો અનેક ભ્રાન્તિમાં રાચનારો જીવ છે, એમ માનીને ઘણા એની દયા ખાય છે. વાસ્તવમાં તો વાત જુદી જ છે. મોટા ભાગના સમાજમાં રહેનારા વહેવારુ જીવને તો જે ધારેલું પરિણામ લાવી આપે તે સાચું. આમ ભેદ પાડવો એ પણ કોઈક વાર એમને માટે નીતિ બની રહે, દંડ દેવો એ પણ નીતિ થઈ પડે, ને તેય આપણા પર ઉપકાર કરીને દંડ લે. કળાકાર તો સર્જન દ્વારા સત્યનો ક્રમશઃ આવિષ્કાર કરતો રહે છે. એની શોધ પૂરી થતી નથી એમ તો પ્રામાણિકતાપૂર્વક કહે છે. પણ એની આ પ્રામાણિકતાની ઠેકડી પણ ઉડાવવામાં આવે છે. મેં કોઈક વાર કહેલું કે સાહિત્યસ્વરૂપોની અનેકવિધ શક્યતાઓની મારી શોધ ચાલુ છે. એ સાંભળીને એક મિત્રે કહેલું : ‘તો તમારી શોધનો અંત ક્યારે આવશે?’ મેં જરાય ખચકાયા વિના કહ્યું : ‘મારો અન્ત આવશે ત્યારે.’ આ જવાબ તો એમને વધારે હાસ્યાસ્પદ લાગ્યો. એમને હસતાં હસતાં પૂછ્યું : ‘તમે જિંદગીભર આમ ફાંફાં મારતા જ રહેશો ને પરિણામ કશું જ નહીં. તમે તો ખરા છો!’ એમણે મારી દયા પણ ખાધી હશે, પણ હું એમની દયા ખાવાની જરૂર જોતો નથી.

આવી ટીકાઓ સાંભળીને મને અંગત રીતે અપમાનિત થયાની લાગણી થતી નથી,

આવે બધે જ પ્રસંગે મને માનવી માનવી વચ્ચેના અંતરનું દુ:ખદ ભાન થાય છે. બીજા હૃદય સુધી પહોંચવાનો રસ્તો કેટલો દુર્ગમ છે! બોદલેરની કાવ્યસૃષ્ટિના કેન્દ્રમાં માદામ સેબાતિયેર હતી, એ સૃષ્ટિનું કેન્દ્ર હતી તે સૃષ્ટિને તે પોતે જ સમજી શકતી નહોતી. એટલું જ નહીં એને વિશે એ પૂરેપૂરી બેતમા હતી. બોદલેર એને વિશે કવિતા લખીને એને ચરણે ધરતો અને એ ઉદાસીનતાભરી નજરે એના તરફ જોઈ રહેતી. એને તો બનીઠનીને રહેવું હતું. સુખ માણવું હતું. બોદલેર એમાં સાધનરૂપ જ હતો. આવી નિષ્ઠુર પ્રેયસીની આરાધના બોદલેર કરતો રહેલો અને આખરે પાગલ થઈ ગયો. બોદલેરની તો આ દશા થઈ પણ આપણને સુન્દર કાવ્ય મળ્યાં. આજે જ્યારે એ કાવ્યો માણીએ છીએ ત્યારે બોદલેરની અવદશાને આપણે યાદ કરતા નથી.

જેને સહુથી વિશેષ કહેવાનું છે, નિકટતમ રહીને કહેવાનું છે તે જ્યારે પોતાના પ્રિય પાત્રને કહેવા છતાં કશું કહી શકતો નથી, નિકટતમ જવાની ઉગ્ર ઝંખના છતાં હડસેલાઈને દૂર જ ફેંકાઈ જાય છે ત્યારે આવી નિરર્થક વેદનામાં સાર્થકતા આપણે માટે સારવી આપવાનો પુરુષાર્થ કરવા એને કોણ પ્રેરતું હશે? એ શું ટીકાકારો કહે છે એવી નરી તન્દ્રા હશે? ન જાને?

આથી ઊલટું ઘણા લેખકો ‘સાધના’, ‘વ્રત’ જેવા મોટામોટા શબ્દો પોતાની લેખનપ્રવૃત્તિ માટે વાપરે છે. એવા આડમ્બરની પણ શી જરૂર? આપણે ઘણા દુ:ખદ અનુભવો પછી સમજતા થઈએ છીએ કે જે સહજ રીતે આવી મળે છે તે જ આપણું છે. આપણા હાથમાં આવી ચડેલો કોઈ હાથ સદા આપણો થઈને રહેવાનો નથી. જે આંગળીઓ આપણી આંગળીઓ સાથે ગુંથાવામાં દ્વિધા અનુભવે છે તે કદાચ ભવિષ્યમાં નવી દિશા શોધી લેશે.

આ બધું કહીએ છે છતાં, માનવી હોવાને કારણે જ આપણે જાણવા છતાં સ્વેચ્છાએ ભૂલો કરીએ છીએ. જે પ્રેમમાં પશ્ચાત્તાપ ભળે છે તેનો સ્વાદ ચાલી જાય છે. સંસ્કૃતિ એટલે જ જાણે ઉપકરણોનો ઉપચય-એથી આપણા આ જમાનામાં તો સહજ વિરલ થઈ પડ્યું છે. આથી જ તો જે સહજ રીતે પ્રાપ્ત થાય એનું મૂલ્ય વધી જાય છે, કારણ કે એ ખરેખર દુર્લભ હોય છે.

આવા ભાવસંક્રમણની હૃદય હૃદય વચ્ચેની પ્રવૃત્તિ, નફાતોટાનો હિસાબ માંડ્યા વિના, આપણા સૌના વતી કવિ કરતો રહે છે. એમાં વ્યકિતગત રીતે એ ખૂબ સહન કરતો એમ પણ બને. તો પછી કૃતઘ્ન બનીને શા માટે કળાકારોને ભાંડીએ? એને બદલે

આપણે જડભરત છીએ તે જાણીને સહેજ શરમાવાનું ન શીખીએ? યુવાન સર્જકોના સંપર્કમાં રહેવું એને મારું એક સદ્ભાગ્ય ગણું છું. તત્ત્વનું ટૂંપણું ડહોળનાર તો છાશવારે ભટકાતા જ હોય છે, પણ કવિનો શબ્દ સાંભળવા મળે તો તે દિવસ સાર્થક. છતાં, આપણી શિક્ષણસંસ્થાઓમાં સર્જનપ્રવૃત્તિ પાંગરતી નથી એનું શું કારણ? ઉમાશંકર-સુંદરમ્ ઊછરતા કવિઓ હતા ત્યારે આ જ સંસ્કારનગરી વડોદરામાં ઉત્સાહપૂર્વક એમની કવિતાઓ એમને કંઠે લોકોએ સાંભળેલી. એ જ સંસ્કારનગરીમાં એ જ કવિને માનપત્ર આપતી વખતે એમની જે કૃતિઓને માન મળ્યું તે કૃતિનું નામ પણ યાદ ન રહ્યું! તો પછી ઊઘડતા આવતા નવા કંઠોને સાંભળવાની કે સાંભરવાની વાત જ કેવી? શું આપણી નગરી હવે વૃદ્ધ થઈ ગઈ છે? શું એ માત્ર કથાકીર્તનો જ સાંભળે છે, રાજકારણમાં પડેલાઓની ધૂર્તવાણી જ સાંભળીને રાચે છે? આ નગરીને નાનાલાલ પ્રેમાનન્દનગરી કહેતા તે શું આપણે ભૂલી જઈશું?

# સુગન્ધિત તર્જનીસંકેત

કોઈ વાર થાકી કંટાળીને પાછો ફરતો હોઉં છું ત્યાં રસ્તે એકાએક જાણે કોઈક થંભાવી દે છે. મન અકારણ વિહ્વળ બને છે. જોઉં છું તો એક બંગલાના કંપાઉંડમાં આંબો મહોરી ઊઠ્યો છે, એની મંજરીનો સુગન્ધિત તર્જનીસંકેત મને ઊભો રાખે છે. શહેરમાં ઘ્રાણેન્દ્રિયને તૃપ્ત કરે એવું બહુ ઓછું હોય છે. એથી તો શહેરી લોકો અત્તરનો ઉપયોગ કરે, યુ દ કોલોન વાપરે. રૂમાલ જ એનાથી છંટકાય, પણ આપણને તરબતર કરી દે એવી સુગન્ધ તો શહેરમાં ક્યાંથી મળે? ગયે વરસે તો શિયાળામાં અર્જુન વૃક્ષનો પુષ્પવૈભવ માણવા ચાંદની રાતે કમાટીબાગમાં જઈ શક્યો હતો. એ મહાશ્વેતાને જોઈને પુલકિત થઈ ગયો હતો. આ વર્ષે તો શરીર હઠીલું થયું છે અને મને ગૃહસ્થ બની રહેવાની ફરજ પાડી રહ્યું છે, મારો એ સ્વભાવ તો નથી. ફૂલોની ભાષા એની સુગન્ધ છે. આથી તો બાળપણમાં મધુમાલતી અને મોગરા જોડે ખૂબ ખૂબ વિશ્રમ્ભકથાનો આનન્દ માણ્યો હતો તે યાદ આવે છે. આજે કોઈ વાર રજનીગન્ધાને ડાઇનીંગ ટેબલ પર હાજર કરી દેવામાં આવે છે ત્યારે એ બહુ કરુણ લાગે છે. બાગમાં ઘણાં ફૂલો નિરુત્તર બનીને ઊભાં હોય છે, નહીં તો ફૂલોનો સ્વભાવ તો દૂરથી સાદ દેવાનો હોય છે. આથી ફૂલોની આત્મીયતા મને પહેલેથી જ સદી ગઈ છે. બટનહોલમાં ફૂલ નાખનારા મને ગમતા નથી. શહેરની મિજલસો અને પાર્ટીઓમાં ફૂલનો કચ્ચરઘાણ નીકળી જાય છે. કોઈ મોટા નેતા આવે ત્યારે આસોપાલવની મોટા પાયા પર હત્યા થાય છે. નેતા ચાલી જાય પછીથી સુકાઈને પવનમાં ખખડતાં પાંદડાં કેટલાં કરુણ લાગે છે!

વસન્ત આવી પહોંચી એ સમાચાર તો દૈયડના ટહુકાએ આપ્યા. વિદ્યાર્થીઓને ડાહીડાહી વાતો કરતો હતો ત્યાં એકાએક એણે ટહુકો કર્યો. બસ, પછી મન કાંઈ ઝાલ્યું

રહે? પછી તો કાન સરવા થઈ ગયા. ભારે રમઝટ જામી. હજી કેસૂડાં તો જોયાં નથી. બાળપણમાં તો કેસૂડાં અમારી લઘુ કાયા પહોંચી શકે એટલાં નીચાં હતાં. કોઈક આંબે નાના મરવા થયા હોય એનો સ્વાદ ચાખ્યા વિના શી રીતે રહેવાય? પછી તો ગજવામાં મીઠાની ગાંગડી હોય જ, બોર ઊઘલે ને મરવા બેસે. સ્વાદનો રાજભોગ તૈયાર જ હોય.

વસન્તનો એ પવન અહીં નથી. કેટલાંય વૃક્ષોનો એમાં સ્પર્શ હતો. શરીર અને મન કૂંપળની જેમ ખીલી ઊઠતાં. ત્યારે તો આ ખીલવું, પ્રફુલ્લિત થવું એટલો જ વસન્તનો અર્થ હતો, પ્રેમબ્રેમની વાત નહોતી. ત્યારે તો આપણે સ્વયંપર્યાપ્ત હતા, બહાર કશાની ઝંખના નહોતી છતાં રઝળવાનું ગમતું હતું. પણ એ નિરુદ્દેશે ભ્રમણ હતું. કશા તરફની એ દોટ નહોતી. એ યદૃચ્છાવિહારનો આનન્દ આ વસન્તે યાદ આવે છે.

અહીં વસંતને ક્યાં શોધીશું? પંડિતો તો સરસ્વતીપૂજન કરવામાં રોકાયા હશે. મહુડાના ફૂલની મીઠાશ અહીં ક્યાં શોધવી? છતાં કોઈક વળી વસન્તને યાદ કરનારા નીકળે છે ખરા! કોઈ કવિજન વફાદારીપૂર્વક વસન્તનું ગીત લખવા બેસી ગયા હશે. ફટાયો ફાગણ પણ હવે આવી લાગશે. ધરાઈ ધરાઈને દક્ષિણના પવનની લહેરીને માણવાના આ દિવસો છે. એથી તો પવનની એ આપણા જ કાનમાં કહેવાતી ગુંજગોષ્ઠી સાંભળી રહેવાનું ગમે છે. પવનનો એ સંદેશ જુગજૂનો છે. પણ દર વસન્તે એ સાંભળવાનું સુખ છોડવું ગમતું નથી.

વસન્ત સાથે ઝંખના હોય છે નિર્ભૃત વિશ્રમ્ભાલાપની. હવામાં એના ભણકારા સંભળાય છે. એને જ કારણે આપણે અકારણ વિહ્વળતા અનુભવીએ છીએ. હૃદય જોડે પણ મોઢામોઢ ઊભા રહેવાની આ ઋતુ છે. આઠે પહોરનો આપણો ઉદ્યમ નિરર્થક લાગવા માંડે છે. થોડાક રિક્ત અવકાશને આપણે ઝંખીએ છીએ. કશીક આનન્દમય લીલાનાં આંદોલનો ચારે બાજુ વિસ્તરી રહે છે. વર્ષોનો ભાર ખંખેરીને આ આપણી પુરાણી વસુન્ધરા પણ ચંચળ બની ઊઠે છે.

પણ વસન્તની ફૉર્મ્યુલા તૈયાર થઈ ગઈ. વસન્ત એટલે કોયલ, આમ્રમંજરી, શૃંગારનું ઉદ્દીપન, ગઈ કાલ સુધી જે ઠંડી હતી તેને એકાએક એક નવી ઉષ્માની આંચ લાગી છે. સવારે બારી ખોલીને તરત જ એનો અનુભવ થયો. આપણું શરીર એને ઓળખે છે, આપણા લોહીને એની ખબર છે. પણ એના પર તો ટેવના જાડા થોથર બાઝ્યા છે. જ્ઞાનનાં પડ જામ્યાં છે. શરીર હવે ચંચળ બની શકતું નથી. એ જ ધીરગમ્ભીર

ગૌરવભરી ગતિએ આપણે ચાલીએ છીએ. આપણી પાસે થઈને પવનની ચંચળ લહરી આપણો ઉપહાસ કરતી દોડી જાય છે. એને હવે ઝાલી લઈ શકાતી નથી.

લાલચટ્ટાક શીમળો હવે વાચાળ બનશે. રોજ સાંજે એનાં દર્શન થશે. એ મારાથી બહુ દૂર નથી. પણ વરસ આખું જાણે પરિચય નથી રહેતો. ત્રણ ચાર કેસૂડાં પણ બહુ દૂર નથી. એમાંનાં બે તો બહુ ઉતાવળાં છે. વહેલાં વહેલાં ખીલી ઊઠે છે. સ્હેજ મોડું થાય તો એક્કેય ફૂલ જોવા મળતું નથી. લીમડા તો ચૈત્રની રાહ જોશે. શિરીષ પણ ગ્રીષ્મની રાહ જોશે. પછી તો મોગરો પણ મહેકી ઊઠશે. પુષ્પોનાં કુટુમ્બ વચ્ચે જીવવાની આ ઋતુઓ છે. આ ઋતુમાં જ વન બહુ યાદ આવે છે. વસન્તની પગલી ત્યાં જ વધુ સ્પષ્ટ રૂપે દેખાય છે. ઢળતી બપોરે વૃક્ષોની શાખા પર આસન જમાવીને બેસીએ ત્યારે વસન્ત એટલી નિકટ આવી જાય કે એનો ઉચ્છ્વાસ આપણને સ્પર્શી જાય. આજે તો આપણે સભાન છીએ. વસન્તને નામે બેચાર ચાંપલી વાતો કરી નાંખવા લલચાઈએ છીએ. ત્યારે તો એવું કશું હતું નહીં. કશી અંગત વાતો કરવાની એ વય નહોતી. છતાં ત્યારે જ કશું જાહેર કરી દેવાની જરૂર જણાતી નહોતી. આજે તો નહીં કરેલા પ્રેમ વિશે પણ બડાશ મારતા આપણે અચકાતા નથી.

વસન્તની સાંજ વળી ઓર જ મિજાજ ધરાવે છે. એમાં થોડો માફકસરનો વિષાદ ભળે છે. આવો વિષાદ આપણી ચેતનાને એક નવી ધાર કાઢી આપે છે. ભાવિ સર્વ વિયોગોની વેદનાની મીંડ અહીં સંભળાય છે. બાળપણમાં તો વૃક્ષો દૂર દૂરનાં, અજાણ્યાં નહોતાં. એકાદ શાખા તો ઘરને અડતી જ હોય, એનાં પાંદડાંનો નકશીભર્યો પડછાયો ઘરની દીવાલ પર અંકાતો જ હોય. એનાં પાંદડાં અને મંજરી ઘરમાં રોકટોક વગર ચાલ્યાં જ આવતાં હોય. આથી ઘરની દીવાલ દીવાલ જ લાગતી નહોતી. આજે તો વૃક્ષો દૂર જતાં રહ્યાં છે. એમનો પર્ણમર્મર સંભળાતો નથી, પંખીના ટહુકા પણ દૂર જતા રહ્યા છે. બે ચાર બાવળ પણ પાસે હોય તો સારું લાગે છે. એના ખીચોખીચ લખેલા અક્ષર જેવાં ઝીણાં ઝીણાં પીળાં ફૂલ પણ જોવા ગમે છે. લીમડાઓ તો બાળપણથી જ સાથે રહ્યા છે. અહીં લીમડા છે, પણ પાંખાં છે. એનો વધ દરરોજ થતો રહે છે. એ વૃક્ષ નથી પણ બકરીનું ખાદ્ય માત્ર છે.

વસન્તપંચમી અનધ્યાયનો દિવસ હોવો જોઈએ. અમેરિકી ફિલસૂફ જ્યોર્જ સાન્તાયનાએ આવા વસન્તના દિવસે ફિલસૂફીની ડાહી ડાહી વાતો કરવાનું છોડી દઈને વિદ્યાર્થીઓને રજા આપી દીધી હતી. પણ અહીં તો વિદ્યાર્થીઓ વસન્તને યાદ રાખતા

નથી, દાક્તરો યાદ રાખે છે. ગળું દુ:ખવા લાગે છે. બે ઋતુના સન્ધિકાળે માંદગી વધે છે. છાપામાં શીખંડની જાહેરખબરથી વસન્તના આગમનના સમાચાર મળે છે. કવિઓ વસન્તને નિમિત્તે કવિમિલન યોજતા નથી. રેડિયો પાસે તો વસન્તનાં ને પ્રેમનાં ફિલ્મી ગીતો તૈયાર જ છે!

છતાંય વસન્તનો અણસાર વર્તાય છે ત્યાં સુધી જીવન પૂરેપૂરું ઓસરી ગયું છે એવો ભય રહેતો નથી. હૃદયને નવી કૂંપળો બેસશે, ભાષા નવી છટા પ્રગટ કરશે. કોઈક હૃદયને વિહ્વળ કરે એવું કશુંક કહેશે એની અપેક્ષા હજી રહે છે. બંધ રહેતી બારીઓ હવે ખૂલશે અને વસન્તનો ઉલ્લાસ ચંચળ પવનલહરી સાથે વહી આવીને ઉત્પાત મચાવી દેશે.

# વૈશાખની આત્મીયતા

વૈશાખ સાથે મારે વિશિષ્ટ પ્રકારની આત્મીયતા છે. અક્ષયતૃતીયા આવી ગઈ. પવનનો મિજાજ બદલાયો, વૃક્ષોનો પર્ણમર્મર બદલાયો. સમુદ્રની ભરતીનો લય બદલાયો. આ લય જોડે મારા પ્રાણના લયનો સમ્બન્ધ છે, એથી નર્યું સુખ જ પ્રાપ્ત થાય છે એવું નથી, દુ:ખ પણ. સાચી રીતે કહું તો સુખદુ:ખ બધું એકાકાર કરી નાખે એવું કશુંક ઉત્કટ અને ઉન્મત્ત લોહીમાં ધબકવા માંડે છે. પવનમાં ઝૂલતી ડાળીઓને જોઈ રહું છું. જે બે શાખાઓ દૂર હતી તેને પણ પવન આલિંગનમાં ભેગી કરે છે. મોગરાની સુગન્ધથી હવા તરબતર છે. સ્વપ્નોમાં અનેક જન્મોની કથાઓની સેળભેળ થઈ જાય છે. દિવસો, મહિનાઓ અને વર્ષોમાં ગણાતું આયુષ્ય બહુ નાનું પડે છે. આ વૈશાખે ખબર પડે છે કે આપણામાં જ એવું કશુંક છે જે કાળને ગાંઠતું નથી. એને તો અનેક જન્મો ઓછા પડે છે.

પૂર્વે બંગાળમાં જન્મમરણ એકાકાર કરી નાખનારો કાળવૈશાખીનો ઝંઝાવાત ફુંકાયો. માનવી તો જાણે તણખલાની જેમ ઊડી ગયો. દિવાસળીનાં ખોખાં જેવાં ઘરો પણ ઊડ્યાં. 'પ્રકૃતિનું તાંડવ' કહીને છાપાંઓ એને વર્ણવશે. આ ઝંઝાવાત આગળ માનવીનું કશું ચાલતું નથી. એ તોફાન ચાલી જાય છે પછીની શાન્તિ ભયંકર હોય છે. કારણ કે ત્યારે મૃત્યુના પ્રચણ્ડ પડછાયા સિવાય કશું દેખાતું નથી, એની એક રેખા આપણને સ્પર્શી જાય છે ને આપણે ધ્રૂજી ઊઠીએ છીએ.

સહેજ પવન આવે તો તેથી બચવા બારીબારણાં બંધ કરીને સાવ સલામત રહીને જીવનારો વર્ગ મોટો છે, સરુનાં વૃક્ષોમાંથી સાગરના ઘુઘવાટ જેવો સંભળાતો પવન સાંભળ્યા કરવાનો પણ નશો ચઢે છે. આત્મગૌરવ જાળવી રાખવા મથીએ, પણ જ્યારે ચારે બાજુનો પ્રચણ્ડ લય હિલોળા લેતો હોય ત્યારે સ્વસ્થતાનું તાળું વાસીને બેસી

રહેવાનું કેમ ગમે? લોકોને ભારે શોખ હોય છે દોષો અને ભૂલો ગણાવવાનો. મેં જોયા છે એ લોકોને. આખો વખત ફોટો પડાવવા બેઠા હોય એમ ચહેરો રાખીને બેસી રહે છે. એમના મુખ પર હોય છે મૃદુ સ્મિત જેનું મૂળ હૃદયમાં હોતું નથી. આ સ્મિતથી વિશેષ જુગુપ્સાજનક બીજું કશું નથી. એવી જ કૃત્રિમ એમની વાણી – સૌજન્યનું પોલિશ કરીને ચમકતી બનાવેલી. એઓ પ્રશંસા કરે તો આકાશે ચડાવી દે, પણ પછી એમનું સાચું સ્વરૂપ પ્રકટ થાય. એમનો બરડ અહંકાર તડ દઈને તૂટે, એની કચ્ચરો આપણને વાગે, એમની મહત્તાની પાદપીઠ પરથી એઓ ત્રાડ નાખે ત્યારે બધા નકાબ સરી પડે. ત્યારે જે જુગુપ્સાજનક દશ્ય નજરે પડે તે જીરવી ન શકાય. આ મૃદુભાષી, મૃદુ સ્મિત કરનારા, ભાષાને પણ ઇસ્ત્રીબંધ રાખનારા લોકો રોજ હારતોરા માટે ડોક ઝુકાવતા હોય છે. એમની છબીઓ જોઈને એમનેય કંટાળો નહીં આવતો હોય? હું નથી ધારતો કે એમને કોઈ મિત્ર હોઈ શકે. જેમ રેડિયોએક્ટિવ ક્ષેત્રમાં અમુક હદ પછી આગળ નહીં વધી શકાય, તેમ આ લોકોના સમ્બન્ધમાં પણ તમે એમના સમાન આસને બેસો તો એમનાં ભંવાં ઊંચા ચઢે. એ જે કાંઈ કરે તે ઉપકાર ગણીને તમારે માથે ચઢાવવાનું. નાના બાળકની જેમ જીદ કરીને સૌથી ઊંચા આસને એઓ બેસવાના.

આવા લોકો અમાનુષીકરણની ભારે ખતરનાક પ્રવૃત્તિ ચલાવ્યા કરતા હોય છે. એમની મૃદુ ભાષા, એમનું મૃદુ સ્મિત એ અમાનુષીકરણના ઘાતકી યંત્રના જ ભાગો છે. એઓ માનવીઓના વ્યક્તિત્વને લોપે છે. કરોડરજ્જુને તોડે છે, પેટને ટટળાવે છે. ખભા પર પોતાની મહત્તાનું વજન મૂકીને એમના 'અંતેવાસીઓ'ને ખૂંધા બનાવી દે છે. એમની આજુબાજુની સૃષ્ટિ વામણાઓની ને વેંતિયાઓની હોય છે. એ આખો સમાજ નર્યો જુગુપ્સાજનક હોય છે. એમની સૃષ્ટિના સૂરજ, ચંદ્ર ને તારા જુદા છે. એમની આબોહવા જુદી છે. માણસ દેવ બનવા ઇચ્છે તે એની મહત્ત્વાકાંક્ષા છે. પણ આ લોકો પોતે જ દેવ છે એવી જાહેરાત કરે છે. ને એમના સિવાયના લોકોને પેટે ચાલનારાં પ્રાણી બનાવી મૂકીને જ જંપે છે, સંસ્કૃતિ તો એમનાં અસ્થિ સુધ્ધાં સાચવતી નથી. મોહેં-જો-ડેરોમાંથી આવા માણસોના અવશેષ મળ્યાનું જાણમાં નથી. એઓ એટલે ઊંડે દટાઈ જાય છે કે ત્યાં કોઈ ખોદકામ કરનારાની કોદાળી પહોંચતી નથી.

એમની અમાનુષીકરણની પ્રવૃત્તિ કેટલી ખતરનાક છે તે સમાજને સમજાયું નથી. એમને કારણે અર્ધમાનવ અર્ધસરિસૃપ એવો એક વર્ણસંકર વર્ગ અસ્તિત્વમાં આવે છે. હવે તો આ વર્ગની વસતી ખતરનાક રીતે વધતી જાય છે, એની વય યુવાન હોવા

છતાં એ વૃદ્ધની જેમ વર્તે છે. એની જડતાને એ સ્વસ્થતાને નામે ખપાવે છે. આ અમાનુષીકરણનો શિકાર બનેલાઓને પારખવા અઘરા નથી.

એમના શબ્દો કૃત્રિમ હોય છે, એમાંથી ખુશામતની બદબૂ આવે છે. એઓ લખે ત્યારે તો નવીનો હોવાનો દેખાવ કરે છે. પણ એમની ભાષાનો સૌથી મોટો શણગાર તો એને વળેલી ફૂગ છે. ફૂગવાળા માણસો અમાનુષીકરણની ખતરનાક પ્રવૃત્તિનાં કરુણ પરિણામો છે. આમ બલિ થઈ જઈને એઓ સમસ્ત માનવજાતિને લાંછન લગાડે છે. પણ એને જ એઓ સૌથી મોટો શણગાર સમજે છે. જીવવું એ એમને મન ગૌણ પ્રવૃત્તિ છે, પડછાયો બનવું એ સૌથી મોટું લક્ષ્ય છે. બહારના બધા દમામ ને ધમપછાડા પાછળ આવા ગરીબડા પડછાયા સિવાય કશું રહ્યું નથી હોતું.

આ અમાનુષીકરણ કરનારાઓની એક આગવી ભાષા હોય છે, એ કાનૂની હોય છે, શિષ્ટ હોય છે. આ આવરણો પાછળ એની કાતિલ ધાર હોય છે. 'મહત્તા' શબ્દના ત્રણ અક્ષર ભેગા કરવા મથતા હોય છે. પણ એક અક્ષરનો હું એમના હાથમાં આવતો નથી. ઓસ્ટ્રેલિયાના માઓરી વિશે એવું કહેવાતું કે એ જેટલા નરમુંડ એકઠાં કરે તેટલી એમની મહત્તા. આ લોકોનું પણ એવું જ હોય છે. હવે તો એવો એક વર્ગ ઊભો થશે જે આ નરમેધના વિધિમાં ભાગ નહીં લે, એનું પૌરોહિત્ય નહીં કરે. વ્રાત્યોનો વર્ગ હવે ઊભો થવો જ જોઈએ, નહીં તો અમાનુષીકરણ ક્યાં જઈને અટકશે તે કહેવાશે નહીં. સિંહ ઓછા થવા માંડ્યા છે તેની આપણે ચિન્તા કરીએ છીએ. હિમાલયના પાડા ઓછા થવા માંડ્યા છે તેની આપણે ચિન્તા કરીએ છીએ પણ જે માનવી બે પગ પર ઊભો રહે, જેનું મસ્તક અણનમ હોય, જેની કરોડરજ્જુ સાબૂત હોય તે પણ હવે નિઃશેષ થતો જાય છે તેની ચિન્તા આપણે ક્યારે કરીશું?

ભાગવતપુરાણ વંચાતા રહે છે, આચાર્યોનાં પ્રવચનો પણ ચાલુ છે. વિદ્યાપીઠોનાં દબદબાભર્યાં દીક્ષાન્ત પ્રવચનો પણ ચાલુ છે. દરરોજ જાડા કાળા અક્ષરે છાપાંમાં અગ્રલેખો લખાતા રહે છે. પણ રવીન્દ્ર સરોવરના ગુંડાઓથી પણ આ ખતરનાક વર્ગને હજુ કોઈ જ આંગળી ચીંધીને બતાવતું નથી. માનવી આનન્દ શ્વસીને જીવતો નથી, ભય શ્વસીને જીવે છે. એના શરીરમાં આનન્દનો કંપ નથી. એ ભયથી ધ્રૂજે છે, ભગવાનનો અભય મુદ્રાવાળો હાથ આ અમાનુષીકરણ કરનારાઓએ ખણ્ડિત કર્યો છે. એથી હાહાકાર વર્તી રહ્યો છે.

'તમે તો લાગણીનાં ઘેલાં કાઢો છો. તમારું મન રોગિષ્ઠ છે, તમે તો ગાંડા થઈ ગયા

છો. તમને તો પર્સીક્યુશન મેનિયા થયો છે.' આવું બધું ભગવાન બુદ્ધને શરમાવે એવા અનુકમ્પાભર્યા સ્મિતથી કહેવાના. પણ હવે એ અનુકમ્પાની આપણને જરૂર નથી. અમે તો સાચે જ ભ્રાન્તિના રોગમાંથી મુક્ત થયા છીએ. જે પારખવાનું હતું તે પારખી લીધું છે. રોટલીનો ટુકડો આંચકી લેવા સિવાય બીજી શી શિક્ષા તમે કરી શકવાના હતા? એથી પેટ ભૂખે મરે, આત્મા નહીં મરે. તમારી જોડે તો જન્મોજન્મનો હિસાબ છે, એ ચૂકતે થાય નહીં ત્યાં સુધી ભગવાનને પણ ક્ષીરસાગરમાં સુખની નિદ્રા લેવા નહીં દઈશું. અંગત સ્વાર્થનો પ્રશ્ન નથી; દુ:ખની કસોટીએ ચઢીને તવાઈને જ જીવ્યા છીએ. એ કપરા સંઘર્ષને કારણે મરણ પણ હવે બાજુમાં આવીને જોડાજોડ બેસી ગયું છે. એવી ક્ષણે સ્વાર્થના બેચાર કણ વીણીને પેટ ભરવાની દાનત નથી, પણ એક પ્રશ્ન અમે તમને સદાકાળ પૂછતા રહીશું. શા માટે તમે તમારા આત્માને મારી નાખ્યો? શા માટે માનવીનો માનવી બની રહેવાનો મૂળભૂત હક્ક તમને ન રુચ્યો? કયા દેવની આરાધના માટે તમે નરમેધ રચ્યો? જન્મ જન્માંતર સુધી આ પ્રશ્નો અનેક મુખે ઉચ્ચારાઈને પડઘા પાડ્યા જ કરશે. એનાથી છટકીને તમે દૂર ભાગી નહીં શકો.

# ક્ષણની સભરતા

બપોરનો તાપ ઝળાહળા થાય છે, બારીમાંથી જોઉં છું તો આખો સંસાર મૃગજળમાં તરતો લાગે છે. રસ્તા સૂમસામ છે. નિસ્તબ્ધતાનો પણ એક અવાજ હોય છે. એ સહેજ કાન માંડતા સંભળાવા લાગે છે. એ અવાજ સાંભળીને મન ઉદાસ થઈ જાય છે. એકાએક કદી ન અનુભવેલી એકલતા ઘેરી વળે છે. કોઈનો સહવાસ મળે તોય આપણો આપણી જોડે મેળ ખાતો નહીં હોય તો? જિન્દગી જીવ્યે જઈએ છીએ, ક્યારે આપણે આપણી સાથે હતા એવો પ્રશ્ન પણ મનમાં થતો નહોતો. પછી એકાએક શોધ શરૂ થઈ. કમૌ જંજાળ જેવાં લાગવા માંડ્યાં. એનું આવરણ ખસેડીને પોતાને જોઈ લેવાની ઇચ્છા થઈ. ઘણાં વરસનો જૂનો, પીળો પડી ગયેલો ફોટો જોઈએ ત્યારે એમાંની વ્યક્તિ તે આપણે જ છીએ એ એકદમ ઓળખાય એવું કંઈક થાય છે. આપણી આપણે માટેની શોધનો કશો આધ્યાત્મિક અર્થ છે એવું પણ નથી. છતાં, એ બધું ફગાવી દેવાનું મન થાય છે. અર્થને નામે કશું હાથમાં આવતું નથી. ને આવતું હોય તોય એની આસક્તિ નથી. હવે વિષાદનો ભય નથી. કદીક એવું લાગે છે કે એનું વધારે મોટું મોજું આવીને એકાએક ઘેરી લેશે તો? ત્યારે પોતાપણું ખોવાઈ ન જાય તો બસ. આથી જ તો પોતાને માટેની શોધ ચાલુ રહે છે. એ શોધમાં જ કશુંક પોતાથી પણ વિશેષ એવું મળી રહે છે, ત્યારે કદી ન અનુભવેલી ધન્યતા અનુભવાય છે. વિષાદનાં મોજાંનો વેગ જ આવી કશીક ધન્યતા સુધી ખેંચી લાવે તો એ વિષાદ સામે શા માટે ફરિયાદ કરવી?

પણ નિરર્થકતાને જીરવવી, અર્થની આસક્તિ છોડવી, સૃષ્ટિમાં અભિન્નભાવે ઓગળી જઈને જીવવું એ અઘરી વાત છે. સમય પોતે જ દીવાલ થઈને ઊભો રહે છે. જાણીએ છીએ કે સવાર પછી બપોર, સાંજ, રાત ને ફરી સવાર આવે છે. સમય સરે છે,

પણ ક્યારેક બધું થંભી જાય છે. બહાર સવાર પછી બપોર આવી. પણ આપણું મન તો એક ક્ષણમાં થંભી ગયેલું હોય છે. હૃદય એક ધબકારો ચૂકે તો કેવી ઊથલપાથલ થઈ જાય! તેમ સમયની એક ક્ષણ ચૂકી જઈએ તો વિષાદ થાય છે. બધું રજેરજ સ્વીકારીને જીવવાનું ગમે છે. આથી એક ક્ષણ આપણી ન રહે તો વિષાદ થાય જ. આપણે આપણી શક્તિની વાત કરીએ છીએ, પણ એ શક્તિ જ આપણે માટે ખતરનાક નીવડે છે. જે અનુભવ કે સંવેદન બીજાનાં ચિત્તમાં સહેજ સરખો સ્પન્દ પણ નહીં ઉપજાવે તે આપણામાં પ્રચણ્ડ ક્ષોભ જગાડે, જિન્દગી હચમચાવી મૂકે અને કોઈ આવું થવાનું કારણ સમજે નહીં ત્યારે કેવી એકલતા લાગે! સંવેદનને તીવ્રપણે ઉત્કટપણે ગ્રહણ કરવાની શક્તિ ખરી, પણ એથી જે ક્ષુબ્ધતા આવે તેને જીરવવાની પણ શક્તિ હોય છે ખરી? આપણી જ લાગણીના બળને આપણે જાણતા હોતા નથી, એકાએક એનું પ્રચણ્ડ રૂપ પ્રગટ થાય છે ને ત્યારે જિન્દગી વિશેની આપણી નાની નાની બધી જ ગણતરીઓ કેવી તો ખોટી પડી જાય છે!

છતાં આ અનુભવમાં સભરતા હોય છે, પૂર્ણતા હોય છે. એવી પૂર્ણતાને બે કાંઠા જોઈએ. આથી જ આપણે સહચાર શોધીએ. કોઈક જોડે આ પૂર્ણતાને આવરી લઈને જીવવાનું મળે તો કેવી ધન્યતા! પણ 'પ્રેમ'નેય આપણે ઘણી વાર ઠાલો શબ્દ નથી બનાવી દેતા? અમુક સુખની લાગણી તે પ્રેમ નથી, એ એક પ્રચણ્ડ અનુભવ છે. ઘણા તો એનાથી ભય પામીને પોતાનાથી જીરવી શકાય એવું એનું સ્વરૂપ કરી લે છે. આ પ્રવંચના છે. પ્રેમ આપણને ઘડે તે જ યોગ્ય, આપણું ગજું નાનું, આપણું કાઠું નાનું, માટે પ્રેમને પણ નાનો કરવો એ તો આત્મહત્યાનો જ પ્રકાર થયો. પણ વિધિની વક્રતા કેવી છે કે આવી આત્મહત્યા જ કેટલાકને બચાવી લેતી હોય છે. આમ કેવળ બચીને રહેવું એ જ ઘણાને મન જિન્દગી હોય છે. પછી બધું જ નકલી, તકલાદી ને ખોટું, એવાનું તો મરણ પણ ખોટું. જેમ આપણને આપણું જીવન પામવાનો અધિકાર છે, તેમ આપણે આપણું સાચું અને પોતીકું મરણ પામીએ એ પણ આપણો અધિકાર છે.

પાકેલા ફળની જેમ, ખરી પડીએ એનું નામ મરણ એવી ડાહી ડાહી વાતો કેટલાક કરે છે. પ્રકૃતિમાં બધું સહેલું છે. નિયમનો ઝાઝો વ્યતિક્રમ નથી. પણ માનવીની સ્વતન્ત્રતા જ કેવા વ્યતિક્રમો ઊભા કરે છે. પાકેલા ફળની સ્થિતિને આપણે કદીય પામીએ છીએ ખરા? કોઈ વાર એવું બને; થોડાકનાં જ જીવનમાં એવું બને કે રસ સંચિત થવા માંડે, બધી જ ક્ષણ રસથી સભર બની ઊઠે. ક્ષણની એ સભરતાને કેટલા બધાં પ્રતિકૂળ બળો

સામે ઝૂઝીને જાળવવી પડે. આથી જ તો પામવાનો સંઘર્ષ, પામીને સાચવવાનો સંઘર્ષ – આમાંથી કોણ મુક્તિ પામી શકે ?

માટે આ જ આપણા આનન્દની ભૂમિકા છે એમ સ્વીકારવું રહ્યું. હેમિંગ્વેના છેલ્લા દિવસો વિશે હમણાં વાંચ્યું. નવલકથા લખવી શરૂ કરેલી અને એકાએક જાણે બધું તૂટી પડ્યું. એ આઘાત ક્યાંથી આવ્યો, શાને કારણે બધું તૂટી પડ્યું તે કશું સમજાયું નહીં; પણ પછીથી વાક્ય મનમાં રચાય જ નહીં. ક્ષણો હાથમાંથી સરી પડે, સર્જકને માટે આ સ્થિતિ ખતરનાક! આથી ભય, અને ભયને પરિણામે કોઈ પીછો કરી રહ્યું છે, કોઈ છટકું ગોઠવીને ફસાવવાની પેરવીમાં છે એવી સતત ચિંતા. આ સ્થિતિમાં એમણે આત્મઘાત કરવાનું નક્કી કર્યું. પણ મિત્રો સ્નેહીઓ તો એ જીવે એમ જ ઇચ્છે ને? હેમિંગ્વે તો કહેતા કે સર્જકને માટે નિવૃત્તિ નથી હોતી. સરકારી નોકરો નિવૃત્ત થાય, રાજકારણમાં પડેલાઓ નિવૃત્ત થાય. પણ સર્જકને માટે સંન્યાસ નહીં કે નિવૃત્તિ નહીં. આખલા જોડે ઝૂઝનારો એ યુદ્ધમાં જ પૂરો થાય, એ બુલરિંગમાં જ એનું મરણ, તેમ સર્જકનું પણ એવું જ. મિત્રોએ કહ્યું : ‘હવે તમને શેની ચિન્તા છે? તમે તો ઘણું કર્યું ને તેય ઉત્તમ કર્યું. હવે તમને જીવનમાં નિવૃત્તિનો અધિકાર છે. બાકીનાં વર્ષો મિત્રો સાથે અમનચમનમાં ગુજારો. આનન્દથી જીવો.’ હેમિંગ્વેએ ગુસ્સે થઈને કહ્યું : ‘સર્જકને માટે નિવૃત્તિ સ્વીકારવી એટલે જ હાર સ્વીકારવી. મને મરણ મંજૂર છે, નિવૃત્તિ નહીં, હાર નહીં.’ પણ એની આ ખુમારી ગાંડપણમાં ખપી. એમને મનોચિકિત્સક પાસે લઈ જવામાં આવ્યા. ઇલેકટ્રિક શોક આપ્યા. એમણે રોષે ભરાઈને કહ્યું : ‘તમે મારી સ્મૃતિ, કલ્પના બધું જ છિનવી લેવા માગો છો? સર્જક પાસેથી એ જ ઝૂંટવી લો તો પછી રહ્યું શું?’ અને એમણે હોસ્પિટલ છોડી દીધી, એક દિવસ વહેલી સવારે પોતાની પ્રિય બંદૂકથી એમણે જિન્દગીનો અન્ત લાવી દીધો. આવો મોટો માણસ આપઘાત કરે એવું જો બહાર પડે તો કેવું ખરાબ કહેવાય? માટે હોસ્પિટલમાંય એમને બનાવટી નામે દાખલ કરીને માનસિક ઉપચારો કર્યા, મર્યા ત્યારે એવું બહાર પાડ્યું કે બંદૂક સાફ કરતાં એકાએક ગોળી છૂટી ગઈ ને એના અકસ્માતથી એઓ મરી ગયા. એમના સ્વસર્જિત મૃત્યુનું સત્ય પણ એમની પાસેથી ઝૂંટવી લેવાયું.

આવી જીવનની માયા કેવી દયાજનક લાગે છે! છતાં મોટા ભાગના માણસો એ માયાને વળગીને જીવે છે. જે ક્ષણ સાર્થક નથી જતી તેની શી માયા? તેને તો ઉશેટીને ફેંકી જ દેવી જોઈએ. જેઓ સમયને સાર્થક કરવાનું જાણતા નથી તેઓ સમયને કેવો

તુચ્છ બનાવીને ફેંકી દે છે! સાર્થ કરવાનું આપણા હાથમાં છે, પણ આપણે કેટલાં બહાનાં કાઢીએ, વાંધા કાઢીએ, દુ:ખી થઈએ, દુ:ખને ફિલસૂફી ડહોળીને સ્વીકારી લઈને, 'એ તો એમ જ હોય'ની સૂફિયાણી સલાહ સાંભળીએ. આ પામરતા કેમ સહી લેવાય? જીવવું ગમે, જીવીને સાર્થક થવું ગમે, પણ પામરતા તો ન જ ગમે. સાર્થકતાનું મૂલ્ય ચૂકવવું પડે પણ આ મૂલ્ય જ માનવીને ગૌરવ આપે છે. એથી ગભરાવાનું શું?

સાંજે પવન વાય છે, બધું ફરી ગમવા લાગે છે, મૃગજળ અદૃશ્ય થઈ જાય છે ને ત્યારે આપણા આપણી સાથેના એકાન્તમાં આપણે દિવસ દરમિયાન અનુભવેલી સાર્થકતાની ધન્યતાની ક્ષણોને પામીએ છીએ ત્યારે ખબર પડે છે કે માત્ર એનું જ મૂલ્ય છે. એ સિવાયનું તો ઘણું કર્યું. દિવસને છેડે એ સાથે રહેતું નથી. એ છટકી જાય છે. પણ આ સાર્થકતાની ક્ષણો એ જ આપણી અમરતા, એ સાર્થકતા રચી સ્થાપવામાં જે આપણી સાથે તે જ આપણા સાચા સમ્બન્ધી. આ સાર્થકતાનો સાથે કરેલો અનુભવ તે જ પ્રેમ. આટલું જો જિન્દગીમાં નહીં હોય તો જિન્દગીની શી કિંમત?

# જળમહિમા

આ સૂર્ય સામે આપણું કશું રક્ષણ નથી. બંધ બારીની તરાડમાંથી એ પ્રવેશે છે, આંખો બંધ કરીએ તોય એનાં બંધ પોપચાંની અંદર એની જ્વાળાઓ ભભૂકી ઊઠે છે. આ પૃથ્વી આખી જાણે બાષ્પીભૂત થઈને દૂર નીહારિકામાં ખોવાઈ જશે કે શું? છતાં આપણા દેશની સાચી ઋતુ તો ગ્રીષ્મ જ ગણાય. ગ્રીષ્મમાં જ જળસ્પર્શનો સૌથી વિશેષ મહિમા, સ્પર્શ જ શા માટે, નિમજ્જન પણ ખરું. કહે છે કે આદિ કાળમાં જળ હતું. પૃથ્વી જળને ઝંખે છે, શિશુની જેમ જળમાતાને ખોળે જ એ ઝૂલે છે. આપણા શરીરનો ભૌતિક પાર્થિવ અંશ પણ જળમાં નિમજ્જન થવા દઈને એની ગુરુતા હળવી કરવા ઇચ્છે છે, મત્સ્ય થઈને સેલારા મારવા ઇચ્છે છે. પણ સૂર્ય આપણને ભગાડે છે. એની સમ્મુખ ઊભા રહેવાનું નથી તો દૃષ્ટિ માંડવાની તો વાત શી! ચાલીએ છીએ ત્યારેય જાણે ચારહજાર પાંચસો તેવીસમે માળે કોઈ ઓરડીમાં જવાને નીકળ્યા હોઈએ એવું લાગે છે. એનો અન્ત આવતો નથી, હવામાં અદૃશ્ય નાનાં નાનાં તેજનાં બાણ છૂટે છે, દેહના અણુએ અણુને ભેદે છે. આંખોમાં સૂર્યનો સ્પર્શ રક્તચિહ્ન મૂકી જાય છે. પણ જાંબુડાં પર જાંબુ પાક્યાં છે, મહુડાં ખીલ્યાં છે, રાયણનું પણ નિમન્ત્રણ તો છે જ, કેરી કાચી છે, પણ એનોય સ્વાદ જતો કરવા જેવો નથી.

બહાર સૂર્ય છો ને રહ્યો! જૂની ઢબની બાંધણીના ભોંયતળિયેના વચલા અંધારિયા ઓરડામાં જે સૂર્યથી અસ્પૃષ્ટ એવી કુંવારી શીતળતા છે તેનો સહચાર ગમે છે. સાંજે મોગરો અને મધુમાલતી ખીલે છે. એ સુગંધસ્નાન પ્રફુલ્લિત કરી દે છે. પૃથ્વી પરની બધી વસ્તુની કાન્તિ પ્રકટ થાય છે, બધું સૂર્યના સોનાથી રસાઈ જાય છે.

ક્ષીણકાય તટાશ્રયી નદીઓ સૂર્યનો આ અત્યાચાર સહે છે, હૃદયની કરુણાની ધારા

વહેલી બંધ થઈ જતી નથી. આખા દિવસ દરમિયાન તાપ વેઠીને કંટાળેલા સાપ રાતે દર છોડીને બહાર ઠંડી હવા માણવા નીકળે છે, કોઈ વાર ભરબપોરે પણ નાગદેવતાનાં દર્શન થઈ જાય છે! ઘટાદાર વૃક્ષોની માયા આ ઋતુમાં સમજાય છે. લીમડાઓ તો મંજરીનો વરસાદ વરસાવે છે. એનાં સીકરો આપણા મસ્તકે પણ ઝીલાય છે. ગુલમહોર હજી ખીલ્યાં નથી, પણ શિરીષની ક્ષીણ સુગન્ધ અને જાંબુડી તથા લીલા રંગ તો દેખાવા માંડ્યા છે, ગ્રીષ્મના ગૌરવની ભાષા શિરીષને ઉચ્ચારતાં આવડે છે. કોઈ વાર આવો પ્રખર સૂર્ય પણ મ્લાન બની જાય છે. ધૂળની ડમરી એકાએક ચઢી આવે છે, ચકરડી ભમરડી ફરે છે, ગામડામાં તો એમ કહે, કે જુઓ ડાકણ ચાલી ને ધોળે દિવસે હાંજા ગગડી જાય. એ જો આપણને એના સપાટામાં લઈ લે તો આવી બને! પંખીઓ બિચારાં લાચાર બની જાય ને જુદી જ દિશામાં ફેંકાઈ જાય. બપોરને વખતે ઘરની બારીઓ બધી જ બંધ થઈ જાય. ઘર આંધળાં થઈ જાય. ધીમે ધીમે નિદ્રાનું ઘેન ચડે, તેમાંય જો હીંચકો હોય તો તો એના લયની અસર નીચે નિદ્રાનો એક વધારે પુટ ચઢે. રાતની નિદ્રા તો શરીરનો સ્વભાવ જ છે, પણ બપોરની નિદ્રા પરકીયા જેવી, એને ચોરીને ભોગવવાની રહે, એનું સુખ કાંઈ ઓર જ!

કોઈ વાર પ્રાણાયામમાં રૂંધેલા શ્વાસની જેમ પવન સાવ બંધ થઈ જાય ને જીવ ગૂંગળાવા લાગે. રાતે પથારીમાં સૂતા હોઈએ ને આપણું આ ખોળિયું સુધ્ધાં જાણે ઉતારીને ફેંકી દેવાનું મન થાય. પરસેવાની ભીનાશ પથારીની ચાદર સાથે ચોંટી જાય, શરીર ખૂબ અળખામણું લાગે, પણ એને કાંચળીની જેમ ઉતારી નાખી શકાતું નથી! ચારે બાજુની નિઃસ્તબ્ધતા વૃક્ષોના પર્ણેપર્ણનું ઘુંટાયેલું મૌન, તારાઓની મૂક સૃષ્ટિ એ પણ અકળાવી મૂકે છે. દર્દુરકૂદકે તળાવડી શોધીને ડૂબકી મારવાનું મન થાય છે.

સૂર્યની દૃષ્ટિ નીચે પણ તળાવડી એના શીતળ મર્મને સાચવી રાખે છે. આંબાવાડિયાની ઘટામાં કોયલના ટહુકાના સહકારમાં ખાટલો ઢાળીને ગ્રીષ્મને માણવી જોઈએ. પ્રસ્વેદસિક્ત કાયાને સુગન્ધી દ્રવ્યના લેપથી શીતળ કરનારા આપણા પૂર્વજોએ ગ્રીષ્મને ભોગવિલાસની ઋતુ બનાવી દીધી હતી, પણ ખરું જોતાં ગ્રીષ્મમાં તો પૃથ્વી પોતે પણ પંચાગ્નિ તપ કરતી પાર્વતી જેવી લાગે છે, બપોરે બહાર નીકળીએ ત્યારે શિવનું ત્રીજું નેત્ર ખૂલ્યું હોય એવું લાગે છે. કાલિદાસના કુમારસમ્ભવની પંક્તિઓ નજર સામે ખડી થાય છે. લીમડાની મંજરીની સુગન્ધમાં લપેટાયેલી ચાંદની જુદી જ હોય છે.

ગ્રીષ્મમાં બધો ક્રમ જ વ્યસ્ત થઈ જાય છે. દિવસે ઘરમાં પુરાઈ રહેવું ને રાતે બહાર નીકળવું. અગાસીને સંસ્કૃતમાં ચન્દ્રશાલા કહી છે તે આ ચૈત્રની રાતે સાવ સાચું લાગે છે.

ગ્રીષ્મમાં મધુરતાનું સેવન ગમે છે. તેથી જ કદાચ કડવો લીમડો એના મારણ તરીકે પીવાનું કોઈને સૂઝ્યું હશે. કેરીના રસ સાથે કારેલાં ખાવાની વ્યવસ્થા પણ છે. આવું સન્તુલન એ મિતાચારનું લક્ષણ છે, પણ અતિ આચાર તે અતિસારમાં જ પરિણમે ને તેનો પણ આ ઋતુમાં જ ક્યાં અનુભવ નથી થતો? ગ્રીષ્મ જ એક રીતે સૂર્યના અત્યાચારનું પરિણામ નથી?

સંસ્કૃતમાં જેને રાજવૃક્ષનું દબદબાભર્યું નામ આપ્યું છે તેને ગ્રીષ્મમાં જોયા વિના કોણ રહી શકે? એનાં સોનેરી ઝુમ્મરો ખરેખર એના ઐશ્વર્યની પ્રતીતિ કરાવે છે. ભરબપોરે રસ્તા પરથી જતા હોઈએ ત્યારે સૂર્યથી અંજાઈ ગયેલી આંખે પણ એની શોભા જોવી ગમે. વૃક્ષોના દરબારમાં એ રાજવેશે રાજે છે. રાજવૃક્ષ તો કોઈ સંસ્કૃતજ્ઞ કવિ જાણે, પણ વૈદકમાં તો એ ગરમાળાને નામે એના સૌન્દર્યે નહીં તેટલો ગુણધર્મે પ્રખ્યાત છે જ.

ફાગણ ગયો સાથે કેસૂડાં ને શીમળો પણ ગયાં. રહ્યો ખડચંપો, એનો તો કોઈ ભાવ પૂછે નહીં. ફૂલોના કુટુમ્બમાં એનું કૌલીન્ય બહુ આદરપાત્ર નહીં છતાં બાળપણથી જ મને તો એ ગમે છે. એનાં પણ ફૂલની પથારી હોય. જ્યારે ઊંચા કૂળનો ગણાતો સોનચંપો તો પ્રાંશુલભ્ય. પણ સૌથી વિશેષ માયા તો મને છે મધુમાલતીની. એનું બીજું નામ છે સદાસુવાસિની. ગ્રીષ્મની સાંજે ઓટલે બેઠા હોઈએ ત્યારે રાતાંધોળાં ફૂલવાળી મધુમાલતીની સોબત તો ખરી જ. ફૂલોનો બહાર આવે ત્યારે તો સુગન્ધથી આપણે તરબતર થઈ જઈએ.

પણ શહેરની ગ્રીષ્મ બહુ માણવા જેવી હોતી નથી. બધા પાસે કાંઈ એરકંડીશન્ડ ઓરડાઓ કે ખસના પડદાઓ નહીં હોય. અરે આવા બળબળતા તાપમાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનેય એવી સગવડ ક્યાં છે? શહેરના રસ્તે ડામર ઓગળે ને ચંપલને ચોંટે. ગામડામાં તો વૃક્ષોની ઓથે ખુલ્લે પગે ગ્રામવાસીઓ ચાલી શકે ને હજી ચાલે જ છે પણ આ ડામરને રસ્તે ખુલ્લે પગે કોણ ચાલી શકે?

બરફના રંગબેરંગી ગોળા, આઇસ કેન્ડી શહેરના ગ્રીષ્મના સ્વાદની સામગ્રી. મહેમાન આવ્યા હોય ને કોઈની વરસગાંઠ હોય તો વળી શીખંડ. નદીના તળિયારામાં નમતી સાંજે બેસીને તાજાં તડબૂચ સક્કરટેટી ખાવાની જે મજા આવે તે શહેરમાં ક્યાંથી

બને? સક્કરટેટીમાંથી આપણે ભાગે ટેટી આવે ને સક્કર તો ગાંઠની જ ઉમેરવાની રહે. ફ્રીઝવાળા પાડોશીઓ મદદરૂપ થાય ને પોતાનું ઐશ્વર્ય પુરવાર કરી શકે.

સુગન્ધની વાત તો જવા દો, સૂર્યને લીધે ઉકરડાઓમાંથી દુર્ગન્ધની બાફ નીકળે તે અસહ્ય લાગે. અહીં તો તાંબાવણી ટેકરીઓ ક્યાંથી દેખાય? ધરતીનો રંગ જ જોવા મળતો નથી. આસોપાલવ છે, લીમડાઓ છે, વડ છે, આંબા તો શહેરમાં જોવા નથી મળતા. હજી તો આષાઢ બહુ છેટો છે. ગરમીનો આંક ઊંચે ચઢશે. રાતે બાર સુધી તો જાણે કશું ઠંડું પડતું નથી, પછી માંડ આંખ મળે ને વહેલી સવારે સૂર્ય ઢંઢોળીને જગાડી મૂકે. પછી આખો દિવસ સૂર્યથી બચવાની પેરવીમાં જાય. આવા દિવસોમાં અનધ્યાય જ પરવડે. બને તેટલી શીતળતા શોધીને ડિટેક્ટીવ નોવેલ લઈને બેસવું, ને આંખ ઘેરાય એટલે નિદ્રામાં સુખપૂર્વક સંક્રાન્તિ કરવી. આ સૌથી મોટું સુખ. છતાં ગ્રીષ્મનો વૈભવ માણવો ગમે છે, કેટલાકને આ ઋતુમાં વૈરાગ્ય આવે છે, ગૃહત્યાગના પ્રસંગો પણ બને છે, પણ ગ્રીષ્મમાં જ આપણે સાચા અર્થમાં ગૃહસ્થ બની જઈએ છીએ.

# વર્ષા અને એકાન્ત

બારીમાંથી જોઉં છું : બહાર વરસાદની ધારા અને પવનની લહેરના તાણાવાણાની શરબતી મલમલ વણાતી જાય છે, તૃણાંકુરનું કૂણા લીલા રંગનું આસ્તરણ બધે પથરાઈ ગયું છે. વૃક્ષોની ડાળીઓ અને થડ પાણી પચાવીને કાળાં પડી ગયાં છે. પાણીનાં ટીપાં એકસરખું બોલ બોલ કર્યા કરે છે, વીજળીના તાર પર પકડદાવ જામે છે, એક હડસેલો મારીને બીજાને નીચે ગબડાવી મૂકે છે. હવે સભાઓ અને ભાષણો ઓછાં થશે, નેતાઓને જરા જંપ વળશે. હા, ચાતુર્માસમાં હવે તો પરદેશગમન પાપ ગણાતું નથી, એટલે ચાતુર્માસ પરદેશ ગાળી શકાય.

છાપાંઓમાં છબિ સહિત વર્ષાનાં વધામણાં થયાં. એક સાહિત્યને રંગે રંગાયેલા છાપાએ તો લખી પણ નાખ્યું : ‘વર્ષાનું મસ્ત જોબન હેલે ચઢ્યું.’ અલબત્ત, સાથેની છબિ જોતાં એવું કશું લાગતું નથી. ઊડી ગયેલા છાપરામાંથી બહાર ધકેલાઈ ગયેલા સદાના નિરાશ્રિત ગરીબ કુટુમ્બને બતાવ્યું છે ને બીજી છબિ શહેરના લોકોને કાદવવાળાં ને ઊભરાતી ગટરનાં ગંદા પાણી ડહોળતા જતા બતાવ્યા છે. શહેરના જીવને વર્ષાના ઉન્મત્ત યૌવનનો બીજો શો ખ્યાલ આવી શકે?

કાલિદાસના એ આષાઢનો પ્રથમ દિવસ, વપ્રક્રીડામાં મત્ત ગજ જેવો મેઘાશ્લિષ્ટ સાનુમાન પર્વત – ક્યાં ગઈ એ સૃષ્ટિ? મુંબઈની બે લાખની વસતિ ગંધાતી ગટર અને કતલખાનાની પાસે કાટ ખાઈ ગયેલાં પતરાંનાં છાપરાં નીચે વસે છે. સૂસવાતો પવન ને મુંબઈનો મુશળધાર વરસાદ – એની સામે આ વસતિને શું રક્ષણ મળી શકે? આ બધું તો આપણા દેશને કોઠે પડી ગયું છે એટલે જો વર્ષાના ઉન્મત્ત જોબનને ભૂલીને એને યાદ કરાવીએ તો એ લાગણીવેડા ગણાય! બારીના કાચ પર ટીપાં બાઝ્યાં છે, એ અશ્રુઝાંખી

આંખ જેવી થઈ ગઈ છે. બહારની પ્રકૃતિનો ઉન્મત્ત લય આપણા લોહીના લયને પણ બદલી નાંખે છે. ઝંઝાવાતમાં જ એકબીજાને મળી શકતી શાખાઓનું મિલન યોજાય છે. વરસ્યે જતા વરસાદની ધારાની અજસ્રતાનો સૂર એક સરખો ભજ્યા કરે છે. વેદની ઋચાનો પાઠ કરતા બ્રાહ્મણોની જેમ દેડકાઓ એકસરખું બોલ્યા કરે છે, નાનાં નાનાં ખાબોચિયાંમાં આકાશ નહાવા ઊતરે છે, એની મટમેલી કાયા એમાં દેખાય છે.

આવા ઘેરાયેલા આકાશમાં વાદળનું પડ પાતળું થાય ત્યારે એની ઓથેથી ચન્દ્ર દેખાય, જાણે શકુન્તલાની આંગળીએથી સરી પડેલી વીંટી, ફટકડીના ટુકડા જેવો ચન્દ્ર એકદમ આપણું ધ્યાન ખેંચતો નથી. પણ રાતે ક્લોરોફોર્મના જ પાસાદાર સ્ફટિકના જેવો લાગતો ચન્દ્ર વર્ષાની ભીનાશ સાથે એનું ઘેન ઉમેરી દે છે. વિરહિણી સિવાય આવી રાતે કોણ જાગે?

વર્ષા અનેક પ્રકારના અવાજ લઈ આવે છે, પણ સાથે સાથે અનોખું એકાન્ત પણ લઈ આવે છે. ધૂંધળી બનેલી ક્ષિતિજને છેડે આપણી દૃષ્ટિ કોને શોધવા દોડે છે? જે સાવ નિકટ છે તેની ને આપણી વચ્ચે પણ જાણે આંસુની બિલોરી દીવાલ ઊભી થઈ જાય છે. ભીરુ હૃદયના તડફડાટ જેવી વીજળી ચમકે છે, પવન વૃક્ષે વૃક્ષે ઝૂલે છે ને પ્રકૃતિના આદિમ સૂર જોડે પ્રાસ મેળવતો જાય છે.

વર્ષાએ રચેલા એકાન્તમાં આપણે કેવા એકાકી બની જઈએ છીએ? પાસે બેસીને જ કોઈ બોલે છે, પણ એના શબ્દો વર્ષાની અવિરત વૃષ્ટિધારાના શબ્દમાં ઢંકાઈ જાય છે. કશાનો સળંગ અન્વય એ ઋતુ રહેવા દેતી નથી. આ ઋતુમાં ગોકળગાય એની લાંબી યાત્રા આરંભે છે. ઇન્દ્રગોપ અલૂણાનું વ્રત કરતી ગૌરીની મેંદીની ભાતવાળી હથેળીમાં રાતા કિનખાબની જેમ શોભી રહે છે. કીટસૃષ્ટિમાં વસતિ વધી જાય છે. પાંખો મળે, ન મળે ત્યાં ખરી પડે છે. બગલા અત્યન્ત કાર્યરત છે. ભેંસની આ પ્રિય ઋતુ છે. મધ્યાહ્નને કોઈ ખંડમાં મહાભારત વંચાઈ રહ્યું છે. વ્યાસ ભગવાનની વાણી વરસતા વરસાદની ધારામાં ભળી જાય છે.

# આનન્દ જ મારું ભક્તિસ્તોત્ર

રાતે આઠમ નોમના ચન્દ્રને જોઉં છું, ઘડીભર મન આ સંસારથી સહેજ વેગળું સરી જાય છે. વાસ્તવિકતાના તાંતણા તો મનમાં ગૂંચવાઈ ગયેલા જ છે. એ ગૂંચ ઉકેલવા જતાં રખેને કોઈ તન્તુ તૂટી જાય એ ભયથી એ ગૂંચને એમ ને એમ જ રહેવા દઉં છું. બહાર આ ચાંદનીમાં દૂર દૂર સુધી ફરી આવવાનું મન થાય છે. પણ શરીરનો સહકાર નથી. આ શરીર જ હવે જાણે મારી કેદ બની ગયું છે. જે શીતળતા આહ્લાદક લાગતી હતી તે જ હવે શ્વાસને રૂંધી નાખે છે. આથી બારી પાસે બેઠો બેઠો બહારની માયાવી સૃષ્ટિ જોઉં છું. ઈશ્વરને સાક્ષાત્ જોયાનો મારો દાવો નથી, પણ આવે વખતે ઈશ્વરનું રૂપ જ પ્રગટ થાય છે, બારી પાસે બેસીને એને જ જોયા કરું છું. આનન્દ થાય છે. આવો આનન્દ જ મારું ભક્તિસ્તોત્ર.

રાત આગળ વધે છે. થોડે દૂર રાસગરબા ચાલે છે. ઘરમાં કોઈ નથી. મન વિહ્વળ બની જાય છે. એને શાન્ત પાડીને આંખો બંધ કરવા જાઉં છું. પણ આંખ બંધ કરવાની સાથે કાંઈ કેટલાંય દૃશ્યો દેખાવા લાગે છે. એ બધાં એકબીજામાં ભળી ગયેલાં છે. બધાંની રેખાઓ ગૂંચવાઈ ગયેલી છે. એમાં કશું સ્પષ્ટ નથી છતાં એને મારી જોડે સમ્બન્ધ છે. મુંઝાઈને ફરી આંખો ખોલી નાખું છું. પાસે ડિટેક્ટીવ નોવેલ પડી છે. પૂઠા પર જ શ્વાસ થંભાવી દે એવું ચિત્ર છે. એક સુન્દરીના ગળામાં ફાંસો છે. આંખ બહાર નીકળી આવી છે. થોડી વાર સુધી હું એને જોયા કરું છું. પણ મને એના ખૂન વિષે ઝાઝું કુતૂહલ નથી. મન ત્યાંથી પણ પાછું ફરે છે.

વ્યવસ્થા, ટેવ, સંગતિ – આ બધાંથી મન કંટાળે છે. અંદર ભરાઈ રહેલી ઉદ્દણ્ડ અરાજકતા માથું ઊંચકે છે. ઘણી વાર નાની વાતમાં ખૂબ ઉત્તેજિત થઈ જાઉં છું. મારી

સાથે વાત કરનાર ડઘાઈ જાય છે. પણ વર્તમાનની ક્ષણ સાથે એને સમ્બન્ધ નથી. સામાન્ય ગણાતી પરિસ્થિતિ કેટલીય વાર અણધારી રીતે અસામાન્ય બની જાય છે. એ સામાન્યતાને પરાણે ક્યાંક ઊંડી ધકેલી દઈને સંસારમાં સામાન્ય થઈને રહેવું પડે છે. જ્યારે એક્કેય શબ્દ બોલવાનું મન થતું નથી હોતું ત્યારે પૂરી પચાસ મિનિટ સુધી બોલ્યે જ જવાનું હોય છે. આ બોલતો હોઉં છું ત્યારે મારાથી ખૂબ દૂર સરી જઈને મારો ક્ષીણ અવાજ સાંભળું છું. એનો કશો અર્થ હું જ પકડી શકતો નથી. પણ પોતાનાથી સરીને દૂર કેટલેક જઈ શકાય? જાણે ગળામાં વાસ્તવિકતાનું દોરડું છે. એ રોજબરોજની દુનિયાને ખૂંટે બાંધેલું છે. એ પાછું મને ઠેકાણે લાવી દે છે.

છતાં મન કોઈ વાર યદૃચ્છાવિહારે નીકળી પડે છે. પાસેની લાયબ્રેરીમાં ચોપડીઓનાં પાનાંને વળેલી ફૂગ એકઠી કરીને ફાઇન આર્ટસ્ ફેકલ્ટીનો કોઈ શિલ્પી સુંદર સ્ત્રીને ઘડે છે. પાવાગઢના ડુંગરની તળેટીમાં ઊગેલાં જંગલી ફૂલોનાં ટોળાએ મચાવેલું ઘમસાણ અહીં સુધી સંભળાય છે. કમાટીબાગમાં ફૂલો વ્યવસ્થિત સરઘસના આકારે સૂત્રોચ્ચાર કરતાં ચાલે છે. પવનમાં આગલા દિવસનાં છાપાંનાં પાનાં ઊડે છે. એમાંની સિનેમાની જાહેરખબરમાંની સુન્દરી બચી જવા ફાંફાં મારે છે. માત્ર બે તસુ દૂર ઊભેલો તલવારની પટાબાજી કરનારો બીજા ફિલ્મની જાહેરખબરમાંનો જુવાન એને બચાવવા કશું કરી શકતો નથી. ફૂટપાથ પર સૂતેલા ભિખારીનો નાનો દીકરો સૂકા રોટલાના ટુકડાને એક કાગળમાં લપેટીને ખિસ્સામાં મૂકી દે છે. અલંકાર થિયેટર પરનાં પોસ્ટર પરનાં નાયકનાયિકા થાકીને આંખ બીડવા મથે છે. ઉપર બેઠેલાં કબૂતરોની આંખમાં ઘુંટાતી ઊંઘનો ભાર એમને માથે તોળાય છે. રસ્તા પર નાળ જડેલા જોડાનો ઠપ ઠપ અવાજ આવે છે. સુરસાગરના પાણીને કોઈ દુઃસ્વપ્ન આવે છે. રાત્રિની નિસ્તબ્ધતામાં પાણીની ચીસ ગાજી ઊઠે છે. કેટલાય અશરીરી પડછાયાઓ સરિયામ રસ્તા પર થઈને ભાગે છે ને ગલીઓનાં અન્ધકારમાં ખોવાઈ જાય છે. આગલી સાંજે કોઈ પ્રમુખશ્રીને ચઢાવેલા હારતોરામાંથી નાની નાની પરીઓનાં મુખ ડોકાય છે. એમનો રૂપેરી ઘંટડીઓ જેવો અવાજ રણકે છે. બેન્કમાં પડેલા સિક્કાઓનો શ્વાસ રૂંધાય છે. એમને નાના બાળકના હાથમાં ચકરડી થઈને ઘૂમવાનું મન થાય છે.

ચાર માણસો(કારણ કે 144ની કલમ છે. ચારથી વધુ ભેગા થઈ શકે નહીં.) ભેગા થઈને હાથમાં હાથ રાખીને ચાલે છે, એઓ બોલતા જાય છે : 'અમે સુખી છીએ. અમે ભૂખે મરતાં નથી. અમારું કોઈએ ખૂન કર્યું નથી. અમે દર પંદર દિવસે જ્યુબિલી બાગમાં

ભાષણ કરીએ છીએ. પાણીની તંગી હોય તો કોકોકોલા પાઈએ છીએ. નેત્રયજ્ઞ, દન્તયજ્ઞ કરીએ છીએ. તમારા શહેરમાં માળીની દુકાનો ખોલો. વધારે ફૂલહારની જરૂર પડશે. જમાનો બદલાય છે. હવે પોળે પોળે વિભૂતિઓ પ્રકટશે.'

બારીના પડદા હાલ્યા, આંખની પાંપણો બંધ કરી, પણ આકાશ આડે પડદો ઢાળી શકાતો નથી, સૂરજ ચાંદાને ઢાંકી દેવાતા નથી. કશી શરમથીય એઓ મોઢું ઢાંકે એમ નથી. વિદ્યાપીઠના કાળા પાટિયાના પડદા પણ અજ્ઞાનને છૂપાવતા નથી. વિદ્યાર્થીઓના નિ:શબ્દ અવાજો નાનાં નાનાં ફોરાં થઈને બારીમાંથી નાસે છે, કોઈ બકુલના ઝાડ પર ફૂલ થઈને ખીલે છે તો કોઈ ઘુમ્મટને જડેલા કાચમાં રંગ બનીને પ્રસરી જાય છે.

શ્રી શ્રી ૧૦૮ રાતે મઠની નૈતિક બારી ખોલે છે. એની બહાર ડોકું કાઢીને જુએ છે. રસ્તા પર ઉવેખાયેલાં રઝળતાં બેચાર પાપ આશરો માંગે છે, નૈતિક બારી પર રામ નામનું તોરણ ટાંગ્યું છે, સૂરજ એની જોડે અડપલાં કરે છે. નીચે દયામણે મોંઢે અનાથ પાપ ઊભાં છે. મઠની દીવાલ પર બાઝેલી શેવાળમાંથી કોઈનું મુખ ડોકાય છે. શ્રી શ્રી ૧૦૮ એને જુએ છે ને હસે છે. એ હાસ્ય શેવાળમાં ખોવાઈ જાય છે. આ નૈતિક બારી બીજી બંધ બારીઓ તરફ મીટ માંડે છે. પણ એમાંની કોઈ હૈયું ખોલતી નથી. એ બધીનું ખંધું હાસ્ય વળીઓમાં ઘૂમરી ખાય છે. એક પતંગિયું ફિલસૂફની ગમ્ભીરતાથી ચોપડી પર બેસે છે. એના રંગોની માયાના મિથ્યાપણાનો એ મૂક બનીને પ્રચાર કરે છે. પણ ગરોળી રંગ જોતી નથી. એની સ્થિર આંખો નાની લખોટીની જેમ ગબડે છે. એથી પતંગિયું પોતાનું ગામ્ભીર્ય છોડતું નથી. હું એને ઉડાડી મૂકવા જાઉં છું ત્યાં મારો હાથ જ જાણે દૂર ફેંકાઈ જાય છે. લાંબી કીડીઓની હાર એ હાથને ખેંચી લાવીને મને પાછો સોંપે છે. પણ એ હાથનું બળવાખોરપણું હું જાણું છું. એની પાંચ આંગળીઓ સંપીને વર્તે છે. આ હાથનો બળવો બીજો હાથ જોઈ ન જાય એ માટે હું એને ખિસ્સામાં સંતાડી દઉં છું.

બંધાઈને શહીદ થયેલા ગલગોટા બારણે ઝૂલી રહ્યા છે. દૂર ઘાસ પર પડેલાં ઝાકળબિન્દુને એઓ કશો સંદેશો મોકલે છે, પણ એ સંદેશો, હવે સૂરજને ક્યારે પહોંચે! ઘરમાં દર્પણ મૂગું મૂગું ઊભું છે. એનો ખોળો ખાલી છે. રાતે અન્ધકાર અને દર્પણ વચ્ચે વાતો ચાલે છે. મારા શ્વાસ એ વાર્તાલાપ સાંભળે છે. એના થોડાક શબ્દો સવારે મારા શ્વાસને ચોંટી રહે છે. ફૂગમાંથી ઘડાતી પેલી સુન્દરીને પાંખો આવે છે ને એ ઊડી જાય છે. શિલ્પીના હાથમાં એના ઊડી જવાની રેખા માત્ર રહી જાય છે. આ સવારે ઝાકળમાં

સૂરજ એની પગલી શોધે છે. ઝાકળ પ્રાણ આપી દે છે પણ એનું રહસ્ય કહેવા તૈયાર નથી. ગલગોટાના સોનેરી રંગનું શ્રાદ્ધ હવે થશે.

# હેમન્તી પ્રસન્નતા

દિવસો જાય છે. રોજ સવારે છાપું ખોલતાં એના એ રેઢિયાળ શબ્દો દેખાય છે. માનવીને કદાચ હવે વધારે શબ્દોની જરૂર નથી. કોઈ આંકડાશાસ્ત્રી છાપામાં વપરાતા શબ્દોનો 'ફ્રીક્વન્સી રેઇટ' કાઢીને અમુક અનિવાર્ય શબ્દોનો સંચય કરી આપે તો ઘણા બધા લોકોનું તો એથી કામ ગબડી જાય. કવિઓ નવા શબ્દો નથી સરજતા, પણ જે શબ્દો છે તેમાં નવા પ્રાણ પૂરે છે એવું કહેવાય છે. હવે તો કવિઓની ભાષામાં પણ અમુક શબ્દો જ વધારે દેખાવા લાગ્યા છે. કવિઓ માટે પણ હવે અનિવાર્ય શબ્દોનો સંચય તૈયાર કરી આપી શકાય. વેદની કવિતા અપૌરુષેય હતી, હવે કોમ્પ્યુટર કવિતા લખે છે. કોન્ક્રીટ કવિતાના નમૂના પણ આપણામાંના ઘણાએ જોયા હવે. આથી 'આ મારી કવિતા' એવું અભિમાનપૂર્વક કહેનારો બાલિશ લાગે છે. એ કહેવાતી 'મારી' કવિતામાં એણે પોતાની વાત કેટલી કહી? હવે તો શબ્દનાં કરતાં એનો પડઘો એ મહત્ત્વની વસ્તુ બની ગઈ છે. જે પડઘામાં છે તે શબ્દમાં નથી. વીતેલા સમયની દીવાલ સાથે જે અથડાઈને આવે છે તેમાં એ વીતેલા સમયનાં સ્પન્દનો પણ ભળે છે. પણ આપણો કવિ હજી જોઈએ તેટલો પ્રામાણિક નથી. કદાચ પ્રામાણિક બને તો કવિ થઈ જ નહીં શકે, કારણ કે પ્રમાણ પૂરું પાડનાર તો તર્કશાસ્ત્રી, કવિ આપણને પરિચિત સત્યથી વિલક્ષણ એવું 'સત્ય' બોલે છે. જેને ઘણી વાર છડેચોક અસત્ય કહીને જ પ્લેટો જેવાએ નથી ઓળખાવ્યું? આમ કરીને પણ કવિ થોડો અભિમાની બને છે. એને લાગે છે કે એનું સત્ય તો એનું પોતાનું આગવું સત્ય છે, આજનો જમાનો 'અસત્ય' કહે, પણ સમયનો આથો એના પર ચઢે છે ને ધીમે ધીમે પછીની પેઢીને એમાં સત્યનો સ્વાદ આવવા લાગે છે.

પણ કદાચ હવે એવા દિવસો આવશે જ્યારે સત્ય-અસત્ય વચ્ચેના ભેદની ચર્ચા

કરવાનો ઉત્સાહ કોઈને નહીં રહે. જીવનમરણ પણ એકાકાર થઈ જશે. આમેય તે પૃથ્વી પરથી આપણા પગ ઊંચકાવા લાગ્યા છે. નાનાં બાળકો બોલતાચાલતા એન્સાઇક્લોપીડિયા જેવાં થઈ ગયાં છે. વિસ્મયથી વિસ્ફારિત નેત્રે બાળક જે રમ્ય વિકલ્પોની કલ્પના કરીને રાચતું હતું તે વિકલ્પોને સ્થાને હવે એની સામે કોષ્ટકમાં ગોઠવી આપેલી માહિતીનો સંચય છે. એને માટે પણ શંકાને સ્થાન નથી. ઠાંસેલા જ્ઞાનમાં સ્વૈરવિહાર કરવા જેટલો અવકાશ જ ક્યાં રહે છે? આ જ્ઞાન આપણા લોહીમાં વહેતું થશે ખરું?

રજાના દિવસો છે. આ દિવસો માટે સાચવીને મૂકી રાખેલી થોડી ચોપડીઓ તરફ મારી નજર છે. મનમાં થાય છે હવે નિરાંતે વાંચીશું. પણ નિરાંત ક્યાં છે? કોઈ સજ્જન કે સન્નારી આવી ચડે છે. શહેરમાં ચાલતી અફવાઓનો સાવ તાજો પૂરવઠો એઓ પૂરો પાડે છે. થોડું ભવિષ્ય પણ ભાખી જાય છે. પછી કહેતા જાય છે. ‘આ વખતે દીપોત્સવી અંક વાંચવા આપજો.’ હું કહું છું. ‘હું દીપોત્સવી અંકોમાં ઝાઝું લખતો નથી.’ પણ એમને વિશ્વાસ બેસતો નથી. પછી વળી બીજું કોઈક આવી ચડે છે. તબિયતના સમાચાર ભારે લાગણીથી પૂછે છે ને પછી તરત જ ઉમેરે છે. ‘સંભાળજો, ફલાણાભાઈ હમણાં આ રોગમાં જ ગુજરી ગયા.’ પછી આખો દિવસ તેલના ભાવ, ખાંડના ભાવ, દિવાળીનું ખાવાનું, કોણ અમેરિકા જાય છે ને કોણ પાછું આવ્યું, ક્વાર્ટર્સ બદલવાની તૈયારી – આ બધું કાને અથડાયા કરે છે. મારી વધુ ઇચ્છા તો નથી છતાં કોઈક વાર ‘કેમ્પસ નોવેલ’ લખવી હોય તો સામગ્રી પૂરતા પ્રમાણમાં છે.

સૌથી આકરી કસોટી તો કોઈ ‘સાહિત્યકાર’ મિત્ર મળવા આવે ત્યારે થાય છે. મને સાહિત્યની ગપસપ ઝાઝી ગમતી નથી. હું તો માનું છું કે એ પવિત્ર વસ્તુ છે. આપણને આવડે તેટલું લખીએ, વંચાય તેટલું વાંચીએ ને શાન્તિથી બેસી રહીએ પણ સાહિત્યવાળાઓનોય સમાજ હોય છે. એમાંય કૂથલી કરનારા અહીંની વાત તહીં કરનારા ઘણા હોય છે. ‘સાંભળ્યું તમે? ઉમાશંકર તો તમારે વિશે આમ કહેતા હતા.’ જો ઝાઝો રસ બતાવીએ તો વાત આગળ ચાલે. મને ઉમાશંકરની સાચી કવિતામાં રસ છે, એમનાં ઉત્તમ કાર્યોમાં રસ છે, પણ કશીક આવી અણગમતી વાતોમાં આપણને પરાણે ખેંચવાનું આવા લોકો છોડતા નથી.

રોજ સવારે સૂરજ ઊગે છે. પ્રભાતના પહેલા પહોરે વરસેલું ઝાકળ પાંદડે ચળકે છે. સૂર્યનો પ્રકાશ ફૂલોને હૂંફાળો લાગે છે. એ સ્પર્શસુખ માણવું ગમે છે. પણ એથી માનવીનાં

મન સ્વચ્છ થતાં નથી. જે મનમાં જૂઠાણાંનો સંગ્રહ કરીને બેઠાં છે તે એવાં ને એવાં જ રહે છે. વેરઝેર પણ ધોવાતાં નથી. બીજી સવારે આખા એક દિવસની નવી જિન્દગીની બક્ષિસ પામીને માનવી ફરી પામરતાનું જ લેખું માંડે છે. ઉપરનાં સ્વચ્છ આકાશની સાક્ષીએ પોતાના મલિન ચિત્તને એ જાળવી રાખે છે. પામરતાના ચીલા ભુંસાતા નથી. આમ છતાં સૃષ્ટિ તો એવી જ રમ્ય લાગે છે. કશી રોકટોક વિના રાત્રે ચાંદની ઘરમાં પ્રવેશે છે. બધું માયાવી બની જાય છે. પૃથ્વીને અલૌકિકતાનો સ્પર્શ થાય છે. દરરોજ આવી અમૂલ્ય સંપત્તિ પામીએ છીએ. કેટલાક ચહેરાઓ જોઉં છું તો આંખમાં જે કરડાકી છે તે સ્નિગ્ધ બનતી જ નથી, શબ્દોમાં મીઠાશ આવતી જ નથી. એની એ તોછડાઈ એમને વળગેલી જ રહે છે, એમનામાં મધુરતાના પ્રવેશને માટે જાણે નાનું સરખું છિદ્ર પણ રહ્યું નથી, બધે એક સરખી હોંસાતુંસી ને સ્પર્ધા ચાલ્યા કરે છે. એ બધાંમાંથી ખસીને દૂર ઊભા રહીએ તોય આપણને ઠેલે ચડાવ્યા વિના આ લોકો રહેતા નથી. આ સંસાર આપણને અણગમતી વાતોમાં સંડોવ્યા વિના રહેતો નથી. એથી નિલિર્પ્ત રહેવું ઘણું અઘરું છે. આને પરિણામે ઘણી ભ્રાન્તિ ને જૂઠાણાં ઊભાં થવાનાં જ. ચિત્ત આથી ક્લેશ પામે છે. માટે જ આ હેમન્તની સુરખીભરી સવારની પ્રસન્નતા જ્યારે આખા પ્રકાશમાં છલકાઈ ઊઠે છે ત્યારે એ પ્રસન્નતા સાથે તદ્રૂપ બની જવાનું ગમે છે. ચિત્તની પ્રસન્નતા એ જ સૌથી મોટી પ્રાપ્તિ છે. જેનું ચિત્ત પૂરેપૂરું નિર્મળ બની શક્યું હોય તે જ એનો અધિકારી. વિના કારણે દુશ્મનાવટ બાંધનારા લોકો પણ હોય છે. જો આપણે એમની ઉપેક્ષા કરીએ તો એઓ આપણને કાયર કરીને ભાંડે. કાયરની ગાળ સહન કરીનેય જો આ ઉપદ્રવમાંથી બચી જવાતું હોય તો સારું. પણ શત્રુવટ રાખ્યાનો આનન્દ એઓ જતો કરવા ઇચ્છતા નથી. મૈત્રી કે સૌહાર્દ પણ કાંઈ પરાણે કેળવી ન શકાય. મૈત્રીની પણ કસોટી થાય. ઘણી વાર નાની સરખી વાતમાં મન ઊંચાં થાય. પછી સાંધો રહી જાય. એ ખૂંચ્યાં કરે પણ હૃદય આપણે ધારીએ છીએ તેટલું ઉદાર હોતું નથી. એ ખરી વખતે કૃપણ બની જાય છે. આખરે આ બધાંથી થાકીને ધીમે ધીમે માણસ વેગળો સરતો જાય છે. એ સભામાં જાય, મંડળીમાં બેસે, ગપસપ લડાવે. પણ એમાંયે વેગળો પડી જાય છે. આ એકલતાને જીરવવાની તાકાત વેળાસર કેળવી લીધેલી સારી. આ એકલતામાં સૌથી મોટી મુશ્કેલી તે પોતાની જાતનો સામનો કરવાની હોય છે. કદાચ સૌથી મોટી તાકાત એને માટે જોઈતી હશે. એ જો બની શક્યું તો ઊગરી જવાય. તો એનાં સારાં પરિણામો પણ આવે. પણ આ એકલતાનો દેખાડો કરવો, એનાં ગાણાં ગાવાં એવું પણ થતું જોવામાં

આવે છે. માનવી પ્રદર્શનપ્રિય પ્રાણી છે. એ પોતાના ઘાનું પ્રદર્શન કરે. એ પ્રદર્શન પર મરણનો કાળો પડદો ઢળે પછી બધું પૂરું થાય.

તો મારી આજુબાજુ, દરિયાપારના થોડા કવિઓ છે. આનન્દથી એમની કવિતા માણવાની ઇચ્છા છે. એમાંથી બેચાર લેખ ઉપજાવી કાઢવાની દાનત નથી. એવો લોભ આનન્દને મારી નાખે છે. હમણાં સૅમ્યુઅલ બૅકેટને નોબેલ પારિતોષિક મળ્યું ને આપણાં છાપાંઓમાં એના જીવનપ્રસંગો, ટુચકાઓ, એની કૃતિઓ વિશેની ઇધરતિધરથી એકઠી કરેલી આછીપાતળી માહિતી – આ બધું ઊભરાઈ આવ્યું. આ બધું એકાદ અઠવાડિયામાં બંધ પડી જશે. છાપાંને એનો ઝાઝો ખપ નથી. પણ એની કૃતિઓનો અભ્યાસ કરવાની વૃત્તિ ખાસ દેખાશે નહિ.

છતાં આ દુનિયા ગમે છે. અહીં જે કાંઈ મળ્યું તેની માયા છે પછી એ સુખ હોય કે દુ:ખ, માન હોય કે અપમાન, અપૂર્ણતાનો કોઈ અનેરો સ્વાદ છે. એ દેવો સ્વર્ગમાં ચાખી શકતા નથી. એમને એ ચાખવા પૃથ્વી પર અવતાર લેવો પડે છે.

# પરતન્ત્ર માણસ

અમુક તબક્કામાં અમુક શબ્દો ને પ્રયોગો રૂઢ થઈ જાય છે. આમ આપણે વિચારશીલ અને ચિન્તક હોવાનો દાવો કરીએ, પણ કેટલાનો એ દાવો ખરેખર સાચો હોય છે? અમુક ચલણી બનેલી સંજ્ઞાઓ ને શબ્દપ્રયોગોની આજુબાજુ આ કહેવાતું 'ચંતિન' ભમ્યા કરતું હોય છે. એક લેખકમિત્રે પ્રશ્નોત્તરી કાઢી હતી : એમાં એણે પૂછ્યું હતું : 'તમે 'એસ્ટાબ્લિશમેન્ટ'ને સ્વીકારો છો?' 'એસ્ટાબ્લિશમેન્ટ', 'કન્ફોર્મિઝ્મ' કે 'નોનકન્ફોર્મિસ્ટ', 'ફન્કશનલમૅન', 'હ્યુમન કંડિશન', 'ઇરરેશનલમૅન' – આ બધા શબ્દો આ તબક્કામાં ઘણા ચલણી બન્યા છે. પરિસ્થિતિ ઝાઝી બદલાઈ જતી નથી. એને ઓળખાવવાના આપણા પ્રયત્નો વધુ વ્યવસ્થિત અને ઝીણવટભર્યા થતા હોય છે.

હમણાં જ એક છાપાની કટારમાં વિવેચન લખતા કલમબાજે સર્જકોના પણ 'ઘરાણા' પાડ્યા હતા. એક હળવી રમત તરીકે આ બધું ચાલે. પણ એથી આપણી વિચારણાને કશો લાભ થાય ખરો? એક વર્ગ એવો છે જે ગમ્ભીર થવાની વાતને નરી હાસ્યાસ્પદ ગણાવીને ઉડાવી દે છે. વિચારના ક્ષેત્રમાં અરાજકતા ઊભી કરીને દૂર ઊભા રહી તમાશો જોવાનું પણ કેટલાકનું વલણ હોય છે. તો વળી કેટલાક જાણી કરીને વિદૂષક બનવાનું પસંદ કરતા હોય છે. એમને મતે આજની આપણી દુનિયાના કેન્દ્રસ્થાને વિદૂષક જ એક માત્ર સાચો નાગરિક છે. એનો મુખ્ય ગુણ છે કે એ હસી શકે છે ને એનામાં કટાક્ષ કરવાની શક્તિ છે. એના હાસ્યમાં ઊંડે ઊંડે ગંભીર આલોચનાત્મક વલણ રહ્યું હોય છે. પણ એ તરફ ધ્યાન ખેંચવાની સભાનતા એનામાં હોતી નથી, તે માટે જ કદાચ એ વધુ આસ્વાદ્ય બની રહે છે. પચાસ માણસ કોઈ સમારમ્ભમાં ભેગા થયા હોય તો એમાં વળી કોઈ નાનાં નાનાં જૂથ બંધાઈ જાય. માણસો જૂથ બાંધીને જીવે છે. આ જૂથને

એનાં પોતાનાં કેટલાંક આગવાં હિત ને સ્વાર્થ હોય છે. એ બીજાના પર વગ ચલાવવા પણ ઇચ્છે છે. આવું વગ ધરાવનારું પોતાના સ્વાર્થ ને હિત પરત્વે સભાન ને ક્રિયાશીલ એવું જૂથ દરેક સમાજમાં દેખાય છે. એ જૂથમાં તમારે પ્રવેશ કરવો હોય તો એમાં વિધિનિષેધ તથા નીતિ-નિયમોને માન્ય રાખવાના રહે છે. એ જૂથ જે શ્રેષ્ઠ ગણે તે તમારે માટે પણ શ્રેષ્ઠ, કીતિર્ કે માન્યતા પણ એ જ આપે. આવા જૂથના પણ અનેક પ્રકાર હોઈ શકે, કેટલાંક જૂથો જૂથ બંધાયું છે એ વાતને બહુ સિફ્તથી ઢાંકવા મથે છે. દેખીતી રીતે જૂથ જેવું કશું જ નથી એવું લાગે ને છતાં એની વાડાબંધી તો નક્કર હકીકત જ હોય, તો કેટલાક જૂથ ઉઘાડેછોગે ને વધારે પડતી ઘોંઘાટભરી જાહેરાતથી કામ કરતાં હોય છે. એમાં આદિવાસી પ્રજાના જૂથના જેવી રીતરસમો જાણીકરીને અપનાવવામાં આવી હોય છે : એ એનું બાહ્યા અલંકરણ બની રહે છે. એમાં પણ જૂથ પ્રત્યેની નિષ્ઠા અને એના નીતિનિયમો પર ભાર મૂકવામાં આવે છે. આ જૂથમાં એક પ્રકારની નિખાલસતા હોય છે. એમાં દમ્ભીને સ્થાન નથી. એના રાગદ્વેષ જાહેર હોય છે. આ પારદર્શી નિખાલસતા એનો મોટો ગુણ છે. પણ કહેવાતા ભદ્ર વર્ગના સંસ્કારી સમાજનાં જૂથોમાં તો બહારથી ઉદાર-મતવાદી વલણ, લોકશાહી માટેનો આગ્રહ અને છતાં લોખંડી પુરુષોની શોધ ચાલુ. એ જૂથમાં એક સરમુખત્યાર તો જરૂર હોવાનો, પણ એ બહારથી સો ટકા અભિજાત સજ્જન દેખાય, મોઢા પર વિજય, આછું મરકતું સ્મિત, વાણી મધુર, આચાર અણિશુદ્ધ, વ્યક્તિત્વ સૌમ્ય પણ એ બધાં પાછળ પેલું વજથી કઠોર એવું તત્ત્વ કામ કરતું હોય. વિચક્ષણની નજરે એ જરૂર ચઢે. જે ભયભીત છે, જેનામાં આત્મવિશ્વાસ નથી, જે સ્વતન્ત્રતાને મૂળભૂત અધિકાર લેખતો નથી તે જ મોટે ભાગે આવા જૂથમાં ભળતો હોય છે. જેને કશું ખાટી જવાનો લોભ નથી, જે પૂરતી માત્રામાં નિ:સ્પૃહ છે, જે બીજાએ આપેલી માન્યતા સ્વીકારવા પરત્વે ઉદાસીન છે અને જે પોતાની શક્તિ પર મુસ્તાક રહીને જીવે છે ને પોતાની મર્યાદાઓને ઓળખવા જેટલો પ્રામાણિક છે તેને આવા જૂથનું શરણું લેવાની જરૂર રહેતી નથી. કોઈ જૂથ એને પોતાનો ગણે કે ન ગણે તેની એને ઝાઝી પડી હોતી નથી. બહુ નિકટનો મિત્ર હોય અને છતાં એની વિચારસરણી જોડે એને પ્રામાણિક મતભેદ હોય. આ મતભેદથી મૈત્રીને કશું નુક્સાન થાય નહીં. જો આપણું ઊમિજીવન કેળવાયેલું હોય તો આ શક્ય બને. પણ ઉગ્ર આક્રમક પ્રતિભાવો પાડવાનું જાણી કરીને વલણ કેળવનારો પણ એક વર્ગ છે. સુધરેલી ઢબે જંગલી દેખાવાની ફ્રેશન આ વર્ગ પ્રચારમાં લાવે છે. આપણો દેશ તો ભાવી ભક્તોથી

ભરેલો છે. આવું એકાદ જૂથ થયું કે ભાવિકો ઊભરાવાના જ. રમૂજ પમાડે એવી વાત તો એ છે કે સ્થાપિત મૂલ્યોનો વિરોધ કરનારાં જૂથ જ પોતાની અધકચરી વિચારણાને જડપૂર્વગ્રહોના વર્ણસંકરી મિશ્રણમાંથી ઉપજાવેલાં મૂલ્યો વિશે દુરાગ્રહ સેવતા હોય છે ને એના પાલન માટે સરમુખત્યારશાહી, જોહુકમી પણ ચલાવતા હોય છે.

વેદના વખતમાં વ્રાત્યો હતા. કોઈકે 'આઉટસાઇડર'નું ગુજરાતી શું કરવું એવું પૂછ્યું. મને આ વ્રાત્ય શબ્દ એને માટે યોગ્ય લાગ્યો. એ જમાનામાં ચુસ્ત કર્મકાણ્ડી સમાજની બહાર ચાલ્યા જઈને શુદ્ધ માનવ્યની સાચી કિંમત આંકનારા આ વ્રાત્યો ખરા 'આઉટસાઇડર' હતા. એમણે એ જમાનાના દેવોને નહોતા સ્વીકાર્યા કે કહેવાતા શિષ્ટસંમત આચારને પણ નહોતો સ્વીકાર્યો.

એક સ્વતન્ત્ર વ્યકિત તરીકે મારે જીવવું હોય તો આજે એવી પરિસ્થિતિ છે કે મારે 'વ્રાત્ય' બનવું જ પડે. સ્વતન્ત્ર વ્યકિતને તો કોઈ પણ જૂથનું ચોકઠું નાનું પડે. માણસ કશા ચોકઠામાં પુરાવા માટેનું લાચાર પ્રાણી નથી. સત્ય શું છે એ વિશેની શોધ કરવા માટે યુવાન નાગરિકોને છંછેડનારા સોક્રેટિસ ઝેર પીવાને તૈયાર હોય જ. પણ એવી કશી ધાકધમકી કે મૃત્યુદણ્ડથી પણ એની સ્વતન્ત્રતાની ખુમારી તમે ઝૂંટવી લઈ શકો નહિ. એ તો કારાગારમાં બેઠો બેઠો મરણની ઘડી ગણાતી હતી ત્યારે પણ, સંગીતનું વાજંત્રિ બજાવવાનું શીખતો હતો.

ગુલામોનો વેપાર કરનારા આજે આપણી વચ્ચે પણ છે. ગુલામોનાં અંગ ઢાંકવાનાં વસ્ત્રો વધુ ઊજળાં બન્યાં છે ને એમના હાથપગમાં પહેરાવેલી બેડી હવે ચોકખી દેખાતી નથી એટલું જ. પોતાનો દોર ચાલે એમ ઇચ્છનાર, એ પ્રમાણે કડક હાથે કામ લેવામાં માનનાર, માનવતાને નામે હૃદયને નબળું ન બનવા દેનાર દરેક ગુલામોનો મોટે ભાગે વેપાર કરતો હોય છે. એક વાર પોતાના કડકપણા વિશે ખ્યાતિ પ્રસરી, ઝૂંસરી ઉપાડી લેવા થોડી ગરદન ઝૂકી પછી સરમુખત્યારની ગાદી પર એ સ્થિર આસને બેસી જાય છે.

જો આવા લોકોનું જૂથ'એસ્ટાબ્લિશમેન્ટ'ને નામે ઓળખાતું હોય તો સુરંગ ચાંપીને એને ઉડાડી મૂકવામાં મને રસ છે અને તે પણ કાવતરું કરીને નહીં, છડેચોક ધોળે દિવસે, મુશ્કેલી એ છે કે દશમાંના નવ ગુલામ હોય છે. કોઈના ને કોઈના પડછાયા હોય છે. એવાને મોઢે સાહિત્યની કે સંસ્કૃતિની વાત શોભતી નથી. છતાં એવા લોકો જ સાહિત્યના માનદણ્ડ ને ચાંદઇલ્કાબની લ્હાણી કરવાનાં. સરકારી ઇનામની વહેંચણી વિશે એક 'ઇનામી' નાટ્યકાર ફરિયાદ કરવા આવ્યા, મેં કહ્યું : 'સાહિત્યકાર ફરિયાદ કરવા

જેટલો મામૂલી કે લાચાર નથી, ચાલો અત્યારે ને અત્યારે સરકારને જણાવી દઈએ કે અમે સરકારી ઇનામો સ્વીકારવા માંગતા નથી કારણ કે એમાં સાહિત્યિક મૂલ્યની રાજસત્તાને હાથે વિડમ્બના થાય છે. લો કરો દસ્તખત. પણ ઇનામ માંગવા ટેવાયેલા હાથમાં એ દસ્તખત કરવાની તાકાત નહોતી!

# વિદગ્ધતાનો મહિમા

વાત તો ચાલતી હતી કળા વિશે. ચિત્રકળા કે શિલ્પકળાને સમજવાનો મારો દાવો નથી, પણ ચિત્ર કે શિલ્પ જોઈને નરી મુગ્ધતા કે પછી નર્યા અણગમાનો પ્રતિભાવ જેમને થાય છે એમની જોડે જીભાજોડી કરવાનો હું કશો અર્થ જોતો નથી. આપણા શહેરમાં ચિત્રકારો છે, શિલ્પીઓ છે. થોડાક ઉદ્યોગપતિઓ કે ધનિકો એમની કળાકૃતિઓ કોઈક વાર ખરીદે છે. કોઈ અવલ દરજ્જાની હોટલમાં 'મ્યુરલ' કરવાનું કામ પણ એમને સોંપાય છે. પણ આ સિવાયનો એક શેખીખોર વર્ગ છે. એ કળામાં સમજે ઓછું પણ પોતાની સંસ્કારિતાની છાપને જાળવી રાખવા એ ઘણી વાર પોપટિયા ભાષા રટ્યા કરે છે, એટલું જ નહીં, કળાકારને સલાહ આપવાની પણ ઘણી વાર ધૃષ્ટતા એ કરી બેસે છે.

ધાતુને તેજાબથી કોરીને બનાવાતી કૃતિઓ વિશે કોઈ કશુંક કહેતું હતું. એમાંથી વાત નીકળી, કળામાં કશું નકામું જતું નથી. કાંઈક બનાવતાં જે કાંઈ વધ્યું હોય તેને પણ બીજી રીતે લેખે લગાડી શકાય. આપણા એક શિલ્પીએ મુકન્દ આયર્નમાંના ભંગારમાંથી શિલ્પો રચ્યાં હતાં, સીસા અને જસતના વધેલા પતરામાંથી ગળામાંના હારમાં ઝૂલતાં લટકણિયાં કોઈએ બનાવ્યાં હતાં, એ જોઈને ભદ્ર અને પશ્ચિમ તરફ ઝૂકેલા સમાજના પ્રતિનિધિઓમાંના એક સન્નારી મોઢામાંથી સિગારેટનો ધુમાડો કાઢતાં કાઢતાં બોલ્યાં : 'ફ્રેન્કલી સ્પીકીંગ, આય ડોન્ટ અન્ડરસ્ટેન્ડ વ્હાય આઇ શુડ કોલ ઇટ અ વર્ક ઓવ આર્ટ?' મને જરા ટિખળ કરવાનું સૂઝ્યું, મેં કહ્યું : 'તમે ઘડીભર એ ભૂલી જાઓ કે આ વસ્તુ વધ્યાઘટ્યા જસતના પતરામાંથી બની છે. એનો આકાર જુઓ.' એમણે મારી વાતને હસી કાઢી કહ્યું, 'હા, તમે આકારવાદી છો તે હું જાણું છું. એવા કશા હમ્બગને હું માનતી નથી.' મેં મોઢું ગમ્ભીર રાખીને કહ્યું : 'આનો આકાર તે આદિવાસીઓ ખાસ

કરીને ઓસ્ટ્રેલિયાના માઓરીઓ જે પ્રકારની ઢાલ વાપરતા તેનો આકાર છે. એ કોઈ સ્ત્રી વક્ષ:સ્થળ પર ધારણ કરે તો પુરુષોની પાશવી નજર સામે એનું રક્ષણ થાય છે.' પાછળનું વાક્ય મેં ઉમેર્યું એટલે વાત હળવી બની ગઈ ને એ સન્નારી હસી પડ્યાં. એમની જોડે તો ગમ્ભીરતાથી ચર્ચા કરવાની કોઈ ભૂમિકા નહોતી. પણ વધારે પડતી વિદગ્ધતાથીય માનવી કંટાળે છે. એ વિદગ્ધતા જ એની સંવેદનાના સારા એવા ક્ષેત્રને નકામું કરી નાખે છે. વિદગ્ધતાનું કઠણ કોચલું ભેદીનેય જગતને – દૃશ્ય સ્પર્શ્ય જગતને – અનુભવવાની કળાકારને ઇચ્છા થાય. આથી સ્વેચ્છાએ સંસ્કારિતા ને વિદગ્ધતાના આવરણને ખસેડી નાખીને એ ફરીથી આદિમ પ્રાકૃત આવેગોને અનુભવવા ને આકારવા ઇચ્છે છે. એ જે પૂર્ણતાને ઝંખે છે તેમાં નરી વિદગ્ધતા ન ચાલે કારણ કે એ ઘણું બધું બાદ કરી નાખે છે. આથી આદિવાસીઓની કળા જોઈને પશ્ચિમની ચિત્રકળામાં પરિવર્તન થયું. આદિવાસીઓની કળા જીવનના વ્યવહારની નજીક હતી. એમનાં રોજ-બ-રોજનાં ઉપયોગનાં સાધનોમાં એ કળા ઓતપ્રોત થઈ ગઈ હતી. આજે એ કળાને માણવા માટેના જુદા પદાર્થ રૂપે આપણે પ્રદર્શનોમાં રજૂ કરીએ છીએ, ત્યારે એવું નહોતું. આજના યન્ત્રયુગમાં ઉત્પન્ન થતી ઉપયોગની સામગ્રીને માનવીના હાથનો સ્પર્શ થતો નથી. આથી કળા પોતે જ એક રીતે જોઈએ તો વિદગ્ધતાનું પરિણામ બની રહી છે.

આની પ્રતિક્રિયા રૂપે કે પછી અંદર અનુભવાતી કશીક ઊણપને કારણે કળા ફરીથી 'પ્રિમિટિવિઝમ' તરફ વળી છે. સુધરેલો માનવી જાણીકરીને જંગલી દેખાવાનો પ્રયત્ન કરે તો એની ફેશન બની જાય. આજે પોશાકમાં, રહેણીકરણીમાં માનવી ભદ્રતાનું કોચલું તોડીને ફરી અસંયત ને પ્રાકૃત બનવાનો પ્રયત્ન કરે છે. પ્રયત્નપૂર્વકની જાણીકરીને કેળવેલી આ પ્રાકૃતતા કૃત્રિમ છે, પણ કળા નામે કૃત્રિમ જ હોય છે. એની કૃત્રિમતા જ એની સચ્ચાઈ છે. કવિતામાં પણ વિદગ્ધતાના ભાષા પર જામેલા થરને ખસેડીને સંવેદનો અનુભવવાનો પ્રયત્ન થતો રહ્યો છે. માનવી અનેક પ્રયત્ને એની સંવેદનાની ધારને તીક્ષ્ણ રાખવા મથે છે.

હું આ વિરોધનો વિચાર કરતો હતો. અત્યન્ત સંસ્કૃત માનવી જાણીકરીને પ્રાકૃત બનવા મથે, 'પ્રિમિટિવ' થઈને જગતને અનુભવવા ને આકારવા ઇચ્છે ને એનો એક સમ્પ્રદાય બને, આમ વિદગ્ધોની પ્રાકૃતતા જેવી એક ઓર તરેહની વિલક્ષણ વસ્તુ આપણા જમાનામાં જોવામાં આવે છે. કૌવત, વિધિ-નિષેધની ઝાઝી સૂગ વિનાની

અસંયત પ્રાકૃતતા – આનું આજે કવિઓ તથા કળાકારોને ઝાઝું આકર્ષણ છે. 'ચાલો પશુ થઈએ, ચાલો સંસ્કૃતિને ફગાવી દઈએ' એવા સૂત્રોચ્ચાર પણ થતા રહે છે. વાસી થયેલી, મરી જઈને કેવળ જડ કઠણ પોપડાની જેમ બાઝી રહેલી સંસ્કૃતિની માયા રાખવાનો કશો અર્થ છે ખરો? માણસે એની માયા છોડવી જ રહી.

આ સંસ્કૃતિનાં બાહ્યા લક્ષણો મુંબઈ જેવા કોઈ શહેરના ભદ્ર વર્ગના ફ્લેટમાં પગ મૂકશો કે તરત જ વરતાઈ આવશે. 'આ ક્રોકરી સ્વિટઝર્લેન્ડ ગયેલો ત્યાંથી લાવ્યો હતો.' 'આ માટીનો ઘોડો સોનગઢ વ્યારાના ગામીત ચૌધરીઓ મરેલાઓને માટે રમકડાં મૂકે છે તેમાંનો એક છે.' 'અમારી બેબી ભરતનાટ્યમ્ના વૈજયંતીમાલાના ક્લાસમાં જાય છે.' સ્ટ્રીમલાઇન્ડ ફર્નિચર, ઇન્ટિરિયર ડેકોરેટરની સફાઈ, લેમ્પશેઇડ – તમે જોશો તો બધી કૃત્રિમતા પરખાઈ આવશે. આ ચળકાટ જ જો સંસ્કૃતિને નામે ઓળખાતો હોય તો એની કશી માયા રાખવાની જરૂર નથી.

પહેલાં માણસની આંખો દૂર સુધી જોતી હતી. અંધારું સાવ અપારદર્શી નહોતું. પશુઓની મૂગી આંખની વાચા પણ માણસ સાંભળતો હતો, એના કાન સરવા હતા. એ ઘણું સાંભળતો હતો. એની ઇન્દ્રિયો સાવધ હતી, તીક્ષ્ણ હતી. એ લોહીના આવેગને પારખતો હતો. એ શરીર કે મન – બંનેને ઢાંકવાનું બહુ જાણતો ન હતો. લિવંગ્સ્ટિને આફ્રિકાના આદિવાસીઓને મેન્ચેસ્ટરનું સારામાં સારું કાપડ ભેટ તરીકે આપ્યું તો આદિવાસીઓએ તરત જ એને ફાડીને એના ચીરાનો માથામાં શણગાર કર્યો પણ અંગ ન ઢાંક્યું. એમની દૃષ્ટિએ અંગ તો ઈશ્વરે ઢાંકેલું જ હતું. પછી વળી એના પર વધારાનું એક અસ્તર આપણે શા માટે ઉમેરવું? પછી માણસે ઓજાર શોધ્યાં, એમાંનું એક ઓજાર તે ભાષા. એ ભાષાને ચિહ્નો દ્વારા સ્થિર કરી, લિપિ રચાઈ, પછી બીબાં થયાં. મુદ્રણકળા આવી. સંસ્કૃતિ હરણફાળે આગળ વધી. પ્લેટોએ એના જમાનામાં ચેતવણી આપી હતી. એણે કહ્યું હતું કે આ લખવાની શોધ સંસ્કૃતિને માટે ખતરનાક નીવડશે. એથી માણસ વિચાર કરીને સમજવાને બદલે ગોખતો થઈ જશે. લિપિ વડે ભૂતકાળને પણ જડી દેવાયો. એટલી વર્તમાન પરથી આપણી નજર ખસી ગઈ. પ્રત્યક્ષ જીવનની આડે લિપિ અન્તરાય બનીને ઊભી રહી. માનવી માનવી વચ્ચેનો સંવાદ ભાંગી પડ્યો. એને સ્થાને યાંત્રિક પદ્ધતિની કેળવણી આવી ગઈ. એક કૃતિ પર એક જણ ભાષ્ય રચે. એ ભાષ્યનું ભાષ્ય ને એનુંય ભાષ્ય – એમ પંડિતાઈ ડહોળવાનું વધી પડ્યું. હાથે લખેલી પોથી કે શિલા કોતરેલા અક્ષર પર આંખ ધીમે ધીમે આગળ વધે છે. છાપેલા અક્ષર

પર થઈને તો એ દોડી જાય છે, ને એમ દોડવામાં એ ઘણું કુદાવી પણ જાય છે. એની પાછળ રહેલું મન પણ દોડે છે. આથી એક પ્રકારની અધીરાઈ, અસ્થિરતા ને અજંપો વધે છે, ધીમે ધીમે માણસ સાંભળવાનું છોડીને વાંચતો થઈ જાય છે, દૂર દૂર ભમતી આંખ બીબાંઓની હાર વચ્ચે દોડે છે.

હવે આની પણ પ્રતિક્રિયા થઈ. હવે ફિલ્મ, રેડિયો ને ટેલિવીઝનને કારણે શબ્દથી વધારે પ્રત્યક્ષ એવી સંવેદના તરફ આપણે વળ્યા છીએ. ફરીથી શબ્દ બીબાંથી છૂટીને માણસને હોઠે જઈને બેસશે ને એને બોલતો જોઈશું ને સાંભળશું એવો જમાનો આવ્યો છે.

# લોકારણ્યમાં શબ્દ

ભૂખર વાય છે, ચારે બાજુ ધુમ્મસ છે અને વૃક્ષોમાંથી એનું નક્કરપણું ચાલી ગયું છે. ધુમ્મસમાંથી વૃક્ષો કટકની ચાંદીની કારીગરીમાં જેવી બારીક જાળી પાડે છે તેવાં લાગે છે. બધું સાવ સ્થિર છે. એ સ્થિરતામાં અકારણ વિષાદનો ભાર છે. એ મને બોદલેરના ચિત્તની આબોહવા જેવો લાગે છે. એ એની 'વોયેજ' નામની સુવિખ્યાત કવિતામાં કહે છે: 'અમને વિષથી પખાળો, એથી જ અમે શાતા પામીશું. અમારા મગજમાં એ વિષને અગ્નિની જેમ રેલાઈ જવા દો. અમે તો ઊંડે ડૂબકી મારવા ઇચ્છીએ છીએ, પછી ભલે ને એ સ્વર્ગ હોય કે નરક. પણ અમારે તો એ અજ્ઞાત અગોચરમાં ડૂબકી મારવી છે.' બોદલેરે ડૂબકી મારી. પરિણામ શું આવ્યું? ઉન્માદ અને અપમૃત્યુ. પ્રેમને એ ઝંખ્યો. એ પ્રેમને ચરણે એની કવિતાનું એણે નિવેદન કર્યું. પણ એને તો મળ્યો કારાવાસ. વિષપાન એણે કર્યું ને એ વિષવલ્લીનાં જે પુષ્પો તે આપણને ધરી ગયો.

આથી જ તો કદાચ ક્યિર્કેગાર્દે કહ્યું હશે સંવેદનની તીવ્રતા તે જીવલેણ વ્યાધિ છે. એ જીવ લઈ તો લે છે પણ એકદમ નહીં. એવી તીવ્રતા હોવી એ શાપ છે. અનુભવ તેજાબની દાહકતા લઈને આવે છે. એ હૃદયને તો મરણ પણ સ્વીકારી શકતું નથી. છતાં આ તીવ્રતાથી છટકી શકાતું નથી. એ સ્વભાવ સાથે જ આવે છે, ને મરણ સુધી રહે છે. કઠોરતાના આઘાત સહીને વિસ્મૃતિમાં નાંખી દઈ શકાતા નથી. એ સંવેદનામાં એકરૂપ થઈ જાય છે. સૂક્ષ્મતાની ધારને ખાંડી કરી નાંખે એવું રોજ બનતું જ રહેવાનું. આ બધા જોડે ચિત્તનું સમાધાન કરી શકાતું નથી. પરિણામે મરણને ખંડણી ભરીને જીવ્યે જવાનું રહે છે. આવી ફરિયાદ તો કરવાની હોય નહીં, અત્યન્ત નિકટના જે હોય તે પણ અસહિષ્ણુ થઈ જાય છે. જીવતા હોઈએ તે દરમિયાન જ ધીમે ધીમે આપણો વિલય અને

આપણું શ્રાદ્ધ થતું જોઈને જીરવવાની તાકાત હોવી જોઈએ. જો એ નહીં હોય તો ધીમે ધીમે બધાં પીઠ ફેરવી લે. ઉચ્ચારેલો શબ્દ લોકારણ્યમાં ઘૂમીને અથડાઈને પડઘાઈને પાછો આવે, જ્યાં સદાના આવકારની અપેક્ષા ભોળા હૃદયે રાખી હોય ત્યાંથી જાકારો મળે અને તે પણ દૃઢ સ્વરે એક પણ આંસુ વિના. આથી જ તો રિલ્કેએ કહ્યું હતું કે હાથમાં હાથ મિલાવતી વખતે જ વિદાયની ક્ષણનો ખ્યાલ મનમાં રાખવો. કારણ કે આંગળી સાથે ગુંથાઈ જતી આંગળીઓ આખરે એનો બંધ શિથિલ કરી નાખીને સરી પડે છે ને પછી આપણો નિરાધાર હાથ પાનખરમાં ખરતાં પાંદડાંની જેમ નીચે ને નીચે સર્યે જાય છે.

આ ધુમ્મસ મારા ચિત્તમાંના વિષાદને બહેકાવે છે. એવે વખતે સૌથી ઉચિત વ્યવહાર તે મૌનનો વ્યવહાર છે. મૌનથી ગૌરવ રહે, મૌનથી ગેરસમજ અટકે, મૌનથી ક્ષમા મળે, મૌનથી આપણે સહ્યા બનીએ. નહીં તો અસહિષ્ણુતા વધે. પણ મૌનની ક્ષણે આપણું વાચાળ હૃદય તો આપણને છંછેડ્યા જ કરતું હોય છે. ખંડિયેરના જેવા પોતાના જ ભગ્નાવશેષને વળી ભાષાના સૂત્રમાં પરોવીને અખંડ બનાવીને રચવાનો ઉદ્યમ પણ કર્યા વિના રહેવાતું નથી. છતાં આખરે તો મૌનનો જ આશ્રય લેવો રહ્યો.

એથી જ તો કોઈ વાર મારા લખેલા શબ્દોનો એકસામટો ભાર મારા પર જ તોળાઈ રહેતો અનુભવું છું. એને ફૂંક મારીને ઉડાવી દેવાનું મન થાય છે, એ શબ્દો પણ ઘણી વાર મારી જ જેમ જાકારો સાંભળીને પાછા આવ્યા છે. હવે એમને કોઈ આશ્રયસ્થાન નથી. કશોક ઉગ્ર સન્તાપ મારામાં પ્રકટે ને એની ઝાળથી એ બધા શબ્દો સળગીને ભસ્મીભૂત થાય એમ ઇચ્છે છે. આથી જ જ્યારે સાહિત્ય વિષેની ડાહી ડાહી વાતો કરવાનું આવે છે ત્યારે મનમાં કચવાટ થાય છે. હું જ શ્રોતા તરીકે મને સહી લઈ શકતો નથી. મારા ભાવીની ધૂંધળી રેખાઓ આંખે આંસુની ઝાંય લાવી દે છે. ને હું કશું જોઈ શકતો નથી. તો પછી કશાના ભાવીની વાત શી કરવી?

હવે આ દેખતી આંખનો અંધાપો જિરવવાનો રહ્યો. એ એક વિચિત્ર અનુભવ છે. બધાંની વચ્ચે આપણે હોઈએ ને દૃઢપણે માનીએ કે આપણી ઉપસ્થિતિ નક્કર છે. પાસે બેઠેલાનો શ્વાસ આપણને સ્પર્શે એટલી નિકટતા છે ને છતાં એકાએક ખબર પડે છે કે આપણે જ ભુંસાઈ ગયા છીએ. કોઈને સમ્બોધીને એક શબ્દ બોલવા જઈએ ને તરત જ ખબર પડી જાય છે, ભ્રાન્તિ દૂર થઈ જાય છે. આવી રીતે ધીમે ધીમે ભુંસાતા જવું એનું નામ મરણ!

છતાં ટેવનું અસ્થિપિંજર જળવાઈ રહ્યું છે. રોજ સવારે એ સૂર્ય જોવો, નૈમિત્તિક

ક્રિયાઓ કરવી, ખાનપાન કરવાં, થોથાં ઉથામવાં, બે અક્ષર ટપકાવવા, દશ અક્ષર બોલવા, વાર્તાલાપ ચાલુ રાખવો ને એ બધા દરમિયાન શૂન્યના પડઘા સાંભળવા, પછી રાતે અનિદ્રાથી ચચરતી આંખે અંધાપાને આવકારવો આ ચક્ર ઘૂમે છે, ચીંચવાય છે ને દિવસ-રાતના સાંધા સંધાતા જાય છે. આમ છતાં આ વ્યથા ને વેદનાની અભિવ્યક્તિ માટે તેજાબી ભાષા મળતી નથી, કારણ કે હજુ કૂણાપણું ગયું નથી, હજી આંસુ સુકાયાં નથી. આંખમાંથી શિશુનું ભોળપણ ગયું નથી. બે પ્રેમના શબ્દો સાંભળીને હજી ઘેલા બની જવાય છે.

કોઈ વાર એવી સ્થિતિ કલ્પું છું કે આ નક્કર લાગતા શરીરને પવન પાતળા કાગળની જેમ હલાવીને ઉડાડી દેશે, સૂર્યનાં કિરણો શિરાએ શિરાને છિદ્રથી વીંધી નાંખશે ને છાપ ખાઈને પડતા પતંગની જેમ પડી જવાશે, પણ આ સૃષ્ટિમાં એટલા બધા આશાવાદી થવાની છૂટ નથી અથવા તો કોઈ એવો ચમત્કાર થાય, કોઈ એવો શાપ મળે કે પથ્થર થઈ જવાય. આ સૃષ્ટિમાં અમર તો પથ્થર છે. આ આપણી પાસેના પાવાગઢનું આયુષ્ય પાંચ કરોડનું છે એવું સાંભળ્યું. પણ આ કાયાની માટીને પથ્થરમાં પલટી નાંખનારો શાપ પણ કોણ આપે? એ શાપ પામવાને પણ સતજુગમાં જવું પડે!

પોષની ચાંદનીને પાસેના મેદાનમાં પથરાયેલી જોઉં છું. એની ધૂસરમ્લાન કાન્તિ હૃદયને હલાવી જાય છે. એ જાણે આ પૃથ્વી પરથી વિદાય લઈ ગયેલા મૃતજનોની અશ્રુધૂસર દૃષ્ટિનો વિસ્તાર છે. એમાં કોઈ આંખને ઓળખી શકાતી નથી. ને છતાં કેટલી બધી આંખો છે. આ ઋતુમાં વદાયનો હાહાકાર છે. પાંદડાંઓ નિઃશ્વાસ નાખીને ખર્યે જાય છે. સૂની સૂની શાખાઓ વચ્ચેથી પવનનો નિઃશ્વાસ સંભળાય છે અને કાન માંડીને સાંભળીએ તો આકાશ પણ એવો જ ઊંડો નિઃશ્વાસ નાંખતું સંભળાય છે. તારાઓની હીરકજ્યોત ઝાંખી પડી છે. સૂર્ય જેવો સૂર્ય પણ આછું ઉપરણું ઓઢીને ફરતો થઈ ગયો છે. હવે તો યાદ આવે છે બાળપણના દિવસો, એ ઘરનો વચલો ઓરડો. શિયાળો સંકોચે છે, દાદા હંમેશાં દૂર રહેનારા તેય આ શિયાળામાં એ વચલા ઓરડામાં અમારી સાથે બેસતા, પછી તાપણી થાય, લાકડાં બળે, બળેલા લાકડાની એ ભાત, એમાં જે અગ્નિનું બારીક નકશીકામ દેખાતું તે હજી આંખને તો યાદ છે, પછી વચ્ચે કોઈક બળતા લાકડાની બખોલમાં પુરાઈ રહેલી હવા અગ્નિના સ્પર્શથી ચમકીને નાસી જાય તેનો અવાજ સંભળાય ને એ અશરીરી અવાજથી ભડકી ઊઠીએ. સળગતાં લાકડાંના ઓળા દાદાની આંખમાં નાચે ને રોજના જોયેલા દાદાને કોઈક અપાથિર્વ વસ્તુની જેમ અમે જોઈ

રહીએ. પછી રજાઈની ખેંચાખેંચ, પણ તે વખતની નિદ્રાનું એવું તો ઘટ્ટ પોત કે એમાં સહેજસરખું છિદ્ર ન દેખાય, હવે તો અનેક દુ:સ્વપ્ન અને આવેશથી એનું પોત જર્જરિત બની ગયું છે. આથી જ તો એ નિદ્રાના પોતની આરપાર જોઈ શકાય છે ને ત્યાં દેખાય છે ખંધું મરણ.

અત્યારે તો વસન્ત બહુ દૂર લાગે છે. છતાં આંબાને તો એંધાણી મળી ચૂકી છે. વચમાં માવઠું થઈ ગયું, હિમાલયનાં આંસુ જાણે અહીં સુધી રેલાઈ ગયાં. એથી જ તો એનો તુહિનશીતલ સ્પર્શ મજ્જાને સુધ્ધાં કોરી ગયો.

# માનવજીવનની દયાજનકતા

ફ્રાન્ઝ કાફકાએ એક જગ્યાએ લખ્યું છે : 'કેટલાક સૂર્ય તરફ આંગળી ચીંધીને યાતનાને નકારે છે પણ એ યાતના તરફ આંગળી ચીંધીને સૂર્યને નકારે છે. આલ્બેર કામ્યૂએ સૂર્ય તરફ આંગળી ચીંધીને આશાવાદ સ્વીકાર્યો હતો. આજે ફરી પ્રશ્ન થાય છે : સૂર્ય તરફ તાકવાથી બધે પ્રકાશ છે, ક્યાંય અંધારું નથી, આશાને સ્થાન છે એમ માની લઈશું? માઇકેલ જોશેન્કો નામના કટાક્ષકાર રશિયન વાર્તાકારની એક વાર્તા યાદ આવે છે. રશિયામાં ક્રાન્તિ થઈ. ગામડે ગામડે વીજળી પહોંચી ગઈ. એવા જ એક ગામડામાં વીજળી આવી. લોકો રાજી રાજી થઈ ગયા. એમને થયું : હાશ હવે દીવાસળી ફંફોસવાની નહીં, બટન દબાવ્યું કે બધું ઝળાંઝળાં. એક કામદાર સવારનો કામ પર જવા નીકળી જાય, છેક સાંજે ઘેર આવે, દીવાસળી શોધે, ફાનસનો ગોળો સાફ કરવાનો રહી ગયો હોય, ઘાસતેલ પૂરવાનું બાકી હોય, દીવો સળગાવવો એ કાંઈ સહેલી વાત છે! એને થયું – આજે તો આ બધી જંજાળમાંથી છૂટીશું. એ રાજી થતો થતો સાંજે ઘેર પાછો ફર્યો. હોંશે હોંશે બટન દબાવ્યું, ઘર પ્રકાશિત થઈ ઊઠ્યું. ને એણે ચારે તરફ નજર ફેરવી : અરે, મારું ગાદલું આટલું બધું ફાટેલું હતું! ભીંત આવી ગંદી થઈ ગઈ છે! આટલા બધા વંદા દોડાદોડ કરે છે; મારાં કપડાં આટલાં બધાં મેલાંદાટ! ચારેતરફ એની ગરીબી, એનું દરિદ્રીપણું જાણે દાંત કાઢીને હસવા લાગ્યું. એનાથી એ જોયું ન ગયું. એણે તો તરત જ વીજળીનો તાર કાપી નાખવાનો નિશ્ચય કર્યો, ને એ એમ કરવા જતો હતો ત્યાં જોયું તો નીચે ઘરની માલિકબાઈ વીજળીનો તાર જ કાપી રહી હતી!

એથી જ તો સૂર્યની નિષ્ઠુરતા હંમેશાં જીરવી શકાતી નથી. જ્યાં જ્યાં પ્રકાશ ત્યાં ત્યાં આશા એવી વ્યાપ્તિ બાંધી શકાય નહીં : માણસ જાતે થઈને જ, થોડું અંધારું પસંદ કરે

છે ને ઉપજાવી પણ લે છે, થોડો પ્રકાશ, થોડું અંધારું એવી સંધિની દુનિયામાં સત્ય તથા ભ્રાન્તિઓને મહાપરાણે ટકાવી રાખવાને માટે માનવી કેટલું મથતો રહ્યો છે!

બુદ્ધિવાદના જમાનામાં આ ભ્રાન્તિ પર આક્રમણ થયું. ધર્મ-ઈશ્વર-સમાજ બધા સપાટામાં આવી ગયા. આખરે બુદ્ધિએ પોતે જ થોડી ગૂંચ ઊભી કરવા માંડી. પૃથક્કરણના અન્તિમે પહોંચ્યા પછી વિજ્ઞાન અનિશ્ચિતતા આગળ આવીને ઊભું. આથી વળી ભ્રાન્તિના ઉદયની આશા બંધાઈ, ધીમે ધીમે બુદ્ધિની સામેનો પ્રત્યાઘાત ઉગ્ર બનતો ગયો.

રેશનલ મૅનને સ્થાને હવે ઇર્રેશનલ મૅન નામ ગવાવા લાગ્યું. પ્રતિક્રિયા હંમેશાં આપણને અન્તિમે લઈ જાય છે. આથી અરાજકતા, મૂલ્યધ્વંસને છેક છેડે જઈને આપણે આવકાર્યા. આમાં વળી ટકી રહેવાનો પ્રયત્ન કરવા માટે માનવી આધાર શોધવા લાગ્યો, એ આધાર શો હાઈ શકે? સાચું છે કે માનવી જીવવાને માટે બહુ મોટો પ્રપંચ લઈને બેઠો છે, એમાં રોકાયેલો રહે છે. સમાજમાં ભેગા મળીને રહેવાનું કાંઈ એટલું સહેલું નથી, લોકશાહીને રાજતન્ત્રનો આદર્શ ગણીએ તોય લોકશાહીનું સફળ રીતે સંચાલન એ કાંઈ સહેલું નથી. એક માનવી બીજા માનવીને માનવી લેખે સ્વીકારે એય તે કેટલી મુશ્કેલીભરી વાત છે! આમ આપણે મૈત્રી, બન્ધુત્વની વાતો કરીએ છીએ. પણ સ્વાર્થ મુશ્કેલીમાં આવે છે ત્યારે આપણે તરત એ બધું નેવે મૂકી દઈએ છીએ. મુત્સદ્દીગીરી કોને કહીએ છીએ? વ્યવહાર-કુશળતા કોને કહીએ છીએ? દાવપેચ લઢાવવા, બને તેટલી સંદિગ્ધતા ઊભી કરવી, એનું અર્થઘટન કરવામાં બુદ્ધિની કુશાગ્રતાનો ઉપયોગ કરવો ને એ રીતે અંતે તો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાની પેરવીમાં રહેવું.

આ અર્થમાં માનવીના જીવનમાં એક પ્રકારની દયાજનકતા રહેલી છે. પશુઓને મુકાબલે આવું વિકસેલું શરીર સાધનો ઉપજાવવાની ને વાપરવાની શક્તિ બુદ્ધિ છતાં જીવન કેટલીક વાર તો પશુથીય બદતર. માનવીઓ જે રીતે લડે છે તે જ્યારે પશુઓ જોતાં હશે ત્યારે એમને શું થતું હશે? આમ દેવની મૂતિર્ઓ ઘડી, ઠાઠ ને દમામથી પૂજાવિધિ યોજ્યા, શંખઘણ્ટા વગાડીને આરતી કરી ને છતાં દેવની વાત તો દૂર રહી. માનવીમાં છુપાયેલું પશુ ઘુરકિયાં કરતું રહ્યું. દેશનું તન્ત્ર રાજપુરુષોના હાથમાં ભલે હોય, વ્યવસ્થાની આંટીઘૂટી ભલે એ લોકો સમજે ને ઉકેલે પણ માનવજાતના ભાવીનો પ્રશ્ન કોઈ સાંકડા પ્રયોજનને જ ધ્યાનમાં રાખીને ઉકેલવાનો પ્રયત્ન કરે ત્યારે એમને એમ કરતાં વારી શકે એવી કોઈ શક્તિ આપણી પાસે રહી છે ખરી? બર્ટ્રાન્ડ રસેલ

વૃદ્ધાવસ્થામાં અણુબોમ્બ સામેની ઝુંબેશ ચલાવે છે તો એ અનુકૂળ નથી આવતું માટે તરત આ કે તે રાજકીય પક્ષના ખાનામાં એમને મૂકી દઈને એ તો નર્યા પ્રચારવેડા છે એમ કહીને આવી ગભ્ભીર વાત ઠંડે કલેજે ઉડાડી દેવામાં આવે છે. અણુબોમ્બની રાખ મજ્જા સુધી પહોંચી જઈને ભાવિ પ્રજાને પણ યાતનાગ્રસ્ત કરી મૂકશે એવી વિજ્ઞાનીની ચેતવણી છતાં માનવી એ દિશામાં દોડ્યે જાય છે. ગરીબીનું નિવારણ, પછાત દેશોનો વિકાસ – આ બધાંમાં જે દ્રવ્ય લેખે લાગ્યું હોત તેને એક બોમ્બ બનાવવામાં વેડફી મારતાં કોઈ સહેજેય ખંચકાતું નથી. વિનાશને માટેની આ આંધળી દોટમાં હાથ પકડીને આપણને રોકે એવી કોઈ શક્તિ જો નહીં રહી હોય તો વિનાશને જ આપણે પરમ નિશ્ચિતતા માનીશું?

આખરે આટલા બુદ્ધિના વિકાસ પછી વળી પાછો એક પ્રકારનો દૈવવાદ આપણા પર વર્ચસ જમાવશે એવાં ચિહ્નો દેખાવા લાગ્યાં છે. એક દેશ માંડ ઊભો થવા જાય ત્યાં કાં તો આન્તરવિગ્રહ ફાટી નીકળે, કાં તો સીમાડાઓ સળગી ઊઠે ને ધીમે ધીમે મહા મુશ્કેલીએ જે કર્યું હોય તે બધું જ આ વેરઝેરની આગમાં હોમાઈ જાય. જો આમ જ થવાનું હોય તો કોણે દીઠી કાલ? ધનિકો ધન ભોગવે, ગરીબો પોતાનું નસીબ જ એવું છે એમ માનીને એવી રીતે જીવવાને ટેવાઈ જાય, ને આખરે ધીમે ધીમે નિરાશા ઊંડે ઊંડે વ્યાપતી જાય. હવેના જમાનામાં અવતારી પુરુષોની કે વિભૂતિઓની પણ શી દશા થશે તે કહી શકાય એમ નથી ગોવધબંધીના આંદોલનના પ્રશ્ન પરત્વે વિનોબાનું સન્ત તરીકેનું વ્યક્તિત્વ કશો પ્રભાવ પાડી શક્યું નથી, આથી વળી સંતો પણ માનવસમાજથી અળગા સરી જશે ને એ રીતે પશુને વિહરવા માટે કશો અંતરાય રહેશે નહીં.

જો પરિસ્થિતિ આવી હોય તો આ નિરાશા, હતાશા, યાતના સામે આપણે શી રીતે ટકી રહીશું? કોઈ રામરાજ્યની આશા, કોઈ રાજકીય પક્ષનાં જાહેરનામાંઓ, ભાવિ સુખને માટે અપાતાં વચનો આપણને આ હતાશાથી બચાવી શકશે ખરાં?

આ સ્થિતિમાં અદના આદમીનું શું? એનો ચહેરો તો ધીમે ધીમે ભુંસાતો જ રહ્યો છે. મતમથક પર એનો અંગૂઠો એ પાડે છે, ક્યાંક એ આંગળી ઊંચી કરે છે. ક્યાંક સરઘસમાં હેઇસો હેઇસો કરતો જોડાય છે, ને આખરે તો દિવસને છેડે એ પોતાની હતાશાની સામે જોતો બેસી રહે છે. આ માનવી છતાં માનવી મટી જનારા ને આખરે તો મૂંગાં પશુની જમાતમાં ભળી જનારાની સંખ્યા આપણા જમાનામાં વધતી જાય છે. જે લોકો સમાજમાં, રાજતન્ત્રમાં અગ્રસ્થાને છે એઓ આ વર્ગને જ સત્તાશોખ ભોગવવા સાધન

તરીકે, પોતાની ઇચ્છા પૂરી કરવાને મજૂરી કરનારા ગુલામો તરીકે વાપરે છે, હવેના ગુલામો કેવા પ્રકારની ક્રાન્તિ કરશે? કોન્શન્ટ્રેશન કેમ્પમાં મૂગે મોઢે લાખ્ખોની સંખ્યામાં હોમાઈ ગયેલા માનવીઓની યાતનાએ પણ જો માનવજાતિના અન્તરાત્માને ઢંઢોળીને જગાડ્યો નહીં હોય તો સામૂહિક હત્યા હવે આપણને કોઠે પડી ગઈ છે. કોઈ ધર્મ કે ફિલસૂફીની મદદથી નહીં પણ ટેવને કારણે આપણે હવે મૃત્યુ સ્વીકારી લીધું છે. મરણનો આ સ્વીકાર એ ખરેખર ચોંકાવી મૂકે એવી ઘટના છે. એટલે અંશે જીવનને આપણે નકાર્યું છે. રડ્યાખડ્યા આદમીનો આપઘાત તો કોઈ સમાજવિજ્ઞાનીના કોષ્ટકનો આંકડો માત્ર છે. આવી સ્થિતિમાં ચૂંટણીના ઢંઢેરાઓ, એને માટેની પડાપડી, એનો જોરશોરથી થતો પ્રચાર – આ બધું કેવું તો હાસ્યાસ્પદ લાગે છે! પોતાના વામણાપણાની જાહેરાત એ એક મોટું પ્રહસન છે, ને દેશને ભરખી જતી દારુણ પરિસ્થિતિ જ્યારે આવી કરુણ હોય ત્યારે આવાં પ્રહસનો ભજવાઈ રહ્યાં છે!

# કૃતક જીવનશૈલી

જે સમાજમાં લોકો એટલા તો વિચારહીન અને લાગણીહીન બની જાય કે નર્યા સુખને જ જીવનનું એકમાત્ર લક્ષ્ય ગણી બેસે તે સમાજને માથે આફત ઊતરે એટલું નક્કી. કોઈ પણ પ્રજાના સાંસ્કૃતિક વિકાસમાં થોડા પ્રમાણમાં દુ:ખ અને કઠિનતા અનિવાર્ય થઈ પડે છે. નરી સુખને માટેની ઝંખના ઘણી આફત નોતરી બેસે છે. સુખ સુખ આગળ અટકે છે. એ આગળની કશી દિશા ચીંધતું નથી. ને માણસ નવી ક્ષિતિજોની શોધનો અજંપો લઇને જન્મ્યો હોય છે, આથી દિશાશોધ, ધોરણોનો સ્વીકાર, વિચારણા કે સર્જકતા આ પૈકીના કશાની એમાં આવશ્યકતા રહેતી નથી.

એની અવેજીમાં કૃતક ચંતિનને મૂકીએ તોય પરિણામ ભાગ્યે જ સારું આવે. મનની શાન્તિ, આત્મા, આધ્યાત્મિકતા, ચિન્તામુક્તિ – આ બધાં વિશે વિચારવાનો ડોળ કરીને આખરે તો સુખ કેમ મળે એનો જ વિચાર કરતા રહેવાથી પણ કાંઈ વળે નહીં. પ્રેમ સાહજિક છે, પરોપકારની વૃત્તિ આપણામાં જન્મજાત છે. સ્ત્રીનું આકર્ષણ કુદરતી રીતે જ આપણામાં પ્રબળ છે એમ કહેવાથી સમસ્યાનો ઉકેલ આવી જશે એમ માનવું પણ ભ્રમણા છે. જો માનવીઓ વિચારે નહીં, કેવળ ચિંતા કરે, મુગ્ધ બને કે કશીક આન્તરિક વિક્ષોભની સ્થિતિમાં સતત રચ્યાપચ્યા રહે તો એથી ક્યાંય પહોંચી શકે નહીં કે કશું સિદ્ધ કરી શકે નહીં.

આજકાલ રેડિયો, સિનેમા, નાટક, મનોરંજન કે ભેદભરમની જાસૂસીકથાઓ, અશ્લીલ સાહિત્ય આ બધા સામૂહિક મનોરંજનના પ્રકારો જોવામાં આવે છે, આખરે એનો ઉદ્દેશ શો છે? એના બે પ્રકટ ઉદ્દેશ બતાવી શકાય. લોકોને પોતાના સામાજિક મોભા વિશે વધારે સભાન બનાવી સદા ઉશ્કેરાયલા ને અસન્તોષી રાખવા ને પછી

એ વિક્ષોભનું શમન કરવા જુદી તરકીબો યોજવી, જો મામલો વધારે ગમ્ભીર બને તો 'ફ્રન્ટલ લોબોટોમી'ની શસ્ત્રક્રિયાનો પણ આશ્રય લેવો, આ જ રીતે યુદ્ધ, લોહી રેડવું, હંસિકતાને ઉશ્કેરે એવું કરવું ને પછી એને શાન્ત પાડવા માટે એની અવેજીમાં સન્તોષ આપે એવું કશુંક શોધીને પરપીડક વૃત્તિને ઉત્તેજવી, કામવાસનાને બહેકાવે એવાં સાધનો ઊભાં કરવાં ને પછી વન્ધ્યત્વ લાવવાનાં સાધનો શોધવાં, માનવીની આ પ્રવૃતિ હાસ્યાસ્પદ નથી લાગતી?

સિનેમાની પટકથા અને મનોરંજનની મદનકથાના સુખાન્ત, બાળપણમાં લાગેલા આઘાતમાં સ્વભાવની વિકૃતિનાં મૂળ જોવાની વૃત્તિ ને એને મનોવૈજ્ઞાનિક ઉપચારના અર્વાચીન જાદુથી મટાડી દેવાનો ઉત્સાહ, અત્યંત થાકી ગયેલા મનને ઉત્સાહિત કરવા નરી કપોલકલ્પિત કથાઓ, નપુંસકતાના ભયથી પીડાતા આધેડ વયના પુરુષો માટે એમની જાતીય વૃત્તિના ઉછાળાના માપનાં રેખાંકનો, લાગણીવેડા – આ બધી કુત્સિત લાગે એવી પ્રવૃત્તિઓ નર્યા સુખવાદનું પરિણામ છે.

સુશિક્ષિત સંસ્કારી સમાજમાં આ બધું જુદી પરિભાષામાં ઢંકાઈને આવે છે. એમાં સમાજશાસ્ત્રીઓ પરિસ્થિતિ સાથે અનુકૂળતા સ્થાપવાની વાત કરે છે. બીજાના વિચારો કે મૂલ્યો પરત્વે અસહિષ્ણુતાનું પ્રદર્શન બાળકોની હાજરીમાં તો ન જ થવું જોઈએ! આથી એઓ પણ કદાચ આવાં ધોરણો સ્વીકારી બેસે ને તો સન્તુલિત જીવન ગાળવાનું ભવિષ્યમાં એમને માટે મુશ્કેલ થઈ પડે. બાળક કોનું ધોરણ સ્વીકારે તે ઇષ્ટ તેનો વિચાર કરવામાં આવતો નથી. માબાપના સંસ્કારો ઝીલે તે જ યોગ્ય, માટે જ તો, અમારા ઘરમાં તો આવું તેવું ચલાવી જ ન લેવાય એવો અભિમાનભર્યો દાવો, આથી જ ઘણા ભાગે બાળકો સમાજમાં ક્યાંક પોતાનું યોગ્ય સ્થાન પામી શકતાં નથી. પડોશીના ઝઘડાઓ ને ચુસ્ત શિસ્તપાલન કરાવનારા કડક સ્વભાવના શિક્ષકો અને એની સામે ઘરમાં થતાં લાડ આ વચ્ચે સંસ્કારી સમાજના ભાવી નાગરિકનું બાળપણ પસાર થાય છે. પિતા લાગવગ લગાવે છે ને પોતાના ગજા ઉપરાંતની સિદ્ધિના બોજા નીચે બાળકને કચડાતા રહેવું પડે છે. પણ સભ્ય સમાજમાં તો 'અસાધારણ પિતાની અસાધારણ પ્રજા' તરીકે જ આ પરિસ્થિતિનું વર્ણન થતું રહે છે. બાળક તો સદા નિર્દોષ છે ને બાળકોને માતા-પિતાનું વાત્સલ્ય મળે તો એ આદર્શ વ્યક્તિ બની રહે છે એવી ભોળી સમજ ઘણા વિદગ્ધોની હોય છે. ગમે તે પ્રકારની સંકુલ સમસ્યા જાણે અમુક સાધનોના ઉપયોગથી ઉકલી જશે એવું વિદગ્ધ વર્ગ માનતો થઈ ગયો છે. અમુક પ્રકારનું શેમ્પુ વાપરવાથી કે

ફિલ્ટરટીપ્ડ સિગારેટ વાપરવાથી જાણે ગમ્ભીર પરિણામોથી બચી જવાય એવી આ વર્ગ પણ શ્રદ્ધા ધરાવતો હોય છે. એવી જાહેરખબરો એણે વાંચી હોય છે ને એના સંસ્કાર એની વિદગ્ધતાને ભેદીને એના પર અસર કરતા રહે છે.

આને પરિણામે સાચી લાગણીની કશી કિંમત થતી નથી, સો ટકાની સર્જકતાને સંદેહની નજરે જોવામાં આવે કારણ કે એમાં યાન્ત્રિક મતૈક્યનો સ્વીકાર નથી. એમાં અસહિષ્ણુતાને પણ અનિવાર્ય ગણવામાં આવી છે. એમાં વ્યક્તિત્વની આગવી મુદ્રા ઉપસાવવાનો આગ્રહ હોય છે. સાચી લાગણી પ્રદર્શિત કરવી તે અસંસ્કારિતાની નિશાની ગણાય, કોઈ ખોટી વાતો કરતું હોય તો પણ 'વિનય' જાળવીને એ વિશે પ્રસન્નતા પ્રકટ કરવી તે શિષ્ટાચાર. આવો ભદ્રતાનો આગ્રહ રાખવામાં આવે ને તે મોટા ભાગના 'સંસ્કારી'માં ખપતા લોકો પાળે પણ ખરા, આખા દિવસમાં આવા લોકો કોની જોડે એક 'સાચો' શબ્દ બોલતા હશે? બોલવાનું પણ પછી કેવું? કોઈ ખાસ મુદ્દા નહીં, બુદ્ધિની પ્રખરતા કે તીક્ષ્ણતાને પણ સૌજન્યની કાનસથી ઘસીને વાપરવાની જેથી એની ધાર બુઠ્ઠી ને નિરુપદ્રવી બને. વિષાદ નહીં બતાવાય, ઉમળકો પણ ન બતાવાય, એ તો આછકલાવેડા ગણાય. થોડી થોડી વારે 'નાઇસ, હાઉ નાઇસ' એવું બોલતાં રહેવાનું, શબ્દો બિલિયર્ડના દડા જેવા લીસા ને ગોળ હોવા જોઈએ, ને એ ધારેલા પ્રતિભાવના ખાનામાં ગબડવા જોઈએ.

દિવસનો મુખ્ય ભાગ જે કામમાં કે વ્યવસાયમાં ગાળે તે જ જીવનને સાવ નકારી કાઢે, વ્યક્તિત્વને પોષે નહીં. પછી ઘરે આવીને કશી 'હોબી' લઈ બેસે, આને પરિણામે પૈસાદારની પત્નીઓ સામાજિક કાર્યકર બને, કેટલાક ચિત્રકાર થઈ બેસે, આમાંય હેતુ તો સામાજિક પ્રતિષ્ઠા મેળવવાનો ને આમ કરવામાં સાચી સર્જકતાનાં અપમાન વિડમ્બના થાય તે તો જાણે ગણતરીમાં લેવાનું જ નહીં. ઘણા નવરાશને વખતે કવિતા ચીતરે. આપણા શહેરના એક પ્રખ્યાત દાક્તર, વાઢકાપમાં કુશળ, મને કહે : હુંય વાર્તા લખતો, ને આજકાલની કચરા જેવી વાર્તા જોઉં છું ત્યારે થાય છે કે એના કરતાં તો મારી વાર્તા સારી હતી, મારે શિષ્ટાચાર જાળવીને કહેવું જોઈતું હતું આપ વાર્તા નથી લખતા તેથી ગુજરાતી સાહિત્યને ભારે ખોટ ગઈ છે. આપને તો કેવા કેવા અનુભવો થતા હશે! પણ એવું કશું મારાથી બોલી શકાયું નહીં. એઓ એવા કશાક પ્રતિભાવની આશાએ મારા ભણી તાકી રહ્યા ને હું એમની તરફ તાકી રહ્યો. અમારા બેમાંથી કોણ મોટો બબુચક તે નક્કી કરનાર કોઈ ત્રીજી વિચક્ષણ વ્યક્તિ ત્યાં હાજર નહોતી.

નર્યો સુખવાદ, વિચારશૂન્યતા, ભદ્રતાની પૂજા, શિષ્ટાચાર તે જ સદાચાર એમ માનવાની ધૃષ્ટતા – આનાં બે પરિણામ આવે છે : એક વર્ગ આની વિરુદ્ધને છેડે જઈને આત્મપીડન ને પરપીડનના બર્બર ને રોમેન્ટિક ઉપાયો અજમાવે છે. બીજો વર્ગ શેખીખોર બની જાય છે ને જ્યારે જે ચલણી હોય છે તે તત્પરતાથી સ્વીકારી લે છે; સ્વભાવે જૂનવાણી છતાં નવીન બનવાનો દુરાગ્રહ સેવતા ને એથી હાસ્યાસ્પદ(ને કેટલીક વાર તો કરુણ લાગે એવું ) નવીનતાનું અનુકરણ કરતા મુરબ્બીઓ પણ દેખાય છે. જેટલો પુત્રને પોતાનો કહેવાનો આનન્દ છે તેટલો જ આનન્દ કોઈ વિચારને પોતાનો કરવાનો હોવો જોઈએ. એની પણ એક આગવી પ્રતિષ્ઠા છે.

# નેગેટિવ સેન્ચ્યુરી

દોસ્તોએવ્સ્કીએ ઓગણીસમી સદીને 'ધ નેગેટિવ સેન્ચ્યુરી' કહીને ઓળખાવેલી. વીસમી સદીને માટે આવાં ઘણાં વિશેષણો યોજાતાં આવે છે. અણુયુગની વાત પણ જૂની થઈ. અવકાશયાનનો યુગ એવું કહેવાતું પણ સાંભળ્યું. કેટલાકને મતે આ સદી તે યુદ્ધની પરંપરાને કારણે ઓળખાતી સદી છે. યુદ્ધની જામગરી સદા સળગતી રહે છે. ક્યાંક એકાએક ભડકો થઈ ઊઠે છે. પણ યંત્રવિદ્યાનો વિકાસ એય મહત્ત્વની ઘટના છે. આથી આ યુગ ટૅકનોલોજીનો છે એમ પણ કહેવાય છે. આ યુગનો માનવી કેવો છે? માનવીની છબી કેવી અંકાતી આવી છે? સોલ બેલો નામના અમેરિકી નવલકથાકારે એને 'ધ ડેન્ગ્લીંગ મૅન' નામની એની નવલકથામાં આ વિશેપણથી ઓળખાવ્યો છે. આપણે ત્યાં પણ ત્રિશંકુ તો હતો. આ ઉપરાંત 'ચહેરા વગરનો માનવી', 'પરાળનો બનેલો માનવી', ' પોકળ માનવી', 'એકલવાયો માનવી', 'છંછેડાયેલો માનવી', 'ફેંકાઈ ગયેલો માનવી' આવાં અનેક વિશેષણો માનવીના માટે વપરાયાં છે. આ ઉપરાંત વ્યવસ્થાતન્ત્રનો સંચાલક માનવી 'ઓરગેનાઇઝેશન મૅન' ને 'ફંક્શનલ મૅન' એવી સંજ્ઞાઓ પણ આપણે સાંભળીએ છીએ. આપણા એશિયા ખણ્ડનો માનવી તો ભૂખ્યો માનવી છે. આફ્રિકાનો શોષિત માનવી છે. આ બધા માનવીમાં આખરે ભવિષ્યની પ્રજા આપણી સદીના માનવીને કંઈ સંજ્ઞાથી ઓળખશે?

સંસ્કૃતિઓ નાશ પામે છે, નગરો દટાઈ જાય છે. પછી સૈકાઓ બાદ પુરાતત્ત્વવિદ આવીને ટેકરાઓ ખોદે છે ને ત્યારે અવશેષરૂપે મળી આવે છે થોડાંક પાત્રો, થોડાક અલંકારો, થોડાંક રમકડાંઓ; આપણી સંસ્કૃતિના કાટમાળમાંથી શું નીકળશે? યન્ત્રનાં હાડપંજિરો? આપણી સદીમાં નવાં સ્થાપત્યોની ખાસ રચના થઈ નથી, કળાના અવશેષો

કેટલા જળવાઈ રહેશે એ પ્રશ્ન છે. ગયા યુદ્ધમાં તો પેરિસ તથા એમાંના કળાભંડારોને બચાવી લેવાયા, પણ ફલોરેન્સમાં રેલ આવી ત્યારે ત્યાંનાં દેવળોમાંનાં કેટલાંક સુન્દર દીવાલચિત્રો ને અન્ય કળાકૃતિઓ ધોવાઈ ગયાં, ભવિષ્યમાં આપણાં નગરો દટાઈ જશે અને કોઈને આપણું જડબું હાથમાં આવશે તો એને આધારે આપણી આખી આકૃતિ, આપણા અનુગામીઓ ઊભી કરી શકશે ખરા?

માઇકેલ હેરિંગ્ટને એના પુસ્તક 'ધ એક્સિડેન્ટલ સેન્ચ્યુરી'માં વીસમી સદીને આકસ્મિક કહીને ઓળખાવી છે. એમાં એણે એવું ચોકાવનારું વિધાન કર્યું છે કે અર્વાચીન ટેકનોલોજીની અસાધારણ કાર્યદક્ષતા નરી આકસ્મિક વસ્તુ છે. માનવજીવનમાં આવેલું પરિવર્તન પણ એવું આકસ્મિક છે. માણસની પોતાને વિશેની અભિજ્ઞતા ઝાંખી પડતી જાય છે એવું એણે દર્શાવ્યું છે. આ વિધાનના સમર્થનમાં હેરિંગ્ટને નવલકથાકારો, ફિલસૂફો, સમાજવિજ્ઞાનીઓ, કવિઓ અને થોડાક અર્થશાસ્ત્રીઓની મદદ લીધી છે. સમાજ અને સમાજમાં વસતા સમૂહો વચ્ચેનો વિચ્છેદ કેવી કરુણતા નિપજાવે છે!

આ વિચારકો જે બની રહ્યું હતું ને જેની સંભાવના હતી તેને સ્પષ્ટ જોઈ શક્યા હતા, ને એ ભારે ક્રાન્તિકારક હતું. માનવ અસ્તિત્વને અમુક કર્તવ્યો ને વર્ગીકરણના ખાનામાં વહેંચી નાંખવામાં આવ્યું છે જેથી એનું મૂલ્ય કાઢી શકાય, એનું માપ કાઢી શકાય ને એને સંખ્યાના કોષ્ટકના ચોકઠામાં બંધ બેસાડી શકાય. આદિમાનવમાં રહેલી કેટલીક પાયાની વૃત્તિઓ ને મૂળભૂત આવેગો એક વાર માનવીને પ્રકૃતિ જોડે સાંકળી રાખતા હતા. હવે સંબંધનાં સૂત્ર છેદાઈ ગયાં છે. માનવીએ બુદ્ધિનો વિકાસ કરીને નવાં શિખરો સર કરવાનો પ્રયત્ન કર્યો છે ને એમ કરવા જતાં કેટલીક વાર માનવનો સુધ્ધાં ભોગ આપ્યો છે. માનવી વાસ્તવિકતાને નરી બુદ્ધિ દ્વારા ખોળવા મથ્યો. આ પ્રયત્ન નિષ્ફળ જવા માટે જ નિર્માયો હતો ને આખરે નિષ્ફળ જ ગયો. આ વાત દોસ્તોએવ્સકી, એલિયટ, જોય્સ, માલરો વગેરેની કેળવાયેલી સંવેદના દ્વારા પ્રકટ થઈ છે.

માનવીમાં આવેલું આ પરિવર્તન નર્યું આકસ્મિક ગણી શકાશે? સમાજમાં એવું કશુ નહોતું જેણે ટેકનોલોજીના વિકાસને આજનું રૂપ આપ્યું છે. આ બળને નાથવાનું કે બીજી બાજુ ફંટાવી દેવાનું મુશ્કેલ બની ગયું છે એવું નથી? આ પહેલાંની ટેકનોલોજીનું ક્ષેત્ર મર્યાદિત હતું. એ યુદ્ધ, મનોરંજન અને જાદુ પૂરતું મર્યાદિત હતું. ટેકનોલોજીનો વિકાસ અણસરખો થતો રહ્યો છે, ને તેથી જ કદાચ એને આકસ્મિક ગણી લેવાયો હોય.

ટેકનોલોજીએ માનવીના પરિવેશને તથા એની વિચારણાને ધરમૂળથી પલટી નાંખ્યાં. શહેરો વસ્યાં ને જોતજોતામાં તો ગંદા વસવાટોથી ખદબદી ઊઠ્યાં, રોગચાળાનું પણ એ ધામ બની રહ્યાં. શહેરોની આજુબાજુનો વિસ્તાર પણ વણસતો ગયો. યન્ત્રને કારણે પરમ્પરાગત કસબ નાશ પામતા ગયા ને કસબીઓ સમાજના ભંગારમાં ફેંકાઈ ગયા, આથિર્ક દૃષ્ટિએ પણ એમની દશા બેઠી. પ્રાકૃતિક સામગ્રી પણ કોઈના હાથમાં સીધી પહોંચે એવું રહ્યું નહીં, એને માટે ભારે અટપટી યોજનાઓ રચાઈ. માનવી યન્ત્રને ફોસલાવી પટાવીને વધુ ને વધુ ઉત્પાદન કરાવનાર કારીગર માત્ર બની રહ્યો. વધુ ને વધુ જથ્થામાં માલ તૈયાર થવા લાગ્યો. શોધખોળનો આ દૃષ્ટિએ જ ઉપયોગ થતો રહ્યો. આ નવી પરિસ્થિતિએ જે દિશા લીધી ને એણે જે જોર પકડ્યું તેને ભાગ્યે જ આકસ્મિક કહી શકાય.

આ બળને વારવાના પ્રયત્નો કારગત નીવડ્યા નથી. ટેકનોલોજી આમ તો એક પ્રકારનો કસબ જ છે, પણ એણે માનવીની મહત્ત્વાકાંક્ષાને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ મહત્ત્વાકાંક્ષાએ એવી પરિસ્થિતિ ઊભી કરી છે કે થોડા માણસોની મોટા સમૂહને કાબૂમાં રાખવાની શક્તિ વધતી રહી છે. ઘણા બધા માણસો કશા અર્થ વગરનું ને પ્રયોજન વગરનું કામ ઢસડવામાં સંડોવાયા હોય છે. યંત્રોની ચાંપ દબાવનારના હાથમાં માનવીનું ભાવિ જઈ પડ્યું છે, આમ છતાં યંત્રે યોજેલી પરિસ્થિતિને પરિણામે આપણે નરી કાર્યસાધકતાની દૃષ્ટિએ જ માત્ર વિચાર કરી શકીએ તેમ છીએ. અંતરાત્માને સ્થાને ગણિતની પ્રતિષ્ઠા કર્યા પછી વિજેતા તો કાર્યસાધક આચાર જ બની રહે તે દેખીતું છે.

બીજાના પર અંકુશ રાખવાને માટેની કેટલીય યોજનાઓ ઘડાય છે. એમાં ઇજનેરો, વિજ્ઞાનીઓ, તન્ત્રચાલકો, કોમ્પ્યુટરના નિષ્ણાતો ને સહકારી મંડળીઓના શરાફો ભેગા મળીને કામ કરી રહ્યા છે. માનવીના જીવનમાં શાં પરિણામો આવે તેની વિચારણા કાર્યદક્ષતાના લાભમાં એમને જતી જ કરવી પડે છે, વળી દુર્ભાગ્યે માનવીઓ યન્ત્ર જેટલા વિશ્વાસપાત્ર નથી પણ કદાચ માનવીની મુક્તિ પણ એમાં જ રહી છે. એની નહીં ગાંઠે એવી સ્વભાવગત સંકુલતા આ કાર્યદક્ષતાના પૂજારીઓને મૂઝવી નાખશે એવી આશા રહે છે.

આ આશાવાદ નવા માનવસમાજની રચના કરવા આપણને પ્રેરી શકશે? સભ્ય ગણાતા અર્વાચીન માનવસમાજમાં ટેકનોલોજી ને એના ઉત્પાદનની માલિકી સામૂહિક

સ્વરૂપની હોવી ઘટે. વ્યક્તિને પોતાનો વિકલ્પ પસંદ કરવાની સ્વતન્ત્રતા હોવી ઘટે. આ રીતે સત્તા તથા સામર્થ્ય ટેકનોલોજીનો જવાબદારીભરી રીતે વિનિયોગ કરવામાં દોરવણી આપી શકે એવા મૂલ્યબોધમાં પરિવર્તન પામે એવું નીપજી આવવું જોઈએ.

આ બુદ્ધિમાં ઊતરે એવી વાત છે એની ના નહીં. ટેક્નોલોજીના આવિર્ભાવને સિદ્ધ કરવામાં જે યાતના માનવીએ ભોગવી છે તે એના વિજયને ઊજવવાનો ઉત્સાહ મારી નાખે તે દેખીતું જ છે. આજે માનવીએ પોતાના સિવાય પોતાની આજુબાજુ બધાંમાં ક્રાન્તિ લાવી દીધી છે. માનવીની નિર્વૈયક્તિક બનાવી દીધેલી વાસનાઓ કેવળ ઠાલાપણાની દિશામાં જ ધકેલી દે તે દેખીતું છે. એક વ્યક્તિ તરીકે કશીક ઇચ્છાવાસના રાખવાનો એને ઉત્સાહ થવો જોઈએ. આત્મતુષ્ટિનું શૂન્ય તે માનવીનું વૈકુણ્ઠ નથી. આપણા જમાનાના કેટલાક વાચાળ વિચારકો એમને બોલવાની તક સાંપડે એટલા ખાતર કેટલીક સમસ્યાઓ શોધી કાઢે છે, પણ આપણી સમસ્યાઓ તો એ સ્વરૂપની નથી. એનાં પરિણામો સહન કરનાર એને નકારી શકે જ નહીં. આ સમસ્યાઓ નરી સાચી અને પ્રચણ્ડકાય છે. એને પહોંચી વળવા માટે આપણે સારી પેઠે બુદ્ધિને કસવી પડે તેમ છે. આ અર્થમાં કદાચ એક પ્રજા લેખે આપણો ઝાઝો વિકાસ થયો નથી. પરમ્પરાપ્રાપ્ત મૂલ્યોની ટેકણલાકડી ઝાલીને આપણે વિકસિત દેશોની સાથે દોડમાં ઊતરી શકીએ નહીં. ક્રાન્તિને હજી અવકાશ છે, ને માનવી યંત્ર બની જાય તે પહેલાં એ ક્રાન્તિનો અંગદ કૂદકો મારવાનો છેલ્લો યત્ન કરી લે તેની જ જાણે હવે રાહ જોવાઈ રહી છે. કદાચ ક્રાન્તિ – સાચી ક્રાન્તિ હવે આવશે ને એના વિના આપણો જયવારો નથી.

# અનેકલોકવાસી કવિ

ઉપરકોટના કિલ્લામાં ફરતાં ફરતાં જોયું તો એક જગ્યાએથી પથ્થર ખસી ગયો હતો. એ બાકોરામાંથી નીચે જોયું તો નર્યું પોલાણ હતું, સૂર્યથી અસ્પૃષ્ટ શુદ્ધ અન્ધકારથી ભરેલું. ઉપર જોઈને ચાલતા હોઈએ, અસાવધ હોઈએ તો પગ એમાં પડે, નીચે સરી જવાય, હવે જિન્દગીમાં પણ એવું જ લાગે છે. ક્યાં બાકોરું આવી ચઢશે તે કહેવાય નહીં. એ હોય છે તો માત્ર એક જ ડગલાનો સવાલ પણ પગ સર્યો એટલે બધું સરી જાય – આકાશ, સૂર્ય કશું નહીં રહે. ઘણી વાર એવો અન્ધકાર ઘેરી વળતો લાગે છે. આંખો એને તળિયે ડૂબી જાય છે. શરીરની વ્યાવર્તક રેખાઓ ભુંસાઈ જાય છે. માત્ર ચેતનાનો તણખો ઝબૂક ઝબૂક થયા કરે છે એનું જ તો દુ:ખ છે. એટલા ઝબકારાને કારણે નર્યા અન્ધકારમય નથી બની જવાતું, એટલા નાના શા તણખાને આધારે અન્ધકારનો ભાર ઝીલવાનો રહે છે. અન્ધકારમાં થતા પરપોટા જેવું એ અસ્તિત્વ – એનું કેટલું મૂલ્ય?

પણ રિલ્કે તો કહે છે કે જેણે નરકની ભૂતાવળ વચ્ચે ઊભા રહીને વીણાના તાર છેડ્યા છે તે જ ચારે તરફ સ્તોત્રનું ગુંજન સાંભળશે. કવિમાં આ શક્તિ હોવી જોઈએ. કવિના નસીબમાં એક લોકના વાસી થવાનું નથી. એ અધો આ લોકમાં છે, અધો બીજા લોકમાં. અધો પ્રકાશમાં, અધો અન્ધકારમાં, અધો સ્વર્ગમાં, અધો નરકમાં, તળાવડીમાં પ્રતિબિમ્બ પડે છે. એ ડહોળાઈ જાય તે પહેલાં એની છબિ કવિએ ઝડપી લેવાની છે.

આને વરદાન કહીશું કે શાપ? ક્યિર્કેગાર્દે કહ્યું કે આ સંવેદનાની અતિમાત્રા તે શાપ છે. આમ બે ખંડોમાં વિભક્ત થવું. વિભક્ત થવાનો એ ઘા કદી રૂઝાવા ન દેવો એ પણ શું શાપ નથી? આ ઘાની વેદના તો પોતે ઝીલી લેવાની. મુખે તો હોવું જોઈએ ગીત, સાંભળનારાને એ વરદાન રૂપે પ્રાપ્ત થવું જોઈએ. ઓર્ફિયસની જેમ એણે તો પાછળ

કોણ આવે છે તે જોયા વિના વીણા વગાડતાં આગળ વધ્યે જ જવાનું છે. એ જેને ઝંખે છે તે તો એની પાછળ છે. કવિને તો એનો પોતાનો વિષાદ પણ નથી. એ તો જગતને પાછો વાળવાનો છે. પણ એને નવું અપૂર્વ આસ્વાદ્યરૂપ આપીને એની પાસે તો રહી જાય છે કેવળ વિષાદનું વજન. વિષાદનો ભાર વધારે લાગે છે. કંઠ રૂંધાઈ જાય ત્યારે પોતાને જ હાસ્યાસ્પદ બનાવીને હસાવ્યે જ છૂટકો! હસવું એ પણ એક ભયંકર લાચારી છે. હાસ્યનો પડદો શું ઢાંકે છે તે બીજા ન જોઈ જાય એવી સાવધાની રાખવાની રહે છે ને આમ છતાં જમાને જમાને પ્લેટો આવીને કવિને હદપારી તો આપવાનો જ. આ હદપારી કોઈ રાજ્યમાંથી હોય તો તો બહુ આકરી લાગે નહીં. પણ પોતાની નિકટ જે છે ત્યાં સુધી પોતાનો શબ્દ પહોંચે નહીં, પહોંચે તોય ઠાલો થઈને પાછો વળે ત્યારે એ પાછા વળેલા શબ્દોનો મોક્ષ શી રીતે કરવો? સાર્ત્રે એના ‘ઇન કેમેરા’ નાટકમાં નરકમાં ગયેલા માનવીઓનું વ્યાવર્તક લક્ષણ તે એમની કદી ન બંધ થતી આંખો છે એમ સૂચવ્યું છે. એની પાંપણ સુધ્ધાં ઉઘાડબંધ થતી નથી! આંખ ખોલવાનું સુખ છે, ધારીએ ત્યારે આંખ બંધ કરી શકવાનું પણ કેટલું મોટું સુખ છે! આંખ ફેરવી લેવી, આંખ પાછી વાળી લેવી, આંખ આડા કાન કરવા અને જોયું છતાં ન જોયું કરવું – વ્યવહારમાં આ બધી ક્રિયાઓ તો અતિપરિચિત છે. કવિની આંખ તો કદી બંધ થાય જ નહીં. આંખ બંધ કરીએ એટલે જાણે ગર્ભમાં જે સાથે હતો તે અન્ધકારમાં ભળી જઈએ પણ આવું વિલોપન કવિ માટે શક્ય નથી. કોઈને વિદાય આપી, રસ્તાનો વળાંક આવ્યો, આકૃતિ દેખાતી બંધ થઈ, આંખ પાછી વાળી. ત્યાં વાત પૂરી થઈ, પછી વદાય તે ભૂતકાળ, પણ આંખ તો પાછી વળીને વર્તમાનમાં ખૂલી. કવિને માટે એ શક્ય નથી. એની આંખો અભેદ્યને ભેદે છે, કાળ કે સ્થળનો અંતરાય એને નડતો નથી. માટે જ તો વદાયની એ પળ ચિરન્તન બની રહે છે એ દૃશ્ય ભુંસાતું નથી. આ અમરતા કવિની આંખની પાંપણ પર તોળાયેલી રહે છે! આથી તો ઘણી વાર બાજુમાં પડેલા પુસ્તકો જોઈને જીવ ગભરાઈ જાય છે. એ સદાની ઉન્નિદ્ર ઉઘાડી આંખોનો ઢગલો છે. એને બંધ કરી શકાય એમ નથી, એ કેવું કેવું જુએ છે? કેટલાં બધાં બ્રહ્માણ્ડ ખડાં થઈ જાય છે! એને સમાવી શકે એવી ચિત્તની સીમાઓ વિસ્તરી છે ખરી? છતાં એકાએક કોઈ કવિની બે પંક્તિ આંખે ચડે છે અને જાણે ‘ઓપન સિસેઇમ’ કહેતાંની સાથે ભેદી દ્વાર ખૂલી જાય છે. પછી વ્યવહારની આ સહીસલામત અકબંધ દુનિયા છોડીને એક અજ્ઞાત અગોચર વિશ્વમાં પગ મૂકીએ છીએ. એક નવું વાતાવરણ સ્પર્શી જાય છે.

ન્યાયશાસ્ત્રના પ્રણેતા ગૌતમ ઋષિ તો અક્ષપાદ કહેવાતા હતા. કારણ કે એમને તો એકે એક ડગલું તર્કશુદ્ધ રીતે જ ભરવું પડે. પણ કવિને તો અણુએ અણુએ આંખ. એ શું જોવાનું ટાળી શકે? અર્જુનને તો થોડી ક્ષણ વિરાટરૂપ દર્શન થયાં ને એ જીરવી ન શક્યો. કવિને તો વિરાટરૂપ દર્શન થયા જ કરે છે ને એ એને જીરવવાનું રહે છે.

આથી જ કવિને તો વિશેષણ ઉમેરીને મહાકવિ કહેવાની જરૂર નથી. એનું પરિમાણ તો વિશાળ હોવાનું જ , એની પ્રતીતિ તો એક પંક્તિમાં પણ થઈ શકે. વ્યવહારના જગતમાં તો લીટી દોરીને સીમા આંકી શકાય. આ આપણું ને આ બીજાનું, આ જમા અને આ ઉધાર એવાં ખાનાં પાડી શકાય. પણ કવિની સૃષ્ટિમાં તો બધું એકાકાર છતાં એમાંથી એણે નવી નવી આકૃતિઓ ઘડવી પડે, સ્વયં ભગવાનને તો દશ અવતારથી ચાલ્યું, કવિને તો કૃતિએ કૃતિએ નવો અવતાર લેવો પડે. છતાં આ કવિને એનો જમાનો હદપાર કરે. એના સમકાલીનો જ એને ઊંડે ઊંડે દાટી દે. પછીથી પુરાતત્ત્વના અવશેષની જેમ એને ખોદી કાઢવાનો રહે. કદાચ દટાઈ ગયા પછી જ એની કીતિની કૂંપળ ફૂટે.

ચારે બાજુ છાપાંનો ઢગ છે, એમાં બજેટના આંકડા છે, રાજકારણના દાવપેચ, વાતો છે. શહેરની દીવાલો પર સિગારેટની જાહેરખબરો છે, નિયોન લાઇટમાં ઝબકતાં સિનેમાનાં પોસ્ટરો છે, રેડિયો ટ્રાન્ઝિસ્ટરનો ઘોંઘાટ છે, ભાષણો ને સૂત્રોચ્ચારનું ઘમસાણ મચી રહે છે. એમાં કવિનો શબ્દ ક્યાંથી કાને પડે? એ ઊંડે ઊંડે દટાઈ જાય છે. પણ આજે આટલે વર્ષે વાલ્મીકિનો શબ્દ દાટી દઈ શકાયો નથી. પરદેશના કવિઓના સૂર પણ અહીં રણકે છે. કવિ મૃત્યુ નહીં, અપમૃત્યુ પામે, કવિતાનું મૃત્યુ નથી, એની અમરતાનું મૂલ્ય સમાજ કવિ પાસેથી વસૂલ કરી લે છે.

પણ કવિતા છે તો લવિતા પણ છે. કવિતાને નામે થોડા અહમ્નાં લટકાં ને નખરાં પણ છે. કાળની હથેળી એ બધું ભૂંસી નાખે છે. એથી જ તો કીર્તિ કે સ્વીકૃતિની સીમા બહુ સાંકડી છે. એ એક માનવીના જીવનકાળ સુધીની જ છે. પછી જે વિસ્તરે છે તે માત્ર ખ્યાતિ નથી. આજે કાલિદાસને આપણે શી કીતિર્ આપીશું? શી સ્વીકૃતિ આપીશું? જે સમાજ એમ માને છે કે અમે કવિને સ્વીકૃતિ આપી તે સમાજ પછાત છે, સંસ્કારી નથી. કીતિનૌ આંકડો નગરપાલિકાના દફ્તરમાં મંડાતો નથી.

કવિતા જોડે સમ્બન્ધ બાંધવો એ સહેલી વાત નથી. એક ને એક બેનું લેખું માંડનારાના હાથમાંથી તો આખી કવિતા સરી જશે. અઠવાડિયે એક વાર છાપામાં નજરે ચઢતી કવિતાને અલપઝલપ જોઈને ભ્રમર ચઢાવીને એ લોકો તો એને બાજુએ મૂકી દેશે. હવે

તો કવિ વિનાનાં નગરો ઊભાં થશે. કવિતા માત્ર વિદ્યાપીઠોના સંગ્રહાલયોમાં સાચવી રાખેલા મૃતદેહોની જેમ જોવા મળશે. કવિની હદપારીનો નાદ કદાચ ફરી બુલંદ બની ઊઠશે.

# ભૂતકાળનો વ્રણ

દરેક ગામમાં કે શહેરમાં એકાદ ખંડેર કે પ્રાચીન અવશેષ તો હશે જ. વિજ્ઞાની કાચની બરણીમાં રાસાયણિક દ્રવ્યમાં જેમ નમૂનાને સાચવી રાખે છે તેમ હજી કેટલીક આદિવાસી પ્રજાને માનવવ્યવહાર અને સંસ્કૃતિના અભ્યાસ માટે સાચવી રાખવાનો આગ્રહ સેવાય છે. પણ આપણે આપણા જ કોઈ અંશનો એવી રીતે અભ્યાસ કરી શકીએ ખરા? આપણા વ્યક્તિત્વના પણ કેટલાક ખંડેરો જેવા અંશો એની એ સ્થિતિમાં પડી રહ્યા છે. સ્મૃતિનો આછો લેપ એના પર થાય છે એટલું જ. માનવી પોતાના ભૂતકાળને જીવવાની ક્રિયા દરમિયાન કેટલે અંશે વર્તમાનમાં ઓગાળી દઈ શકે છે? કેવળ વર્તમાનની ક્ષણને જ પર્યાપ્ત માનવી એમ આપણે ઇચ્છીએ ખરા, પણ એવી રીતે જીવી શકાતું નથી. અનુભવનું બંધારણ જ એવું છે કે એમાં સંસ્કારો અને સ્મૃતિનો અંશ રહે જ છે. પણ જે ભૂતકાળ વેગળો પડી ગયો છે, જે વર્તમાનને ઘડનારી કાચી ધાતુમાં એકરૂપ થઈ ગયો નથી તેનું શું? એ ભૂતકાળ જ વ્રણ બની રહે છે, એમાંથી વેદના ઝર્યા કરે છે. જીવનની પ્રબળતા જ પોતાના પૂરમાં આવા ભૂતકાળને વહાવીને ઓગાળી દઈ શકે પણ અનેક નિમિત્તે જીવન ધીમે ધીમે મંદપ્રાણ થતું જતું હોય એવું લાગે છે. આપણે વધારે ગણતરીબાજ થતા જઈએ છીએ. નફાતોટાના ખાનામાં પુરાયેલી જિન્દગીમાં ઝંઝાવાતનો લય ક્યાંથી હોઈ શકે? વળી એ નફાતોટાની ગણતરી પણ કાંઈ મોટી પ્રાપ્તિમાં પરિણમતી નથી. આખરે એ અશક્તિને કારણે કરવા પડેલાં કેટલાંક સમાધાનોનો સરવાળો જ હોય છે. આત્મપ્રવંચના કરવા ખાતર જ હિસાબના ચોપડામાં આંકડા જુદા માંડવામાં આવ્યા છે. પ્રશ્ન એ છે કે આવી આત્મપ્રવંચનાથી કેટલી હદે માનવી ટેવાઈ જઈ શકે? એ પણ એને કોઠે પડી જઈ શકે? તોય કશો ઉચાટ કે સન્તાપ

એને ન થાય? એ સન્તાપની વાત એ કોઈને કહે ન કહે તોય પોતાને તો કહે જ ને! કે પોતાની સાથેના એવા સમ્બન્ધની કડી પણ હવે રહી નથી?

મનમાં ઘણા પ્રશ્નો થાય છે. શાન્તિનાં કબૂતરોની જેમ એને બહુ સહેલાઈથી ઉડાવી દઈ શકાતા નથી. ઘણાને ધીમે ધીમે પોતાના ભૂતકાળમાં દટાઈ જવાનું આવડે છે. ઘણા વૃક્ષની જેમ પગને જ દાટી દઈને એને મૂળ માનવાની ભ્રાન્તિ સેવીને જીવે છે પણ માનવીમાં તો ઉત્ક્રાન્તિનો સરવાળો છે. જળના ઊંડાણમાં ડૂબકી મારવાનું મન થાય તો પાંખ ફફડાવીને આકાશને પણ તાગી આવવાની ઇચ્છા થાય. પવન થઈને અશરીરી વિસ્તાર માણવાનું ગમે તો અગ્નિ થઈને બધું અગ્નિમય કરી નાખવાની પ્રબળ એષણા પણ થાય. પંચભૂતોનો કાંઈ બધામાં સરખો સમન્વય થઈ શકતો નથી. કોઈ વાર જલની તરલતા વિશેષ હોય છે તો કોઈક વાર અગ્નિની દાહકતા. આ બધાંનો મેળ પાડવાનું કોઈ દેવોને આવડે ખરું? છતાં આપણે અગ્નિની પ્રાર્થના કરીએ, વરુણની પ્રાર્થના કરીએ. અગ્નિ તો નર્યો અગ્નિ જ છે, વરુણ તો નર્યો વરુણ જ છે. પણ આપણામાં તો એ બધાનો સમવાય છે. આથી નર્યો એકદેવેશ્વરવાદ આપણને શા ખપમાં આવે?

પ્રકૃતિમાં પ્રકૃતિમય બની રહેનાર તત્ત્વોને માટે કશો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પણ આપણામાં કોણ પ્રકૃતિસ્થ છે? જે પ્રકૃતિસ્થ નહીં તે વિકૃત એમ કહેવા પાછળનો નૈતિક અભિનિવેશ પણ સ્વસ્થતાનો દ્યોતક તો નથી જ. પ્રકૃતિથી માનવી નોખો જ પડી ગયો છે. એનું ગણિત, એનું વિજ્ઞાન હવે એને ફરી પ્રકૃતિસ્થ થવા દેશે? એની સંસ્કૃતિએ જ એને પ્રકૃતિથી જુદો પાડ્યો છે. હવે એ પોતાની પ્રકૃતિને પણ જાણી શકતો નથી, એને માટે પણ એ વિજ્ઞાનની મદદ લે છે. એક જ વિશ્વમાં વસતાં તત્ત્વોથી છૂટાં પડીને પોતાનું નોખું વિશ્વ લઈને જીવવાનો દુરાગ્રહ માનવીએ રાખ્યો તે જ એની હદપારી, ત્યારથી જ આ વિશ્વમાં તે ઐતરેય બની રહ્યો, આ વિચ્છેદનો ઘા આપણે શણગાર્યા કરીએ છીએ અને એને સંસ્કૃતિને નામે ઓળખાવીએ છીએ. આ સંસ્કૃતિની પડછે આપણે અસંસ્કૃતિને મૂકીને એને બર્બર કે અસભ્ય કહીને ઓળખાવીએ છીએ.

વાસ્તવમાં આ સંસ્કૃતિ એટલે તો ધીમે ધીમે જીવનના આદિમ બળનો પરાજય થવા દઈને મરણનું વર્ચસ્ સ્થાપવું તે. હું મારી આંખથી ન જોઉં પણ બીજાં સાધનો વડે જોઉં, આમ પોતાને જ બધી જીવવાની ક્રિયામાંથી અનુપસ્થિત રાખવાના નિર્માનુષીકરણની માત્રા વધતી ચાલી. હવે શું જોવું તે મારી મૂળભૂત જૈવિક પ્રક્રિયાનુસાર હું નક્કી ન કરું, મારે માટે બીજા નક્કી કરે. આમ મારી જીવન જીવવાની સ્વતન્ત્રતા, મૌલિકતા ઝૂંટવાતી

જાય. જે મૌલિકતા ગૌરવનું કારણ બની રહે તે જ શરમ સંકોચથી સંતાડવી પડે, રાજ્ય એને આંચકી લે, સમાજ એને સંતાડી દેવાની ફરજ પાડે. આ બધું અનેક ત્રિકાલાબાધિત મૂલ્યોને નામે ચાલે. માણસ મર્યા પછી શબપેટીમાં સૂઈ જાય, પણ હવે તો જીવતો માનવી ધર્મની, સંસ્કૃતિની શબપેટીમાં સૂતો થઈ ગયો છે. શબપેટી જ સૌથી મોટું આશ્રયસ્થાન છે. આ સ્વતન્ત્રતાને દફનાવવાનો વિધિ આપણી સંસ્કૃતિમાં અનેક નિમિત્તે ચાલ્યા કરે છે, એની આજુબાજુ ત્યાગની દન્તકથાઓ ઊભી થાય છે. કશું અદ્વિતીય આપણને પરવડતું નથી. આ ચઢતીઊતરતી ભાંજણીનો જમાનો છે. શરીરે ડામર ચોપડ્યો હોય તોય ધોઈ શકાય છે પણ સંસ્કૃતિનો આ કાટ આપણા ચિત્ત પર ચઢ્યો છે તેને કયા તેજાબથી કાઢી શકીશું?

આદિ માનવ જંગલી હતો, બર્બર હતો એમ આપણે કહીએ છીએ. પણ આજનાં રાષ્ટ્રસંઘ અને લોકશાહીનાં નાટકો ભજવીને જીવનારો માનવી તો ખતરનાક રીતે બર્બર છે, બાળપણમાં કહેતાં કે ફૂલ તોડવું તે પાપ છે. પણ સૌથી મોટું પાપ તે કપાસનું ફૂલ તોડવું તે છે. જેણે વસ્ત્ર વણ્યાં તેણે સાથે સાથે દમ્ભનો તાણો પણ વણી લીધો. માંદું કે મરવા પડેલું પશુ જ બોડમાં ભરાઈ જાય છે, નહીં તો આખું વન એ છલાંગોથી માપી લે છે, પણ માનવી તો સદાનો માંદો હોય એમ સતાતો ફરે છે. વસ્ત્ર ઓઢીને જ પોતાને ઢાંકે છે એમ નથી. સંસ્થાઓ, મૂલ્યો પણ એનાં આવરણો જ છે. ખુદ ઈશ્વરને પણ એ પોતાના આવરણ તરીકે વાપરે છે. છતાં એ ઉઘાડો પડી જાય છે. સમુદ્રના પેટાળમાં, ધરતીના પેટાળમાં અણુબોમ્બનો ધડાકો કરીને એ પોતાની હિંસકતાનું માપ કાઢે છે. હજી એ ઊણો ઊતરે છે. એની પાસે ઝેર છે, વિનાશક શસ્ત્રો છે, રોગનાં જંતુ પણ એ ફેલાવી શકે છે. આ બધું એની સંસ્કૃતિનો સરંજામ છે.

છતાં માતાના ખોળામાં ભોળું શિશુ હસે છે. દરરોજ સાંજે આરતીના દીપ પ્રકટે છે. આંગણામાંના મોગરાના ફૂલછોડ પર સુગન્ધનું શ્વેત સ્મિત વેરાઈ જાય છે. કાળાં ધાબાં પૃથ્વી પર મ્લાન પડછાયા પાડતા નથી.

# હૃદયની ભૂગોળ

માત્ર પરિચિત નહીં પણ જીવનના તન્તુઓ જેમાં ઓતપ્રોત થઈ ગયા હોય એવું સ્થળ ઘણે વખતે પાછો આવીને જોઉં છું તો કશું નથી. ભૌગોલિક દૃષ્ટિએ સ્થળ એનું એ જ છે, એને ઓળખવાનાં ચિહ્નો બધાં એનાં એ જ છે, પણ હૃદયની ભૂગોળ બદલાઈ ગઈ છે. ધરતીકમ્પ થાય ત્યારે જમીનનો મોટો ખંડ અદૃશ્ય થઈ જાય તેમ જાણે પહેલાં જે હતું તે હવે અદૃશ્ય થઈ ગયું છે. સમયના થોડા જ ગાળામાં હવે બધું જાણે પ્રાગૈતિહાસિક કાળના કોઈ અવશેષ જેવું લાગે છે. એમાં બધું દટાઈને મૂંગું બની ગયું હોય છે, એનું ખાલી કોચલું પડી રહ્યું હોય છે. એટલે તો કહું છું કે પૂરેપૂરા હૃદય સહિત જીવવું ભારે કપરું હોય છે. જેઓ ખપ પૂરતું હૃદય વાપરે છે, જ્યારે જરૂર પડે ત્યારે હૃદયને પાછું ખેંચી લઈ શકે છે તેમના જીવનમાં આવો પ્રલય થતો નથી માટે તો આ સ્થળ અને એની સાથે સંકળાયેલો સમય બંનેની શોધ કરવાની હવે રહી નથી. જીવતા હોઈએ ત્યારે પોતાના જ જીવનમાં આવા અવશેષને જોવાનું આવે એ પરિસ્થિતિ માનવી સહી શકે તેવી નથી. આમ તો બધું જ છે, આગળી ચીંધીને બતાવી શકાય કે અહીં ભણ્યા, અહીં લખવાની શરૂઆત કરી, આ રસ્તા પર ફર્યા, પણ પૂરમાં બધું ડૂબી જાય ને માત્ર શેરીનાં પાટિયાં રહી જાય એના જેવું બધું લાગે છે. હૃદયથી સાવધ રહીને જીવતાં મને આવડ્યું નથી. પરિસ્થિતિ પ્રમાણે બધું નવેસરથી ગોઠવી લેવાની વ્યવહારકુશળતા પણ નથી. તેથી જ તો આજે શિરાઓમાં લોહી જુદી જ ગતિથી વહે છે. સુખ દુ:ખ એને શું કહેવું તે ખબર નથી. આથી ચૂપ બેસી રહેવાનું જ ઠીક લાગે છે. ઘણાં પરિચિતો, મિત્રો મળે, વાતો ચાલે. રખે ને કોઈને વહેમ જાય કે પહેલાંનો એ દલીલબાજીનો ઉત્સાહ નથી, એ વાચાળતા નથી. માટે બોલ્યે જાઉં છું પણ મન એનો તન્તુ ખોઈ બેસે છે. મારા જ શબ્દોના

અન્તરાયને ઠેકીને મન કોઈ નિ:શબ્દતાને ખૂણે બેસી જવા ઇચ્છે છે. સમયનો પ્રવાહ હવે રહ્યો નથી. નાયગરાનો ધોધ જેમ શિયાળામાં થીજીને બરફ થઈ જાય, વહેતો અટકી જાય તેમ સમય થીજી ગયો છે. અશ્મયુગના અશ્મીભૂત અવશેષના જેવું હૃદય એમાં કોણ જાણે ક્યાં દટાઈ ગયું છે તે તો હવે કોણ શોધે?

છતાં રોજ-બ-રોજની દુનિયા ચાલે છે. સાહિત્યની દુનિયામાં શું ચાલી રહ્યું છે, શું કરવું જોઈએ એ બધું સાંભળું છું. કોઈની જોડે જાણે ખૂબ ઉત્સાહમાં આવીને નવી યોજનાઓ પણ ઘડવા બેસી જાઉં છું. હું એનો એ જ છું એવું બતાવવાનો કદાચ નિષ્ફળ પ્રયત્ન કરી છૂટું છું, પણ હૃદય તો પાછું વળી ચૂક્યું છે. એ જાણે છે કે હવે અહીં કશું નથી, છતાં જીવન છે. એક ક્ષણ પછીની બીજી ક્ષણ છે. દિવસ છે, રાત છે, અનિદ્રા છે, અને સ્મૃતિ છે. ગમે તેવો પ્રલય એની પગલીઓ ભૂંસી શકતો નથી.

બીજે ક્યાંક જવાનું મન થતું નથી પણ સારી લાયબ્રેરીમાં પુસ્તકો વચ્ચે જઈને ઊભા રહેવાનું મન છે. પુસ્તકો ફેંદવાનું કે ખોલવાનું મન થતું નથી, પણ પુસ્તકો વચ્ચે માત્ર ઊભા રહેવાનું ગમે છે, કાંઈ કેટલીયે પંક્તિઓ સ્મરણે ચઢે છે, બધા કવિઓ યાદ આવે છે, કવિ પંક્તિ રચે પછી આપણું હૃદય એને ફરી રચી લે. એ રચનાની સહકારી પ્રવૃત્તિ રુચતી હતી. આજે પણ એવાં કેટલાંય વિશ્વો રચાવાની રાહ જોઈ રહ્યાં છે! બધું શમી જાય, શૂન્ય છવાઈ જાય, હૃદય પોતાનામાં જ ક્યાંક અલોપ થઈ ગયું હોય ત્યારે એકાએક કોઈ પંક્તિ આકાર લેવા માંડે. આની જ મોટી માયા છે. આ આકારો રચાતા આવે તે જોવાની, આ આકારની રેખા સાથે બેસીને ગોઠવનાર કોઈ હોય તો, પરમ સૌભાગ્ય. સંસારમાં બીજી અનેક વસ્તુઓ માટે તો ભારે પડાપડી થાય છે, પણ એ બધાંમાંથી પાછા વળીને કોઈ આકાર રચવાની, પ્રલયને કાંઠે ઊભા રહીને સૃષ્ટિની નવી ક્ષિતિજની રેખા અંકિત કરવાની માયા રાખે, એમાં અભિન્ન બનીને સહકાર આપે તો એ જ જીવનની સૌથી મોટી સાર્થકતા. એ મળે પછી બીજી કશી પ્રાપ્તિનો કે ક્ષતિનો હિસાબ માંડવાની વૃત્તિ થતી નથી. સાર્થકતા સો ટકા સાર્થકતાનો જ મને ખપ છે. એને સ્થાને કશા આશ્વાસનથી હું ચલાવી લેતો નથી. આ મારી મગરૂરી કેટલાકને હાસ્યાસ્પદ લાગે છે. પણ એવી કશીક મગરૂરી વિનાના જીવનનો શો અર્થ? આવી મગરૂરી પરનો અધિકાર તો આપણો જ, કારણ કે એ કોઈ પાસેથી મેળવેલો અધિકાર નથી કે એનો આધાર કોઈની દયા પર રહે.

રાતે પવન થંભી જાય છે, શ્વાસ રૂંધાય છે, દરિયાપારથી કોઈ ઉદાસીનું મોજું ધસી

આવે છે ત્યારે મારી જાતને હું પોતે પણ અજાણ્યો લાગું છું. આથી જ તો એવું કોઈ જોઈએ કે જે આવી પોતાની સાથેની અપરિચિતતાની ક્ષણે આપણને આપણો પરિચય કરાવી આપે નહીં તો આપણી જોડે જ આપણું કેટલું બધું અન્તર પડી જાય! આ થઈ શકે પ્રેમથી, નરી સહાનુભૂતિથી નહીં. પણ કેટલાક પોતાની જાતથી ભાગતા જ રહે છે, એ પોતાની સાથે જ કશો સંવાદ જિન્દગીભર કરી શકતા નથી. કઈ લાચારી એમને આવું કરવા પ્રેરતી હશે? આથી એમની જિન્દગીને એઓ સ્વત્વના અધિકારથી વંચિત રાખે છે. આથી જ તો સહેલાઈથી એઓ પોતાની જિન્દગી બીજાને સોંપી દે છે – પ્રેમ વિના. બીજા સાથે અભિન્ન બની શકીએ તો જ એને કંઈક આપી શકીએ. અભિન્ન બનવાનું જેને ન આવડે તે કોઈને કશું આપી શકે નહીં.

આમ છતાં પ્રેમ, સ્નેહ, સમર્પણ – આ બધા શબ્દો વપરાતા રહે છે. આ પરિસ્થિતિ પ્રત્યે રોષથી ભભૂકી ઊઠીને જ હેમિંગ્વેએ કહેવું કે એ બધા શબ્દો ઠાલા છે. એના કરતાં તો શેરીના નામનું પાટિયું વધારે સાચું છે. 'નાદા' એટલે શૂન્ય, એ નાદાનું સ્તોત્ર રચે છે, આપણા નાસદીય સૂક્તની જેમ.

એ શૂન્યનો પણ સંગીન અનુભવ થવો જોઈએ. એ પ્રાથમિક ભૂમિકા છે. એ વિના એ શૂન્યને પૂર્ણ કરવાની અદમ્ય ઝંખના ઉદ્ભવે નહીં.

મરણનો સાચો અર્થ એટલો જ છે. જે અપૂર્ણતા આપણે જાણી નહીં, જાણ્યા વિના નભાવી લીધી તેટલો મરણને આશ્રય આપ્યો. આ મરણનો ભય લાગવો જ જોઈએ. કારણ કે એ આપણને અણજાણ રાખીને આપણો કબજો લઈ લે છે. સ્થૂળ અર્થમાં આપણે જીવ્યે જ જઈએ છીએ, ને આપણે પોતે પણ આપણા મરણનો શોક કરતા નથી. આ મરણને પ્રકટ કરવાની વાણી આપણે શોધવી જોઈએ.

જીવ્યે જવાની તુચ્છ આસક્તિ માણસને વામણો બનાવે છે, એને કારણે એ પરિસ્થિતિને ઝૂકીને ચાલે છે. હજાર પ્રકારનાં સમાધાન કરી લે છે, તત્સમવૃત્તિ કેળવે છે. 'એ તો બધું એમ જ ચાલે ' એમ કહીને મન વાળી લે છે. નફ્ફટાઈ કેળવી લે છે. આ જિજિવિષાના કાંઈ ગુણ ગાવા જેવા નથી. એને મરણ પરનો જીવનનો વિજય કહીને ઓળખાવનારો આશાવાદ મૂર્ખાઓનો આશાવાદ છે, એથી માનવીનું દૈવત કદી પ્રકટતું નથી. આથી નવી ક્ષણનો જન્મ એ પોતે જ એક ઉત્સવ છે. સાર્થકતાથી જે ક્ષણને મરણના મુખમાંથી બચાવી લીધી તે ક્ષણ જ ખરેખર જન્મ પામી કહેવાય. એનો જન્મોત્સવ તે જ સાચો જન્મોત્સવ, બાકી ક્ષણ શું, વર્ષો વીત્યે જાય છે. એનો

સરવાળો તો ગણિત કરી આપે, પણ આવા સાચા જન્મોત્સવનાં લેખાં તો આપણે જ માંડવાનાં હોય છે. હું આશાવાદી છું કારણ કે આવો જન્મોત્સવ ઊજવવાનું સૌભાગ્ય હું આનન્દપૂર્વક સ્વીકારું છું . એ સૌભાગ્ય હવે કશી નિરર્થકતા કે તુચ્છતાને ચલાવી નહીં લે. સાર્થકતાથી ઓછું કશું એને નહીં ખપે. આ સાર્થકતા સિવાય બીજા કશામાં મને રસ નથી. આ પરમ સૌભાગ્ય હવે હાથમાંથી સરી જાય એવું બનવા દેવાનું નથી. આ સાર્થકતામાંથી જે સર્જન થાય છે તે ભાવકને પણ સાર્થકતાનો અનુભવ કરાવે છે. હું સર્જનનું ગૌરવ સમજું છું, ઘણાને અવાક બનીને મૂંઝાતા જોઉં છું, પોતાની લાગણીનો ચહેરો ઉપસાવી જોવાની પણ એમનામાં શક્તિ નથી. આ પરતન્ત્રતા સૌથી કપરી વસ્તુ છે. આપણે જે જે ચાહીએ તેને આપણે આવી લાચારીનો ભોગ તો નહીં જ બનવા દઈએ.

ઘણું ઘણું બનતું જશે, બન્યા કરશે, પણ જિન્દગીમાં એવી તો એક ક્ષણ આવવી જ જોઈએ જ્યારે બધું નિશ્ચિત થઈ ગયેલું લાગે. આપણને ધ્રુવપદ લાધી ગયું હોવું જોઈએ. આ ધ્રુવપદ વરદાનથી મળતું નથી. એને માટે આપણે પૂરેપૂરું મૂલ્ય ચૂકવીએ છીએ, ને કેટલીક વાર તો અજાણતાં આવી મોંઘી જિંદગી પણ હોમી દેવાની અણી પર આવી જઈએ છીએ.

એમાંથી બચી જઈએ એ જ મોટા ઉત્સવનું કારણ નથી? આટલું મોટું મૂલ્ય ચૂકવ્યા પછી જો આપણે આપણા સૌભાગ્યનું ગૌરવ નહીં કરી શકીએ તો જન્મજન્માંતર વ્યર્થ જાય. હવે તો એક ક્ષણ પણ નકામી જાય તે પરવડે એમ નથી.

ચેઝારે પાવેસે નામના ઇટાલીના લેખકે લખેલી ડાયરી ‘ધીસ બિઝનેસ ઓવ લીવીંગ ’ બે વર્ષ પહેલાં વાંચેલી, ત્યારે જીવન પરથી શ્રદ્ધા ઊઠી ગયેલી, ભવિષ્યની દિશા જ બંધ થઈ ગયેલી. ચેઝારે પાવેસે એવી જ મનોદશામાં આપઘાત કરીને મરી ગયો. આજેય એની નવલકથા વાંચું છું ત્યારે અપરિસીમ વિષાદનું મોજું હૃદય પર ફરી વળે છે.

આથી માનવી – સાચો માનવી મળે એ કેવી દુર્લભ વસ્તુ છે. ને જો કોઈને એ મળી રહે તો પછી એને ખોઈ નાખવા જેવું બીજું દુર્ભાગ્ય શું હોઈ શકે? એવા ‘મનેર માનુષ’ને જીવથી જતન કરીને સાચવવામાં સાર્થકતા ન અનુભવી શકાય?

# અસ્ત્રીબદ્ધ ભદ્રતા

અગાશીમાં મોગરો ઉછેર્યો છે. ભારે જતનથી ખૂબ લાડ લડાવ્યાં છે. હવે ફૂલ ખીલે છે. ચાંદની રાતે અગાશીમાં બેઠાં હોઈએ ત્યારે એની સુગન્ધ લહેરાઈ ઊઠે છે. આખું વાતાવરણ બદલાઈ જાય છે. આથી જ થોડી જગ્યા મળી હોય તોય ફૂલછોડ ઉછેરવાનું ગમે છે. પણ માનવીની બાબતમાં એવું નથી. તમે અકારણ સ્નેહ વરસાવો, સ્વાભાવિક રીતે જ સાચું કરવાને મથી રહો, જતનથી શુભનું જ સંવર્ધન કરો તોય સુગન્ધી પુષ્પ પ્રકટશે જ એની ખાતરી નહીં. ફૂલ ન ખીલે તો બહુ તો નિરાશ થઈએ, પણ આ તો હવામાં ઝેર પ્રસારે એવું ફૂલ ખીલે, આપણો શ્વાસ રૂંધાય. આવું બને છે ત્યારે લાગે છે કે આ દુનિયામાં ભોળપણ ન નભે. આપણે સદાશયથી બધું કરીએ, શિક્ષકની તો કાંઈ આ જમાનામાં વગ હોતી નથી, એ બહુ તો સમય કાઢીને અભ્યાસમાં મદદ કરે, પોતાનાં પુસ્તકો આપે, વિદ્યાર્થી ગરીબ હોય તો ઘરે જમાડે, ફીની વ્યવસ્થા કરી આપે–એ ય કશા વળતા બદલાની આશા વિના. છતાં – આટલા બધા જતનથી ઉછરેલા છોડ પર ઝેરી ફળ બેસે.

હવે તો ઊજળાં કપડાંની કકરી અસ્ત્રીબંધ ભદ્રતાથી હું બહુ સાવધ રહું છું. એવા લોકોની ભાષામાં હૃદય હોતું નથી. જાણું છું કે આવા લોકો ઊંચે સ્થાને હોય છે. આવા ઊંચા સ્થાનનો ઉપયોગ એઓ બહુ ઉચ્ચ વૃત્તિથી નથી કરતા, ઊંચું સ્થાન એટલે પોતાના ચરણ આગળ નીચે બેઠેલા માણસના માથે લાત મારવાની સગવડ. આપણે ત્યાં ‘હાથ નીચેના માણસ’ એ શબ્દપ્રયોગ ખોટો છે. ખરું જોતાં ‘પગ નીચેનો માણસ’ એવું જ પ્રામાણિકતાપૂર્વક કહેવું જોઈએ. આપણે કોઈ મોટા સન્ત પુરુષ નથી. અપમાન ગળી જવું બહુ સહેલું નથી. આપણે મોટા માણસ હોઈએ તો પણ નાના માણસને ય એના જીવનની

આગવી કિંમત હોય છે. એને પણ અમુક મૂલ્યો હોય છે. રાજ્યોમાં કે સંસ્થાઓમાં આ મૂલ્યો પ્રમાણે જીવવાનો નાના માણસનો અધિકાર અનેક રીતે ઝૂંટવી લેવાતો હોય છે. મોટા માણસ એટલે કે ઊંચે સ્થાને બેઠેલા માણસનાં મૂલ્યો જ સાચાં અને તે જ આપણે સ્વીકારી લેવાં જોઈએ. આ જોહુકમી એ અત્યન્ત હીન પ્રકારનો અત્યાચાર છે.

હું તો માણસની સંસ્કારિતાની એ નિશાની ગણું છું કે એ સત્તાથી સંકોચ પામે, એને ભોગવવામાં હિણપત અનુભવે. હમણાં જ એક મિત્રને આવા અગ્રગણ્ય ભદ્ર લોકોને હાથે વેઠવું પડ્યું. કોઈ શેઠિયાના જમાઈ હોય, આજીવિકાની જેને ચિંતા નહીં, કોઈ સમાજજીવનમાં અગ્રણી કાર્યકર્તા હોય, સંસ્થાના વડા હોય આ બધાનું આપણે માન રાખીએ જ. એમને મળેલી માન્યતાની ન તો આપણે ઇર્ષ્યા કરીએ કે ન તો તેમાં બાધા ઊભી કરીએ એ વિશે આપણે નર્યા ઉદાસીન પણ ન રહીએ. છતાં આજીવિકાની દોરી એમના હાથમાં હોય તે સટ દઈને એકાએક કાપી નાખે ને તેય હૃદયકાર્પણ્યનો ઉઘાડો દેખાડો કરીને! એમાં છૂપું ગૌરવ અનુભવીને, સત્તાનો તૂરો સ્વાદ માણીને – તો લોહી ઊકળી આવે.' તમારી મર્યાદાઓ પહેલાં અમે જાણતા નહોતા, હવે જાણી.' આમ પાછી એક લાત તો મારી જ લેવાની. માણસાઈ વિનાનાં ખાલી ફોફાંનો આવો જુલમ એ પણ આપણે વિકસાવેલી સંસ્કૃતિનું અનિવાર્ય પરિણામ ગણવાનું? પણ વન્ધ્ય રોષનો કશો અર્થ નથી. કેવળ જઠરાગ્નિ જાગીને બાળશે તો ભૂખ્યાને બાળશે, હવે એવી ભ્રાન્તિ નથી કે ભૂખ્યાનો જઠરાગ્નિ ધરાયેલાઓને બાળશે. કારણ, કે ભૂખ્યાઓને જ બળતા જોયા છે. છતાં કહું છું કે આ રોષ વન્ધ્ય નથી નીવડવાનો કારણ કે આ રોષ જેને થાય છે તે જંગલી માણસ નથી. એનામાંય બુદ્ધિ છે, સંસ્કાર છે. જો તમે ઈશ્વરમાં માનવા જેટલા નમ્ર રહ્યા હો તો એમનામાંય ઈશ્વરનો અંશ છે એ સ્વીકારવું જ રહ્યું. આ રોષ એનો માર્ગ કરશે જ; હા, ધીરજ ખૂટી જાય છે. પણ આખરે ક્રાન્તિ થઈ છે બહિષ્કૃત વ્રાત્યોને હાથે. ભલે એઓ ઋષિ નહીં ગણાયા હોય, સાપને બે જીભ હોય છે તેથી આપણે તેને કુટિલ કહીએ છીએ, પણ માણસોને મેં અનેક જીભે બોલતા જોયા છે. ભક્તો વચ્ચે ભક્તની જેમ, સંતો વચ્ચે સંતની જેમ, કવિઓ વચ્ચે કવિની અદાથી ને ક્યાંય દુષ્ટતાને છતી કરતા નથી એવો જો આવા લોકોનો દાવો હોય તો તે સાવ ખોટો છે. એમની આંખોમાંનો એ સેતાની ચમકાર છાનો રહેતો નથી. એમના શબ્દોમાં સંતાડેલું ઝેર છાનું રહેતું નથી. એમની આભાસી નમ્રતાનો અંચળો તરત સરી પડે છે. પ્રજાના સેવક થવાની વાતો કરનારા સૌ કોઈને સેવક બનાવવા તત્પર હોય છે. તેય ઉઘાડું પડી

જાય છે. આપણે દયા ખાઈને એમને જાત સાથેની છેતરપિંડીનું આ નાટક કરવા દઈએ છીએ. પણ તેથી તો એમનો જુલમ વધે છે. આચાર્ય ધર્મ પ્રબોધતા હોય ત્યાં એક ઉચ્ચ કોટિના સાધકની અદાથી ભોળી પ્રજાને સંબોધતા સેતાનોને મેં જોયા છે. જાહેરસભામાં આપણે કેટલા દંભના સાક્ષી થવું પડે છે! એવી લાચારી શા માટે? જેને માનવતા શું છે તેની ખબર પડી નથી, જે સેતાનિયતમાં રાચવામાંથી ઊંચે નથી આવતો તેવાને મોઢે ધર્મની, આધ્યાત્મિકતાની, સાધનાની વાતો જો હું સાંભળવા જાઉં તો મને પાપ લાગે. આથી સંસ્કારી માણસે જાહેરસભાઓનો બહિષ્કાર જ કરવો જોઈએ. આપણને એમ કહેવામાં આવે છે કે આપણા આ પ્રલાપની એમના પર કશી અસર થતી નથી. સમાજ એવાઓનો જ બનેલો છે. ને એ સમાજ એમને હજી ઊંચે ને ઊંચે સ્થાને જ સ્થાપતો રહેશે એવી એમને ખાતરી હોય છે. પણ આ આત્મતુષ્ટિ કેટલી તો બોદી હોય છે તેની એમને પોતાને તો ખબર હોય છે.

આથી જ તો મને સાહિત્યકારો, કવિઓ વગેરેને મળવાનો ઝાઝો રસ રહ્યો નથી. જ્યાં જાઓ ત્યાં એ જ હોંસાતુંસી, એ જ આપવડાઈની નાદાનીભરી વાતો, કીતિર્ પાછળ આંધળાઓની દોડ, એ જ કૃત્રિમ ગમ્ભીરતા, એ જ બોદું હાસ્ય, એ જ ધૂર્ત વાણી, એ જ કેળવેલી ઉચ્છૃંખલતા – આ બધાંથી અસહ્ય જુગુપ્સા થાય છે. જો સાહિત્ય આવા લોકોનો જ ઇજારો હોય તો મને સાહિત્ય વગર ચાલશે. જો ભણીને સંસ્કારી થઈને ફરનારા બેજવાબદાર રીતે બીજાનાં ગળાં કાપતાં ફરશે, વિષવમન કર્યા કરશે તો એ શિક્ષણ પ્રત્યે મને તો નફરત થશે.

છતાં સુખ એ છે કે આ સંસાર એવાઓથી જ ભરેલો નથી. હજી જેને પોતાના કહી શકીએ એવાં સ્વજન છે. ભલે એનું અનેક વચન ન વાપરી શકીએ. હૃદય ઉષ્મા અનુભવે, જીવનની ક્ષણ આનન્દથી છલકાઈ ઊઠે એવું અમૃત સુકાઈ ગયું નથી. એથી જ તો આ વિષ વચ્ચે જીવી શકાય છે. જાહેરમાંથી અદૃશ્ય થઈને જ જીવવાના આ દિવસો છે. આ હદપારી તો આનન્દપૂર્વક ને સ્વેચ્છાએ સ્વીકારી લેવા જેવી છે. કાંઈ લખીને નામના નથી મેળવવી, ચાંદ ઇલ્કાબ ખિતાબ નથી પામવા-મનમાં આવે ત્યારે એકાન્તમાં વિશ્વ રચવું છે, એના કોઈ સાક્ષીય નથી રાખવા. માણસાઈ જોવી છે. જોઈને બિરદાવવી છે. માણસાઈના શત્રુનો નર્યો બહિષ્કાર કરવો છે. આપણું જીવન આપણી રીતે જીવવું છે. ભવિષ્યની પ્રજાને આખરે માણસાઈનો ખપ પડવાનો છે, માણસાઈના શત્રુઓનો નહીં. ‘ભગવાન એમને ક્ષમા કરે, એ બિચારાઓને ભાન નથી કે એઓ શું કરી રહ્યા છે!

# ઔપચારિક ભાષા

આપણે એમ માનતા હોઈએ છીએ કે આપણે એકની એક જ ભાષા બોલીએ છીએ, પણ ખરેખર એવું હોય છે ખરું? કેટલાંક સ્થળ એવાં છે જ્યાં ભૂતકાળનાં ઘણાં સંસ્મરણો છે, ત્યાંના વર્તમાન જોડે આપણો સમ્બન્ધ નથી. ત્યાં બાળપણની જે ભાષા હતી તે જ વાપરવી જોઈએ. પતંગિયાની જેમ ઊડાઊડ કરતા શબ્દો એનું હળવાપણું અને એ શબ્દોની શિશુની વિસ્મયથી વિસ્ફારિત આંખો – આથી જ્યારે એવા કોઈ સ્થળે આજે જઈને ઊભો રહું છું ત્યારે કશું બોલી શકાતું નથી. એ સમયને શોધી કાઢવાનું આજે અઘરું બની ગયું છે. એના પર હવે તો બીજા કેટલાય થર બાઝી ગયા છે. એ થરને દૂર કરવાનું પણ અઘરું થઈ પડે છે. વ્યક્તિઓ જોડેની વાતચીતમાં પણ એવું જ બને છે. દરેક વ્યક્તિના મનની આબોહવા, એનું નિરાળાપણું – આ બધાં સાથે મેળ ખાય એવી સમધાત ભાષા શોધવી પડે. પણ એ કાંઈ એકદમ હાથ લાગતી નથી. આથી હવે પહેલાંનું વાચાળપણું ઓછું થતું જાય છે. સભામાં ભાષણ થઈ શકે, પણ વ્યક્તિઓ જોડે આત્મીયતાના સ્તર પર વાત કરવાની હોય, 'સંવાદ' કરવાનો હોય ત્યારે તો મુશ્કેલી પડે જ, આથી મૂંગા રહેવું પડે. વાતાવરણમાં એને કારણે ભાર વરતાય, સહેજ ઉદાસ થઈ જવાય.

ઘણા લોકો એવા હોય છે જેઓ ચોવીસે કલાક એકસરખી ઔપચારિક ભાષા વાપરી શકે છે. એમાં લાગણીનો કોઈ આરોહઅવરોહ વરતાય જ નહીં, એમાંથી કોઈ ગુપ્ત સંકેત શોધી કાઢવાનો રહે જ નહીં. ચોકસાઈ અને મિતભાષિતા એ એના સૌથી મોટા ગુણ. કેટલાક જેમ હાથમોજાં પહેરી રાખે અને હાથને કશાનો સીધો સ્પર્શ નહીં થવા દે તેમ આ લોકો ઔપચારિક ભાષાને મોજાંની જેમ સદા પહેરી રાખે છે. કોઈક વાર

જ આપણને લાગે છે કે સરખી ‘વેવલેન્ગ્થ’વાળું કોઈ મળ્યું છે. ત્યારે ભાષા વાપરવાનો આનન્દ આવે છે. નહીં તો મિત્રો જોડે પણ બોલવાનું બની શકતું નથી અને ‘મૂડ’ નથી એમ કહીને મૂગા બેસી રહેવાનું જ આપણે પસંદ કરીએ છીએ. લખવામાંય એવી જ મુશ્કેલી ઘણી વાર ઊભી થાય છે. આપણે જે મનોદશામાં હોઈએ છીએ તેને અનુકૂળ શબ્દો નથી જડતા તો ઘણો કલેશ થાય છે. પછી ટેવને કારણે કાંઈક લખીએ તો ખરા પણ એમાં કશો પ્રાણ હોતો નથી. આથી જેમ આ વિશેની સમજ સૂક્ષ્મ થતી આવે છે તેમ તેમ વાચાળતા ઘટે છે અને લખવાનું પણ ઓછું થાય છે.

આ સાથે એક બીજું કૂતુહલ પણ ઉદ્‌ભવે છે. અજાણ્યા જ પ્રદેશના કોઈ અજાણ્યા ચિત્તની આબોહવામાંથી ઘડાતી ભાષાનો સ્વાદ ચાખવાનું ગમે છે. લેખકે શું કહ્યું તે સંઘરવાનો લોભ છૂટતો જાય છે. આવો સ્વાદ જ વધારે આકર્ષે છે. એકાદ કવિતા વાંચીને એ સૃષ્ટિમાં મનને રમતું મૂકી દેવાનું ગમે છે. રોજ-બ-રોજનો પશુશ્રમ તો ચાલુ જ રહે છે. એમાંથી ભાગી છૂટવાની વાત નથી. પણ મનને આમ એને અનુકૂળ ખાદ્ય મળી રહે તો થોડી પ્રસન્નતા આપણે ભાગે આવે છે. પ્રસન્નતા જ હવે કેવી વિરલ બનતી જાય છે! મન સહેજ સહેજમાં ભારે થઈ જાય છે. પહેલાં જે બેપરવાહી હતી તે હવે રહીં નથી. આજુબાજુ જે છે તેનાથી સાવ નિલિર્પ્ત રહી શકાતું નથી. એકાદ વિચાર મનનો કબજો લઈ લે છે તો એમાંથી એકદમ છૂટી શકાતું નથી. આથી જ કદાચ ઘણાં વરસ પછી મળનાર કોઈ બોલી ઊઠે છે : ‘અરે, તમે તો સાવ બદલાઈ ગયા લાગો છો!’ ત્યારે એવો એકરાર કરી દેવાનું મન થાય છે, ‘ હા, ઘણી વાર હું મને પોતાને જ સાવ અજાણ્યો લાગું છું. મારો જ અવાજ હું કોઈ પારકાના અવાજની જેમ સાંભળી રહું છું.’ પણ આમ કહીએ તો કોઈ ગાંડા જ ગણી કાઢે એ બીકે કહેતો નથી. છતાં એનાં લક્ષણ તો વરતાતાં આવે જ છે!

એક વિચિત્ર અનુભવ ઘણી વાર થાય છે. બહારની દુનિયા હવે એટલી બધી બહાર રાખી શકાતી નથી, બહાર પડેલો પથ્થર એના પૂરા વજન સાથે, એના સમસ્ત મૌન સાથે, એની નિશ્ચેષ્ટતા સાથે મનમાં પ્રવેશે છે. મનમાં એનું પ્રતિરૂપ શોધે છે અને એ જડતું નથી ત્યાં સુધી એ મનમાં આમથી તેમ અથડાયા કરે છે. બહારની દુનિયાને સ્થાન કરી આપવાના ઉધામા મનને થકવી નાખે છે. આંખ બંધ કરીને બેસી રહેવાતું નથી. ઊડતું પંખી, રસ્તા પરથી ચાલી જતી ટ્રક, બળબળતા તાપમાં નિર્જન રસ્તા પરથી ચાલ્યો જતો એકલદોકલ માણસ – આ બધી જુદી જુદી ઘટનાઓ છે. પણ મનમાં આ બધું એક

ચિત્રની રેખારૂપે ગોઠવાઈ જવા મથે છે. આ સિવાય મનને કરાર વળતો નથી. આ કાંઈ અંગત સુખદુ:ખનો પ્રશ્ન નથી, આને કારણે મન સદા પ્રવૃત્ત રહે છે, ને છતાં બહારથી આપણે નિષ્ક્રિય લાગીએ છીએ. કોઈ પૂછે, 'કેમ હમણાં શું ચાલે છે?' એના જવાબમાં જો આ બધું વીગતે કહીએ તો પ્રશ્ન પૂછનાર મૂંઝાઈ જાય, કારણ કે એણે તો 'બસ આનન્દ છે' એવા જ રૂઢ જવાબની આશા રાખી હોય. એક મિત્રે સદ્ભાવપૂર્વક સલાહ આપી : તમે તમારી શી 'ઇમેઇજ' ખડી કરો છો એના પર બધો આધાર છે. તમારે પોતાને હાથે તમારે પછી એ 'ઇમેઇજ' તોડવી ન જોઈએ. મેં ઠાવકા બનીને એ સાંભળી લીધું. પણ આ 'ઇમેઇજ'નો તાળો મેળવતાં રહેવાનું કામ તો મારાથી કદી બન્યું નથી. મને પોતાને મારે વિશે બહુ ઓછો ખ્યાલ છે, અને આપણે વિશે કોઈ 'ઇમેઇજ' સાચવી રાખવા જેટલો ઉત્સાહ ધરાવે એવું માનવાનું આપણને ગમે તોય એ વાસ્તવિક તો નથી જ. પણ 'વહેવાર' જાળવવા પડે, 'સમ્બન્ધ' સાચવવા પડે – આ બધી ભારે નાજુક વસ્તુ હોય છે. ધારીએ નહીં તોય આપણે અસામાજિક બની જઈએ છીએ.

આપણામાં વિચિત્ર પ્રકારનો રસ ધરાવનારા ઘણા હોય છે. કોઈક મળતાવેંત કહે છે. 'મેં તો તમારે વિશે કાંઈ જુદી જ કલ્પના કરી હતી!' એમની નિરાશા દૂર કરવાનો કોઈ ઉપાય જડતો નથી. કોઈ વળી કહે છે; 'તમારી અમુક વાર્તા વાંચીને તો મેં તમારે વિશે કાંઈક જુદું જ ધારેલું.' મને કહેવાનું જ મન થઈ આવે છે. મારી વાર્તા જોડે મારો સમ્બન્ધ જોડવો નહીં. જો હું એમ કહું તો એ કદાચ હાસ્યાસ્પદ લાગે. છતાં ગમે તેવી વાતો વહેતી કરવી, ઉપજાવી કાઢવી, એમને રુચે એવા રંગે રંગવી – આ બધું તો ચાલ્યા જ કરતું હોય છે. આપણું વ્યક્તિત્વ એમની સૃષ્ટિનું પાત્ર બની રહે છે. આપણી સાથે એ લોકો ગમે તેવી છૂટ લઈ શકે, અને તેય બધું આપણા હિંતચિંતક હોવાને દાવે. પશુઓ વધુ સરળતાથી ભેગાં રહી શકે, માનવીને માનવી જોડે રહેવું એ તો કપરું એને અટપટું છે. છતાં માનવી માનવીથી દૂર પણ જઈ શકતો નથી. પણ આપણો અનુભવ આપણને ધીમે ધીમે અળગા ને અળગા થઈ જવાની ફરજ પાડે છે. જો કેવળ અભિમાનથી આપણે એવું કરીએ તો અભિમાન ધારણ કર્યાનું તો કદાચ સુખ મળે, પણ આપણે માનવીની હૂંફ ઝંખીએ, સહવાસ ઝંખીએ ને છતાં એ ઝંખનાને પરિણામે જ આપણને આવા અનુભવ થાય તો શેનું આશ્વાસન લેવું?

આમ તો આપણી બધી પ્રવૃત્તિના મૂળમાં માનવીની નિકટ જવાની જ ઝંખના હોય છે. છતાં આપણી પ્રવૃત્તિને પરિણામે જો વધુ ને વધુ દૂરતા અને એકલવાયાપણાનો અનુભવ

થાય તો કશી પ્રવૃત્તિ માટે શો ઉત્સાહ રહે? ધીમે ધીમે ઉદાસીનતાની માત્રા વધતી જાય. છતાં આપણે નિષ્કર્મ તો બેસી નહીં રહી શકીએ. આવી છે માનવીની નિયતિ! કર્મ કર્યા વિના રહેવાય નહીં અને કર્મને અન્તે નિર્ભ્રાન્તિ, આખરે આ નિર્ભ્રાન્તિની અવસ્થાને જીરવવાની સાધના કરવાની રહે! આ બધાંને કારણે થતો વિષાદ, રોષ, કચવાટ, કલેશ, એને વિષની જેમ ગટગટાવી જઈ નીલકંઠ બનીને જ આપણે જીવવું પડે છે. આપણે દુભાયેલા હોઈએ તેથી આપણી આજુબાજુનું વાતાવરણ પણ એનાથી કલુષિત કરવું જરૂરી નથી. એથી તો બધું વધુ અસહ્ય બને છે. છતાં મન અપ્રસન્ન હોય તોય પ્રસન્ન વાણી બોલવી, મુખ પરથી સ્મિત વિલાઈ ન જવા દેવું એ તો અભિનય થયો. આખરે જીવવું નહીં, પણ જીવવાનો અભિનય કરવો, એમ જ ને?

મેં જોયું છે કે કેટલાકને આવો અભિનય સ્વાભાવિક થઈ પડે છે. દુ:ખનો પણ એઓ અભિનય કરી શકે અને સુખનો પણ. એઓ કોઈને કળવા નહીં દે કે ખરેખર એના મનની સ્થિતિ શી છે! પોતાની આ કળા પર આવા લોકો મુસ્તાક હોય છે. પણ એને કારણે જ એઓ અમાનુષી લાગે છે. મને તો એમની નિકટ જવામાં સુખની લાગણી થતી નથી. આખરે એટલી વાત સાચી કે પ્રસન્નતાની ક્ષણો તે સાચી ક્ષણો છે. આપણી જિન્દગીનું માપ પ્રસન્નતાની ક્ષણોથી જ નીકળે છે. એ પ્રસન્નતા નથી હોતી તો જિન્દગીનું નર્યું મમત્વ એની અવેજીમાં મૂકી શકાય નહીં. એવા મમત્વને બાઝી રહેવાથી તો આપણે વધુ દયાજનક લાગીએ છીએ.

# બુદ્ધિની અવિશ્વસનીયતા

બુદ્ધિવાદી ભીરુ હોઈ શકે? કાર્ય પરત્વે ઉદાસીનતા કે કાયરતા બુદ્ધિવાદીઓમાં ઘણું ખરું દેખાય છે એ સાચી વાત છે? બુદ્ધિવાદી આખરે સામાન્ય માનવી તરફ નફરતની નજરે જોતો થાય છે. એ અસહિષ્ણુ બને છે, વક્રદર્શી બને છે, ને અન્તે નિહિલિસ્ટ (શૂન્યવાદી) બનીને નરી નિરાશા ફેલાવે છે. આ નિરાશાને એ બુદ્ધિના ટેકા આપીને ઊભી કરે છે. આવી પ્રવૃત્તિને કારણે બુદ્ધિવાદી આખરે તો સમાજને માટે ખતરનાક નીવડે છે. આવું પણ કેટલાક કહેતા હોય છે.

આવી જ દશા સર્જકો ને કળાકારોની આપણા સમાજમાં થવા બેઠી છે. હમણાં જ ‘ટાઇમ્સ’ના ત્રીજા અગ્રલેખમાં હળવા કટાક્ષથી કહેવામાં આવ્યું કે કવિઓને એક સ્ટીમરમાં બેસાડી મધદરિયે લઈ જઈ ટોરપેડો મારીને ઉડાવી મૂકવા જોઈએ. આપણી પાસે મહાન પ્રતિભાશાળી કોઈ સર્જક નથી, જે છે તે બધા નાનાં નાનાં છમકલાં કરનારા, એમનો વ્યાપ નાનો. એમની શક્તિ ઓછી ને છતાં પ્રતિષ્ઠા માટેની ભૂખ ઓછી નહીં. એને માટે સમાજ ચંદ્રકો ને ઇનામોની વ્યવસ્થા કરે, એમને આગલી હરોળમાં બેસાડે, એમને સંસ્કૃતિના ઘડવૈયા કહીને બિરદાવે અને આ સર્જકો સંસ્કૃતિના જ ઉપહાસ કરતા હોય. મૂળ વાત તો એ છે કે સંસ્કૃતિવિકાસમાં આખું એક ચક્ર પૂરું કરી રહ્યા બાદ માનવી પાછો આદિકાળની બર્બરતા આગળ આવીને ઊભો છે. લોહી રેડતાં એને અરેરાટી થતી નથી, સંસ્કૃતિનો નાશ કરતાં એ સહેજે ખચકાતો નથી. ફેર એટલો પડ્યો છે કે આદિકાળ કરતાં આ નાશની પ્રવૃતિ ભારે મોટા પ્રમાણમાં ચાલી રહી છે. એને ઢાંકવાની અનેક તરકીબ માનવીએ આ ગાળા દરમ્યાન શોધી કાઢી છે. આપણી પરિમાણને ઓળખવાની વિવેક-શક્તિ જ કુંઠિત થઈ ગઈ છે. લોકશાહીનું એક દૂષણ એ છે કે

એ સંખ્યા પર વધુ પડતો વિશ્વાસ મૂકે છે. ઘણાએ સ્વીકાર્યું માટે સત્ય-એવી વ્યાખ્યા સત્ય પર જ જુલમ ગુજારે છે તેનો આપણે ખ્યાલ રાખ્યો નથી. સત્યને શોધવા જેટલી ધીરજ આપણા જમાનામાં નથી. કેવળ તેજ રફતારનો જ આપણને જાણે નશો ચઢ્યો છે. આ ગતિને બતાવવા માટે આપણે આંકડાનો ઉપયોગ કરીએ છીએ. સત્ય આંકડાના કોષ્ટકમાં પુરાઈ ગયું છે.

માનવી સૌથી પહેલાં પોતાની બુદ્ધિ પરથી જ વિશ્વાસ ખોઈ બેઠો છે, બુદ્ધિની ચાલ ધીરી હોય છે. એ વિકલ બનતી નથી, એ ગમે તેવા વિક્ષોભ વચ્ચે સ્વસ્થતા જાળવી રાખે છે. બુદ્ધિના આ ગુણો જ હવે અવગુણો લેખાવા લાગ્યા છે, માનવી વધુ ને વધુ અધીરો બનતો જાય છે, વિક્ષોભ એને લાગણીવશ બનાવી દે છે. 'ધીરસ્તત્ર ન મુહ્યાતિ' એવું ગીતાવાક્ય આજે આપણને સદતું નથી, આથી બુદ્ધિને જ હદપાર કરીને માનવી ફરીને આદિકાળમાં હતી તેવી અરાજકતા ઊભી કરવા તરફ ઝૂકતો હોય એવું લાગે છે. બુદ્ધિમાં કાર્યને જોમ આપવા જેટલી ઉષ્મા નથી, એ વન્ધ્ય છે એવું મનાવા લાગ્યું છે, અરાજકતા પોતે જ તુમુલ શક્તિની જનની છે. સત્ય પણ કદાચ અરાજકતાના ખોળે જ ઊછરે છે.

આ પ્રકારની માનસિક ઉગ્રતા અને વ્યગ્રતાએ બુદ્ધિને પાછળ હડસેલી દીધી છે. પશુપંખી બનીને કે વનસ્પતિ બનીને જીવવાનું માનવીને માટે શક્ય નથી. આદિમાનવ લગભગ એ દશામાં જીવતો હતો. માનવીની નિયતિ એ છે કે પૃથક્કરણનો વિષય પણ પોતે છે ને પૃથક્કરણ કરનાર પણ પોતે છે. આ પરિસ્થિતિમાં જ પાયાની અસંગતિ રહેલી છે, બુદ્ધિને જ્યાં જ્યાં કશું કામ સોંપવામાં આવે છે ત્યાં તરત જ સંકુલતામાંથી કશુંક સારવી લેવાની (એબ્સ્ટ્રેક્શન) પ્રવૃત્તિમાં એ પડી જાય છે. જે વિશિષ્ટ છે, તે સમષ્ટિ સુધી પહોંચે તે દરમ્યાન આ પહોંચવાની પ્રક્રિયાથી જ ઘણું બધું ખોઈ બેસે છે, આથી 'યુનિવર્સલ'થી બધા જ 'પટીક્યુલર'નો ખુલાસો થઈ શકે નહિ. પણ બુદ્ધિ આ સિવાય બીજી કશી પદ્ધતિએ કામ કરી શકે પણ નહિ. કેવળ વિભાવનાઓનાં ચોકઠાં ઘડવાથી માનવ્યની બધી સંકુલતાઓને આંબી લઈ શકાતી નથી. વિભાવનાઓ ઘડવાની સ્થિતિએ આપણું મન પહોંચે તે પહેલાંની ચેતનાની સ્થિતિ સંકુલ હોય છે તો સમૃદ્ધ પણ હોય છે. વિભાવનાઓ ઘડવાથી વ્યવસ્થાઓ આવે પણ એની પહેલાંની કહેવાતી અરાજકતામાં જે કૌવત હોય છે, સમૃદ્ધિ હોય છે, તેને ભોગે ઘણું ખરું આ વ્યવસ્થા આવતી હોય છે.

માનવી મનના અચેતન અંશ વિશેની શોધોના પરિણામરૂપે પણ બુદ્ધિની પ્રતિષ્ઠાને

ધોકો પહોંચ્યો છે. આપણા મનનો ખાસ્સો મોટો પ્રદેશ એવો છે જ્યાં બુદ્ધિનું નિયંત્રણ નથી, ને આ પ્રદેશને બુદ્ધિ નકારી શકે નહિ. કળા સાહિત્ય આ બધાંનાં સર્જનમાં આ પ્રદેશનો જ મોટો ફાળો છે. બુદ્ધિ જે કરી શકે છે તે જીવનની અખિલાઈના પ્રમાણમાં ઘણું ઊણું લાગે છે. જીવન વિશેનાં આત્યંતિક સત્યો આપવાનો દાવો જમાને જમાને જૂઠો પડતો આવ્યો છે. દરેક જમાનો પોતા પૂરતા કેટલાક કામચલાઉ ઉકેલ ઉપજાવી લે છે. આ ઉકેલની મીમાંસા ચાલુ હોય છે એ દરમ્યાન જમાનો આગળ વધી ગયો હોય છે. પછી એને આગલા જમાનાના ઉકેલ કે એની મીમાંસામાં ઝાઝો રસ રહ્યો હોતો નથી, આથી પણ બુદ્ધિની પ્રવૃત્તિ નર્યા વ્યાયામ જેવી લાગવાનો સમ્ભવ રહે છે.

માનવી વિદગ્ધતાની એવી કક્ષાએ પહોંચી ચૂક્યો છે કે સહજ સરળ એવી જીવનરીતિ એને માટે હવે શક્ય રહી નથી. વિદગ્ધની બર્બરતા એ એવો તો વિરોધાભાસ છે જે બુદ્ધિની વ્યવસ્થા નીચે એકદમ આવી જાય એમ નથી. વિદગ્ધતાને ખંખેરી નાખીને અરાજકતાને શરણે જવું? આમાં જ હાર રહેલી છે. ને એવી હાર સ્વીકારતાં આપણું અભિમાન છંછેડાય છે, વિફરી ઊઠે છે. આથી બીજી અનેક સમસ્યાઓ ઊભી થાય છે. અરાજકતાને શરણે જવાથી માનવી દુર્દમ્ય આવેગોને સ્વીકારી લે છે. આ આવેગો એની અભિલાષા ને મહત્ત્વાકાંક્ષાને અતિશયોક્ત રૂપે બહેકાવી મૂકે છે. આથી હિટલર અને સ્તાલિન પાકે છે. માનવીને લોહિયાળ ક્રાન્તિનો નશો ચઢે છે. એ નશો ઊતરે છે ત્યારે આત્મઘાત સિવાય કશો આરો રહેતો નથી.

આમ આખરે તો નિરાશાનું ધુમ્મસ છવાતું જાય છે. સત્દર્શનમાં એ અંતરાયરૂપ બને છે. સ્વસ્થપણે બુદ્ધિ વ્યાપારશીલ બને, તારતમ્યનો વિવેક જાગૃત રહે, આ કે તે વાદે ગજવેલા ઘમસાણમાં સત્યનો ભોગ નહિ આપી દેવાય – આ જોવાની જવાબદારી કોની? કૃત્રિમ રીતે ઊભી થયેલી સમસ્યાઓ માનવશક્તિનો મોટો ભોગ લઈ લે છે. રાજકારણ મોટે ભાગે આવા પ્રશ્નોમાં જ અટવાતું રહે છે. શાસનનો દંડ ને સત્યની આણ બે વચ્ચે ધ્રુવ જેટલું અંતર પડી જાય છે ને એની વચ્ચે માનવી રહેંસાઈ જાય છે. એક બાજુથી વ્યક્તિનો લોપ ને સમષ્ટિનું હિત તો બીજી બાજુથી વિભૂતિપૂજા – આ અનિષ્ટમાંથી માનવી ઊગરી શક્યો નથી. સ્તાલિન કે માઓત્સે તુંગની પૂજા ગમે તેવા કટ્ટર ધામિકોની ઘેલછાને પણ ભુલાવે એવા સ્વરૂપે આજે દેખાતી નથી? ઈશ્વરને ખભેથી ઊતરીને માણસ વિભૂતિના ખોળામાં બેસે તો એ પોતાના પગ પર ઊભા રહેતાં શીખી ગયો એવું તો કહી ન શકાય. પશુના જેવો ચતુષ્પાદ આદિમાનવ કેટલાંય વર્ષોના

પરિશ્રમ પછી બે હાથ ઊંચા કરીને ઊભો થયો. આ ઊર્ધ્વબાહુ માનવ આજે ફરી કીટ બનીને દરમાં ભરાઈ જવા ઇચ્છે છે. એક અમેરિકાવાસી ધનાઢ્યે દરિયાની નીચે બખોલમાં મહેલ બંધાવીને રહેવાનો મનસૂબો ઘડ્યો કારણ કે હવે પૃથ્વીની સપાટી પર રહેવું એટમબોંબને કારણે ખતરનાક બની ગયું છે. માનવીની સંહાર કરવાની ઘેલછા જ માનવીને પૃથ્વીના પેટાળમાં રહેલા અન્ધકાર તરફ ધકેલી રહી છે. માનવીને ધર્મથી બચાવી શકાય, ઈશ્વરથી બચાવી શકાય, પણ માનવીને માનવીથી શી રીતે બચાવી શકાશે? આ પ્રશ્નનો જવાબ માનવીએ શોધવાનો રહેશે.

# બુદ્ધિજીવીનું શોષણ

હમણાં હમણાં બુદ્ધિજીવી વર્ગ પર તવાઈ ઊતરી લાગે છે, એવો કોઈ વર્ગ પોતાનું આગવું અસ્તિત્વ ટકાવીને સમાજમાં સુપ્રતિષ્ઠિત રહી શકે એવી પરિસ્થિતિ છે ખરી? એ વર્ગને જ હંમેશાં શંકાની નજરે જોવામાં આવે છે, એની બુદ્ધિનો ખપ છે ખરો, પણ એને પૈસાને જોરે ખરીદી શકાય એવો ફાંકો પણ રાખવામાં આવે છે. આગલી હરોળમાં બેઠેલા કે અગ્રગણ્ય સ્થાને સભાસમારમ્ભમાં બિરાજતા સજ્જનોની પાછળ બુદ્ધિજીવી સંતાઈને રહ્યો હોય છે, પ્રમુખ સ્થાને બેઠેલા સજ્જનને એ વ્યાખ્યાન લખી આપે છે. આમ એ બૌદ્ધિક નથી પણ ખરેખર બુદ્ધિજીવી છે, કારણ કે બુદ્ધિ એની આજીવિકા રળવાનું સાધન છે. બુદ્ધિજીવીઓનો સૌથી મોટો ભોગ લે છે વર્તમાનપત્ર. એને દાટી દેવાની, ખરીદી લેવાની ને અન્તે નીચોવી શોષીને ફોતરાંની જેમ ફેંકી દેવાની વર્તમાનપત્રની રીતરસમોનો અભ્યાસ થવો જરૂરી છે.

સરમુખત્યારશાહીમાં બુદ્ધિજીવી વર્ગને શોષવાની જે રીતિ અખત્યાર કરવામાં આવે છે તેને ટપી જાય એવી રીતિઓ આપણા દેશમાં આપણી લોકશાહીમાં અખત્યાર કરવામાં આવે છે. આમ છતાં છાશવારે સંસ્કૃતિ, સંસ્કૃતિના રક્ષણસંવર્ધનની વાતો કર્યા કરનારા અગ્રિમ ધુરંધરોને આ પ્રશ્ન મૂંઝવતો નથી. કરુણ અથવા બીજી રીતે જુઓ તો હાસ્યાસ્પદ પરિસ્થિતિ તો એ છે કે બુદ્ધિજીવીના શોષણનો પ્રશ્ન ઊભો થયો છે એનું ભાન આ શોષણ કરનારાઓને છે જ નહીં. એઓ તો કશા સભાન આશય વિના, જાણે તેમનો સ્વભાવ જ થઈ પડ્યો હોય તેમ, વર્તતા હોય છે. આ પરિસ્થિતિનું ભાન પણ એમને બુદ્ધિજીવીઓ સિવાય કોણ કરાવે? ને એ તો બિચારા ખરીદાઈ ગયા હોય છે! એમનાં તો કાંડાં કાપી લીધાં હોય છે! બુદ્ધિજીવીઓ શા માટે પોતાની આવી દશા થવા દે

છે? એમને પોતાના સિદ્ધાન્ત ખાતર ભોગ આપતાં કેમ નથી આવડતું ? એઓ શા માટે હસતે મોઢે ગરીબી સહન કરી શકતા નથી? ફનાગીરીને જ એઓ કેમ પરમ સૌભાગ્ય ગણી લેતા નથી? ભોગ આપ્યા વિના કોઈ મહાન થઈ શકે?

આમ બુદ્ધિજીવીઓને એમનો ધર્મ સમજાવવાની, એમને પરાણે મહાન બનાવી દેવાની ચિન્તા ઘણાને થતી હોય છે. જે સમાજમાં બુદ્ધિશાળી વર્ગ શૂદ્રને સ્થાને છે તે સમાજની અધોગતિ થતાં વાર લાગતી નથી. મૂલ્યોનો લોપ, અરાજકતા, નીતિભ્રષ્ટતા, સદાચાર આ બધી વાતો ચાલ્યા કરે છે, પણ મૂલ્યસંશુદ્ધિની વિચારણા કરશે કોણ? સાધન અને સાધ્ય વિશે વિચારશે કોણ? વગ ધરાવનારા વર્ગને જે પોતાના સ્વાર્થને અનુકૂળ લાગ્યું તે જ મૂલ્ય એવું બુદ્ધિજીવી વર્ગ પાસે તર્કને જોરે પ્રતિપાદિત કરાવવાનો જેટલો ઉત્સાહ છે તેટલી જો સત્યનિષ્ઠા હોત તો આવું નહીં બન્યું હોત. પણ આપણા બધાનાં વતી સત્યનું માન રાખવાની જવાબદારી તો ગાંધીજીની હતી ને એઓ તો ગયા!

બુદ્ધિજીવી વર્ગને હંમેશાં ગાળ ખાવાને તૈયાર રહેવું જ પડે છે, ક્ષેત્ર ગમે તે હોય, એક કહેવાતા સર્જકે (આમ તો ધંધાદારી વાર્તાલેખક) બુદ્ધિજીવીઓનો જે દોષ કાઢ્યો છે તેનો નમૂનો આ રહ્યો : ‘ગઈ સદીમાં બુદ્ધિજીવી વર્ગને ગુલામી સાલતી હતી. ને આજે આઝાદીમાં એ વર્ગને દેશની ગરીબાઈ, પછાતપણું સાલે છે તેમ કહી શકાય ખરું? અને જો સાલતું હોય તો તે માટે એ વર્ગે શું કર્યું? બુદ્ધિજીવી વર્ગ એવું માનતો જોવા મળે છે કે રાજકારણે સમગ્ર સમાજજીવન પર એવો ભરડો લીધો છે કે એમાં પડ્યા વિના કંઈ થઈ શકે એમ નથી. અને રાજકારણના ગંદવાડમાં પડવું પોતાને પોષાય નહીં! રાજકારણમાં એ ખૂણે નિસાસો નાખતો બેસી રહ્યો છે. જો આ ને આ સ્થિતિ ચાલુ રહેવાની હોય તો લોકશાહીનું ભાવિ ઊજળું નથી.’

આ પરિચ્છેદમાં કેવી તો અમાનુષી ક્રૂર મશ્કરી રહેલી છે! ગરીબી આંકડાશાસ્ત્રનાં કોષ્ટકોને આધારે પુરવાર કરવાની વસ્તુ નથી, પ્રત્યક્ષ અનુભવની વસ્તુ છે. તેને એમ પૂછવું કે, ‘તને ગરીબાઈ સાલે છે ખરી?’ એ ક્રૂર મશ્કરી નહીં તો શું? લોકરુચિની ખુશામત કરીને, ફદિયાની બુદ્ધિના આધારે લાખનો બંગલો બંધાવનારા વાર્તાકારને કદાચ આ પ્રશ્ન સુખસગવડ વચ્ચે આળોટતાં આળોટતાં પૂછવાનું પરવડે. બુદ્ધિજીવી કાયર છે, વાસ્તવિકતાનો સામનો કરવાને બદલે શાહમૃગીવૃત્તિ સેવે છે. પોતાના વિચારો (અથવા તો ગાળને વધારે આકરી બનાવવી હોય તો કળાના તરંગ)માં જ મગ્ન બનીને એ પોતાના એકદંડિયા મહેલમાં પુરાઈ રહે છે, જનતાનો એને સમ્પર્ક જ નથી, લોકોથી

જુદા રહેવાની એ તુમાખી સેવે છે, એ કર્મવીર નથી વગેરે વગેરે આક્ષેપો મૂકવા સહેલા છે. રાજકારણ ગંદી રમત હોય ને જો એને ખરેખર એવું લાગતું હોય ને એમ કહે તો પણ તે સોગિયામાં ખપે. ગંદાની સૂગ રાખ્યા વિના એણે રાજકારણમાં ઝંપલાવવું જ જોઈએ એવી સલાહ આપવામાં આવે, કેમ જાણે રાજકારણમાં પડવાથી જ બધા પ્રશ્નો ઉકેલવાની જડીબુટ્ટી હાથમાં આવી જવાની હોય! પોતાને બુદ્ધિજીવી કહેવડાવતા છતાં વાસ્તવમાં બુદ્ધિદ્રોહી એવો આ વર્ગ હંમેશાં છીછરી વિચારસરણી, સમસ્યાઓને ઉથલાવી તપાસી જોવાનું નાટક – એમાં રાચતો હોય છે. ને એ રીતે પોતે બુદ્ધિજીવી છે એ વાતનો સંતોષ લઈ આત્મપ્રવંચનામાં રાચતો રહે છે. લોકશાહીના દ્રોહી બુદ્ધિજીવી જ છે એવું માની મનાવીને આ વર્ગ સન્તોષ લે છે.

આપણી સર્વ ક્ષેત્રની વિચારણા-પર્યેષણામાં બુદ્ધિનું સ્તર કેટલું ઊંચું રાખી શકાયું છે? આપણે ત્યાં સાચી લોકશાહી છે ખરી? તટસ્થ રહીને જો આ પ્રશ્નો વિચારીશું તો જણાશે કે કોઈ વાદ, કોઈ વર્ગની સેહમાં દબાયા વિના થતું સ્વતન્ત્ર ને મૌલિક ચિન્તન ઘણું ઓછું છે. આપણી વિદ્યાપીઠો તો બુદ્ધિજીવીઓનું મુખ્ય સ્થાનક છે. ત્યાં જે સંવિવાદ ને ચર્ચાઓ ચાલે છે તે સાંભળો કે આપણા અગ્રગણ્ય લેખાતા સર્જકો ને વિચારકો આપણા નગરગૃહોમાં મહત્ત્વના પ્રશ્નો જે રીતે છણે છે તે જુઓ, ક્યાંક એકાદ નવો વિચાર ઝબકી ઊઠે, એના ઝબકારાથી આપણા મનમાં અજવાળું થઈ જાય એવું ક્વચિત બને છે ખરું? આવા વિદ્વાનોના શબ્દો મુદ્રિત કરી એમની સામે ધરીને એમનો જવાબ માગવામાં આવે તેમ થવું જોઈએ. થોડું બુદ્ધિચાપલ્ય (આ સમાસનું પહેલું અંગ ઘણુંખરું ગેરહાજર), થોડાં ટાંચણો, થોડી હળવી ને સસ્તી મજાક, થોડો આવેગ ને આવેશ ને થોડો અભિનય બસ, પતી ગયું.

બુદ્ધિજીવી વર્ગને જો ગાળ ભાંડવી હોય તો તેનું સાચું કારણ તો એ હોવું ઘટે કે આ વર્ગ જ બૌદ્ધિક પ્રામાણિકતા જાળવી રાખતો નથી, બુદ્ધિને સતેજ રાખતો નથી. પોતાના મનમાં સતત ચાલ્યા કરતા વિચારને કારણે જે ઉદ્ભવે તે વિશે ઊહાપોહ કરવાને બદલે એ સસ્તી ગાઇડ લખીને ગુજારો કરે છે. સભાજનોનું ને સરકારનું ગુણગાન કરે છે. જરૂર પડે તો ઉગ્ર પણ સત્યનિષ્ઠ એવી આલોચના થતી રહે તો જ આ પરિસ્થિતિમાંથી ઊગરી શકાય, આથી બુદ્ધિજીવીઓને ખરો પૂછવાનો પ્રશ્ન તો આ છે : બુદ્ધિની મંદતા, મૌલિક વિચારણાનો અભાવ, બૌદ્ધિકોની ગણતરીપૂર્વકની અપ્રામાણિકતા, એમનું સમાજના વગ ધરાવનારા વર્ગને હાથે થતું શોષણ,

વિદ્યાસ્થાનોમાં પણ એમની દયાજનક સ્થિતિ – આ બધું તમને સાલતું નથી? બુદ્ધિજીવીઓની સામે ગમે તે કહેવાનું હશે, ક્રાન્તિનો તણખો એ વર્ગમાંથી જ ઊડશે ને પછી બધું સળગી ઊઠશે. વિદ્યાપીઠમાં પણ રાજકારણે પ્રવેશ કર્યો છે. આ વ્યક્તિ આ પક્ષનો પ્રતિનિધિ છે એ રીતે જોવામાં આવે છે. પોતાના ક્ષેત્રમાં કશુંક અસાધારણ સિદ્ધ કર્યા બદલની એની ગુણવત્તા જોવામાં આવતી નથી. લોકશાહી એટલે મતગણતરી – હાથ ઊંચો કરવામાં જેટલી બુદ્ધિની કે પ્રામાણિકતાની કે સત્યનિષ્ઠાની જરૂર રહે છે તેટલી કદાચ અમુક વર્ગની પ્રત્યેની વફાદારીના ખ્યાલની ન હોવી ઘટે. આનો અર્થ એ થયો કે લોકશાહીમાં બુદ્ધિ હાથ ઊંચો કરવા સુધી પહોંચી છે, મગજ સુધી નહીં : 'લોક' શબ્દ જેના પરથી 'લોચન' શબ્દ બન્યો છે તેમાંથી બન્યો છે. લોક એટલે જે દેખી શકે છે તે. આથી લોકતંત્ર એટલે પોતાની દૃષ્ટિથી દેખી શકનારનું તંત્ર. પણ એક જણને હાથ ઊંચો કરતો જોઈને દેખાદેખીથી હાથ ઊંચો કરનારો સાચા અર્થમાં દેખતો નથી પણ આંધળો છે, એ સત્યને ઓળખતો નથી, આથી સત્યનો આગ્રહ તે શી રીતે રાખે? એના વર્ગના અગ્રણી જેનો આગ્રહ રાખે તેને સત્ય માનીને જ એ સૂત્રોચ્ચાર કરે, એનો જ હઠાગ્રહ એ રાખે. આથી એમાં પ્રામાણિકતા કરતાં વફાદારી વધારે, નિષ્ઠા કરતાં ઝનૂન વધારે, બુદ્ધિ કરતાં શ્રદ્ધા વધારે.

કશુંક અસાધારણ બની આવે તો આપણું શું થશે એવી ભીતિ આ વગ ધરાવનારા વર્ગને છે ને તે સર્વ ક્ષેત્રમાં – પછી તે વિદ્યાપીઠ હોય, સમાજસંસ્થા હોય કે રાજકીય પક્ષ હોય.

# બે રાખ

આપણે કહીએ છીએ રાખ, પણ એનું મહત્ત્વ કેટલું વધી જાય છે! સંત પુરુષો ને સતી સ્ત્રીઓ હથેળીમાંથી રાખ ને કંકુ ખેરવે છે. એ જેને મળે તે ધન્ય થઈ જાય. આમ તો તુચ્છ ગણાતી રાખ પછી રક્ષા બને, આધિ વ્યાધિ ઉપાધિથી આપણું રક્ષણ કરે, એને માટે લોકો પડાપડી કરે.

એક બાજુ રાખ અને બીજી બાજુ અણુબોંબની રાખ આ બે વચ્ચે માણસ જીવે છે. એક રક્ષે છે એવી શ્રદ્ધા છે, બીજી અદૃશ્ય રીતે મજ્જા સુધી પહોંચી જઈને કેટલીય પેઢીને સંહારે છે. અનિશ્ચિતતા ને એને પરિણામે પ્રાપ્ત થતી નિશ્ચિતતા માટેના માનવીના પ્રયાસો આખરે શેમાં પરિણમે છે? વિજ્ઞાન બધું નિશ્ચિતપણે ગણિતની ચોકસાઈથી ગોઠવી આપવાની અણી પર હોય છે ને ત્યાં જ અનિશ્ચિતતાનું તત્ત્વ પ્રવેશે છે, પણ અનિશ્ચિતતા જ કદાચ માનવજીવનો પ્રાણવાયુ છે. યંત્રની ચોકસાઈ કે નિશ્ચિતતા માનવીના ગૌરવને ઝાંખું પાડી નાખે છે. આવી નિશ્ચિતતા સામે માનવી પોતે જ બળવો કરે છે. સ્વર્ગ પણ એક પ્રકારની નિશ્ચિતતા માનવીને મન તો હતી. સ્વર્ગ ખોટું ને સાથે નરક પણ ખોટું, આત્માને ખોયા પછી મનોવિજ્ઞાને માનવચિત્તનું પૃથક્કરણ શરૂ કર્યું. સ્વપ્ન, અજાગ્રત મન, સંસ્કાર – આ બધાં ભેગી અનિશ્ચિતતા પાછી આવી. વળી માનવીનાં મનનું રહસ્ય ઘેરું બન્યું. રહસ્ય વિના માનવીને ચાલ્યું નથી. એ જીવનના મુખ્ય રસનું ઊગમસ્થાન છે. તારાઓનાં અંતર આંકડા મૂકીને ચોકસાઈથી માપો, પણ માનવચિત્તમાં વસતી બે લાગણીઓ વચ્ચેની કડી એવી ચોકસાઈથી ગોઠવી શકાશે ખરી?

આદિ માનવના જીવનમાં કેટલાક આગવા રસ હતા, તે આપણે ખોયા છે. ભય અને અનિશ્ચિતતા માનવજીવનને વામણું અને દયાજનક બનાવી દે છે, એવું નથી, માનવી

આ બંને સામે ઝૂઝે છે ને પોતાનું જેના પર નિયંત્રણ નથી તેની સામે જ્યારે છાતી કાઢીને માનવી ઝઝૂમતો હોય છે ત્યારે એ પોતાનું ગૌરવ પ્રગટ કરે છે. આત્મા ખોયો, ઈશ્વર ખોયો, મરણને જીવનની પ્રક્રિયાના અનિવાર્ય પરિણામ રૂપે ઓળખી લીધું, વૈકુંઠ ગયું ને નરક ગયું, સીમાડાઓ સંકોચાઈ ગયા, ને વળી માનવીએ અવકાશમાં ઝંપલાવ્યું. માનવી ઈશ્વરને શોધે છે એમ કહેવાં કરતાં અનિશ્ચિતતાને શોધે છે એમ કહેવું કદાચ વધુ સાચું છે. ઈશ્વર પણ અદૃશ્ય હોવાથી, વાસ્તવમાં તો અનિશ્ચિત છે, ને માટે જ ઈશ્વરનું પણ માનવીને આકર્ષણ છે. મરણ નિશ્ચિત છતાં અનિશ્ચિત છે ને એથી જ મરણને માટેની આસક્તિ માનવ સ્વભાવમાં રહી હોય છે.

અનિશ્ચિતતાનું સાહસ બધાંને પરવડતું નથી, આથી માનવીનો મોટો ભાગ તરણાંને બાઝીને ટકી રહેવા મથે છે. છ સાત વર્ષની વાત હશે. સયાજીગંજમાં સખા મહારાજ આવેલા. શ્રાવણ મહિનો, એક મુરબ્બી વકીલ સાહેબ ખૂબ ભાવિક. સાંઈબાબાને માને, સખા મહારાજને માને ને મને કશું માનવાની ઝાઝી મુશ્કેલી. શુભેચ્છક તરીકે એઓ એમ ઇચ્છતા હતા કે હું શ્રદ્ધાળુ બનું તો સારું, મને શ્રદ્ધા છે, પણ તે માનવીના માનવ્યમાં, જો પ્રભુ હશે તો માનવ્ય સિદ્ધ થયા વિના મળવાનો નથી. સખા મહારાજ તો પુરુષવાચક નામ, પણ હતાં તો સિત્તેરની આસપાસના નાગર વિધવા, પોતાને કૃષ્ણ જ માને ને કૃષ્ણની જેમ જ ગોપીઓ જોડે ક્રીડા કરે. સારું હતું કે ક્રીડા બાલકૃષ્ણની જ હતી. એમના હાથમાં લાકડી. સારા ઘરની વહુવારુઓ સાચાં દહીં ને માખણની મટકી મૂકીને ગોળાકારે ફરે, ગીત ગવાતાં જાય. પ્રેક્ષક વર્ગ પણ ખાસ્સો એવો. આ બધી જુવાન વયની સ્ત્રીઓ, કોઈને શેર માટીની ખોટ, કોઈને પતિ વશ નહિ, કશુંક ઝંખનારી સ્ત્રીઓ. પ્રેક્ષકોમાં બધાં જ ભાવિક એવું નહીં. વૃદ્ધાવસ્થાને કારણે જાડા બની ગયેલા અવાજે સખા મહારાજ ગાય ને સ્ત્રીઓ ઝીલે. ત્યાં સખા મહારાજે મટકી ફોડી, માખણના લોંદા નીચે પડ્યા. સ્ત્રીઓનાં અંગો પર પડ્યા, એમનાં અંગ પરથી લઈ લઈને સખા મહારાજે પ્રેક્ષકોમાં ફેંક્યા. જેના અંગ પર પડ્યા તેના પરથી આંગળીએ આંગળીએ સહુ ચાટી ગયા. જેની મટકી ફૂટી, જેનાં અંગ પર માખણ પડ્યું તે ધન્ય થઈ ગયા. પછી તો સખા મહારાજને સત ચઢ્યું, હાથમાંથી કંકુ ખર્યું, ને બધું પૂરું થયું. હમણાં સત્ય સાંઈબાબાની ભસ્મનો આવો જ મહિમા સાંભળ્યો. જેને ભસ્મ મળી તે ધન્ય થઈ ગયા. બીજા એમની પાસેથી ભસ્મ લઈને ધન્ય થયા. આ બધા ભાવિક જનોમાં દાક્તરો, વિજ્ઞાનીઓ, ઇજનેરો બધા જ હોય છે. નહેરુ કહેતા તે સાચું છે. આપણા ભારતવર્ષમાં હજીય ગાયના છાણાનો યુગ

ચાલે છે સાથે અણુયુગની એંધાણી વરતાય છે. પણ શ્રદ્ધા કોઈ આંતરિક જરૂરિયાત નથી. નબળા મનને આધાર આપવાને સભાનપણે યોજાતી પ્રવંચના છે. પણ આમ કહેવું તે ભાવિક જનોનો રોષ વહોરી લેવા બરોબર છે.

એથી પ્રેમીઓનાં પણ મન ઊંચાં થઈ જાય છે. ધર્મ (જો ધર્મ આવી રાખમાં સમાતો હોય તો) સાધવાને બદલે તોડે છે. આવા ધર્મોના આશ્રય લેતા માનવીઓ વામણાં લાગે છે. સંતો પણ પોતાની સિદ્ધિઓનો આવો મર્યાદિત ઉપયોગ કરે તો સંતપણું લાજે. સાચા સંત કદી ચમત્કારથી ભૂરકી નાંખતા નથી. આવી શ્રદ્ધાનો આશ્રય લેનારા જે ઉપજાવી કાઢેલી નિશ્ચિતતાને વળગવા જાય તે કસોટીએ ચઢે તો ટકી રહી શકે ખરી? જે કસોટીએ ચઢવા માંગતા જ નથી, શાહમૃગી વૃત્તિ કેળવીને આવાં આશ્વાસનોની રેતીમાં માથું ઢાંકી દે છે તે દીનતા ધારણ કરીને સંતોષ માને છે. આવી દીનતા કદાચ ઈશ્વરના ઐશ્વર્યનું પણ ગૌરવ કરતી નથી.

અણુબોંબની રાખના અદશ્ય ભયની છાયા નીચે રહેલો માનવી નાની નાની બેચાર વાસના પૂરી કરવા આ સંત પુરુષની ચમત્કારપ્રસાદી માટે વલખાં મારે એ દશ્ય હાસ્યાસ્પદ છે કે કરુણ તે નક્કી કરવું મુશ્કેલ છે. માનવીએ પ્રગતિ કરી છે એમ આપણે કહીએ છીએ. પણ સમયની દષ્ટિએ આગળ ધપ્યે જવું તે પ્રગતિ નથી. હિમયુગનો માનવી પણ આપણામાં જ નથી વસતો? જેનું હૃદય કશાથી પીગળતું નથી, જે એની આજુબાજુ માનવીઓને દારુણ યંત્રણા સહન કરતા જોવા છતાં સહેજેય દ્રવી જતો નથી, તે હિમયુગનો માનવી છે, જે માનવીને અન્ન વગર ટળવળતાં જોવા છતાં સંઘરાખોરી આચરે ને કાળાબજાર કરે તે હિમયુગનો માનવી છે. મુંબઈમાં એકાદ લાખની વસતિ તો માનવ વસવાટ માટે સર્વથા અયોગ્ય એવાં ઝૂંપડાંઓમાં ને ફૂટપાથ પર રહે છે, તાપતડકામાં, ટાઢ ને વરસાદમાં, પવન ને આંધીમાં. પંદર પંદર વરસથી ફૂટપાથ પર જ સંસાર ચલાવનારા કુટુમ્બો છે. એવા એક કુટુમ્બમાં દીકરી જન્મી. એનું નામ પાડ્યું ધનલક્ષ્મી. આ યુગમાં લક્ષ્મીનું આસન બદલાયું ને ફૂટપાથનું થયું.

કેવળ જીવ્યે જવાની માનવીમાં અદમ્ય વાસના છે. આથી જ તો એ ગમે તેવા કપરા સંજોગોમાં આશાબન્ધ છોડતો નથી. અપમાન ગળી જાય છે. ગરીબી સહી લે છે, વ્યાધિ સહન કરે છે, ને એ જીવ્યે જાય છે. હિન્દુસ્તાનમાં ભૂખમરાથી માનવીઓ મરે છે ત્યારે અમેરિકામાં અઢળક સંપત્તિના ઢગલા પર બેસીને આ કરુણ પરિસ્થિતિનું પ્રહસન

બનાવીને જોવાની મોજ માણવામાં આવે છે. માણસની આ નિર્લજ્જતા ઢાંકવા કોઈ પશુ હવે એનું ખોળિયું આપશે ખરું?

# પશુજીવનની સહજતા

'માનવીને માટે પશુ થવું પણ સહેલું નથી.' એવો મારો અભિપ્રાય સાંભળીને એક સજ્જને કહ્યું, 'આમ કહેવાનો શો અર્થ? માનવી શું ખરેખર પશુ થવા ઇચ્છે છે? છતાં જાણે પશુ નથી થઈ શકાતું એવું કહીને અફસોસ કરવાનો કશો અર્થ છે?' માનવી તથા પશુને જોડાજોડ મૂકવાથી ઘણાને એક પ્રકારનું અસુખ થાય છે, પશુ વિરુદ્ધ માનવી – એવા બે પક્ષો ઊભા કરવાનો મારો આશય નહોતો કે પશુ થવાની ઝુંબેશ ઉઠાવવાની પણ મારી દાનત નહોતી. છતાં 'માનવતાવાદ' જેવી વસ્તુ આજકાલ જ્યાં ને ત્યાં ઉલ્લેખ પામતી જોઉં છું ત્યારે મનમાં થાય છે કે આપણે માનવીઓ માનવી હોવાના પર ભાર મૂકીને એનો એક વાદ ઊભો કરીને કોની સામે ઝૂઝવાની તૈયારી કરી રહ્યા છીએ? પશુઓએ તો 'પાશવતાવાદ' ઊભો કર્યો નથી. માનવીએ પશુ પર અત્યાર સુધી કરેલા જુલમોને કારણે પશુઓ સંપ કરીને માનવી પર ત્રાટકે એવી કોઈ પરિસ્થિતિ ઊભી થઈ નથી, કારણ કે પશુ આવી કોઈ યોજના ઘડી શકતાં નથી. માનવી યોજના કરી શકે છે. એ શાપ પણ છે ને વરદાન પણ છે. યોજનામાંથી કાવતરું-ષડયન્ત્ર પણ જન્મે છે. ને વિધિની વક્રતા (અથવા એમ શા માટે કહીએ? માનવસ્વભાવની વક્રતા જ કહેવી ઘટે ને?) એવી છે કે આ કાવતરું માનવી માનવી સામે જ રચતો હોય છે!

પશુઓની પાશવતા ને માનવીઓની માનવતા જરા તપાસવા જેવી છે. સંસ્કૃતિને ટકાવી રાખનારા. માનવ વંશને ટકાવી રાખનારા ગુણો માનવી પશુ પાસેથી શીખે તો સારું એવું નથી લાગતું? મને એ વાતનું સુખ છે કે મારી જેમ કેટલાક બીજાઓએ (ને એ લોકો તરંગી નથી, વિદ્વાન છે) પણ પ્રામાણિકપણે આ વિશે વિચાર કરીને પશુઓને ઘટતું શ્રેય આપીને એમની પાશવતાની કદર કરી છે. માનવીઓ (એ વિશે પશુઓ બેખબર

હોવાથી) પોતાના લાક્ષણિક અધમ દુર્ગુણોને પાશવી કહીને ઓળખાવે છે. છાપામાં આપણે ઘણુંખરું કોઈના પાશવી કૃત્યની વાત વાંચીએ છીએ. સમાજ જેને માન્ય નથી રાખતો એવા જાતીય વૃત્તિને સંતોષવાને માટેના અતિરેકને એ પાશવી કહીને ઓળખાવે છે. કોઈ સ્ત્રી કે પુરુષ સંભોગસુખને જ જીવનનું લક્ષ્ય ગણે છે તો એ પોતાનામાં રહેલા પશુને વશ વર્તે છે એવું કહેવાય છે. નાન્દી કરવા પૂરતું આ કદાચ બરાબર ગણાતું હશે (ને માનવી પશુથી ભિન્ન કરીને પોતાને ઓળખાવવા હંમેશાં આતુર હોય છે) પણ તટસ્થપણે વિચારનાર ફિલસૂફને (પછી ભલે ને એ પણ માનવી હોય) તો એમાં પશુ જાતિને અન્યાય થતો જ લાગશે.

આજથી દોઢ સદી પહેલાં માનવજાતિની વિશિષ્ટતા એ બતાવવામાં આવી હતી કે એ આખાય વરસ દરમિયાન સમ્ભોગસુખ માણે છે. આ વાત આજે પણ એટલી જ સાચી છે, પશુઓ જિન્સી વૃત્તિને ગૌણ લેખે છે. પ્રજોત્પત્તિને મહત્ત્વ આપે છે. આદિમ માનવજાતિનો અભ્યાસ કરનારા વિદ્વાનો આદિ માનવ અને પશુ વચ્ચે સમાનતા છે એમ કહે છે. એમના કેટલાક વિધિઓમાં સ્ત્રીપુરુષસમ્બન્ધને પ્રકટ કરતાં પ્રતીકોને મહત્ત્વ આપવામાં આવતું એ જોઈને કેટલાક લોકોએ ઉપરછલ્લું વિધાન કરેલું કે, જાતીય સુખ આદિ માનવને માટે પણ એક વળગણ રૂપ હતું. પણ વાસ્તવમાં આવું અનુમાન તારવી શકાય નહીં. આદિ માનવસમાજ તથા આ માનવીનાં મનોવલણોનો અભ્યાસ આ અનુમાનને જૂઠું ઠરાવે છે. સંસ્કારી માનવીની સરખામણીમાં એ અસભ્ય અસંસ્કૃત માનવ (પશુની જેમ)જ વર્તતો... કદાચ જાતીય વૃત્તિ હીન જ લેખાય, એનું મન એટલી તત્પરતાથી કે ટેવના બદલે બળે કરીને એ વૃત્તિની દિશામાં એકદમ વળી જતું નહોતું. એની એ વૃત્તિને પ્રદીપ્ત કરવાને અસાધારણ પ્રમાણની ઉત્તેજના આવશ્યકતા થઈ પડતી. એના આજે 'અશ્લીલ' લેખાતાં નૃત્યો કોઈ વિકૃત જાતીય વૃત્તિમાં નથી ઉદ્ભવ્યાં. એથી ઊલટું, જાતીય સુખને માટે જરૂરી લાગણી ઉદ્દીપ્ત થાય એ હેતુથી જ એ યોજાતી.

આજનો માનવી નમાલો બનીને આ માટે કેવાં વલખાં મારે છે તે તો તમે આજની જાહેરખબરો જોશો તો પણ જણાશે. ચારે બાજુ જાણે નગ્ન અર્ધનગ્ન સ્ત્રીઓનું કીડિયારું ઊભરાઈ ઊઠેલું દેખાય છે. ને એ કારણે જીવનની અનેક રેઢિયાળ વિગતો પૈકીની એક વિગત બની રહે છે. વિલિયમ સેન્સમ નામના અંગ્રેજ વાર્તાકારે આ વિશે તીખો વ્યંગ કરતી એક સુંદર વાર્તા લખી છે. લંડન જેવું મોટું શહેર. એનો એક ભૂગર્ભ

રસ્તો. એક સુંદર યુવતી ચાલી જાય છે. યૌવન એનું એની કાયામાં સમાય નહીં, ફાટું ફાટું થાય. કોઈનીય નજરને લોભાવે, ભૂગર્ભ રસ્તે જતાં એણે જોયું તો આજુબાજુ કોઈ હતું નહીં, રસ્તો લગભગ નિર્જન, દૂર એક ફેરિયો બેઠેલો, 'એ છેડતી કરે તો?' આ વિચારે એ યુવતી ભયથી ધ્રૂજી ઊઠી. છતાં ભયના માર્યા કાંઈ ભાગી થોડું જ જવાય? તો તો પેલો પાછળ જ દોડે ને! આથી બહારથી સ્વસ્થ હોવાનો ડોળ કરીને એણે ચાલવા માંડ્યું. એને નજીક આવતી જોઈ ફેરિયો ઊભો થયો, એ તરફ વળ્યો. યુવતીને થયું કે હવે તો આવી બન્યું. ચીસ પાડે તોય ક્યાંય કોઈ સાંભળે એવું દેખાયું નહીં. એ સાવ નજીક આવી એટલે ફેરિયાએ એની આગળ ઝૂકીને પૂછ્યું : 'તમારી પાસે પેન્સિલનું ઠૂંઠું છે?' પેલીએ તો પર્સમાંથી પેન્સિલ કાઢીને આપી દીધી ને 'હાશ છૂટ્યા' કહીને ચાલવા જ માંડી. એણે જોયું તો પેલો ફેરિયો સ્ત્રીની અશ્લીલ આકૃતિ ભીંત પર દોરીને એની નીચે બીભત્સ શબ્દો લખતો હતો. સ્ત્રીની એને જરૂર નથી. દીવાલ પર થોડાક શબ્દો લખવાથી એનું કામ થઈ જાય છે! આપણી આખી સંસ્કૃતિ આમ આવી મૂળ વસ્તુને સ્થાને અવેજીમાં કશુંક મૂકીને એનાથી જ કામ ચલાવી લેવા ઇચ્છતી નથી?

વચમાં અશિષ્ટ-અશ્લીલ શબ્દોના ઉપયોગ પરત્વે ચર્ચા નીકળી હતી. જ્યોર્જ સ્ટેઇનર નામના એક વિચારકે આવા શબ્દો ન વાપરવા જોઈએ એનું એક કારણ એ આપ્યું હતું કે જાતીય સમ્બન્ધ દરેકની એક અંગત વસ્તુ છે ને એ આખા સમ્બન્ધ સાથે સંકળાયેલી સંવેદનાની આ શબ્દો દ્વારા એક અંગત છબિ ઊભી થાય છે. આવી અંગત છબિને જાહેરમાં મૂકવાથી આપણે લૂંટાઈ જઈએ. સુખ તો સમ્ભોગનું જ છે, છતાં દરેકનો એ આગવો અનુભવ હોય છે અને તેથી એની સાથે સંકળાયેલી એના મનમાં ઊપસી આવતી છબિ પણ એની આગવી જ હોય છે. એને પણ જાહેર વસ્તુ બનાવવાથી આપણું પોતાનું કહેવાય એવું કશું જ રહેશે નહીં.

પશુઓ તો ભાષાનો ઉપયોગ કરતાં નથી, ને સૌથી મોટી વાત તો એ છે કે એમને કુદરતે આપેલી રૂવાંટી સિવાયનું બીજું કશું આચ્છાદન નથી. માનવીની બીજી વિશિષ્ટતા તે આ – પોતાને ઢાંકવાની – બધી રીતે ઢાંકવાની કળા. પશુઓ નગ્ન છે, નિખાલસ છે. એમનામાં કશી ગુપ્તતા નથી. પણ માનવીને ગુહ્ય અંગો છે, આથી ઢાંકવું, સંતાડવું, પ્રગટ કરવું એ બધાંની એક ભારે અટપટી જંજાળ એણે ઊભી કરી છે. ઢાંકીને ખુલ્લું કરવામાં એને અજબ રસ પડતો હોય છે. એક રીતે કહીએ તો સંસ્કૃતિ એટલે જ આચ્છાદનની કળા. વાણી તે પ્રકટ કરવાનું સાધન કે આચ્છાદનનું સાધન?

આ આચ્છાદનમાંથી જ કૃત્રિમતા, આડમ્બર જે છે તેને જુદા રૂપે પ્રચ્છન્ન કરીને રજૂ કરવાની ચાતુરી – આ બધું ચાલી આવ્યું. સત્યનું મુખ હિરણ્મય પાત્રથી ઢાંકી દીધું. આચ્છાદન એ જેને ઢાંકે તેથી પણ વધુ રમણીય બની રહે તેવી પેરવી માનવી કરતો રહ્યો. નગ્ન સત્ય જેવી કોઈ વસ્તુ હોઈ શકે ખરી? કળા, ધર્મ એ પણ આચ્છાદનો જ ને! જે નરવું છે તે કદાચ માનવીય નથી. તે માનવીની વિશિષ્ટતા, સ્પર્શ વિનાનું છે. આથી આચ્છાદનની કૃત્રિમતા ને સહજ નગ્નતા વચ્ચેનો ભેદ તીવ્ર બન્યો; એની સાથે શ્લીલ અશ્લીલના ભેદ પડ્યા, પશુ સહજ રીતે જીવે છે, માનવી કૃત્રિમ રીતે. કૃત્રિમ માનવી સહજ શી રીતે હોઈ શકે, માટે માનવી માનવી જ રહે, પશુ ન બની શકે એ અશક્યતા આપણે સ્વીકારવી જ રહી.

# આપણા યુગની સમગ્રતા

માનવી શા માટે પોતાના કાર્યની છબિને ધૂંધળી બનાવી દેતો હશે? હિંસા, હત્યા – આખરે તો કાયરતાનો એકરાર છે, માણસ એની શક્તિને છેડે પહોંચી ગયા પછી જ આવું હિચકારું કૃત્ય કરે છે. વળી લોકોનાં મનને વિચારને માર્ગેથી વાળીને ટોળાંના આવેગના વહેણમાં વાળી દેવા એટલું જ શું નેતાનું કાર્ય રહ્યું છે? કોઈ પણ માનવી બીજા પાસેથી આત્મનિષ્ઠા અને પ્રામાણિકતા ઝૂંટવી લઈ શકે નહીં. માણસ પોતા પ્રત્યેની નિષ્ઠાને પોતાનામાંથી ખસેડીને અન્યત્ર સ્થાપે ત્યારે એક મોટું જોખમકારક પગલું ભરતો હોય છે. પોતાનાં પોતાપણા વિશેની નિષ્ઠા જો કેન્દ્ર સ્થિર હોય તો જ વિશ્વ અને બ્રહ્માંડ સુધીની એની ત્રિજ્યાઓ વિસ્તરી શકે છે. પણ આ નિષ્ઠાનું મૂલ્ય જ ઓછું આંકતા હોઈને એને તુચ્છ ગણીને એનો સહેજ સહેજમાં રાજ્યને નામે, પક્ષને નામે, સમાજને નામે, ધર્મને નામે ભોગ આપવા તૈયાર થઈ જઈએ છીએ. માનવી પાસેથી એના પ્રત્યેની નિષ્ઠા જ ઝૂંટવી લેવાય પછી એની કિંમત શી રહી?

જ્યારે માનવી પોતાની અને પોતાના કાર્યની મોઢાદેખ ઓળખ કરવાનો માર્ગ જ બંધ થયેલો જુએ છે ત્યારે એ આત્મહત્યાને માર્ગે વળે છે. એ હિંસાને માર્ગે વળે છે તે પણ આખરે તો આત્મહત્યા જ છે. પોતાને ઇજા કર્યા વિના કોઈ બીજાને ઇજા કરી શકે નહીં, હિંસાનો આધાર શો છે? પોતાનું રક્ષણ? ના, એ નકારાત્મક વસ્તુ છે. એ કાયરની ઢાલ છે. આજે જે ગુણો વિધેયાત્મક છે તેને કેળવવાનું કેમ આટલું બધું અઘરું થઈ પડ્યું હશે? આપણે 'સબસે ઊંચી પ્રેમસગાઈ' કહીએ છીએ, પણ દ્વેષ અને હિંસા જ ફાલે છે. શાંતિ ને કલ્યાણની વાતો ચાલે છે, ને છતાં યુદ્ધની જામગરી સળગતી જ રહે છે. સંસ્કૃતિને

ઉગારવાની જવાબદારી સૌ ઉપાડવા ઇચ્છે છે, પણ કૃત્યો એવાં થાય છે કે સંસ્કૃતિનાં મૂળ સુધ્ધાં હચમચી ઊઠે છે. આનું કારણ શું?

ઉત્ક્રાન્તિને આ તબક્કે આવી પહોંચ્યા પછી માનવી કદાચ પોતાનું સાચું પરિમાણ ઓળખવામાં નિષ્ફળ ગયો છે. એના પરિણામની અપેક્ષાએ એ બહુ ક્ષુદ્ર વસ્તુમાં પોતાને સંડોવતો રહ્યો છે. પોતાની જ જુદી જુદી બે છબિઓને એ પાસે રાખીને જોવાનું ચૂકી ગયો છે. ચન્દ્ર સુધીની ફાળ ભરનારો માનવી જંગલોમાં સંતાઈને દરમાંના કોઈ જન્તુના જેવો બની હજી યુદ્ધ ખેલે છે. ઉત્તુંગ પર્વતશિખરને સર કરનારો માનવી એ વિરાટ વિશાળને હૃદયમાં ભરીને નીચે આવતો નથી. આથી માનવીની જે સિદ્ધિ છે તેને એ પોતે જ જાણે કે આત્મસાત્ કરી શક્યો નથી. એ સિદ્ધિઓ ઇતિહાસની વિગત બની રહે છે, એના વ્યક્તિત્વનો અંશ નહીં. આજ સુધી આ સિદ્ધિઓ તો એ જાણે એનામાં રહેલા પેલા ગુફાવાસી આદિમાનવને બલિરૂપે અર્પતો રહ્યો છે. મરણને માનવીએ ઘણી વખત હસતે મોઢે સ્વીકાર્યું છે, પણ જીવનને મરણથી ઢાંકી દેવાનો એનો પ્રયત્ન શા કારણે એ કરતો હશે? હજુ એ સમજવું બાકી છે.

ધર્મ માટેની શ્રદ્ધા, ચિન્તનની પ્રખરતા, કાર્યદક્ષતા – આ બધા ગુણો જે મહાન વસ્તુ કરી શકે તેનો એને ખ્યાલ નથી. એમ નહીં, પણ એની જાણ છતાં આ બધાંને એ કેવાં ક્ષુદ્ર પ્રયોજનો માટે આજે વાપરી રહ્યો છે! માનવી માનવ્યનું ગૌરવ નહીં કરે ત્યાં સુધી એ પોતાને બાજુએ હડસેલીને ગમે તે ક્ષુદ્રને સ્વીકારી બેસે એવો સંભવ તો રહેવાનો જ. માનવ્યનું આ ગૌરવ તે શી વસ્તુ છે? એ સદાકાળનું કશું ધ્રુવ તત્ત્વ નથી એ સિદ્ધ કરતાં રહેવાની માનવીની જવાબદારી છે. બુદ્ધિ, કલ્પના, અનુકમ્પા આ ગુણો કેળવીને એ પોતાની સીમાઓને ઉલ્લંઘી શકે છે ને આલ્બેર કેમ્યૂ જેને ‘છનન સચહ’ કહે છે તે બની શકે છે. પોતાની આવે રૂપે ઝાંખી કરવામાં એ પોતાનું ગૌરવ અનુભવે છે, કારણ કે ગૌરવ પોતાને અંગત રીતે મળતાં ધન, પ્રતિષ્ઠા કે સ્વર્ગમાં નથી. જો એવું હોય તો ગૌતમ બુદ્ધ નિર્વાણના ઉમ્બર પર પગ મૂકીને પાછા ન ફર્યા હોત. આપણે વૈકુણ્ઠની આશા રાખીએ છીએ, પણ વૈકુણ્ઠનો સાચો અર્થ સમજતા નથી. કુણ્ઠા એટલે કે દ્વિધા, સંકોચ જેના જતાં રહ્યાં છે તે જ સાચો વૈકુણ્ઠવાસી છે. માનવી વૈકુણ્ઠને દ્વારે ભોગલાલસાથી આતુર બનીને ઊભો રહેતો નથી. એનામાં ત્યારે નિઃસ્પૃહતા આવે છે. એ કશા સંકોચથી વામણો લાગતો નથી.

કશું પણ મૂલ્ય વારસામાં મળતું નથી. જે આપણે સિદ્ધ કર્યું નથી તે કદી પૂરેપૂરું

આપણું થઈ શકતું નથી, ને માટે જ એના પર આપણો હક્ક પણ હોઈ શકે નહીં. આપણો માનવજાતિનો ઇતિહાસ સાથેનો સમ્બન્ધ છે, ને એ સમ્બન્ધ ઘણો ઊંડો અને અવિચ્છિન્ન છે. આથી જે આપણા પુરોગામીઓ કરી ગયા તેવો અનુભવ તથા તેનાં પરિણામો આપણી દૃષ્ટિ સમક્ષ રહે છે, પણ સન્દર્ભ બદલાયો છે. આથી એને એ સ્વરૂપનાં કાર્યો તથા એ જ પ્રકારના એનાં પરિણામોથી આપણું નભે નહીં. આપણા યુગની સમગ્રતાને ખ્યાલમાં રાખ્યા વિના આપણે જે કાંઈ કરીશું તે ખણ્ડિત તથા અપર્યાપ્ત જ રહેવાનું.

આથી જે પ્રત્યક્ષપણે નથી આત્મસાત્ થયું તેનું મૂલ્ય કશું નથી, આચારને મહત્ત્વ આપનારા વાસ્તવવાદી હતા પણ એ આચાર પ્રેરે કોણ? એનું સ્વરૂપ નક્કી કોણ કરે? સ્મૃતિ અને શ્રુતિ? આપણા જમાનામાં મનુસ્મૃતિ લેખે લાગે? મનુએ પણ એમ ઇચ્છ્યું નહોતું. આથી આચારનાં ધોરણો નિરપેક્ષ અને સદાકાળનાં ન હોઈ શકે, તેમ એ કોઈ અમુક વર્ગ કે વ્યક્તિની ઇચ્છા પર પણ આધાર રાખી શકે નહીં.

'આપણા યુગની સમગ્રતા' એમ બોલવું સહેલું છે પણ એને ગ્રહવી શી રીતે? જેનો આપણે પોતે જ એક ભાગ છીએ તેને અખણ્ડરૂપે આપણે શી રીતે જોઈ શકવાના હતા? આપણા શરીરનું આપણે સમગ્ર દર્શન પામી શકીએ છીએ? આ રીતે જોઈએ તો માનવીનું માનવ્ય જ સ્વભાવગત અપૂર્ણતાઓને અતિક્રમી જવામાં રહ્યું છે.

કાર્યની ઊડતી રજ ઠરે પછી સ્વસ્થ થઈને એની છબિ ઓળખવા જઈએ તો ભવિષ્યના કાર્યની છબિ કંઈક સુરેખ હાથે આંકી શકીએ પણ આપણે એક જ ઢબે બધું કરતાં રહ્યા છીએ. 'ચૂંટણી લડવી' એ શબ્દપ્રયોગ જ જુઓ, સામસામા પક્ષે પ્રચાર, પ્રહાર, આરોપ, કડવાશ, વેરઝેર, ક્રોધ, હિંસા આટલે સુધી આપણે પહોંચી જઈએ છીએ, આથી જે પ્રજાને આપણે સમ્બોધી રહ્યા છીએ તેના મનને આપણે કેવું ડહોળી મૂકીએ છીએ! આમ આપણે સૌથી પહેલી ફરજ મતદાન કરનારના મનની સ્વચ્છતા અદા કરવામાં ચૂકી જઈએ છીએ. આટલેથી આપણે અટકતા નથી, આવે પ્રસંગે તો સાધ્યસાધનનો વિવેક વિસારે પાડવો જ રહ્યો. એક વાર ચૂંટણીનો જંગ જીતી લઈએ, પછી બધું થઈ રહેશે. એવી 'વહેવારુ નીતિ' સ્વીકારી લેવામાં આવતી હોય છે. આ સ્થિતિમાં ઘણા નિર્વેદ અનુભવે. આ ચૂંટણી અને મતદાનપ્રપંચથી અળગા રહે એવું બનવાનો પણ સંભવ રહે છે, પક્ષોની સ્થિતિ, પક્ષોની 'સિદ્ધિ', પક્ષોની ભાવિ યોજનાઓ મતદાન કરનારની મનોદશા, જુદા જુદા ભાગોમાં મતદારોનું વલણ, ભાવિ, આ વિશે

પૂરજોશમાં અત્યારે ઘણા લેખકો લખવા મંડી પડ્યા છે. બિહાર, પંચમહાલમાં દુકાળ છે ખરો, અમેરિકા પાસે અનાજની ભીખ માંગવી પડે છે ખરી – પણ હમણાં પંદર વીસ દિવસ તો જાણે વર્તમાનપત્રોને આ કશાંની ફુરસદ નથી. મત જીતવાનું સાધન સત્ય નથી, પ્રચાર છે ને જ્યાં સુધી પ્રચારનું મહત્ત્વ છે ત્યાં સુધી, અવાજને મોટો કરવો જ રહ્યો. છાપાં એ અવાજ મોટો કરી આપે છે.

કેટલાક ચિન્તકો માને છે કે અભણ પછાત દેશોમાં લોકશાહી તો નામ લેવા પૂરતી જ રહે છે. જે નિરાકાર છે, જેને દેશની, દેશના જુદા જુદા પક્ષોની, આપણી રાજ્યપદ્ધતિની કશી ખબર નથી, પોતે શા માટે અમુક પક્ષને મત આપે છે તેનું કારણ પણ જે જાણતો નથી તેનો મત લેવો એ પાપ છે. એ ચોરી કરવા બરાબર છે. લોકોને આ બાબતની કેળવણી આપવાને માટે ચૂંટણી પછીનાં પાંચ વર્ષોમાં સજાગ રહીને નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો થશે ખરા? એવો કોઈ રાજકારણનો જીવ નીકળ્યો છે ખરો જે પોતાના મતદાર વિભાગને આ કે તે પક્ષ પ્રત્યે વાળવા નહીં પણ મતદારોને આ વિશે નિર્ણય લેવા જેટલી સજ્જતા આપવા ખાતર આવો પ્રયત્ન કર્યા પછી જ પોતાને મત પામવાને લાયક ગણે?

પણ જે જમાનામાં આપણે જીવીએ છીએ, તે જમાનામાં આ રીતે વિચારવું તે શેખચલ્લીના તરંગ ગણાય. આને પરિણામે અમુક વર્ગમાંથી જ આપણા શાસનકર્તાઓ આવે છે. બૌદ્ધિકો ભોંયતળિયે ભંડાકિયામાં ધરબાઈ જાય છે, સરકારને અનુકૂળ થનારા બેપાંચ સમિતિઓમાં સ્થાન પામે છે, પદ્મશ્રી, પદ્મભૂષણના ઇલ્કાબ પામે છે. ને દેશ વળી બીજા પાંચ વર્ષની મજલમાં કદમ ઉપાડે છે – દુકાળ, ભૂખમરો, લાંચરુશ્વત, ગરીબી, શોષણ – આ બધું વળી છાપાંમાં દેખાવા માંડે છે, એ જ બેઢબ રફતાર, એ જ નેતા, એ જ પ્રજા – આપણી પ્રાચીનતા જ આપણું એકમાત્ર ગૌરવ હશે કદાચ!

# અમરતાની ઝંખના

ચારે બાજુથી એમ કહેવાતું સાંભળું છું : 'ઇતિહાસ રચાઈ રહ્યો છે! હું વિચારે ચઢું છું : થોડાક નાના માણસો ક્ષુલ્લક વૃત્તિથી બખેડો ઊભો કરી બેસે ને એમાં આખા દેશને સંડોવી બેસે એને શું કહેવું? કેટલાંક અંધ બળો હજુ પણ માનવીને ઘેરી લઈ શકે? કેટલીક વાર અમુક પરિભાષા ફેશનેબલ બને છે ને એ આપણા મનનો કબજો લઈ બેસે છે. એને માટેના ઝનૂનથી આપણે ઝઘડી પડીએ છીએ. બાકી તો સાર્થક જીવનની દરેક ક્ષણે ઇતિહાસ રચાતો હોય છે. સામસામાં બળો અથડાતાં રહે છે. પ્રત્યેક ક્ષણે સાવધ થઈને, સજ્જ થઈને, જીવવું પડે છે, ગમે ત્યારે પરિણામકારી પરિવર્તનનું બિન્દુ આવી ચઢે છે. જિન્દગીમાં જે દિવસે મહત્ત્વનો, આપણા જીવનમરણનો, પ્રશ્ન ઊભો થવાનો હોય છે તે દિવસે સવાર કાંઈ જુદી નથી ઊગતી. બધું જ રાબેતા મુજબ જ ચાલતું હોય છે, એકાએક આપણે કશુંક એવું કરી બેસીએ છીએ જેથી હંમેશને માટે જીવનની દિશા બદલાઈ જાય છે. કોઈક વાર જીવન વધુ ઉત્કર્ષ અને સાફલ્યની દિશા તરફ ડગ માંડે છે, તો કેટલીક વાર તે દિવસથી મરણનો પડછાયો આપણા પર પડે છે ને પછી પ્રત્યેક ક્ષણે એ ઘેરો ને ઘેરો બનતો જાય છે. આ બધા સંજોગોમાં માનવી લાચાર છે! સંજોગોને વશ વર્તીને જીવનારું દયાજનક પ્રાણી માનવી નથી. એ એની સામે, પ્રતિકૂળ ભાગ્ય સામે, દૈવ સામે, અદૃશ્ય બળો સામે ઝૂઝે છે. સંભવ છે કે એની સામે ઝૂઝવામાં જ ખપી જાય. તો એમ ખપી જવું એમાં ગૌરવ નથી? એ કરુણ ભવ્ય નથી? કેટલીક વાર આ ગૌરવની વાત, આ ભવ્ય કરુણની વાત હાસ્યાસ્પદ લાગે છે. એ બધો આક્રોશ શું ઝૂઝવાથી શમી જાય છે? એવા મરણને સ્વીકારતાં શું હૃદય સમાધાન અનુભવે છે?

મને લાગે છે કે અમર બનવાની ઝંખના એ માનવીને મળેલો સૌથી મોટો શાપ છે.

આપણે કહેતા આવ્યા : યાવચ્ચન્દ્ર દિવાકરૌ. ચન્દ્રનો નિર્જન શીતળ ગોળો અમર હોય તેથી, ભડકે બળતો સૂર્ય અમર હોય તેથી શું? એના કરતાં તો આપણી એક સાચી લાગણી વધુ સજીવ છે. દુ:ખની વાત એ છે કે એવાં આપણા જીવનમાં લાધેલા સત્યને, સમ્બન્ધને આપણે આપણા હાથે જ મરવા દઈએ છીએ. સમાધાન શોધી લઈએ છીએ, પછી જાણે કશું બન્યું નહીં હોય તેમ એક ભવમાંથી બીજા ભવમાં ચાલ્યા જઈએ છીએ પણ જે એ સમ્બન્ધથી જોડાયું હોય તેને સમ્બન્ધનું શબ જિન્દગીભર ઉપાડવાનું સોંપીને આપણે મુક્ત થઈ જઈએ તો તેથી કોઈ વાર આપણો અન્તરાત્મા આપણી સામે વિદ્રોહ નહીં કરે?

એક ક્ષણમાં જ, આગલી ક્ષણની પોતાની જ રચેલી સૃષ્ટિમાંથી નીકળી જઈને, નિલિર્પ્ત ભાવે બીજી સૃષ્ટિ રચવાના ઉદ્યમમાં પરોવાઈ જવાની શક્તિ કોઈનામાં હોય છે ખરી? આકાશમાં ખરતા તારા છે, એ ખરતાં ખરતાં જ સળગીને ભસ્મ થઈ જાય છે, એનો ક્યાંય કશો અવશેષ રહેતો નથી. તેમ આવા સુખિયા લોકોના જીવનમાંથી આવી સૃષ્ટિઓ ખરી જાય છે, પાછળ કશો અવશેષ રહેતો નથી. પણ જ્યાં આમ બનતું નથી ત્યાં ચન્દ્રમાં હોય છે તેમ મોટા મોટા ખડકો ખાડા પાડી દે છે. આ વેદનાના વ્રણની ચિરંજીવિતા જ એમની તો બની રહે છે!

મેં આવું પણ જોયું છે : નિકટના મિત્રના મૃત્યુ પછી જ્યાફતો ઊડે છે. મિત્રની યાદમાં એટલું કહેવાય છે : ‘જો એ હોત તો અહીં આપણી સાથે જ હોત.’ મારું હૃદય તો નબળું જ ગણાય કારણ કે કવિ મણિલાલ કે કવિ રાવજી જેવા મિત્રોને ભૂલી શકતો નથી. એઓ કવિ હતા એ નાનીસૂની વાત નથી. જેણે એક પંક્તિ પણ સહૃદયના હૃદયમાં સદા સ્થાન પામે એવી લખી છે તેને માટે આદર છે. જેઓએ એવું કશું કર્યું નથી એમની સ્મૃતિને આધારે અમરતાને ટકાવી રાખવી એ પ્રયત્ન જ કેવો તો કરુણાજનક છે. અમરતા એટલે શું? સ્મૃતિમાં ટકી રહેવાનું સૌભાગ્ય? આપણા દેશના શહીદોની અમરતા આપણી વર્તમાન પેઢીની સ્મૃતિ પર છોડવા જેવી છે ખરી? વિદ્યાર્થીઓ શહીદોની યાદમાં હડતાલ પાડે છે, બસ બાળે છે. શિક્ષણ-સંસ્થાઓનાં મકાનો પર પથ્થર ફેંકે છે. એ દિવસે બીજા નવા શહીદો ઊભા કરવાનો પ્રયત્ન કરી છૂટે છે. આ આકસ્મિક શહાદત સાચી ગૌરવભરી શહાદતને અન્યાયરૂપ નીવડે છે. વિવેક જળવાતો નથી. વિદ્યાર્થીઓ એ ચોથું બળ છે એવું સૂત્ર આપણે પણ રટવા લાગ્યા છીએ. જે ક્ષેત્રમાં વિદ્યાર્થીઓએ ક્રાન્તિ કરવાની છે તે ક્ષેત્રમાં એમનો ઝાઝો રસ રહ્યો નથી. વિદ્યાપીઠમાં વિદ્યા માટેના

ઉત્સાહનું જ વાતાવરણ ન રહ્યું હોય એ પરિસ્થિતિ સરવાળે તો ખતરનાક છે. જે પ્રકારની અધ્યાપન પ્રવૃત્તિ ચાલી રહી છે, જે રીતે અભ્યાસક્રમો તૈયાર થાય છે, જે રીતે પરીક્ષાઓ લેવાય છે, જે રીતે એનાં પરિણામો તૈયાર થાય છે તે બધું કેટલાં ભયંકર દૂષણોથી ભર્યું ને છતાં શિક્ષકસંઘો વિદ્વાનોનાં મંડળો કે વિદ્યાર્થીસંઘો આ બાબતમાં કશું કરવાનો ઉત્સાહ દાખવતા નથી. આ ક્ષેત્રમાં ક્રાન્તિ થશે ત્યારે નવી દિશા ખૂલશે. વિદ્યાર્થીઓના બળથી ડરીને એમની પીઠ થાબડવામાં, સસ્તી લોકપ્રિયતા મેળવવાના પ્રયત્નમાં અધ્યાપકો કાયર બને, વિદ્યાનિષ્ઠાને બાજુએ મૂકીને ચળવળિયા બને એવી પરિસ્થિતિ વિદ્યાસંસ્થામાં તો શરમભરેલી જ કહેવાય.

એથી તો કહું છું કે આ પેઢીને અમરતાની જાળવણી સોંપવાનો અર્થ શો? ગાંધીશતાબ્દી માંડ માંડ ફરજના ભાનથી ઊજવાય છે. એના કરતાં સત્ય સાંઈ બાબાના પ્રત્યક્ષ પરચાનું મહત્ત્વ એને મન ઘણું છે. વાણીવિલાસથી ઉદ્દામવાદી બનવાનો ડોળ કરનારનું મહત્ત્વ વધારે છે. ગાંધીની છબિ ઝાંખી થઈ જ ગઈ છે. પૂતળાંઓ પણ બદલાય છે.

હું તો અમરતાની નફરત કરું છું, એવો કોઈની સ્મૃતિ પર અકારણ જુલમ શા માટે? થોડાંક લખેલાં થોથાં – એનું પોટકું અહીંથી તહીં સાચવવું, પછી કોઈ વાર ધૂળ ઝાટકવા માટે જ એને ખોલવું, થોડું ઊધઈના ભક્ષ્ય માટે સોંપી દેવું? અમરતાની આ તે શી દશા? શરૂઆતમાં દીવાનખાનામાં કાચના કબાટમાં આગલી હારમાં સ્થાન પછી પાછલી હાર, પછી અભરાઈ પર, પછી પોટકામાં, પછી પસ્તીમાં. માનવીની સ્મૃતિ સૌથી ઠગારી વસ્તુ છે. એ ક્યારે બેધ્યાનપણે શું ખોઈ નાખશે તે કહેવાય નહીં. આવી ભીખ માગીને પામવી પડતી અમરતાનો શો અર્થ? જેને આપણી સાથે આત્મસાત્ કરીને રાખી શક્યા તે જ આપણામાં અમર, એને કાંઈ દુ:ખ થતાં એનો પડઘો આપણામાં પડે એવું નહીં, એનું દુ:ખ આપણામાં પણ સળગી ઊઠે.

એને રસ્તે છોડીને આપણે માર્ગ અને દિશા બદલી નાખીએ થોડી વાર છૂપા દર્દનું નાટક જાત સાથે કરીએ, પછી બધું કજળી જાય, ફૂંક મારીને રાખ ઉરાડી દઈએ, નવો સાથિયો પૂરીએ, કરોળિયાના જાળા જેવી સ્મૃતિને ઝાપટીને દૂર કરીએ તો શાની અભિન્નતા, શાની મૈત્રી, શાનો સમ્બન્ધ? એટલે જ તો કહું છું કે અમરતાની જ મને નફરત છે. કોઈની સ્મૃતિ પર, કોઈનાં આંસુ પર મારો સ્હેજસરખો દાવો નથી.

મમત્વને તો આપણે કેવળ સ્વાભાવિક માની લીધું છે, પણ નિર્મમતા કેળવી લેવી

જોઈએ, તો આ ભ્રાન્તિનાશને કારણે થતા દુ:ખથી બચી જવાય એવી સલાહ આપવામાં આવે છે. આપણા સમસ્તથી ઉછેરેલું સત્ય ભ્રાન્ત છે એમ સહેલાઈથી શી રીતે માની લઈએ? કેવળ જીવતા રહેવાને, માત્ર ટકી રહેવાને માટે આશ્વાસન લેવા માટે આપણે આપણા જ સત્યનો ભોગ આપીશું? એ ભોગ આપ્યા પછી શેનું સુખ? દુ:ખથી બચવા આપણે ક્યાં ભાગીને જઈશું? સમ્બન્ધનો અન્ત એ મરણથી પણ અદકું મરણ છે. એને કોઈ પણ કારણે વાજબી ઠરાવી નહીં શકાય, મરણ તુચ્છ છે. એ મરનારને તુચ્છ નહીં બનાવે તો બસ છે.

ગાંધીજીએ અન્તરાત્માના અવાજની વાત કરેલી. હવે તો આપણે સૌ એવો કોઈ નિર્ણય લઈએ ને એને બુદ્ધિપૂર્વક વાજબી ઠરાવવાનું શક્ય નહીં હોય ત્યારે અન્તરાત્માના અવાજ પર બધું છોડી દઈએ, ખરી વાત તો એ છે કે અન્તરાત્માને કચડી નાખીને જ આપણે એવું પગલું ભરતાં હોઈએ છીએ ને છતાં એ પણ અન્તરાત્માને નામે જ કરીએ છીએ. આત્માને નકારનારા બૌદ્ધો સારા કે એમણે વાસ્તવિકતા તો જોઈ.

આ બધાનું કારણ એ છે કે મહાનને પામવા માટેની સાધના આપણે કરી હોતી નથી ને છતાં ભાગ્યવશાત્ કશુંક મહાન આપણા હાથમાં આવી પડે તો એનો જ આપણે આપણી પામરતાને ખાતર ભોગ આપી દેતાં અચકાતા નથી. આ ક્ષતિ આપણા જન્મોજન્મને વ્યર્થ કરી મૂકે છે, પણ આપણને હિન્દુઓને તો ચોર્યાસી લાખ ફેરાનું આશ્વાસન છે. નવા નાગરિકોના અભિનન્દન માટે એક સ્થળે જવાનું થયું. વેપારી સજ્જન પ્રમુખસ્થાને હતા. એમને ઘણાં કામ, 'જલદી પતાવો, જલદી પતાવો,' એમ અકળાઈને કહેતા હતા. નાનાં બાળકોને પણ પરાણે બેસાડી રાખેલાં. નાગરિકોને સંકલ્પ લેવડાવ્યો. છાશવારે આવા સંકલ્પો લેવડાવીએ છીએ, શાળામાં રોજ પોપટની જેમ એનું રટણ કરાવીએ છીએ ને ભોળપણથી માની જ લઈએ છીએ કે હવે શાન્તિથી અહિંસાથી પ્રશ્નોનો ઉકેલ આવશે. પણ એ ભોળપણને આઘાત લાગતાં વાર નથી લાગતી. બાળા પાસે કુંકુમ, તિલક, સૂતરની આંટીનો હાર ગળામાં પહેરાવીએ ને હાથમાં કલગી, પછી ગ્રુપ ફોટો, છાપામાં અહેવાલ – ત્યાં વાત પતી ગઈ. છાપામાં બધાંનું પૂર્ણવિરામ, મૂળ વસ્તુને મારીને એના વિધિ ઉપજાવી લેવા એનું નામ ભારતીય સંસ્કૃતિ, વાઘનો ડર લાગે, પણ વાઘનું ચામડું પાથરીને એના પર બેસી શકાય. લોકશાહીનો પ્રાણ જાળવવો મુશ્કેલ, એ આપણું ગજું નહીં. પણ એનો દબદબાભર્યો વિધિ આપણે ઊજવી શકીએ.

# જીવનની દુર્લભતા

હમણાં જ સંયુક્ત રાષ્ટ્રસંસ્થા તરફથી સંશોધન કરતા વિજ્ઞાનીઓએ ચેતવણી ઉચ્ચારી છે કે માનવી પોતે જ થોડાં વરસમાં આ પૃથ્વીને માનવવસવાટ માટે અયોગ્ય બનાવી દેશે. જ્યાં માનવીઓની વસતિ નથી, જ્યાં માનવી રહી શકે એમ નથી ત્યાં પરાણે જઈને અડ્ડો જમાવવા માગે છે અને જ્યાં એને અનુકૂળ વાતાવરણ છે ત્યાં એ પોતાને હાથે જ બધું પ્રતિકૂળ કરતો જાય છે. ઘણા યુગો પછી માનવજાતિ એક ભુલાઈ ગયેલી ભૂતકાળની ઘટના માત્ર હશે ત્યારે માનવીએ પ્રાકૃતિક પ્રતિકૂળતા સામે ઝૂઝીને સ્થાપેલા પેલા વર્ચસ્ની વાત તો ગવાશે, સાથે સાથે આત્મવિનાશક યુદ્ધોની પરંપરા, સંહારક શસ્ત્રોની શોધ, પોતે જ ઊભા કરેલા સાર્વત્રિક ભયથી થરથર ધ્રૂજતા જીવ્યે જવાની અવદશા અને અંતે જેને માતા કહીને વેદકાળથી સ્તવતો આવ્યો છે તે પૃથ્વીને નરી વિષમય બનાવી દઈને વહોરી લીધેલું આત્મવિલોપનનું મહાકાવ્ય કે આની કરુણાન્તિકા કોણ લખશે? વિજ્ઞાનીઓએ આ કહ્યું. ઘણા કવિઓને તો આની ગન્ધ આવી ગઈ હતી. યુવાન વયમાં મરી જનાર કવિ લા ફોર્ગ પોતાને પૃથ્વીની સ્મશાનયાત્રામાંના એક ડાઘુરૂપે જોઈને એના મરશિયા ગાઈ ગયો છે. કદાચ હવે તો આવા મરશિયા જ કાવ્યનો વધુ યોગ્ય પ્રકાર આપણા યુગમાં બની રહેશે.

કારખાનાંઓ જે કાર્બન ડાયોક્સાઇડનું ઝેર ઓકે છે તેની જ માત્ર આપણે વાત કરતા નથી. રાસાયણિક દ્રવ્યો બનાવનારાઓ પાણીને ઝેરી બનાવી મૂકે છે તેની વાત આપણે નથી કરતા. એનો તો કાંઈ ઉપાય થશે. સરકાર વળી નવો કાયદો ઘડશે સુધારા કરશે અથવા ભોગ અને બલિમાં માનનારી આપણી પ્રજા હોંશે હોંશે આવા ભોગ અને બલિ ધરી દેશે. પેલા બાર વરસના છોકરાને રાજસ્થાનમાં હોમી નહોતો દીધો? તો આ બધાં

કારખાનાં ચાલે એ માટે પશુ અને માનવીના બલિ તો આપવા જ પડે ને? એ જ રીતે ઘણા જીવે એટલા માટે થોડાએ મરવું તો જોઈએ જ છે! એટલે આવા ભોગ અને બલિ વગર તો આપણને ચાલ્યું જ નથી.

હત્યારાઓ અનેક પ્રકારના હોય છે. હવે આપણે એક નવો શબ્દ સાંભળતા થયા છીએ. એ શબ્દ 'કેરેક્ટર એસેસિનેશન,' માણસ જીવે પણ એના વ્યક્તિત્વની હત્યા થઈ ચૂકી હોય, આ હત્યા માટે ઝાઝી સાધનસામગ્રીનો ખપ નહીં. જાહેર છાપામાં ચાર કાળા અક્ષરોની લીટી જ બસ, આ સૂક્ષ્મ પ્રકારની હત્યા છે. મોટા ભાગની જાહેર સંસ્થાઓમાં આ હત્યા સામૂહિક રીતે ચાલી રહી છે. હવે જાણે આ હત્યા આપણને કોઠે પડી ગઈ છે, મને તો એવો વહેમ જાય છે કે માણસને હત્યા જેવું પ્રિય કાર્ય હવે બીજું રહ્યું નથી.

કેટલાક આથી વધુ ઉત્સાહ ધરાવનારા લોકો પણ છે, એઓ પોતે જ પોતાના વ્યક્તિત્વની હત્યા કરતા રહે છે, પોતે જ પોતાની હત્યા કરવી એ તો જાણે સગવડભરી વાત બની રહી છે. પોતાનું ચોક્કસ વ્યક્તિત્વ એ બંધાવા જ દેતા નથી. તમે આ હત્યાને શી રીતે રોકી શકો? યુગોસ્લાવિયાના એક લેખકે 'ધ કેપ્ટીવ સોસાયટી' નામનું પુસ્તક લખ્યું છે. એમાં 'કાત્મેન' નામનો શબ્દ એણે યોજ્યો છે, એનું મૂળ આપણને પરિચિત 'ખાત્મા' અથવા 'ખત્મ' શબ્દમાં છે. શાસન ચલાવનારાઓને અનુકૂળ એવા જ સ્વરૂપનું વ્યક્તિત્વ સરમુખત્યારશાહીમાં જીવતું રાખી શકાય. એ સિવાયના વ્યક્તિત્વને ખત્મ કરી નાખવું પડે, આમ પોતાની જિન્દગીમાં એક વ્યક્તિ પોતાનાં કેટલાં વ્યક્તિત્વને ખતમ કરીને જીવતી હશે? આ મૂગી શહાદતનાં ગુણગાન થતાં સાંભળ્યાં છે ખરાં? આપણું રાજતંત્ર લોકશાહી માળખું જાળવી રાખવા મથે છે, પણ આપણી જાહેરસંસ્થાઓમાં તો સરમુખત્યારશાહીનો જ દોર ચાલે છે. સંસ્થાનો વડો સૌથી મોટો હત્યારો હોય છે. તમે જેને મોટી ખુરશી પર અગ્રસ્થાને બેસાડો તે સ્થાન હસતાં હસતાં હારતોરા સહિત સ્વીકારી લેનારો હસતાં હસતાં હત્યા કરવાનું શીખી લે છે. પણ આવું કરનારા સૌ પ્રથમ પોતાના અન્તરાત્માને મારી નાખે છે. પછી 'લોખંડી પુરુષ'નું મહોરું પહેરી લે છે. પછી જિન્દગીભર એઓ પોતાનું સાચું મોઢું જોવા માગતા નથી. કોમ્પ્યુટરની શોધ ભલે નવી હોય, રોબોટનું નામ ભલે આજે આપણે પાડ્યું હોય – કોમ્પ્યુટર કે રોબોટની જેમ વર્તનારા માણસો તો આપણી આજુબાજુ વસતાં જ હતાં.

કાર્બન ડાયોક્સાઇડનો ઝાઝો ભય નથી. એવા ઝેરનું તો મારણ હોય છે. પણ સત્તાને સ્થાને, ઊંચે સ્થાને બેઠેલા માણસ જે વિષ પ્રસારે છે, વ્યક્તિત્વને જે રીતે પોતાની

આરોપિત મહત્તાની ગેસ ચેમ્બરમાં ગૂંગળાવીને મારે છે તેનો કશો પ્રતિકાર હશે ખરો? આ હત્યાના આંકડા બહાર પાડી શકાય તેમ નથી. માનવીના ચહેરા જ ભૂંસી નાંખવામાં આવે છે. પૂંછડી વગરનો માનવી પટપટાવીને દેખાડવા માટે ફરી પૂંછડી મળે એવું ઇચ્છતો થઈ જાય છે.

ઘણી વાર એક ભયાનક વાત નજર સામે તાદૃશ થઈ ઊઠે છે. ત્યારે પૃથ્વીના આ ગ્રહને ઠરી જવાની અણી ઉપર આવેલો જોઉં છું. સૌ પ્રથમ થીજી જવા આવ્યું છે માનવીનું હૃદય. આથી આવા થીજી ગયેલા માનવી થીજી ગયેલા શબ્દો બોલે છે. ત્યારે એ વાગે છે ને આપણાં જ્ઞાનતંતુઓ થીજીને જૂઠા થઈ જાય છે. આવા માનવીની આંખનો પલકારો પણ યાંત્રિક લાગે છે. આજુબાજુ બધાંને હરતાંફરતાં જોઉં છું, બોલતાં સાંભળું છું પણ બધું જાણે પ્રાણહીન, ઉષ્માહીન, નિષ્ચેષ્ટ લાગે છે. આથી ઘણા વખતથી કશું ઉમળકાથી બોલવાની હિંમત ચાલતી નથી. આપણે સાહજિક રીતે કોઈને મળીને હસવા જઈએ તો સામી વ્યક્તિના મુખ પરનો હણાઈ ચૂક્યાનો ભાવ જોઈને આપણું હાસ્ય થીજી જાય છે. જ્યાં નજર કરું ત્યાં યમ એના શ્વાન સાથે ફરતો દેખાય છે. યમ અને શ્વાન જ કદાચ આપણી સંસ્થાઓનું સાચું પ્રતીક છે. એ બંને સાથે જ ફરે છે. પહેલાંનાં વખતમાં રાજાઓ વિષકન્યા રાખતા, રૂપાળી યુવતીઓને થોડી થોડી માત્રામાં સતત ઝેર આપીને એની આખી કાયા વિષમય કરી મૂકતા. પછી જે એના રૂપથી આકર્ષાઈને એને આલંગિવા જાય તે એની કાયાના વિષથી મરી જાય. આપણા જમાનામાં કોઈ પણ પ્રકારની સત્તા, શાસન તે આવી વિષકન્યા છે. એને ભેટીને મરી ચૂકેલાં કેટલાં બધાંનું વજન આપણે ઉપાડીને ફરીએ છીએ. એનો આપણને થાક ચઢે છે.

આ વિષનો પ્રતિકાર શી રીતે કરીશું? કોઈક કદાચ એમ કહેશે : એ તો તમે જરા કલ્પનાશીલ માનવી છો (એમને કદાચ કહેવું હશે તરંગી) એટલે આવું બધું કલ્પો છો. આ તમારો ઉપજાવી કાઢેલો ભય છે. અને ભય હોય તોય, મારા સાહેબ, આ તો આંખ આડા કાન કરીને નફફટ બનીને જીવવાનો જમાનો છે : હવે માનવીને આંખ આડા કાન કરવાની કળા સિદ્ધ કરનારા પ્રાણી તરીકે ઓળખવો પડશે. હણાઈ ચૂક્યા પછી પણ જીવ્યે જવું એ એની વિશિષ્ટ શક્તિ હશે. દેવોને મરણ નથી. તો માનવી હણાઈ ચૂક્યા પછી પણ જીવવાની શક્તિ ધરાવે છે. સામેના મેદાનમાં અંકાયેલી હરિયાળીની ચક્ષુસુખ આપનારી પંક્તિ હવે ભુંસાઈ જવા આવી છે. ક્યાંકથી કોઈના ઉચ્ચારેલા શીતળ સુખદ શબ્દના જેવાં એક બે ટીપાં ક્યારેક ટપકી પડે છે, પણ જેની રાહ જોઈએ છીએ તે વર્ષાની

અસ્ખલિત ધારા ક્યાં છે? માણસો અકળાયેલા છે, વાદળી તાપથી બધા ચીઢિયા થઈ જાય છે. સભાઓમાં સભ્યો પણ તપી જાય છે, ઝઘડો કરી બેસે છે. બધે જ શીતળતાની જરૂર છે. પંખો સાવ નકામો લાગે છે. છાપામાં મુંબઈમાં વરસેલી હેલીના સમાચાર વાંચીને અહીં સંતાપ વધી જાય છે. દિવસ આખો કઠે છે અને વાદળને ઘસડીને દૂર ભગાડી મૂકતા પવન પર વિશ્વાસ બેસતો નથી છતાં આશા છે કે બધું સારું થશે.

# નિ:સંગતા

આપણું મન એક ખતરનાક વસ્તુ છે, ચારે બાજુ હવાઉજાસ છે, મોકળો અવકાશ છે, બધું પ્રસન્નતાભર્યું લાગે છે. એકાએક મનને કોણ જાણે શું થઈ જાય છે? બાજુની દીવાલો જાણે ચાલવા માંડે છે, મારા પર ધસી આવે છે. હવાની લહરી પણ પાતળા પોલાદના પડ જેવી બની જાય છે. આકાશ દેખાતું બંધ થાય છે. આંખમાં પ્રકાશ આદિવાસીઓનાં ઝેર પાયેલાં બાણની અણીની જેમ પ્રવેશે છે. ઘડી પહેલાં આંગળી ચીંધીને બધી ઓળખાણ આપી શકાતી હતી. હવે જાણે કશું પરિચિત નથી, પરિચિતઅપરિચિતના ભેદની પણ ખબર નથી. એવી ક્ષણે આપણા રક્ષણ માટે ઊભી કરેલી ‘હું’ની દીવાલ તૂટી પડે છે. બધું આપણા પર ધસી આવે છે અને આપણે બુદ્‌બુદની જેમ ખોવાઈ જઈએ છીએ. પછી પાછા સપાટી પર શી રીતે આવ્યા, બધું ઓળખી શી રીતે લીધું અને પરિવેશ વચ્ચે વ્યવસ્થિત બનીને શી રીતે ગોઠવાઈ ગયા તેની ખબર પડતી નથી. એટલું સારું છે કે એને માટે શ્રમ કરવો પડતો નથી, આ બધું મનમાં ચાલે છે. બહાર તો કોઈ વાર આંખમાં ભયનો અણસારો દેખાય કે વિના કારણે શરીર ધ્રૂજી ઊઠે એટલું જ દેખાય. પણ એ દરમિયાન મનમાં તો શુંનું શું થઈ જતું હોય છે!

મને આવી વાત કોઈ આગળ કરવાની ટેવ નથી, પણ અજાણતાં કે અસાવધપણે જો કહેવાઈ જાય તો સૂફિયાણી સલાહ સાંભળવા મળે : ભાઈ આનું જ નામ તો જિન્દગી છે! એમ હિંમત હારીએ તે કેમ ચાલે? મન મજબૂત રાખવું, નફ્ફટ થઈને જીવવું. આ ‘હિંમત’ શબ્દ બહુ વાર સાંભળું છું. એવો જ બીજો શબ્દ છે. ‘નિભીકતા’. મર્યાદિત ક્ષેત્રમાં આ શબ્દનો ઉપયોગ હું સમજી શકું છું. પણ જ્યાં બહાર કારણ નથી, જે છે તે બધું અકળ રીતે જ ઊભું થતું હોય છે, ત્યાં તમે કયા સાધનથી ઝૂઝશો? માંદગી

આવી હોય તો ઘણા દિવસ પથારીમાં કાઢ્યા પછી ધીરજ ખૂટી હોય. ત્યારે દાક્તર કહે : 'હિંમત રાખો. હવે થોડા દિવસમાં તો ફરતા થઈ જશો.' એ હિંમત જુદા પ્રકારની છે, પણ મન પોતે પ્રલય કરે, જેનું કશું કારણ નહીં. ત્યાં શી હિંમત કામ આવે? કદાચ હિંમતનો સાચો અર્થ જ આ છે. ગજા બહારનું શક્ય બનશે એવી આશા રાખવી, જે તમારી શક્તિની મર્યાદામાં છે તેમાં હિમ્મતની શી જરૂર? એમાં તો તમે ખંતથી ધીરજથી નિશ્ચયને વળગી રહો એટલે બસ. પણ આપણે મિત્રો વચ્ચે બેઠા હોઈએ, હજુ તો આગલી ક્ષણ સુધી આપણે ટોળટિખ્ખળમાં ભાગ લેતા હતા અને એની પછીની ક્ષણે એ માણસો, એમની પરિચિતતા, એ આખો સન્દર્ભ હવામાં બળેલા કાગળની જેમ ઊડી જાય તો કઈ હિંમત કામમાં આવે? એ બધું આમ સહેજમાં ઊડી જાય છે એનું જો ભાન ન રહેતું હોય તોય દુ:ખ નહીં પણ આ તો બંને સ્થિતિનું એક સાથે ભાન રહે. એકમાંથી બીજી સ્થિતિમાં જવાને માટે ઉત્કટ ઝંખના થાય. અવકાશમાં એક યાનમાંથી બીજા યાનમાં જવાનો પ્રયત્ન કરનાર અવકાશયાત્રી બે યાનની વચ્ચે લટકતો રહી જાય, એના જેવી એ દશા છે. એનું વર્ણન કરવાથી શું? કેટલાક એમ કહે છે કે આવી સ્થિતિનું વર્ણન કરવું, એ વિશે કલ્પનાને દોડાવવી એ જ બધાં દુ:ખનું કારણ છે. પણ દુ:ખની આ વાત જ ક્યાં છે? સુખદુ:ખથી બીજી જ કશી આ અવસ્થા છે. લાભ ગેરલાભનો પ્રશ્ન નથી. એક પ્રચણ્ડ ઝોલો આવે છે ને જાણે આપણે અસ્તિને છેડેથી સાવ બીજે જ છેડે નાસ્તિમાં ધકેલાઈ જઈએ છીએ. પછી પાછો બીજો એવો જ ઝોલો આવે તેની રાહ જોવાની રહે છે.

આથી તો કહું છું કે નિર્ભીકતા, હિંમત, ધીરજ એ બધું તો હું સમજું છું. દમ જેવા રોગમાં શ્વાસ રૂંધાય ત્યારે આ બધું કેળવું છું. એવી જ પળે મનને વધુ ક્રિયાશીલ બનાવીને કાંઈક લખવાનો પણ આગ્રહ રાખું છું. પણ આ પરિસ્થિતિ જુદી છે. આમ છતાં મને અવશ્ય સાધારણ લોકોની અદેખાઈ નથી આવતી. નાનીસરખી વાતોમાં, રોજ-બ-રોજની ઘટનાઓમાં એઓ જીવ પરોવી રાખે છે. એમનો જીવ એ બધામાં બરાબર પરોવાઈ જઈ શકે એવો છે. સહીસલામતીની એ લોકો વાડ બાંધી લે છે, ને એમાં જાતે હોંશથી પુરાઈને જીવે છે. મને લાગે છે કે દરેક અનુભવ એની પાછળ રહેલી ઉત્કટતાની માત્રામાં આપણે જેને ખતરનાક કહીએ છીએ તેને સીમાડે ખેંચી લઈ જાય છે. વયનું વધવું, અવસ્થા બદલાવી, આ કશાથી કશો ફેર પડતો નથી, તીવ્રતા વધતી જાય છે.

આને પરિણામે ધીમે ધીમે એક પ્રકારની નિ:સંગતા, નિર્જનતા ચારે બાજુથી ઘેરી વળે છે. બધું તો યથાવત્ ચાલતું રહે છે. માણસને આ શક્તિ આપીને ભગવાને ભારે જુલમ કર્યો છે. એકી સાથે એને કેટલાં સ્તર પર જીવવું પડે છે! પ્રતિકૂળ આબોહવા સામે ટકી રહેવાની માણસની શક્તિ ગમે તેટલી હોય, એના મનના ઉધામા સામે ટકી રહેવાની એની શક્તિ કેટલી છે? સંવેદનશીલતા એ જ ભારે ખતરનાક વસ્તુ છે અને જો એ નથી હોતી તો જીવનનો કશો અર્થ રહેતો નથી, માનવીનું માનવીપણું પણ રહેતું નથી. એનો અર્થ એવો નથી કે આપણને ખ્યાલોની દુનિયામાં જ રહેવાની છૂટ છે. દરરોજની વાસ્તવિકતાનો પણ આપણા પર હક છે. એકી સાથે બીજી અનેક વસ્તુના વિચાર પણ આપણે કરતા હોઈએ છીએ. મારા મનમાં આ વિચારો ચાલે છે ત્યારે જ કોઈક એપોલો-૧૦ની ચન્દ્રયાત્રા વિશે બોલી રહ્યું છે, ગરીબ દેશો ભૂખે મરતા હોય ત્યારે એમને અન્નવસ્ત્ર આપવાને બદલે ચન્દ્ર તરફ દોટ મૂકવી એ ગાંડપણ નથી? ચન્દ્ર જોડે આપણે ગાંડપણને જ સાંકળ્યું છે. કવિતાને નિરર્થક મિથ્યા પ્રવૃત્તિ ગણનારા એક મુરબ્બી કહે છે : ‘તો હવે ચન્દ્ર વિશે શું લખશો? ચન્દ્રમુખીની શી દશા થશે? જો કદાચ કોઈ કવિ હજી ઘેલો બનીને પ્રેયસીને ચન્દ્રમુખી કહેશે તો એની પ્રેયસી ચન્દ્રનો ફોટો ચીંધીને કહેશે : ‘શું મારે મોંઢે શીળીનાં ચાઠાં છે? ખીલ છે? હું એવી કદરૂપી છું?’ હું જવાબમાં કહું છું ‘એ ચન્દ્ર ખગોળનો ચન્દ્ર નથી, એ તો એની મનની સૃષ્ટિનો ચન્દ્ર છે’, એથી કાંઈ એમને સન્તોષ થયો નથી. આથી તો મને કવિતાની વાત ઝાઝી કહેવાની ગમતી નથી. તોય મેં એમના સન્તોષ માટે કહ્યું : ‘આયુર્વેદમાં ક્ષયના રોગીની છાતીને ચન્દ્ર જોડે સરખાવી છે’, એટલે એમણે કહ્યું : ‘હા, શાસ્ત્રની વાત જ જુદી, કવિતામાં તો નર્યું ગાંડપણ.’

દેશની સ્થિતિની બધા ચિન્તા કરે છે. મને હસવું આવે છે. હુંય કંટાળીને કહી દઉં છું : ‘તમે શું કરવા ચિન્તા કરો છો? આ દેશમાં તો સત્ય સાંઈબાબા જેવી અનેક વિભૂતિઓ છે. એમના પ્રતાપે આપણને કશું નહીં થાય. એમણે છાપામાં વાંચેલું ફરી ઉચ્ચાર્યું, ‘તો પછી એમણે અપંગોને દર્શન કેમ આપ્યાં નહીં?’ મેં કહ્યું : ‘એટલા એમનાં પુણ્ય ઓછાં! પુણ્ય ઓછાં હશે ત્યારે જ અપંગ થયા હશે ને!’

કેટલાક લોકો આ કારણે નર્યા સુખવાદી થઈ જાય છે. જેટલું માણ્યું તેટલું સાચું એમ માનીને જીવે છે. જોકે આમ કરતાં પહેલાં હૃદય, અન્તરાત્મા એ બધું મારી નાખવું પડે છે. પોતાને સદા સુખના ઘેનમાં રાખવાની જવાબદારી એમને માથે આવી પડે છે. વળી સાથે

પૈસા પણ જોઈએ. પણ એક વાર સાધનશુદ્ધિનો આગ્રહ છોડ્યો પછી પૈસાની મુશ્કેલી નહીં રહે. પણ એવા લોકોને જોઈને જુગુપ્સા થાય છે. કીટના જેવી એમની જિન્દગી હોય છે. નરી બુભુક્ષા સિવાય બીજું કશું એઓ જાણતા નથી. એઓ એમની રીતે પોતાને કુશળ ગણતા હોય છે. આ વર્ગના લોકોને સુખ અને ધનના સંચયનું વ્યસન પડી જાય છે. એમાંના એકની કુશળતાનો કિસ્સો એમણે આનન્દપૂર્વક કહી સંભળાવ્યો. વાત હતી કાળું નાણું ધોળું કરવાની. એક કાળા બજારના કરોડાધિપતિને ચિંતા થઈ, કાળું નાણું ધોળું શી રીતે કરવું? ભગવાન મદદે આવ્યા. ભગવાન વિના લક્ષ્મીનો ઉદ્ધાર કોણ કરે? એ શ્રીમાને લાખ્ખોના ખરચે મન્દિર બંધાવ્યું. ઉદાર ધાર્મિક ગણાયા. મન્દિરમાં થોડો પગાર આપીને પૂજારી રોક્યો. આ તો બધું કાયદેસરનું જ ગણાય. મન્દિરમાં ભેટ ચઢે. પહેલે દિવસે તો મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ એટલી ભાવિકોએ બે અઢી હજાર રૂપિયા ચઢાવ્યા. એટલી લક્ષ્મી ઊજળી થઈ. આમ દરરોજ થોડી થોડી લક્ષ્મી ઊજળી ઊજળી થતી જાય છે. ભગવાનની લીલા છે. મન્દિરની પ્રશંસા થાય છે. ધર્મનો મહિમા ગવાય છે. ભગવાનના પર પણ એમણે લક્ષ્મીને ઊજળી કરીને ઉપકાર કર્યો છે.

આમ બળબળતો વૈશાખ પૂરો થયો. જેઠ શરૂ થઈ ચૂક્યો. રાતે ઘામ થાય છે. વાતાવરણમાં રૂંધામણ છે. દુઃસ્વપ્નો ફાલે એવી જ આબોહવા છે. રાતે જાગીને ચન્દ્ર જોવાની ઘેલછા પરવડે એમ નથી, અનિદ્રાથી બળતી આંખોને સૂર્ય વધારે બાળવાનો જ છે. પાણી અમૃત છે. ભદ્ર લોકો 'કોલ્ડ બીયર'ની વાતો કરે છે. નાના બાળકની જેમ બરફનો ગોળો ખાવાનું મન થઈ જાય છે. પણ ઠાવકાપણું ના પાડે. જેઠ અને આષાઢ વચ્ચેનું અન્તર કપરું છે, કસોટી કરી નાખે એવું.

# મરણોત્તર જીવન

ઘણી વાર એમ લાગે છે કે હું મારું જ મરણોત્તર જીવન જીવી રહ્યો છું. આ મરણોત્તર જીવનની મુશ્કેલી એ છે કે એમાંથી પૂર્વજન્મની સ્મૃતિ ભુંસાઈ હોતી નથી એટલું જ નહીં પણ એની સાથેના તન્તુઓ પણ છેદાયા હોતા નથી. હમણાં એક જુવાન ભણેલાગણેલા મિત્રે મને કહ્યું કે એમની પત્નીને આગલો જન્મ સાંભરે છે. મનની અમુક અવસ્થામાં પૂર્વજન્મની બધી વિગતો સમાધિમાં હોય એવી રીતે બોલી જાય છે, એટલું જ નહીં જે દેશ એણે જોયો નથી તેની એ વાત કરે છે. કેનેડાના ક્વીબેકમાં પૂર્વજન્મ થયો હતો. ફ્રેન્ચ ભાષાનું એને જ્ઞાન નથી, છતાં એ ફ્રેન્ચ ભાષામાં વાત કરવા માંડે છે. જો આ સાચું હોય તો હું એને નિષ્ઠુર ભગવાનની ક્રૂર મશ્કરી જ લેખું. બે જન્મોની સેળભેળ કરીને કદી ભગવાન પણ જીવી શક્યા છે ખરા? એમણે પોતે નૃસિંહાવતાર અને બુદ્ધાવતાર ભેગા જીવવાનું સાહસ કર્યું છે ખરું? ભગવાન કરતાં એક બાબતમાં માણસ મોટો છે અને તે એની સહનશક્તિની બાબતમાં. મનુષ્યની માતા પૃથ્વી મનુષ્યનો ચરણસ્પર્શ સહે છે, તો મનુષ્ય પોતે એના મસ્તક પર અને હૃદય પર ભગવાનનો ભાર સહન કરે છે. ક્ષીરોદધિની શય્યા અને પગ તળાંસતા બેઠેલા લક્ષ્મીનું ચિત્ર ભગવાનના આરામ અને ઐશ્વર્યનું દ્યોતક છે. માનવી તો પશુની જેમ રેંકડી ને રિક્ષા ખેંચે છે. ડોળીમાં માણસનો ભાર ઉપાડીને પર્વત ચડે છે, અને માલવાહક પશુની જેમ વર્તે છે. ભગવાને આટલા બધા યુગમાં આટલા અવતાર લીધા, માનવીના તો કેટલીક વારમાં, થોડી ક્ષણમાં કેટલા અવતારો બદલાઈ જાય છે. અવકાશયાત્રીઓના પર ચન્દ્રનું વાતાવરણ કૃત્રિમ રીતે બનાવીને પ્રયોગો થાય છે, તેમ ભગવાન પણ કદાચ કોઈ જુલ્મી પરપીડકની અદાથી માનવી કેટલું સહન કરી શકે એના પ્રયોગો કરી રહ્યો છે.

આમ માનવીને એક જ વાર મરણ આવે છે એમ કહેવાય છે, પણ એ પહેલાં આપણી સૌથી નિકટ હોય એને પણ ખબર ન પડે એવાં કેટલાં મરણ આપણાં થઈ ચૂક્યાં હોય છે! એની જાહેરાત થઈ શકતી નથી. એ મરણ છતાં તરત એના એ જ ખોળિયામાં આપણા શબને સાચવી રાખીને આપણે જીવ્યે જવાનું છે. ઘણી વાર એવું લાગે છે કે હવે બીજી સવાર નહીં ઊગે, હવે ફરીથી શ્વાસ નહીં લઈ શકાય, ત્યાં વળી કોઈ આસુરી શક્તિ અદૃશ્ય કોરડો વીંઝીને આપણને બેઠા કરી દે છે, ફરી શ્વાસ એની નિયમિત રફતારથી આવજા કરવા લાગે છે. છતાં મરણની ઘેરી ઉદાસી મનમાંથી ખસતી નથી. એક અપાર્થિવ અન્ધકાર દુનિયાની ને આપણી વચ્ચે આવી જાય છે. આથી કેટલીક વાર આંખ દિશા ચૂકી જાય છે. હાથની પાંચે આંગળીઓ અનાથ બનીને કશુંક અણજાણપણે શોધ્યા કરે છે. કેટલાક અત્યારે બોલાતા શબ્દો જાણે પૂર્વજન્મમાં ક્યારેક બોલાયેલા શબ્દોના પડઘા જેવા લાગે છે. આથી જ તો ઘણી વાર શબ્દ અને શબ્દનો સમ્બન્ધ જોડી શકાતો નથી, એકાએક મૌનમાં સરી જઈએ છીએ અને સરી ગયા પછી જાણીએ છીએ કે એ મૌનનાં તો સાત નહીં ચૌદ પાતાળ છે. એમાં તળિયે બેસી ગયેલા શબ્દોને કોઈ કદી બહાર લાવી શકવાનું નથી.

આ અદૃશ્ય મરણનો ભાર ધીમે ધીમે વરતાવા લાગે છે. ગતિ ધીમી પડી જાય છે, મરણિયા બનીને બધું કરવું પડે છે. આપણા જ મરણનો શોક કરવા બેસવાની પણ ફુરસદ રહેતી નથી. બહારના વ્યવહારનું ખોખું એમ ને એમ અકબંધ ટકાવી રાખવું પડે છે. એકાદ જૂનો ફોટો જોઉં છું ત્યારે એમાંથી મરણની છબિ પણ ઊપસી આવે છે. જે લોકો સદા જીવતા રહી શકે છે તેની જ છબિ જોવાનું ગમે છે. આથી જ તો મારા ઘરમાં કે ક્યાંય હું મારી એક પણ છબિ રહેવા દેતો નથી. અત્યાર સુધીની બધી છબિ એક રીતે જાણે મારાં મરણોનો જ ઇતિહાસ છે. જુવાન વયે મારા એક કાકા મરી ગયા ત્યારે બીજે દિવસે દાદાએ ભીંત પરનો એમનો ફોટો ઊંધો વાળી દીધો. ફોટાની તો સગવડ છે કે એને દીવાલ પરથી ખસેડી લઈ શકાય, ઊંધો વાળી દઈ શકાય; પણ આપણું શું?

મરણોત્તર જીવન જીવવામાં સૌથી વધારે યાતના સહન કરવી પડે છે. આપણે પોતે જ પૂર્વજન્મમાં લખેલા ઉચ્ચારેલા શબ્દોની! આજે હવે પાંચ વર્ષ પહેલાં મેં જે લખ્યું હતું તે વાંચવાની હિંમત ચાલતી નથી. એ સૃષ્ટિ હવે રહી નથી. એ છતાં શબ્દો એના તરફ આંગળી ચીંધ્યા કરે છે. ક્ષણ જેટલા જ માપની લાગણી, સ્મૃતિ રાખીને જીવી શકાતું હોત તો? પણ એ તો કદી બની શકતું નથી. ને એ જ આપણી સૌથી મોટી લાચારી છે.

મરણશીલ માનવીને માટે જ ભગવાને જાણે અમરતાનો વધારેમાં વધારે પ્રલાપ કરાવ્યો છે! ભગવાનને મન અમરતા શબ્દનું મૂલ્ય શું? કોઈના મુખ પર આનન્દભર્યા સ્મિતની સેવા અંકાતી જોઈએ અને એમ થાય કે આ સ્મિત કદી વિલાઈ ન જાય તો કેવું સારું! પણ એ જ આંખમાં આંસુ જોઈએ ત્યારે? સદા સ્નેહભરી વાણી ઉચ્ચારનાર જાકારો દે ત્યારે? એક ક્ષણમાં ભૂતકાળને ભૂસી નાખીને નવા વર્તમાનમાં અવતરવાની શક્તિ કોઈનામાં જોઉં છું ત્યારે મારું માથું ઝૂકી પડે છે. સ્મૃતિ એકલી હોય તોય એનો ત્રાસ ઓછો નથી હોતો, પણ એમાં કલ્પના ભળે ત્યારે તો પૂછવું શું?

સરકસમાં છાતી પર હાથીને ઊભો રાખવાનો અને છાતી પર દસ મણના પથ્થરો તોડવાના પ્રયોગ આપણે જોયા છે. આવા પ્રયોગ આપણે ક્ષણે ક્ષણે આ જીવનમાં કરવા પડે છે. જે શબ્દો ઉચ્ચારવાનો હવે અર્થ રહ્યો નથી, જે શબ્દો પૂર્વજન્મમાં થઈ ચૂક્યા છે તે બહાર ન નીકળે માટે આપણે છાતી પર હાથી જેટલું જ વજન મૂકવું પડે, નિકટનાને મુખે ઉચ્ચારાયેલી ‘ના’(કદીક તો વણઉચ્ચારાયેલી)ના દસ મણના પથ્થરને આપણી છાતી પર મૂકીને જિન્દગીભર તોડ્યા કરવો પડે! માનવી ચન્દ્ર પર ઊતરશે ત્યાંથી શું લાવશે? કોઈ બહારગામથી આવે તો ઘરનાં બાળકો ‘મારે માટે શું લાવ્યા’! એમ પૂછતાં એને ઘેરી વળે તેમ પૃથ્વીના લોકો ચન્દ્ર પર જઈ આવેલા માનવીને ઘેરી વળશે – યુરેનિયમ લાવશે? નવો રોગ લાવશે? મને તો લાગે છે કે ચન્દ્રના અમાનુષી વિસ્તારમાંના શૂન્યમાંથી માનવી કદી ન જાણેલો એવો વિષાદ લઈ આવશે. એ વિષાદનું શું કરીશું? સાચો ચન્દ્ર કવિના ચન્દ્રને ઝૂંટવી લઈ શકશે નહીં.

એક જ ઇચ્છા છે : જે વિષાદ માનવીને અવાક કરી નાખે તેને વાચા આપવી. સુખની વાત લખનારા બડભાગી છો રહ્યા. મને એમની અદેખાઈ આવતી નથી. આ વિષાદને જો મૌનની શિલા ભેદીને વહાવી નહીં દઈએ તો એ પ્રલય સરજી દેશે. એક વાર એ વિષાદ ઉલેચાઈ જશે પછી આનન્દનો સાગર ભલે ને રેલાઈ રહે. વાલ્મીકિનું મહાકાવ્ય વિષાદથી શરૂ થયું ને વિષાદમાં પૂરું થયું. ભવભૂતિએ કરુણને જ એક માત્ર રસ કહ્યો. સીતા પોતે કારુણ્ય મૂતિર્ બની રહી. સામૂહિક મૃત્યુ, વિધ્વંસ – આ બધાં તો હવે જાણે કોઠે પડી ગયાં છે. એ કાંઈ કરુણ રસની સામગ્રી નથી. એથી તો કેટલાક કહે છે કે આ જમાનામાં કરુણાન્તિકા સંભવે જ નહીં. માનવીનું કાઠું જ કરુણની માંડણી માટે નાનું પડે છે. એ તો જે કહેવું હોય તે કહો, માનવીના વિષાદની સચ્ચાઈને નકારવાની કોઈ હિંમત કરી શકશે?

# સત્ય ખાતર શહીદી

ના, હું કોઈ ભૂતાવળની વાત નથી કરતો. આ નરી કલ્પના નથી કે મનની અસ્વસ્થતાને કારણે થતી ભ્રાન્તિ નથી. આજ સુધી મેં પોતે પણ આવું જ કંઈક હશે અને દૂર થઈ જશે એવું આશ્વાસન લેવાનો પ્રયત્ન કરી જોયો છે. પણ સત્યને ભ્રાન્તિની અવસ્થામાં ક્યાં સુધી રાખી શકાય? આથી એ પરિસ્થિતિનો સામનો કર્યે જ છૂટકો! તમે પણ વિચાર કરી જોશો તો લાગશે કે મારી વાતમાં તથ્ય છે. પણ આપણા જમાનાની વિલક્ષણતા એ છે કે મહાયત્ને ઉપલબ્ધ થયેલાં સત્યોને એ સહેજમાં ભ્રાન્તિ ગણીને હડસેલી મૂકે છે. બધી જ બુદ્ધિશક્તિ ખરચીને આપણે સત્યને ભ્રાન્તિ સાથે ગૂંચવી દેવાનો પ્રયત્ન કરીએ છીએ. આથી જ તો બૌદ્ધિકો એ ગાળનો શબ્દ બની રહ્યો છે. કોઠાસૂઝથી જે દીવા જેવું ચોખ્ખું દેખાય છે તેને વિશે અનેક પ્રશ્નો ઊભા કરીને ધુમાડામાં એને ઝાંખું કરી દેવાનો પુરુષાર્થ થતો રહે છે. આ પ્રવૃત્તિ એવી તો જોરશોરથી ચાલે છે કે ‘સત્ય’ શબ્દ વાપરવાનું આપણે ટાળતા રહીએ છીએ. ‘સત્ય’ વિશે એમ મનાતું કે એ સર્વસ્વીકૃત હોય, સૌ કોઈનું હોય, એને બદલે એમ કહેવાતું સાંભળીએ છીએ : ‘એ તમારું સત્ય હશે, અમારે મન એ સત્ય નથી.’ હેમિંગ્વેએ તો ઘણાં વર્ષો પહેલાં એની એક વાર્તામાં કહ્યું જ હતું કે દયા, પ્રેમ, માનવતા જેવાં ભાવવાચક નામો તો ઠાલાં છે. એના કરતાં મને આ શેરીનાં નામનાં પાટિયાં વધારે અર્થભર્યાં લાગે છે! પોતાને જે અભિમત છે તે સર્વસ્વીકૃત બને એ માટે એને સત્યને નામે રજૂ કરવાનો પ્રયત્ન નીતિના આગ્રહીઓ કરતા રહ્યા છે. સત્ય કંઈ તર્કથી નથી નક્કી થતું. એની પ્રમાણભૂતતા તો વ્યક્તિના અપરોક્ષ અનુભવમાંથી જ પ્રાપ્ત થાય છે, બહુમતિથી પસાર કરવામાં આવે તે સત્ય જ હોય એવું નથી. માટે તો સત્યને ખાતર બહુમતિની સામે થઈને ઘણાંને શહીદી વહોરી લેવી પડી. વ્યક્તિ પોતાની

સ્વતન્ત્રતાને સત્ય તરીકે સિદ્ધ કરે પછી જ અન્ય મૂલ્યોના સાક્ષાત્કારની ભૂમિકા રચાય એમ કહેવું સહેલું છે, પણ વ્યવહારમાં એનો અર્થ શો? માનવી ઘણી વાર સ્વતન્ત્રતાના ભારને ઉતારી નાખીને હાશ નથી અનુભવતો? અથવા તો બહારથી સ્વતન્ત્રતાનો દેખાવ ચાલુ રાખીને એમાંથી છૂટવાની અનેક તરકીબો કામે નથી લગાડતો? સમૂહને ખાતર પોતે પોતાની સ્વતન્ત્રતાનો ભોગ આપીને ગૌરવ અનુભવતો નથી? સ્વતન્ત્રતા સાથે છે જવાબદારી અને જવાબદારી માનવી એકલો પોતાને માથે નથી લેવા ઇચ્છતો. આથી સહેજસાજમાં સમિતિ નિમાયાની વાત આપણે સાંભળીએ છીએ. તપાસ સમિતિ કરે, ચુકાદો સમિતિ આપે.

હું જે ભૂતકાળની વાત કરું છું તેનો અનુભવ આપણને સૌને થાય છે. પણ આપણે આંખ આડા કાન કરીએ છીએ, એની વાત એકબીજા જોડે કરવાનું ટાળીએ છીએ. રસ્તે ચાલતો હોઉં છું ત્યારે, ઘરે પાછો ફરી રહ્યો છું ત્યારે કે કોઈ જોડે વાત કરતો હોઉં છું ત્યારે મારો કોઈ પીછો કરી રહ્યાં હોય, મારી ચાંપતી તપાસ રાખી રહ્યું હોય એવો અનુભવ થાય છે. જ્યોર્જ ઓરવેલે ‘થોટપોલિસ’ની એની કૃતિ ‘1980’માં કલ્પના કરેલી. મને એ કલ્પના સત્યમાં ફેરવાઈ જતી લાગે છે. આપણા વિચારને મૂળમાંથી જ તપાસીને એમાં દખલગીરી કરનારું કોઈક હોવાનો અનુભવ થાય છે. આ દખલગીરી કરનાર બહુરૂપી છે. કોઈ વાર આ સાહેબશાહી પોશાકમાં સજ્જ થયેલી, સત્તાવાહી સ્વરે છતાં આભાસી નમ્રતાથી બોલનારી વ્યક્તિ હોય છે. એના શબ્દોમાં સીધો આદેશ હોતો નથી, એ કહે છે : ‘આપણે આમ કરીએ તો કેમ?’ અથવા ‘તમને એમ નથી લાગતું કે હવે આપણે આમ કરવું જોઈએ?’ આ પ્રશ્નોને કેવળ સંમતિસૂચક મસ્તકધૂનનની જ અપેક્ષા હોય છે. એમાં ‘આપણે’નો ખૂબીથી ઉપયોગ કરવામાં આવે છે. બોલનાર પોતાનો સમાવેશ તમારી જોડે કરી જ લે છે. કોઈ વાર એ મોહક વ્યક્તિત્વ ધારણ કરે છે, મીઠા શબ્દો – આકર્ષક રીતભાત, નિરુપદ્રવી સ્વભાવ આ એનાં શસ્ત્રો છે. એનાથી એ તમારો કબજો લઈ લે છે. કોઈ વાર એ હિતચિન્તક, વડીલ કે શુભેચ્છક આપ્તજનનું રૂપ લે છે. આપણને એમ લાગે છે કે આપણું હિત જોવાનું તો આપણને આવડતું જ નથી. એ તો કોઈ લાગણી ધરાવનાર વ્યક્તિને જ સોંપવું જોઈએ અને સદ્ભાગ્ય આપણું કે આપણે માટે હજી એવું કોઈક રહ્યું છે ખરું! એથી તો એવા હિતેચ્છુઓ હંમેશાં કહે છે ‘તારું હિત તો અમારે જોવું જ જોઈએ ને! અત્યારે તને એમ લાગશે કે આ બધું યોગ્ય નથી, પણ પાછળથી તું અમને યાદ કરશે કે ના, એમની વાત સાચી હતી.’ ભવિષ્ય વિશે

આટલી નિશ્ચિતતાથી બોલનારાઓને કેમ પહોંચી વળવું? આ ઉપરાંત સૌથી ખતરનાક તો એ હોય છે કે જે આપણું જ બીજું રૂપ હોવાનો દાવો કરે છે. આવો અભેદનો, એકરૂપતાનો દાવો ખતરનાક હોય છે. એ કહે છે : 'આપણી વચ્ચે ભેદ નથી' તો પછી મતભેદ તો હોય જ ક્યાંથી? આપણી વચ્ચે અધિકારનો પ્રશ્ન નથી. સ્વતન્ત્રતાનો પ્રશ્ન નથી. કોણ કોનાથી સ્વતન્ત્ર? કોણ કોના પર અધિકાર ભોગવે? આ રીતે સમ્પૂર્ણ સ્વત્વની શરણાગતિ જ એને અપેક્ષિત હોય છે. આપણા વિચાર અને લાગણીને એ એના વાઘા પહેરાવી દે છે. પણ આપણે જોઈએ ત્યારે એ વાઘા આપણા જ લાગે છે.

આમ આપણે કદી એકલા હોતા નથી . કોઈ વાર રાજકારણનો સ્વીકારેલો નેતા તો કોઈ વાર ધર્મગુરુ, કોઈ કોઈ વાર પરદેશનો કોઈ ફિલસૂફ કે ચિન્તક તો કોઈ વાર આપણા જ આદરપાત્ર વડીલ, કોઈ વાર ખોળિયાં જુદાં પણ આત્મા એક એવું નિકટનું કોઈ આત્મીય તો કોઈ વાર આપણું જ પોતાનું છેતરામણું બીજું રૂપ. આ હંમેશાં આપણો પીછો પકડીને આપણી સાથે ચાલ્યા જ કરે છે. વિચાર કરી જુઓ : હંમેશાં તમારી આગળ પાછળ કે અડખેપડખે કોઈ ચાલ્યા જ કરતું હોય, તમને એનો સતત અનુભવ થતો હોય તો તમે શું કરો? આપણા શબ્દો અર્ધેથી એ ઉઠાવી લે, આપણી અંગત લાગણી સાથે ચેડાં કરે, આપણી પોતાની જ એવી માન્યતાઓ પર એની છાપ મારી દે ત્યારે 'સત્ય', 'સ્વતન્ત્રતા' જેવા શબ્દો આપણી ક્રૂર મશ્કરી કરતા લાગે.

કેટલાક મુરબ્બીઓ નિવૃત્તિ અને એકાન્તની વાત કરતાં હોય છે. હંમેશાં આપણને કહેતાં હોય છે : 'અમારે શું? અમે તો હવે બધું કરી પરવાર્યા. અમે તો બેઠાં બેઠાં તમારો ખેલ જોઈએ છીએ.' પણ એમનેય પોતાની બુદ્ધિનો, ડહાપણનો લાભ બીજાને આપવાનો ભારે ઉત્સાહ હોય છે. વર્ષોનો અનુભવ – અને અનુભવ તો જેમ લાંબો તેમ ઉપયોગી – દુ:ખ ભોગવીને એ લોકો લેતા રહ્યા. હવે જો આપણે એમના વૃદ્ધ શરીરમાં રહેલાં ચપળ અને બુદ્ધિશાળી મનનો લાભ નહિ લઈએ તો એ આપણી કેવી મોટી મૂર્ખામી કહેવાય! આથી એમની આજુબાજુ થોડા ભાવિક જિજ્ઞાસુઓનું ટોળું હોય છે. આવી જ નિયતિ એમને પસંદ હોય છે.

આપણે તો પ્રાચીન દેશ, હડપ્પાના અવશેષો જેટલે ઊંડે દટાયેલા હતા તેટલે જ ઊંડે આપણે પણ દટાયેલા છીએ. એ બધા થરને ભેદીને આજની હવા લેવી એ કાંઈ જેવી તેવી વાત છે! આપણી આજુબાજુ કેટલાય સન્તો, ધર્માચાર્યો, ભગવાનોનું જંગલ છે, એને ભેદીને ખુલ્લી આબોહવામાં આવીને શ્વાસ લેવાની શક્તિ આપણાં ફેફસાં હજી

કેળવી શક્યાં છે ખરાં? એ જાણ્યા વિના સ્વતન્ત્રતા પ્રાપ્ત કરવાનું દુ:સાહસ કરવું એટલે ઓક્સિજનનો પુરવઠો લીધા વિના એવરેસ્ટ ચઢવા બરાબર છે.

આ બધા અનુભવોથી તો એમ જ લાગે કે આ પરિસ્થિતિમાંથી છૂટવાનો આરો જ નથી. આપણી આજુબાજુ પીછો કરતી આ ભૂતાવળમાંથી આપણે શી રીતે છૂટીએ! હું કાંઈ લખતો હોઉં છું ત્યારે પણ ખભા પરથી કોઈ ડોકિયું કરતું હોય એવું લાગે છે. આમ છતાં મન ઠેકાણે રાખીને જીવવાનું બને છે તેનું કારણ કે આમાં જ થોડાક એવા છે જેનો કશો હસ્તક્ષેપ નથી, કશા દબાણ વિના એમના અવાજમાં આપણો અવાજ ભેળવી દેવાનું આપણને ગમે છે, એ છે સાચા કવિઓ. માફ કરજો, એમની આગળ પણ મારે ‘સાચા’ વિશેષણ લગાડવું પડ્યું. સાહિત્યકારો પણ સેવકો બને છે, કુરનિશ બજાવે છે, ચતુર્મુખે આશ્રયદાતા કે રાજકર્તાનું ગૌરવ ગાય છે. પણ એવાને પારખી કાઢવાનું બહુ અઘરું નથી. ઉછીનો કંઠ લઈને ગાનારા પણ છે. એમના સૂરનો રણકો બોદો જ સંભળાય છે. જો પ્રવાહ ક્રાન્તિનો ચાલે તો એઓ ક્રાન્તિના ફતવા બહાર પાડવા માંડે છે, જો ફેશન હતાશાની ચાલે તો લિજ્જતથી હતાશાનું કેફી પીણું ઢીંચીને એનો નશો કરે છે.

આથી જ તો કહું છું કે મારી વાત સાચા કવિસર્જકો વિશે છે. એમના શબ્દ સાથે સ્વતન્ત્રતાનું આકાશ વિસ્તરે છે, એમાં શ્વાસ લઈને આપણે નવું કૌવત અનુભવીએ છીએ. આપણી આંખમાં નવું તેજ અંજાય છે. દિવસ દરમિયાનના ઘોંઘાટ વચ્ચે પેલી ભૂતાવળ પાછળ પડી હોય છે ત્યારે કાન દઈને હું એકાદ વાલ્મીકિ, ભવભૂતિ કે બોદલેર, રિલ્કેનો શબ્દ સાંભળું છું. કાફકા કે દોસ્તોએવ્સ્કી સાથે મૂંગો મૂંગો ચાલુ છું.

# અપ્રત્યક્ષનો ખણ્ડ

સૂર્ય હવે નિઃઉષ્મ થઈ ગયો છે. માઘ ભારવિની વાત યાદ આવે છે. ભારવિએ પોતે સૂર્ય જેવો તેજસ્વી છે એવું બતાવનારું નામ રાખ્યું તો માઘે કહ્યું કે હું માઘ મહિનો છું જેમાં સૂર્ય પણ મ્લાન બની જાય. સંસ્કૃતવાળાઓએ ગજબનાં પરાક્રમ કર્યાં છે. એક તોતડો હતો માટે અમુક વર્ણો બોલી શકતો ન હતો તો તે વર્ણો વિનાનું જ એણે વ્યાકરણ રચ્યું, તો વળી બીજાએ વ્યાકરણના અનિયમિત રૂપોવાળા શબ્દોના દૃષ્ટાન્ત રૂપે કાવ્ય રચ્યું. આ પ્રતિભા નથી, વૈદગ્ધ્ય છે, નૈપુણ્ય છે. પણ મોટે ભાગે નૈપુણ્યની જ બોલબાલા હોય છે. સામાન્ય જનોને તો એ જ ચકિત કરી દે છે. આથી મને લાગે છે કે સાહિત્યના શત્રુ સાહિત્યના ક્ષેત્રમાં જ હોય છે. એ માટે સમાજને જડભરત કહીને દોષ દેવો તે યોગ્ય નથી. નબળો કવિ ચતુરાઈ વાપરીને, કરામત વાપરીને છેતરીને મોટો ગણાવા મથે તે સૌથી મોટો સાહિત્યનો દ્રોહી છે. તે જ રીતે પોતાની રુચિની સંકુચિતતા જાણ્યા છતાં એની જોહુકમી સર્જાતા સાહિત્ય પર અહંકારપૂર્વક લાદવાની ધૃષ્ટતા કરનારો વિવેચક પણ સાહિત્યનો શત્રુ છે. આશ્ચર્યની વાત છે કે સાહિત્યના શત્રુઓ પ્રગટપણે એમની પ્રવૃત્તિ ચાલુ રાખી શકે છે. એમાં પ્રતિષ્ઠિત સામયિકોનો એમને સારો સાથ મળે છે. કેટલાક સમજીને કલમને બીજા ક્ષેત્રમાં ચાલુ રાખે છે.

વાદળો છે, દિવસનું મુખ મ્લાન છે. પવન જર્જરિતને ખંખેરીને વહી જાય છે. પણ હવામાં વસન્તના આગમનનો અણસાર છે. આંબા પર મંજરીની મહેક છે અને કોકિલ ટહુકે છે. પણ એનો પંચમસ્વર હજી ખૂલ્યો નથી. અત્યારે તો ચૂંટણીનાં ઢોલનગારાં ગાજે છે. આ વસન્ત આ ઘોંઘાટમાં બગડી જશે. ચૂંટણીના ફતવાઓ અને ખરીતાઓનો ઘોંઘાટ વધતો જાય છે. લોકશિક્ષણ વગર લોકશાહી શક્ય નથી. આ વર્ષોના ગાળાના

પુખ્ત મતાધિકાર હક્ક ભોગવનારાને એ અધિકાર ભોગવવાની યોગ્યતા પ્રાપ્ત થાય એને માટેના પ્રયત્નો થયા છે ખરા? ચૂંટણી 'લડવાની' હોય છે. એમાં યુદ્ધની પરિભાષા વપરાય છે. હારજીતનો એ મામલો છે. આ યુદ્ધ વાગ્યુદ્ધ હોય છે પણ એ ખેલવા માટે ખૂબ પૈસા વેરવા પડતા હોય છે. આપણા ગરીબોને જો એ ખપમાં આવી શકતા હોય તો? આ દિવસોમાં ભાષા પર અત્યાચાર થશે. દામ્ભિકતાની કળા ખીલી ઊઠશે. આ નવા દેવોનું વાહન જીપ છે. હવે જીપની દોડાદોડથી બચવું પડશે. બકુલ ત્રિપાઠી તો કદાચ કહેવત પણ બનાવી કાઢે કે ચૂંટણી લડવા માટે બે વસ્તુ જોઈએ : જીપ અને જીભ. ત્રીજી વસ્તુ 'નોટ' જે ઇન્દુચાચા 'વોટ' સાથે માગે છે તે પણ જીભ ચલાવતાં આવડે તો મળે. પાંચ વરસમાં એક વાર થતી ચૂંટણી માંડ સહ્યા બનતી હતી પણ આ તો જાણે લોકશાહીની બુલંદ જાહેરાત કરવા માટે બમણા ઉમળકાથી ઉપાડી હોય એવું લાગે છે. મતદાર મત આપે છે, પણ એ મત એનો જ છે એવું પ્રામાણિકતાપૂર્વક કહેશે? છડેચોક પ્રલોભનો અપાતાં હોય, પૈસા વેરવામાં આવતા હોય ત્યારે મત ખરીદેલો નથી એમ કોણ કહેશે? મત સાથે મન પણ ખરીદવાનો કીમિયો આપણા રાજકારણમાં પડેલા શોધી રહ્યા છે. મત પવિત્ર વસ્તુ છે એમ કહીએ છીએ ખરા, પણ એને ક્લુષિત કરવાનો એક્કેય રસ્તો બાકી ન રાખીએ તેનું શું? આથી જ આ સમાજમાં સ્વેચ્છાએ બહિષ્કૃત થઈને રહેવાનું જ હું તો પસંદ કરું. ક્યાં હાજર રહેવું એના કરતાં ક્યાં ગેરહાજર રહેવું એનો જ નિર્ણય કરવાનો રહે. પોતાની સાથે રહેવા જેટલો સમય આ જમાનામાં ચોરીને મેળવવાનો રહે. બાકી આ સમાજ તો ક્ષણે ક્ષણે તમને ગુનેગાર બનાવે તેવો છે. 'તમે આ શું કર્યું તે બરાબર નથી. તમે આ નથી કર્યું તે બરાબર નથી.' તમે શું સારું કર્યું, કેટલું બીજા ન કરી શકે એવું કર્યું તે વિશે કોઈ કહેતું નથી. એ બધામાં તમે એકાકી છો. વાતો થાય છે માનવતાની, કૌટુમ્બિક ભાવનાની, પણ સહેજ સહેજમાં માનવતાનો ત્યાગ કરતાં કોઈ અચકાતું નથી. ઊલટું એમ કરતાં જ જાણે ગૌરવ અનુભવાય છે. અતડાપણું, અક્કડપણું, કરડાકી, સત્તાવાહી સ્વર – આ અમાનુષીપણાનાં બાહ્યા લક્ષણો છે. આની સામે નિઃશસ્ત્ર બનીને ઊભા રહેવું એ જ મોટો બચાવ. જેઓ આપણને હંમેશાં અપરાધીના પંજિરામાં જ ઊભેલા રાખવામાં આનન્દ માને છે, એમની બાલિશ ઉદ્ધતાઈને હૃદય એકદમ માફ કરવા ઇચ્છતું નથી. પણ એમાં હૃદયનો વાંક કાઢી શકાય નહીં. હૃદય કેટલું સહન કરી શકે? શરીર કેટલું સહન કરી શકે? કોઈક વાર સ્મૃતિ અને કલ્પના ભેગાં મળીને ભારે જુલમ ગુજારે છે. જેને ભૂતાવળ કહીએ છીએ તેમાંની એકાદ

ઘટનાને એવી તો તાદૃશ બનાવીને આપણી આગળ લાવી દે છે કે આ વર્તમાન ઝાંખો પડે છે. એ ઘટના અસાધારણ હોય છે એવું પણ નથી. વરસાદનો એકાદ દિવસ, પાંદડાં વરસાદનાં પાણીમાં તરે, પરપોટા થાય, પરપોટા આગળ ચાલે ને પછી ફૂટી જાય, દૃશ્ય તો દર ચોમાસે જોઈએ છીએ પણ વર્તમાનમાં એ નવી તાદૃશતા સાથે આવે છે ને કદાચ તેથી જ એનો સ્વાદ બદલાઈ જાય છે. જાણું છું કે ઘટના બની ચૂક્યા પછી એની એ રહેતી નથી. સમયનું વહેવું જેમ ઘટનાને બદલે છે તેમ સ્મૃતિ પોતે પણ એને બદલે છે. કલ્પના એને નવો આકાર આપે છે. આથી એનાં મૂળ ભૂતકાળમાં ભલે રહ્યાં હોય, એનું રૂપ તો નવું જ હોય છે. એવી જ રીતે ભૂતકાળનો કોઈ દિવસ વર્તમાનમાં ભૂલો પડીને આવી ચઢે છે. એ દિવસ પણ કોઈ ખાસ અસાધારણ દિવસ હોતો નથી, પણ એને એનું આગવું વ્યક્તિત્વ હોય છે. એ એનો આગવો તડકોછાંયડો લઈને આવે છે. એની આબોહવા જુદી હોય છે, આથી વર્તમાનનો કોઈ દિવસ સુપરઇમ્પોઝ કરેલી પ્રિન્ટના જેવો બની જાય છે. સ્મૃતિ અને કલ્પના સર્જનમાં અનિવાર્ય એવી બે વસ્તુઓ છે એ વાત ખરી, પણ એ શાપ રૂપ પણ છે. એથી વર્તમાનમાં વિક્ષુબ્ધતા ઊભી થાય છે. બધી જ સ્મૃતિ કે કલ્પનામાંથી સર્જન ઊભું થતું નથી, આવી સ્મૃતિ અને કલ્પના એક અન્તરાય ઊભો કરે છે. એની તાદૃશતા જ સૌથી વિક્ષુબ્ધ કરનારી વસ્તુ હોય છે.

પાનખરના આ દિવસો છે એમ કહીએ કે આ શિશિરના દિવસો છે એમ કહીએ તો તેથી કાંઈ વિષાદ જ થવો જોઈએ એવું નથી. બાળપણમાં તો એવો કશો વિષાદ થતો નહોતો. બાળપણમાં તો આ દિવસો બોરડી ઝૂડીને બોર ખાવાના હતા. કાંટા વાગે તેની કશી ચિન્તા નહોતી. કોઈ વાર કોઈ ભગાડી મૂકે એવું પણ બનતું. પણ પલાયન એ આ સાહસના અંગરૂપ જ હતું. એથી વીરતાને ઝાંખપ લાગતી નહોતી. પાકવા આવેલાં પણ પૂરા પાકી નહિ ચૂકેલાં બોર ખાવાં ગમે. એના રંગો હજી આંખ સામે તરવરે છે. એક વાર મેં એના સ્વાદની સરખામણી દેવશિશુની કાલી કાલી બોલી જોડે કરેલી. પણ એ સરખામણીથી મને સન્તોષ નથી.

આથી વિચાર કરું છું તો લાગે છે કે આપણા ચિત્તના નેપથ્યમાં અપ્રત્યક્ષનો એક મહાન ખણ્ડ છે. એને આપણે પ્રત્યક્ષની સીમામાં લાવી શકતા નથી. એટલે અંશે આપણું એની જોડેનું સંક્રમણ પણ અધૂરું રહે છે, માનવચિત્તની મૂળ વેદના આ પોતાની આગળ પોતાની અપ્રત્યક્ષતાની જ રહેલી છે. ઘણાં ચિત્ત ઝાંખાં બની ગયેલાં દર્પણ જેવાં હોય

છે. એમાં કશી છબિ પ્રત્યક્ષ થઈ ઊઠતી નથી. એથી જાણે અંધાપો આવ્યો હોય એવું લાગે છે, પણ લોકો અંધાપાથી ટેવાઈને ક્યાં નથી જીવતા?

કાર્લ શાપિરો એની એક કવિતામાં કહે છે કે વીસમી સદીનો ‘પાસવર્ડ’ આ ‘કોમ્યુનિકેશન’ જ છે પછી એ કહે છે, કેમ જાણે આ કોમ્યુનિકેશન આપણે જ શોધ્યું નહીં હોય, પ્રાણીઓ અને માંસભક્ષકો પણ એવો વિનિમય કરી જાણતા હતા. પંખીઓ મધમાખીઓ અને થોડા માનવીઓ (જેને કળાકાર કહી ઓળખાવવામાં આવે છે અને જેમને ગાંડા ગણવામાં આવે છે) પણ આવો વિનિમય કરી જાણે છે. પણ મોટા ભાગના માનવીઓને તો આ કોમ્યુનિકેશનની શોધ કરવી પડી છે. રોમવાસીઓ પાસે સારામાં સારા રસ્તા હતા, પણ એ રસ્તા પર રોમવાસીઓ સિવાય બીજું કશું રવાના કરવાનું એમની પાસે નહોતું. અમેરિકાવાસીઓએ વિશ્વસમય અને વિશ્વાવકાશ પર વિજય મેળવ્યો છે. સવારના નાસ્તા વખતે દુનિયાના ચાર ખૂણા જોડે ગપસપ કરી શકે છે. પણ વિનિમય કરવા અમેરિકાવાસી સિવાય એમની પાસે બીજું કશું નથી. રશિયાવાસીઓ સિવાય એમની પાસે બીજું કશું નથી. રશિયાવાસીઓ ચન્દ્ર પર રશિયાવાસીને મોકલે છે. આખી સૂર્યમાળા ઠઠ્ઠાચિત્રો બનાવનારના હાથમાં જઈ પડી છે.

હું નેબ્રાસ્કાના મારા રસોડામાં બેસીને બુરખામાં ઢંકાઈ જતી કરાંચીમાંની સ્ત્રીને જોઈ રહું છું. સવારે એ શીતળા ટંકાવવા જાય છે. ઠંડી છે અને એમને માનસિક સહાનુભૂતિની જરૂર છે. એ કોમ્યુનિકેશનની રહસ્યમય જાતીયતા છે. પૈસો પ્રેમ હતો, સત્તા પ્રેમ હતી. હવે કોમ્યુનિકેશને પ્રેમનું સ્થાન લીધું છે. ટેલિફોન પ્રેમનું પ્રતીક છે. ચાલો એને ચૂમીએ. પેલી છોકરી હી ફી સ્પીકરને વળગીને ભેટે છે.

કાર્લ શેપિરો આમ કોમ્યુનિકેશને સાધેલી એકલવાયાપણાની વાત કરે છે. એની વિડમ્બના ધારદાર છે. હવે ભારતવાસીઓ એના ઘરગથ્થુ સામગ્રી બનેલા યોગની અને શેરીમાં સસ્તી બનેલી ‘હરેકૃષ્ણ’ની ધૂનની વિડમ્બના ક્યારે કરશે?

# સર્જકનું ગૌરવ

હું સુખાસને બેસીને બે અક્ષર લખવા બેઠો છું ત્યારે પૂર્વ બંગાળમાં બાળકો, સ્ત્રીઓ, અને પુરુષો મશીનગનની ગોળીએ વીંધાય છે. હત્યાકાંડ ચાલી રહ્યો છે. દેશવાસીઓને હાથે જ આવો કેર વર્તાવવામાં આવ્યો છે. એ તો દેશની આંતરિક બાબત થઈ, એ ઝઘડામાં બહારના માથું મારી શકે નહીં, કારણ કે તો સાર્વભૌમત્વ જોખમમાં મૂકાય, રાજકીય નેતાઓ ઠાવકા બનીને કહે છે. 'અમે પરિસ્થિતિની સખેદ નોંધ લઈએ છીએ' પણ માનવતા તો આ બધાં ચોકઠાંથી પર છે. લોકોએ બહુમતિથી ચૂંટેલા નેતાને સત્તાનું સૂત્ર ન સોંપતા લશ્કરના પશુબળને હાથે દેશને પીંખી નાખવાનું કાર્ય તો ભયંકર અપરાધ છે જ. પણ એને અપરાધી કહીને એના અપરાધનું ફળ ભોગવવાની ફરજ પાડનારું કોઈ તત્ત્વ દુનિયામાં છે ખરું? આથી જ તો સ્વતંત્રતા શબ્દ હંમેશાં શહીદોનાં લોહીથી ખરડાયેલો રહે છે.

કોઈ પ્રજા પોતાની આગવી સાંસ્કૃતિક વિશિષ્ટતા, ભાષા, સાહિત્ય સંસ્કાર જાળવી રાખવા મથે તે યોગ્ય જ છે. તમે એની ભાષાને ભૂંસી એટલે ભવિષ્યમાં એનું સાહિત્ય મરી પરવારશે. પછી એ પ્રજાનું આગવું વ્યક્તિત્વ શી રીતે જળવાઈ રહેશે? આટલા વિજેતાઓ આવ્યા છતાં આપણું સ્થાપત્ય, આપણું સાહિત્ય અને આપણા સંસ્કાર આપણે જાળવી રાખી શક્યા છીએ. અંગ્રેજોએ વધારે ધૂર્તતા વાપરી. અંગ્રેજી ભાષાનું દેશમાં ગૌરવ કર્યું. વિજેતા હતા ત્યારે તો ઠીક, પણ આજે એમના ચાલી ગયા પછી અંગ્રેજી બોધભાષાવાળી શાળાઓના ભાવ વધી ગયા. નાનાં પાંચ છ વર્ષનાં બાળકો પોતાની માતૃભાષા જાણતાં ન હોય અને ખરીખોટી અંગ્રેજીમાં ચાર વાત કરતાં હોય, માતાપિતા એ બદલ ગૌરવ અનુભવતાં હોય એવું તો ઘણાં મધ્યમ વર્ગનાં કુટુમ્બોમાં પણ

દેખાય છે. અંગ્રેજી દ્વારા સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન વગેરેને આત્મસાત્ કરીને સમૃદ્ધ થવાની એષણાથી આ થતું નથી. આ તો ભદ્ર વર્ગના ઉપલા સ્તરનો એક સંકેત છે માટે થઈ રહ્યું છે. બહુ જ ચબરાકીથી અંગ્રેજી ભાષા બોલનાર એ ભાષાના સાહિત્ય વિશે કશું જાણતો હોતો નથી. 'ટાઇમ'માં બેસ્ટ સેલર્સની જે યાદી આવે છે તેને આધારે એ ગોળા ગબડાવતો હોય છે. આવા લોકોને બંગાળમાં જે થયું તે કદાચ નહીં સમજાય. ગુજરાતીને નાબૂદ કરીને હિન્દીમાં ભેળવી દેવાનો કોઈ પ્રયત્ન થાય, રાજભાષા અને રાષ્ટ્રભાષા એક કરી દેવાય, બીજી ભાષાઓને પોષણ કે ઉત્તેજન ન મળે તો આપણે ગુજરાતીઓ બંગાળીઓ આજે જે ભોગ આપે છે તેવો ભોગ આપી શકીશું ખરા? 'મને ગુજરાતીમાં લખવાનું ફાવતું નથી' એમ ગૌરવપૂર્વક જાહેર કરનારા ઘણાં ગુજરાતીઓ છે. અને અંગ્રેજી નહીં આવડવાને કારણે ભદ્ર વર્ગમાં બેસતાં શરમાતાં અને નીચાપણું અનુભવનારા પણ ઘણાં છે. આપણે ભાષા કે સાહિત્યનું ગૌરવ સમજ્યા જ નથી. એક પ્રજા લેખે આપણી અસ્મિતાને પ્રગટ કરવાના પ્રયત્નો પરત્વે આપણામાંનો મોટો વર્ગ ઉદાસીન છે. સંકુચિત ભૌગોલિક રાષ્ટ્રવાદ તો ખોટો છે જ, પણ પ્રજાઓના કુટુમ્બમાં દરેક પ્રજાને એનું આગવું વ્યક્તિત્વ તો હોવું જોઈએ જ. કુટુમ્બ એક છે એ સાચું પણ કુટુમ્બ એમાંની વ્યક્તિઓની વિશિષ્ટતાને ભૂસી નાંખે એવું હોવું ન જોઈએ.

રવીન્દ્રનાથે સંકુચિત રાષ્ટ્રવાદનો વિરોધ કરીને 'આ વિશ્વ આખું એક માળો છે' એવી ઉપનિષદની વાણી સંભળાવેલી. પણ એ જ રવીન્દ્રનાથે પોતે જે કાંઈ લખે તે બંગાળી ભાષામાં જ લખાય એવો સંકલ્પ પણ કરેલો. રાજકારણમાં ઝંઝાવાતો આવે છે ને ચાલી જાય છે. આજે રવીન્દ્રનાથ અને ગાંધીના સાહિત્યની હોળી કરનારા આવી લાગ્યા છે. એઓ જશે પણ રવીન્દ્ર અને ગાંધી ટકી રહેશે. કારણ કે એમને જે કર્યું તેનો માનવતા સાથે ઊંડે ઊંડે સમ્બન્ધ છે. ગાંધીનિન્દા તો આજે ફેશન થઈ પડી છે. હું બૌદ્ધિક હોઉં તો ગાંધીની નિન્દા કરવાની હિંમત બતાવું એવું મનાય છે. પણ આ એક પ્રકારની માનસિક રુગ્ણતા છે, વામણા અહંકારનો વન્ધ્ય ફુંફાડો છે. હિંસાને રોમેન્ટિક અભિનિવેશથી આવકારવી, લોહીની વહેતી નદીઓનાં દશ્ય કલ્પનાથી આલેખવાં એ એક વાત છે અને અસ્મિતાને ખાતર શહીદી વહોરી લેવી, આખી પ્રજાએ ઊભા થઈને બુલંદ ઘોષણા કરી પાશવી બળનો સામનો કરવો એ બીજી વાત છે.

કેટલાક લોકો છે જેઓ આવી બધી વાતોને નર્યા લાગણીવેડા કહીને હસી નાખે છે. આપણે જે સર્જ્યું તેનું ગૌરવ કરવાનું જો આપણી પ્રજાને ન આવડે તો સર્જન માત્રનું

કશું મહત્ત્વ રહેશે નહિ. આથી જ તો અમેરિકાની વિદ્યાપીઠોમાં વિદ્યાર્થીઓએ યોગ્ય રીતે જ માગણી કરીને કહ્યું કે અમને 'ક્રિએટીવ ટિચિંગ'ની જરૂર છે. જે પ્રજા પડઘા ઝીલીને સન્તોષ માને છે. મૌલિકતા પારખવા જેટલી સંવેદનશીલ નથી, ઉછીની વસ્તુને આધારે ટકી રહીને સન્તોષ માને છે ને તે પ્રજા મોડી વહેલી ભુંસાઈ જવાની છે એટલું નક્કી. આપણા સાહિત્યને સત્ત્વશીલ બનાવવું હશે તો આવી ખુમારીવાળા સર્જકોને આપણી વચ્ચે જીવતા કરવા પડશે, ગણતરીબાજ ઠાવકા, ખંધા, પવન જોઈને પીઠ ફેરવનારા લાલચુ, યશ:પ્રાર્થી લહિયાઓથી એવું સાહિત્ય રચાવાનું નથી. પૂર્વ બંગાળના કવિ નઝરૂલ ઇસ્લામની કવિતા આજે યાદ આવે છે. એક વાર એમણે પોતાને 'આમિ વાયોલેન્સે વાયોલિન' કહીને ઓળખાવેલા. વિધિની વક્રતા છે કે આજે ફરી હિંસાનું તાંડવ એમની જન્મભૂમિમાં ખેલાઈ રહ્યું છે ત્યારે હિંસાનું તાંડવગાન ગાનારો કોઈ કવિકંઠ ફરી ખૂલશે? જસીમુદીન નામનો બીજો કવિ પણ યાદ આવે છે. લોકભાષામાં રચાયેલી એની કવિતા મેં ખૂબ માણી છે. આ બધી સમૃદ્ધિ સાચવવા બંગાળીઓ ઝઝૂમે છે. આ ભાષા અને સાહિત્યને કારણે 'બાંગલા દેશ'ને પોતાનું આગવું અસ્તિત્વ ટકાવી રાખવું છે. એને માટે એ ગમે તેવું આકરું મૂલ્ય ચૂકવી આપવા તૈયાર છે, ગુજરાતની ભક્તિનાં ગીતો આપણે ત્યાં પણ ગાનારા છે. આપણી સંસ્કારિતા હીનસત્ત્વ બનતી જાય છે. 'હું હિન્દીમાં લખું ને અંગ્રેજીમાં અનુવાદ કરાવું તો વધારે જાણીતો થાઉં એવી ઘેલછાવાળા લેખકો આપણે ત્યાં પણ છે. એમની નેમ 'માર્કેટ' મેળવવાની છે. સાચા સહૃદયો મેળવવાની નથી. સાહિત્યને પ્રજા તરફથી પોષણ નથી મળતું તે આ અર્થમાં, બહુ સૂક્ષ્મ પ્રકારની સેન્સરશીપ ચાલી રહી છે. અમુક લેખકોનું કશું પ્રકાશમાં આવે જ નહીં એવી વ્યવસ્થા થઈ ગઈ છે. જો તમે પૈસાપાત્ર હો, વગ ધરાવતા હો, લોકરુચિ જોડે સમાધાન સ્વીકારી શકો તેમ હો તો તમને સ્વીકારવામાં આવે, પણ તમે એના કશા ચોકઠામાં પૂરાવા ન ઇચ્છતા હો તો તમારે અવ્યક્તતાનું ગૌરવ મૂગેમોઢે સ્વીકારી લેવાનું રહે. વિદ્યાપીઠો, સાહિત્ય પરિષદો હોવા છતાં કદાચ એ હોવાને કારણે સવિશેષ આ પરિસ્થિતિ છે. ભદ્રોની ભદ્રતા પાછળ કુત્સિત બર્બરતા ફાલી રહી છે.

# વિચારની શોધના મૂળમાં

અનેક જુદી જુદી પરિસ્થિતિઓમાં અનેક જુદે જુદે સ્થળે જુદા જુદા સમૂહોમાં માનવીને જોઉં છું. કોઈ વાર એની આંખમાં ભય હોય છે, જાણે બહારનો પ્રકાશ એને શારડીની જેમ કોચી નાખે છે. છતાં એ આંખ ખુલ્લી રાખે છે. કારણ કે બંધ આંખના અન્ધકારમાં ભુંસાઈ જવાનું ગજું નથી, કોઈ વાર એની આંખમાં રોષની લાલ ટશરો ફૂટી નીકળે છે. પણ એ રોષ કોની સામે? સૌથી પ્રથમ તો પોતાની સામે. પોતાનામાં એવું ઘણું છે જે પોતાનાથી અપ્રગટ છે, જે પોતાને ગાંઠતું નથી. આથી જ પોતાની અંદર રહીને એ જ કદાચ એને દગો દે એવી આશંકા છે, આશંકામાંથી ભય, ભયને કારણે લાચારી અને આ લાચારીનું ભાન થતાં પોતાની પ્રત્યે રોષ પણ આ રોષ પરિસ્થિતિ સામે પણ હોય છે, મોઢામાંથી નીકળેલા શબ્દ, આંખમાંથી નીકળેલી દૃષ્ટિ અને સ્પર્શ દ્વારા થતો આત્મવિસ્તાર આપણી બહારનાં વાતાવરણમાં જઈને કંઈક જુદું જ રૂપ પામે છે. એકદમ તો આપણે પોતે પણ એને ઓળખી શકતાં નથી તો પછી બીજા (અને જે બહુ નિકટ હોય તે પણ આખરે તો ઇતર!) એને યોગ્ય રીતે સમજે એવો દાવો આપણે શી રીતે રાખી શકીએ? આ આપણી બહારના વાતાવરણમાં થતું પરિવર્તન એ બધી ગૂંચ ઊભી કરે છે. આત્મવિસ્તાર કરવાની મજ્જાગત ઝંખના અને એને પરિણામે જ ઊભી થતી આ ગૂંચ. એવી સ્થિતિમાં માનવીની આંખમાં રોષનો તણખો દેખાય છે. જો માનવી રહેવું હોય તો એ તણખો કજળી જવો ન જોઈએ.

કોઈ વાર માનવી બોલતાં તોતડાય છે, અચકાય છે. વાણીની અસ્ખલિત ધારા વહેવડાવનારા પ્રત્યે મને અવિશ્વાસ છે. એ વાણી ક્યાં તો ઉછીની લીધેલી છે, ક્યાં તો ઉપલા પડમાંથી જ વહેતું છીછરું ઝરણું છે. આથી જ સારા વક્તાઓ, ઊંડા વિચારકો

ભાગ્યે જ હોય છે. જો કોઈ મનમાં પહેલેથી અકબંધ વિચારોને ગોઠવી લાવે તો બોલતી વખતે કેવળ એ વિચારોને ઉકેલી આપવાની જ પ્રવૃત્તિ કરવાની રહે, એવે વખતે આપણું ધ્યાન એના વિચારોને ઉખેળીને બતાવવાની સફાઈ તરફ વિશેષ ધ્યાન જાય છે. પણ એના વક્તામાં અને કાપડની દુકાને કાપડના તાકા હાથના એક આંચકાથી ઉખેડીને વળી ઝટ સંકેલી લઈ શકનારમાં ફેર શો?

આથી જે વિચારે છે તેના મનમાં ગડમથલ અને શોધ ચાલ્યા કરે છે. એક વિચાર ગોઠવાય ત્યાં એના મનમાં અનેક બાજુથી એ વિચાર સાથેના સાદૃશ્ય વિરોધ, સન્દિગ્ધતા વગેરેના સમ્બન્ધોથી કડી જોડવા માંડે છે. એટલું જ નહીં એ વિચારથી બલવત્તર બીજો કશોક વિચાર આવીને એનો છેદ ઉડાડી દે છે. ત્યારે અચાનક મૌન વક્તાને ઘેરી વળે છે, સભા સામે દૃષ્ટિ તાકીને એ ઊભો રહી જાય છે પણ ત્યારે વધારે ઉત્કટતાથી એ વિચારની શોધની પ્રવૃત્તિમાં ગૂંથાયેલો હોય છે, એ અટકે છે વળી એકાએક લસરતી ગતિએ એની વાણી વહે છે. ધોધનો અવાજ સંભળાય છે, ત્યાં વળી અથડામણ અંતરાય, મૌન. આમ એની વિચારરેખાઓનાં અંકન થતાં જાય છે. વકતૃત્વની પટુતાથી બાળકોને મુગ્ધ કરી શકાય, વિચારકોને નહીં.

દરેક વિચારની શોધમાં ઉત્ખનનની પ્રવૃત્તિ પણ ચાલતી હોય છે. મારી જીવનયાત્રા ભલે વીસ પચ્ચીસ વર્ષ પહેલાં આરંભાઈ હોય પણ મારી ચેતના તો પ્રાગૈતિહાસિક છે. એનાં સ્તર જો ઉખેડાય તો એમાંથી જ પ્રગટ થાય. તેમાંથી પાસાદાર હીરો બનાવવાનું કે સો ટચનું સોનું ઘડવાનું કામ મારે કરવાનું રહે છે. એ પ્રક્રિયા હું જે યુગમાં રહું છું તેણે ઉપજાવેલાં ઓજારોને આધારે હું કરું છું પણ કોઈ વાર નવાં ઓજાર શોધવાં પડે. આમ સંસ્કૃતિ આગળ વધે પણ આ બધું એકાન્તમાં નથી થતું. માનવી માનવીથી વિખૂટો ક્યારેય નથી પડતો. રહી રહીને એની દૃષ્ટિ માનવીને જ શોધે છે. નિર્જન એકાન્તની એ વાતો કરે છે. પણ ફરી જનસંકુલ સન્દર્ભને શોધે છે. પણ માનવી માનવીથી જ ઘવાય છે, હણાય છે. માનવીનું મૃત્યુ માનવીમાં જ રહેલું છે. એ મરણ કેટલી વાર ખૂબ મોહક રૂપ ધારણ કરીને આવે છે. જે વ્યક્તિમાં એ છે તેને કદાચ એની ખબર પણ હોતી નથી. જો કોઈ જાણે કે મારું મરણ એમાં વસે છે તો એ કંઈ સુખની વાત તો નથી જ. આથી જ તો પ્રકૃતિ અથવા નિયતિ ભારે છેતરામણી હોય છે. સમ્બન્ધના રેશમી કુમાશવાળા તંતુમાંથી જ ક્યારે ફાંસો રચાયો અને ક્યારે આલંગિનને નિમિત્તે એ ફાંસો ગળામાં પડ્યો તેની ખબર રહેતી નથી. સાચી વાત એ છે કે નિયતિએ જ માનવીને નિમિત્ત બનાવી

છોડી દીધો છે. આથી જ તો મારે નિમિત્તે જે બન્યું તેને હું પૂરું ઓળખતો નથી તો પછી એના કર્તૃત્વની જવાબદારીનો ભાર તો મારી છાતી પર જ ચંપાય છે. આમ છતાં માનવી મુક્તિની વાત કરે છે. એ જ્યારે 'સ્વતન્ત્રતા' કે 'મુકિત' જેવો શબ્દ હોઠ પર લાવે છે ત્યારે એના મુખ પર એક પ્રકારની બાલિશ બાઘાઈ દેખાય છે, સ્વતન્ત્રતા જેવી કેટલીક સંજ્ઞાને એ તરણોપાય માનીને વળગી રહે છે, પણ અંદરથી એ જાણતો હોય છે કે પુરાણા કૂવાની અંદર ફૂટી નીકળેલા પીપળાના મૂળનું જક્કીપણું એનામાં છે. અનેક રીતે આ સ્વતન્ત્રતાની ભ્રાન્તિને ઓળખતો હોવા છતાં એને છોડવા માંગતો નથી. આથી જ સૌથી અસંગત અને બેહૂદી વાત સ્વતન્ત્રતાની છે. મારાંમાં જે સંસ્કાર છે તે મેં જન્મીને ઘડ્યા નથી. મારી આખી પ્રજાની ચેતનાની અસર મારા ચિત્ત પર અંકાયેલી છે. આ ઉપરાંત મારાથી અગોચર મારું ગુપ્ત મન એની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું હોય છે. એ આખરે કશુંક એકાએક બહાર પ્રગટ કરી બેસે છે ત્યારે હું પોતે પણ કોઈ વાર એને વિસ્મયથી, કોઈ વાર લાચારીથી તો કોઈ વાર રોષથી જોઈ રહું છું. છતાં સ્વતન્ત્રતાની મધલાળ માનવીને ગમે છે. એ વાત અંદરથી જેટલી પોલી છે તેટલો જ એને માટેનો બહારનો ઘોંઘાટ વધારે તુમુલ બની રહે છે. એ સાચું છે કે આવી કેટલીક સંજ્ઞાઓને આધારે ફિલસૂફો થોડાંક ચોકઠાં બેસાડે છે અને ભાંગે છે, પણ આ ઉત્સાહનો અભિનય ક્યાં સુધી ચાલી શકે?

આથી કાળની પાળને ભાંગી નાખીને, વ્યકિતગત ચેતનાની સહીસલામતીના કિનારાને તોડી નાખીને, અંગત પ્રાપ્તિક્ષતિના હિસાબનું પાનું વાળી દઈને આપણે તો કેવળ આપણી જાતને લુપ્ત જ કરવાની છે. એ જ આપણી નિયતિ છે, અને તેય વિસ્તરીને નહીં પણ સંકોચાઈને, દરમાં સરી જઈને, બને તેટલા નિ:શેષ થઈ જઈને, આમાં અમર્યાદ સ્નેહની જરૂર પડતી નથી, પણ નિર્મમતાની જરૂર પડે છે. એવો કોઈ ઉગ્ર તેજાબ છે જે મમતાને બાષ્પીભૂત કરી નાખે? એને માટે હૃદયમાં જ ભઠ્ઠો ધખાવીને માનવી શોધ ચલાવી રહ્યો છે. એ શોધ એ જ માનવીનું માનવ્ય કેમ નહીં હોય?